RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

YEAR : 5 • ISSUE : 4 • JULY, 2017 • PAGES 52 • PRICE 30/-

ગુજરાતી-અંગ્રેજી વર્ષ-૫ (કુલ વર્ષ ૬૫) અંક-૪ • જુલાઈ, ૨૦૧૭ • પાના ૫૨ • કિંમત રૂા. ૩૦/-



# જિન-વચન

**હિંસાનો આશ્રય લઈને બોલવામાં આવતી ભાષા તે અસત્ય ભાષા છે.**

कोहे माणे माया लोभे पेज्जे तहेव दोसे य ।
हासे भय अक्खाइय उपघाए निस्सिया दसमा ।।

(प्र. भास्य)

ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, હાસ્ય, ભય, કલ્પના અને હિંસાનો આશ્રય લઈ બોલવામાં આવતી ભાષા તે અસત્ય ભાષા છે.

The language used with the intention of anger, ego, deceit, greed, attachment, hatred, jest, fear, imagination and violence is regarded as untrue language.

**ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन वचन' માંથી**

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી


૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૭ માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૫મા વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૫.
- કુલ ૬૫મું વર્ષ.
- ૨૦૦૮ ઑગસ્ટથી 'પ્રબુદ્ધ જીવન' અને પર્યુષણ વ્યાખ્યાનમાળા સંસ્થાની વેબસાઈટ ઉપરથી જોઈ-સાંભળી શકશો.
- **'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકોના પોતાના છે જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે તેમ માનવું નહીં.**

**પ્રબુદ્ધ વાચકોને પ્રણામ**


## પૂર્વ તંત્રી મહાશયો


| | |
|---|---|
| જમનાદાસ અમરચંદ ગાંધી | (૧૯૨૯ થી ૧૯૩૨) |
| ચંદ્રકાંત સુતરિયા | (૧૯૩૨ થી ૧૯૩૭) |
| રતિલાલ સી. કોઠારી | (૧૯૩૩ થી ૧૯૩૩) |
| તારાચંદ કોઠારી | (૧૯૩૫ થી ૧૯૩૬) |
| મણિલાલ મોહકમચંદ શાહ | (૧૯૩૯ થી ૧૯૫૧) |
| પરમાનંદ કુંવરજી કાપડિયા | (૧૯૫૧ થી ૧૯૭૧) |
| જટુભાઈ મહેતા | |
| ચીમનલાલ ચકુભાઈ શાહ | (૧૯૭૧ થી ૧૯૮૧) |
| ડૉ. રમણલાલ ચી. શાહ | (૧૯૮૨ થી ૨૦૦૫) |
| ડૉ. ધનવંત તિલકરાય શાહ | (૨૦૦૫ થી ૨૦૧૬) |


# આચમન

## સમાજ સેવા સૌથી ઉચ્ચ ધર્મ

એક સંન્યાસી કંઈ ખાસ એવી સમાજ સેવા કરતો ન હોવા છતાં પોતાની જાતને મહાન વિચારક અને મોટો સેવક માનતો હતો. પોતાના કાર્યના વખાણ એક દિવસ બોધિસત્ત્વને જણાવતા તેને સાચી સેવા શેને કહેવાય તે જાણવા મળ્યું. તેઓએ બહુ સુંદર ભાષામાં અને સારી રીતે કહ્યું:

આપની વાત સાચી છે. સમાજ સેવા એક ધર્મ છે પરંતુ એકને મહત્ત્વ આપી બીજાના મહત્ત્વને નીચા ન પડાય. વસ્તુતઃ ધર્મ નાનો મોટો હોય જ નહીં. જો સમાજ સેવા સૌથી મોટો ધર્મ હોય તો સૌથી નાનો અને વચલો એવા ધર્મો કયા?


સંન્યાસી પાસે તેનો જવાબ નહોતો. તેથી બોધિસત્ત્વે તેને જણાવ્યું: સેવા જરૂરી છે કારણ તેનું મહત્ત્વ ઘણું છે. અલબત્ત એને સૌથી મોટો ધર્મ ગણાવવાની જરૂરત નથી. અધ્યાત્મની સાધનામાં આંખો બંધ કરીને બેસવાનું મહત્ત્વ ઘણું છે. શું કરવું તે પોતાની રુચિ પર નિર્ભય છે. સેવામાં રસ હોય તે સેવા કરે, સાધનામાં રસ હોય તે બંધ આંખે સાધનામાં બેસે. જવાબ સાંભળી સંન્યાસીએ પ્રણામ કરી વિદાય લીધી. ***

હિન્દી : **સંત અમિતાભ** અનુ. : **પુષ્પા પરીખ**

## સર્જન-સૂચિ


| ક્રમ કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. ચાલ, પરિચિત અભ્યાસોની પાર... (તંત્રીસ્થાનેથી) | ડૉ. સેજલ શાહ | ૩ |
| ૨. ચિત્તથી ચિંતવેલું, વચનથી પ્રાર્થેલું કાર્ય... | ભારતી દીપક મહેતા | ૮ |
| ૩. યોગાચાર્ય વિવેકાનંદ | સ્વામી નિખિલેશ્વરાનંદજી | ૧૩ |
| ૪. વીરચંદ રાઘવજી ગાંધી-વીર પુરુષની વીરગાથા | પ્રીતિ શાહ | ૧૫ |
| ૫. વિવેક અહીં જ છે... | ભદ્રાયુ વચ્છરાજાની | ૧૮ |
| ૬. ગાંધીજી અને સરદાર પટેલ | મેધા ત્રિવેદી | ૧૯ |
| ૭. ચાલો આપણે બુદ્ધ ધર્મને સમજીએ | તત્વચિંતક પટેલ | ૨૧ |
| ૮. જૈન શ્રમણ...જૈન સંઘ...સાવધાન | સુબોધીબેન સતીશ મસાલીઆ | ૨૩ |
| ૯. જૈન ધર્મે મને શું આપ્યું? | ગુલાબ દેઢિયા | ૨૭ |
| ૧૦. મહાવીર જયંતી પ્રસંગે વડા ધર્મગુરુ પોપ ફ્રાન્સિસનો સંદેશો | અનુ. ફાધર વર્ગીસ પોલ | ૨૯ |
| ૧૧. સંલીનતા - છઠ્ઠું બાહ્યતપ | સુબોધીબેન સતીશ મસાલીઆ | ૩૦ |
| ૧૨. વિદ્યાપ્રેમી શેઠ અમૃતલાલ કાળીદાસ દોશી | આચાર્યશ્રી વાત્સલ્યસૂરીશ્વરજી | ૩૧ |
| ૧૩. ગાંધી અને 'બોમ્બે' : એક મેઘધનુષી સંબંધ | સોનલ પરીખ | ૩૨ |
| ૧૪. ભાવ-પ્રતિભાવ | — | ૩૩ |
| ૧૫. જ્ઞાન-સંવાદ | ડૉ. પાર્વતી નેણશી ખીરાણી | ૩૫ |
| ૧૬. દંભ-મોટું દૂષણ | નટવરભાઈ દેસાઈ | ૩૭ |
| ૧૭. સત્ય-અહિંસાની જુગલ જોડી-ગાંધીજી | ઉષાબેન રમણીકલાલ પટેલ | ૩૮ |
| ૧૮. ત્રિદિવસીય યોગનિષ્ઠ આચાર્ય શ્રી બુદ્ધિસાગરજીની કથાનો અહેવાલ | ડૉ. રેણુકા પોરવાલ | ૪૧ |
| ૧૯. સર્જન-સ્વાગત | ડૉ. કલા શાહ | ૪૨ |
| ૨૦. Sway the srings of cognizance and release the hymn from within you | Prachi Dhanwant Shah | ૪૬ |
| ૨૧. Enlighten yourself by Self Study of Jainology Lesson Seventeen : Jain Art And Architecture | Dr. Kamini Gogri | ૪૮ |
| ૨૨. 'જો હોય મારો આ અંતિમ પત્ર તો...' : આપણો શુદ્ધ અને સાત્વિક જ્ઞાનવારસો જળવાઈ રહે | નિરંજન રાજ્યગુરુ | ૫૨ |


## મુખપૃષ્ઠ




नमस्ते शारदे देवि वीणापुस्तकधारिणी।
विद्यारम्भं करिष्यामि प्रसन्ना भव सर्वदा।।

धरी कुंदकांती शिरीं धे किरीट। करीं दिव्य वीणा मुखीं गोड गीत।।
करी ज्या कृपा त्या शिरीं हस्त ठेवी। नमूं शारदा ज्ञानविज्ञानदेवी।।

Regd. With Registrar of Newspaper for India No. MAHBIL/2013/50453 ISSN 2454–7697

● 'પ્રબુદ્ધ જીવન' ગુજરાતી-અંગ્રેજી વર્ષ : ૫ (કુલ વર્ષ ૬૫) ● અંક : ૪ ● જુલાઈ ૨૦૧૭ ● વિક્રમ સંવત ૨૦૭૩ ● વીર સંવત ૨૫૪૩ ● અષાઢ વદ તિથિ સાતમ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(પ્રારંભ સન ૧૯૨૯થી)

# પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૩૦૦/- ● ● ● ● છૂટક નકલ રૂા. ૩૦/- ● ●

માનદ્ તંત્રી : ડૉ. સેજલ શાહ

## ચાલ, પરિચિત અધ્યાસોની પાર...

એણે હાથમાંની પોટલી ઉપાડી, પછી માથે મૂકી. પાછી પોટલી નીચે ઉતારી. ગાંઠ ખોલીને જોયું, બધું જ બરાબર હતું. એણે ફરી પોટલી બાંધી. આ વખતે ગાંઠની સંખ્યા વધી. પોટલી કપડાની હતી, સફેદ રેશમી કપડું. હાથમાં સુંવાળું લાગે, મખમલી અનુભવ આપે. પોટલીને આજુબાજુ ફેરવીને જોયું, ક્યાંય કોઈ કાણું નહોતું. પોટલીમાંથી કશું પડી શકે એવો અવકાશ નહોતો. માથે પોટલીને હળવેકથી મૂકી તે માણસ ચાલ્યો. વરસાદ બંધ થયાને થોડો જ સમય થયો હતો. વાતાવરણમાં ઠંડક હતી. વૃક્ષો વરસાદમાં ભીંજાઈને પોપટી લીલો રંગ ધારણ કરી લહેરાઈ રહ્યાં હતાં. થોડાક પોપટો ડાળીએ ઝૂલી રહ્યા હતાં. ગુલમહોર ખરી પડ્યા અને બીજા પણ અનેક રંગીન ફૂલો ધરાગ્રસ્ત થઈ ગયા હતાં. પોટલીને લઈ તે રસ્તાની ડાબી બાજુએ ચાલતો હતો. આજે સવારે જ નાસ્તો કરતી વખતે તેણે દીકરા પાસે પાણી માંગ્યું હતું અને દીકરો ટીવી જોવામાં મશગુલ હતો, એટલે એ પિતાને પાણી આપવાનું ભૂલી ગયો અને પછી જ્યારે તેણે રૂમાલ લાવવાનું કહ્યું ત્યારે પણ તેને રૂમાલનો ડૂચો કરીને આપ્યો હતો. સવારની વાત તાજી થતાં મન પાછું ખાટું થઈ ગયું. તેણે વિચાર્યું, 'આજકાલના સંતાનો મા-બાપનું ધ્યાન જ રાખતા નથી. મેં મારું જીવન આપી દીધું કુટુંબ માટે, પણ સંતાનને મારી કોઈ પરવા પણ નથી.' માથાની પોટલીનું વજન જરા વધતું લાગ્યું. સંતાન માટે કરેલ કંઈ કેટલીયે બાબતો યાદ આવી રહી હતી. હવે જરાક થાક પણ લાગ્યો.

પગ સતત ચાલી રહ્યા હતા. આગળ રસ્તાનો વળાંક આવ્યો. ત્યાં ખૂબ ઊંચું-મોટું મકાન હતું. માણસે જોયું. આ એજ મકાન છે જ્યાં એના પાડોશી રહેવા આવ્યા છે. 'આ પાડોશીના પણ શું નસીબ છે ને, ભગવાન!' આખી જિંદગી કંઈ કેટલાયે ખોટા કામો કર્યા અને આજે અહીં પહોંચી ગયો અને મેં આખી જિંદગી સાચું કામ કર્યું, તારી સેવા કરી, પરંતુ મને શું મળ્યું ? હું તો ત્યાંનો ત્યાં જ રહ્યો ભગવાન.' વિચારતાં વિચારતાં મકાન પસાર થઈ ગયું. પોટલીનો ભાર ખૂબ વધી રહ્યો હતો. મન અભાવનો ભાર અનુભવી રહ્યું હતું. ક્યાંકથી એક માખી ઉડીને હાથે બેઠી, ખૂબ ગુસ્સો આવ્યો અને માખીને ઉડાવવા ઝટ દઈને હાથ ફેરવ્યો, જરાક મચકનો અનુભવ થયો હાથ પર. પણ અત્યારે તો મન બાહ્ય કરતાં વધુ આંતરવ્યથામાં અટવાયું હતું. હતાશા વધતી ચાલી. કેટલીયે વ્યક્તિઓના નામ યાદ આવવા માંડ્યા, કેટલાય પ્રસંગોએ મન પર કબજો જમાવ્યો. ભૂતકાળ-વર્તમાનકાળને આમ જ દોરી રહ્યો હતો. ભૂતકાળથી મુક્ત ન થવાથી પોટલીનું વજન વધતું રહ્યું. પોટલીને હૈયાં નજીક રાખી એ માણસ પોષતો રહ્યો. પોષવા ન લાયક છોડ આડોઅવળો વધતો રહ્યો. સાવ એકલો ચાલતો માણસ,

**આ અંકના સૌજન્યદાતા**

સ્વ. કાંતિલાલ રમણલાલ પરીખ
(દિલ્હીવાળા)ના સ્મરણાર્થે
હસ્તે : શ્રીમતી ડૉ. નીતા કર્ણિક પરીખ
શ્રી કર્ણિક કાંતિલાલ પરીખ
કુ. શ્રિષ્ટી કર્ણિક પરીખ

ભારેખમ બની જતો માણસ, પોતાની પસંદગીની પોટલી, પોતાની તાકાત કરતાં પણ વધુ ભરતો માણસ, ખૂબ જ દોડવા મથતો, આ માણસ, પોતાની પોટલીને મૂકી શકતો નથી, છોડી શકતો નથી. પોતાના વજન કરતાં વધુ પોટલીનું વજન વધી જાય તોય મોહ ન છૂટે. પોટલીના ભારથી હવે માણસનો ખભો વળી ગયો હતો. તેની પોટલી પરની પકડ વધુને વધુ મજબૂત બની રહી હતી. હવે પોટલીનું વજન પણ વધતું હતું, છતાં માણસ એને નીચે મૂકવા તૈયાર નહોતો. ખૂબ થાકી જવાથી તે રસ્તાની બાજુ પર બેઠો. પોટલીને બાજુ પર મૂકી, પંપાળી રહ્યો હતો. તરસ લાગી હતી. મન હતાશ હતું. બાજુમાંથી એક ભાઈ પસાર થયા. સફેદ વસ્ત્રો ધારણ કર્યા હતા, મોઢા પર અપાર શાંતિ હતી, કોઈ અભાવના ભારથી મુક્ત એમની ચાલ હતી. તે માણસ પાસે આવ્યા અને પૂછ્યું કે 'તે શા માટે આટલો વ્યાકુળ છે' અને એ માણસે પોતાની સઘળી વિગત કહી. એ પુરુષે માણસનાં હાથમાં રહેલી પોટલીને ઉપાડીને બાજુના કોઈ ઊંડા ખાડામાં નાખી દીધી. પેલો માણસ બૂમો પાડવા માંડ્યો, આ પુરુષને ગાળો ભાંડવા માંડ્યો. હવે આ પુરુષે શાંતિથી બધું થોડીવાર સાંભળ્યું. પછી આ માણસને ઊભા થઈને ચાલવા કહ્યું અને પૂછ્યું કે 'શું હવે તને કોઈ ભાર લાગે છે', ત્યારે પેલાએ ના પાડી. પુરુષે કહ્યું કે તેં જ તારો ભાર તારી મરજીથી વેઢાર્યો હતો. તને જેટલી વધુ તકલીફ થઈ તેમ તેં તારો ભાર ઘટાડવાને બદલે વધાર્યો. **'તું તારા ભારને ચાહી રહ્યો છે તેને બદલે તારી મુક્તિને ચાહતાં શીખ.** દરેક મુકામે તું અનેક અભાવોને પાળતો-પોષતો રહ્યો છે. તારે પોટલીને પોષવાની નથી. તારે મુક્તિને પોષવાની છે.'

દરેક માણસને સિદ્ધ પુરુષ મળતાં નથી, જે તેને, તેના ભારને ફેંકતાં શીખવે. માણસે પોતે જ પોતાની પોટલીથી અળગા થતાં શીખવું પડે છે. જે નાનપણથી ખૂબ કાળજીથી, ગાંઠ બાંધી-બાંધીને સાચવી રાખી હતી, તે ક્ષણોથી વૈરાગ મેળવવો પડે છે. મારી ગોટી, મારાં રમકડાં...અને કંઈ કેટલીયે વસ્તુઓ તો છોડી ચાલ્યા...પણ સ્મરણોની પોટલી અને એમાં ભરેલાં મંતવ્યો, પૂર્વગ્રહો, માન્યતાઓ, નિશ્ચિત ધોરણોને ક્યાં મુકવાં ?

આપણું અસ્તિત્વ અનેક સંકુલ, વૈવિધ્યપૂર્ણ સંબંધોની જાળથી બંધાયું છે. જીવનમાં આકલન અને પ્રતિભાવની –ક્રિયા અને પ્રતિક્રિયાની પ્રક્રિયા સતત ચાલ્યા કરે છે. આ સજીવ પિંડ અને તેનું અંતઃકરણ, બાહ્ય વ્યાપારો અને સંકુલ કલ્પનાઓ રચે છે. બે વિશ્વમાં મનુષ્ય રમમાણ રહે છે. એક વાસ્તવિક વિશ્વ–જેનો રોજેરોજ સામનો કરવાનો છે અને અનુસાર જીવન ચલાવવાનું છે. બીજું કલ્પનાનું વિશ્વ–જેમાં સ્વપ્નો અને ઇચ્છાઓ છે, જેને પૂરી કરવા સતત પ્રવૃત્તિઓનું આયોજન ચાલે છે, અને જે મનુષ્યને અનેક વિપરીત પરિસ્થિતિમાં ટકાવી રાખે છે. જીવનના સર્વ ભાવોને સૂક્ષ્મ રીતે, અખિલાઈથી–એકાંગીતા ટાળીને જોવાની તાલીમ જ મુખ્ય ધ્યેય છે. **વાસ્તવિકતા અને સ્વપ્નના સત્યની વચ્ચેનું સત્ય શોધવાનું છે.**

* * * * *

સમગ્ર જ્ઞાનપ્રક્રિયા સૂચવતો પ્રાચીન ભારતીય શબ્દ છે– 'આન્વીક્ષિકી' અર્થાત્ 'ઇક્ષા' અને 'અન્વીક્ષા.' આ બે શબ્દોથી આ શબ્દ બન્યો છે. નિરીક્ષણ અને ચિંતન–આ બે શબ્દથી પણ શબ્દ બન્યો છે. અંતર્મુખનું અનુસંધાન સધાય છે. ભ્રાન્તિ મુક્ત જ્ઞાનના પ્રભેદો અને શુદ્ધ સાધનનો ઉપયોગ સમજાવ્યો છે. ટૂંકમાં જીવનના સર્વ ભાવોને સૂક્ષ્મ રીતે, અખિલાઈથી – એકાકી દૃષ્ટિકોણ ટાળીને, જોવાની તાલીમ એ જ એનું મુખ્ય ધ્યેય છે. તર્ક, ન્યાય અને પ્રમાણની સંકુલતાને સમજી મનનો વ્યાપાર કરવાનો છે.

જગતમાં પ્રતિષ્ઠિત બનેલા ધર્મગ્રંથો 'લાંબું જુઓ, ટૂંકું નહિ' એ આદેશને ચરિતાર્થ કરે છે. જીવનનાં સ્થૂળ–સૂક્ષ્મ બધાં પાસાંનો વિચાર કરી, જીવન વધુ સ્થાયી પ્રતિષ્ઠાવાળું થાય, તેવા સ્થૂળ–સૂક્ષ્મ ઉપાયોનું પ્રબોધન, એ જ તેમનું ધ્યેય છે. એ માટે પૂર્વગ્રહમુક્ત, સમગ્રવસ્તુલક્ષી દર્શન અને ચિંતન રૂપી સાધના જરૂરી છે.

ઉપનિષદો ભારપૂર્વક કહે છે કે સત્યનું તત્ત્વ કે રહસ્ય પંચેન્દ્રિયગ્રાહ્ય બહિર્જગતમાં નહિ, પણ અંતઃકરણ-ગ્રાહ્ય અંતર્જગતમાં છે. પશ્ચિમમાં પ્લેટો પણ બાહ્ય જગતને સત્યના પડછાયા રૂપ જ ગણે છે. આને કારણે બાહ્ય જગતના સ્થૂળ જ્ઞાન અને તદાધારિત સ્થૂળ લૌકિક અનુમાનથી, પણ ઉપર ઊઠીને ઉચ્ચતર 'સન્મતિ તર્ક'રૂપી ઇન્દ્રિયાતીત દર્શનરૂપી સાધન ઉપાદેય છે. આથી જ કોઈ પરંપરામાં 'શ્રુતિ' પ્રમાણને, કોઈમાં અષ્ટાંગ–યોગજન્ય સમાધિને, અન્યત્ર કૈવલ્યજ્ઞાનને પરમસત્યાગ્રહી માનવામાં આવ્યું, અને એને આધારે જ તત્ત્વનિર્ણય અને આચાર-નિર્ણય કરાયો છે. અયોગ્ય, ઉતરતા યા અયોગ્ય રીતે પ્રયોજાયેલા પ્રમાણનો આશ્રય લેવાથી વિવિધ ધર્મપંથોમાં દેશકાળભેદે ખરાબી પ્રવેશી. તેને કારણે

તા. ૧લી એપ્રિલ ૨૦૧૬ થી પરદેશ માટેના લવાજમના દર નીચે પ્રમાણે છે.

**૧ વર્ષના લવાજમના $ 30 ● ૩ વર્ષના લવાજમના $ 80 ● ૫ વર્ષના લવાજમના $ 100 ● ૧૦ વર્ષના લવાજમના $ 200/-**

વાર્ષિક લવાજમ આપશ્રી **$ (ડોલર)** માં મોકલાવો તો **$ પાંચ બેંક ચાર્જિસ** ઉમેરીને મોકલશો.

**ભારતમાં વાર્ષિક લવાજમ રૂ. ૩૦૦ ● ત્રણ વર્ષનું લવાજમ રૂ. ૭૫૦ ● પાંચ વર્ષનું લવાજમ રૂ. ૧૨૫૦ ● દસ વર્ષનું લવાજમ રૂ. ૨૫૦૦**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c No. : બૅન્ક ઑફ ઈન્ડિયા CD A/c No. 003920100020260.

પ્રમાણવિચારનું સંશોધન જ, એ કાળના આચાર્યો દ્વારા આવશ્યક ઉપાય તરીકે ગણવામાં આવ્યું. દા. ત. શ્રુતિપ્રમાણના મિથ્યાપ્રયોગથી બંધિયાર બની ગયેલા કર્મકાંડી સંપ્રદાય સામે ખુદ વૈદિક અને વૈદિકેતર – એમ ઉભય પરંપરામાં પ્રામાણ્યભ્રાંતિ બતાવતી પ્રખર વિચારણા રજૂ કરાઈ. એટલું જ નહિ, પણ વાદવિદ્યા પર પણ ભાર મુકાયો, જેથી ભ્રાંત જ્ઞાનો અને તદાધારિત આચારોનું તેજસ્વી રીતે નિરસન થાય. અનેકાંતવાદી, વીતરાગ એવા મહાવીરે પણ શિષ્યોને વાદકુશળ થવા પ્રબોધેલા. 'વાદ' એ સમયનો બહુ જ કુશળ પ્રયોગ હતો. અનેક ભ્રમોનું નિરસન થતું અને જ્ઞાનનું સત્ય એમાં પ્રગટ થતું હતું.

ભારતીય પરંપરામાં ગુણગ્રાહી વૃત્તિ રહેલી છે. પરંપરાના નવપલ્લવ માટેનું બંધન પણ નથી અને જે કંઈ ગ્રાહ્ય અનુકુળ છે તેનો સ્વીકાર પણ છે. જ્ઞાન અને સૌંદર્યના નવા સત્યો પ્રત્યેનો ઉઘાડ દરેક સમયે જોવા મળે છે. પરંતુ જ્ઞાન અને જ્ઞાનની ભ્રાન્તિ એ બે ફરકને પણ સમજી લેવા જોઈએ. મિથ્યાજ્ઞાનને ત્યજવાની શક્તિ કેળવાય પછી જ જ્ઞાન તરફના મારગ ખુલે છે. મિથ્યાજ્ઞાનના વમળમાં ફસાયા પછી એમાં ઝૂલતાં રહેતા અને આનંદ પામતા જીવ એનાથી કઈ રીતે છૂટી શકે? જેને હાથમાં છીપ આવ્યા પછી મોતીની અપેક્ષા જ ના હોય, એને સત્યની ભ્રાંતિ કઈ રીતે કરાવવી એ જ પડકાર છે. મિથ્યાજ્ઞાનનું ટળવું અને પછી સમ્યગજ્ઞાન મેળવવું, એ મનુષ્ય, કટુરસ અને મધુરરસના પ્રવાહને જાણે છે, તે જ સુખને સમજી શકે છે. આપણો વ્યવહાર ભલે પ્રત્યક્ષથી ચાલે પરંતુ ઇંગિતની અનુભૂતિ સાચા સત્ય સુધી લઈ જાય છે.

દરેક કાર્યનું કોઈ પ્રયોજન હોય છે અને એ પ્રયોજન અંગત સુખ સાથે જોડાયેલું હોય છે. અંગત સુખ આવતા અપેક્ષા અને પરિણામ જોડાય છે અને પછી સફળતા અને નિષ્ફળતા આવે છે. આ આખી પ્રક્રિયામાં સત્ય નહીં પરંતુ માત્ર ભ્રાન્તિ જ પ્રાપ્ત થાય છે. **મોહનો અર્થ અજ્ઞાન છે. અજ્ઞાનનો અર્થ જ્ઞાનનો અભાવ નહીં પરંતુ વિપરીત જ્ઞાન છે.** આત્મા આદિ પદાર્થને સ્વરૂપથી વિપરીત સ્વરૂપે જાણવાથી આ વૈરાગ્ય મોહગર્ભિત બને છે. માટે અપેક્ષારહિત થઈ આ યાત્રાનો આરંભ કરવો પડે. બીજું મિથ્યાજ્ઞાનના સ્વભાવમાં ન આવી જવું અને ભ્રાન્તિથી બચવું. જે. કૃષ્ણમૂર્તિ કહે છે, 'સુખ શોધી શકાતું નથી. અને તે અચાનક પ્રગટ પણ નથી થતું.'

સુખનો અર્થ શું છે? જે બાબતથી ભૂતકાળમાં સુખ અનુભવાતું, શું તે જ બાબત વર્તમાનને પણ સુખદ કરી શકે છે? સુખ સ્મરણશક્તિ આધારિત ન હોઈ શકે. ઘણીવાર ભૂતકાળ યાદ નથી હોતો, તો શું તે સુખ નથી? તમે લોકપ્રિય બનો, જાહેરમાં તમારા વખાણ થાય, એ માટે પૂરતા પ્રયત્ન કરો, શું એ સુખ છે? સુખ યાદશક્તિ આધારિત છે? કોઈના વખાણ આધારિત છે? લોકભોગ્ય છે?

મન સુખ ક્યારેય શોધી શકે નહીં. સુખના સમાચાર મળે છે, ક્ષણિક સુખ મળે છે, અર્થાત એ તો પ્રતિક્રિયા થઈ. શું પ્રતિક્રિયા એ સુખ છે? જ્યારે જાતને સવાલ પૂછું છું કે, 'મને સુખ શેમાં મળે છે?' ત્યારે એ મારી યાદશક્તિનો પ્રભાવ છે. યાદશક્તિના આધારે સુખની ક્ષણો નિશ્ચિત કરી શકાય? સુખ શું સન્માન છે?પણ તે સન્માન તો સમય આધારિત છે. સન્માન, જ્યારે જ્ઞાન આધારિત હોય ત્યારે, સુખની અપેક્ષા જ નથી રહેતી. મનની યાદો, અનુભવો, જટિલતાઓ – એ યાદશક્તિ સાથે જોડાયેલા છે. સુખની ક્ષણો કરતાં અનેકવાર સંઘર્ષની ક્ષણો વધુ યાદ રહે છે. સંઘર્ષના સમયે ઉઘડતી ચેતના, મનને સુખનો અનુભવ કરાવે, સુખ સાથે મન અને મન સાથે સ્મરણ, જોડાયેલું છે? સુખની ઝંખના કરવી અને સુખ મળ્યા પછી એ ક્ષણ અનંત સુધી ટકાવી રાખવી, શક્ય નથી. જે અનંત નથી તે સુખ નથી, સુખની અનુભૂતિની છલનામાંથી મુક્તિ પછી સુખની અપેક્ષા રહેતી જ નથી. જે છે તેને સમજવું અને જે નથી, તેને પણ સમજવું, અન્યથા, જીવનની પોટલીમાં વગર કારણનો ભરાવો મારગ અને જાતને થકવી દેશે

* * * * *

સ્વભાવ, અનેક અભાવો સર્જે છે. જીવનના રસ્તે ચાલતા સતત સ્વપ્નબીજનો વરસાદ થતો હોય છે. મન આ ઇચ્છા બીજને ઝીલીને વાવે છે. કોઈ સ્વપ્ન બતાવે એટલે મન એમાં દિવસ-રાત રહેવા લાગે છે. બળદની જેમ સ્વપ્ન પૂરું કરવા મથી પડે છે. પણ દરેક વખતે પુરુષાર્થ મદદે નથી આવતો. પુરુષાર્થ આવશ્યક છે, એ નિશ્ચિત છે, પરંતુ જ્યારે ભાગ્યોદય ન હોય


## પર્યુષણ પ્રસંગે પ્રકાશિત થશે

## 'ભારતીય ગુરુ પરંપરા' વિશેષાંક

પર્યુષણ પ્રસંગે ઑગસ્ટ ૨૦૧૭નો 'પ્રબુદ્ધ જીવન'નો વિશેષાંક 'ભારતીય ગુરુ પરંપરા' વિષય પર રહેશે.

**આ અંક પર્યુષણ પહેલાં પ્રગટ થશે.**

ભારતમાં ગુરુનું મહાત્મ્ય પ્રથમથી રહ્યું છે. ગુરુ અને ઇશ્વર બંને સાથે ઊભા હોય ત્યારે પ્રથમ ગુરુને વંદન કરીએ છીએ, કારણ ઇશ્વર સુધી જવાનો મારગ ગુરુજ દર્શાવે છે.

દરેક ધર્મની ગુરુ પરંપરા ભિન્ન રહેવાની, ચાલો સાથે મળી આ ગુરુ મહાત્મ્યના વિશેષાંકમાં જોડાઈએ.

**આ વિશેષાંકના વિદ્વાન સંપાદક શ્રી રમજાન હસણિયા છે.**

લેખ માટે એમનો સંપર્ક કરવો: ૦૭૫૬૭૦૬૪૯૯૩.

પ્રભાવના માટે આગોતરી જાણ ઑફિસ પર કરવી: ૦૨૨ ૨૩૮૨૦૨૯૬

તો એ સ્વપ્ન ફરી પાછું નોટબુકમાં બંધ થઈ જાય છે. હવે એ પુરુષાર્થનો ભાર લઈને ફરવાથી કોઈ સફળતાની રેખા દોરાતી નથી. એવા સમયે મનને ચૂપચાપ, એ મારગ પરથી પાછું વાળી લેવું પડે. કેટલાંક રસ્તા અને કેટલાંક અંતિમો, મૃગજળ સમાન હોય અને એને છોડીને આગળ ચાલવામાં જ મઝા છે, કારણ કે દરેક વખતે આપણી પોટલી ઉપાડવા અને ફેંકવા કોઈ આવતું નથી. માણસે પોતે જ પોતાની પોટલીથી અંતર કેળવવું પડશે. પથ્થરની મૂર્તિ બનાવવા માટે કલાકારની આંખોમાં શ્રદ્ધા અને આત્મવિશ્વાસ હોવો જોઈએ તો જ આકાર નિર્માણ થાય, બાકી એ પથ્થરથી વધુ કશું ન બને. ફરી એકવાર જે. કૃષ્ણમૂર્તિના શબ્દોમાં...

'વિચાર સમય છે. વિચાર અનુભવ અને જ્ઞાનજન્ય છે, કે જે સમય અને ભૂતકાળથી inseparable છે. સમય મનુષ્યનો માનસિક દુશ્મન છે. ક્રિયા જ્ઞાન છે અને તેથી સમય પર આધારિત છે. તેથી માણસ હંમેશાં ભૂતકાળમાં ગુલામ છે. વિચાર અનિશ્ચિત અને મર્યાદિત છે, જેથી સતત સંઘર્ષ રહે છે. વિચારોનો સંઘર્ષ, મનુષ્ય પર સવાર થઈ જાય છે અને મનુષ્યની દોરી એ નિયંત્રિત કરે છે. વિચાર, મનુષ્યના કાબૂમાં હોવા જોઈએ, નહીં કે મનુષ્ય વિચારનાં.

* * * * *

## અપરંપાર બન

*પૂર્ણરૂપે વ્યક્ત થા, સાકાર બન;*
*એ રીતે અવ્યક્તનો અણસાર બન.*
*વૃક્ષ જેમ જ ઊભવાનું છે નિયત,*
*કોઈ કુમળી વેલનો આધાર બન.*

*પિંડ પાર્થિવ પણ પછી પુષ્પિત થશે,*
*તું અલૌકિક સુરભિનું આગાર બન.*
*ચિત્તને જો ક્યાય સંચરવું નથી-*
*સ્થિર રહીને સર્વનો સંચાર બન.*

*કૈં ન બનવું એ ય તે બંધન બને,*
*તો બધું બન, એ ય વારંવાર બન.*
*આદ્ય જેવું જો નથી તો અંત ક્યાં,*
*એના જેવું તું ય અપરંપાર બન.*

❑ **રાજેન્દ્ર શુક્લ**

કાર્યકારણના સંબંધ સિવાય પણ વ્યવસ્થા ટકાવી રાખવા માટે એમ કલ્પવામાં આવે છે કે – જે કારણમાં જે કાર્ય ઉત્પન્ન કરે છે. તે શક્તિ જાણવાને માટે કાર્ય, એ સર્વ વચનોની વાસ્તવિકતા ૠજુસૂત્રનયની અપેક્ષાએ છે. ૠજુસૂત્રનય કારણકાલ અને નિષ્ઠાકાલ એક જ માને છે, માટે પિષ્ટપેષણ તેમાં સંભવતું નથી.

કાર્ય અને કારણનો સંબંધ થાય, તો જ કાર્ય ઉત્પન્ન થાય છે એમ માનવામાં આવે છે. કારણના સંબંધ સિવાય પણ કાર્ય ઉત્પન્ન થાય છે એમ માનવામાં આવે તો સદાકાળ સર્વ કાર્યો ઉત્પન્ન થતાં જ રહે છે. પણ એમ થતું નથી. અસત્કાર્યવાદીને મતે કારણનો સંબંધ સંભવતો નથી. સંબંધ હંમેશાં સત્‌ની સાથે જ થાય અસત્‌ની સાથે ન હોય.

असत्त्वे नास्ति सम्बन्धः, कारणै सत्त्वसङ्गिभिः ।।

असम्बद्धस्य चोत्पत्ति–मिच्छतो न व्यवस्थिति ।।१।।

[ સત્ત્વના સઙ્ગવાળા કારણો અસત્ત્વની સાથે સઙ્ગ કરતા નથી, કારણના સંબંધ સિવાય પણ કાર્ય ઉત્પન્ન થાય છે, એમ માનવામાં આવે તે (કાર્ય કારણની) વ્યવસ્થા ન રહે.]

જે વસ્તુઓનો સંબંધ થાય અને વજન પરિમાણ આદિ વધે ત્યારે સમજવું કે આ વસ્તુઓ પરસ્પર જુદી છે. જેમ એક શેર ઘીમાં એક શેર લોટ મેળવવામાં આવે ત્યારે તેનું વજન બેશેર થાય છે ને પરિમાણ પણ વધે છે. ને તેમાં જ એક શેર ગોળ મેળવવાથી વજન ત્રણ શેર થાય છે ને પરિમાણ ત્રણ ગણું થાય છે માટે સમજાય છે કે ઘી, લોટ ને ગોળ ત્રણે ચીજો જુદી છે. પણ તાંતણા કરતાં વસ્ત્રનું વજન વધતું નથી; અને માટી કરતાં ઘટનું વજન કે પરિમાણ વધતું નથી એટલે તે બન્ને એક છે. જુદા હોત તો વજન કે પરિમાણ વધી જાત. જ્યારે કાર્ય-કારણ જુદા નથી ને એક છે ત્યારે જેમ કારણની સત્તા છે તેમ કાર્યની પણ સત્તા છે માટે સત્કાર્યવાદ છે.

જો કાર્ય કારણ એ બન્ને એક જ છે, જુદા નથી તો બન્ને જુદા નામે કેમ ઓળખાય છે? કાર્ય અને કારણ એ શું છે? **સ્પષ્ટ–અપ્રકટ અવસ્થામાં રહેલું જે કાર્ય તે જ કારણ છે, અને અસ્પષ્ટ–પ્રકટ થયેલ, જે કારણ તે જ કાર્ય છે.** જેમકે જ્યારે તન્તુઓ પરસ્પર ભળ્યા નથી–જુદા છે ત્યારે તેમાં વસ્ત્ર અપ્રકટ છે; પરંતુ જ્યારે તે જ તન્તુઓ પરસ્પર સંયોગને પામી એકાકાર બને છે ત્યારે વસ્ત્ર પ્રકટ થાય છે ને આ વસ્ત્ર એવું જ્ઞાન થાય છે. કાચબાના અંગો તેના શરીરમાં ગુપ્ત હોય છે ત્યારે દેખાતા નથી પણ બહાર નીકળે છે ત્યારે દેખાય છે, તે જ પ્રમાણે કાર્ય, કારણ દશામાં ગુપ્ત હોય છે ત્યારે દેખાતું નથી પણ વ્યક્ત થાય છે ત્યારે દેખાય છે.

* * * * *

ડાળ, પાન, ફૂલ કે ફળની નહીં, પણ મૂળની વાત કરે છે. કોઈ ને કોઈ રીતે આપણે કુંઠિત થઈ ગયા છીએ. આપણા મનમાં અને કોઠારમાં કશો ફેર નથી. ગઈકાલની સ્મૃતિઓ, સમાજ, પરંપરા, ધર્મ, વાદવિવાદ – આ બધા પર આપણે નભીએ છીએ. આપણે ટેકાઓ દીધા છે. આપણે કેટલા બધા થાંભલાઓ ઊભા કર્યા છે! ધર્મ, મંદિર અને પ્રેમના થાંભલાઓ, સત્તા અને માલિકીના સ્તંભો. પુસ્તક, નેતા અને ધર્મગુરુના તરણાને વળગીને આપણે તરી જવું છે. આ બધું શા માટે? શા માટે આ બધા બંધન? કોઈની કંઠી બાંધીને આપણે કુંઠિત થઈ જઈએ છીએ. એક સરસ ઉદાહરણ યાદ આવે છે. હોડીનું લંગર કિનારા સાથે બાંધી આપણે હલેસાં મારીએ છીએ અને પછી ફરિયાદ કર્યા કરીએ છીએ કે હોડી ચાલતી નથી.

આપણું મન ભારે લુચ્ચું હોય છે. એ વચ્ચે દખલગીરી કર્યા જ કરે છે. **પ્રપંચી બુદ્ધિની કનડગત વિનાના સ્વપૃથ્થકરણ (Self-Analysis)ના આત્મપ્રયત્નો તરફ જવું એમાં જ આપણી સાર્થકતા છે.** આપણી પાસે બધું જ છે. પણ હૃદયની સરળતા નથી. આપણે જટિલતામાં રાચીએ છીએ. પ્રપંચ સાથે આપણે પનારો પડ્યો છે. સરળતાની વાત જે. કૃષ્ણમૂર્તિ કરે છે ત્યારે એ વસ્ત્રો કે ખોરાકની સરળતાની વાત નથી કરતા, પણ એ વાત તો છે મનની અને હૃદયની સરળતાની! કોઈ પણ પ્રકારની ગ્રંથિ વિના જાતને તથા જગતને જોઈ શકીએ એવી સરળતા. વૃક્ષનો ખ્યાલ મનમાં રાખીને આપણે વૃક્ષને જોઈએ છીએ અને આમ આપણે ઉઘાડી આંખે પાટા બાંધીને વૃક્ષને જોવાનો ચાળો કરીએ છીએ. આપણે સરખામણી કરીએ છીએ, ન્યાય તોળવા તત્પર થઈ જઈએ છીએ. માણસ માણસને મળતો જ નથી. સામી વ્યક્તિ માટે પોતે જે ઈમેજ (image) ઉભી કરી છે એને મળે છે. આમ જીવતા જાગતા ખુલ્લા દિલના બે માણસનું નહીં પણ બે પ્રતિબિંબોનું મિલન થતું હોય છે. આપણે જે છીએ અને જેવા છીએ એનો મુકાબલો કરવાની આપણામાં તાકાત નથી. WHAT IS નો નહીં, પણ WHAT SHOULD BE માટેનો આપણો હઠાગ્રહ હોય છે. સંઘર્ષ આમાંથી જ જન્મે છે. અને એમાંથી આપણે પર નથી થઈ શકતા. કારણ કે આપણને આપણી ઈચ્છા, સ્પૃહા, ભય–આ બધું બાંધી રાખે છે. કાયમને માટે જાણે કે આવી ગુલામી વહોરી લીધી હોય એવા આપણે આપણા જ કેદી છીએ. આપણે આપણી ટેવનું પરિણામ છીએ. આ ટેવથી મુક્ત થવું પડે. મુક્તિનો અર્થ પણ સમજવો પડે, નહીં તો મુક્તિની ભ્રમણામાં ફરી બંધાઈ જવાય અને મુક્તિના નામે, એક નવું બંધન. નવા બંધનથી વેગળા થઈએ.

❑ **સેજલ શાહ**
sejalshah702@gmail.com
Mobile : +91 9821533702

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**

**આયોજિત**

**૮૩મી પર્યુષણ વ્યાખ્યાનમાળા**

**આર્થિક સહયોગ : સેવંતીલાલ કાન્તિલાલ ટ્રસ્ટ**

**આપ સહુનું સ્વાગત કરે છે**

દર વર્ષની માફક આ વ્યાખ્યાનમાળા ૧૯ ઑગસ્ટથી ૨૬મી ઑગસ્ટ સુધી
પાટકર હોલ, ચર્ચગેટ ખાતે જ યોજાશે.

**જેમાં રોજના બે વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવ્યું છે.**
**જેનો સમય સવારે ૮.૩૦ થી ૯.૧૫ અને ૯.૩૦ થી ૧૦.૧૫ રહેશે.**

**પર્યુષણ જેવા મહાપ્રભાવકારી પર્વ નિમિત્તે ધર્મ અને ચિંતનની આ યાત્રા,**
**વિદ્વાનોના વૈચારિક વક્તવ્ય દ્વારા વધુ મંગલમય, મૂલ્યસંવર્ધક, સમાજોપયોગી**
**અને વૈશ્વિક હિતમાં ઉપકારી બનશે, તેવી અપેક્ષા છે.**

**વૈચારિક સાત્વિક ચર્ચા સમાજને જાગૃત રાખે છે.**
**આ ઉદ્દેશથી તત્ત્વચિંતન અને વૈચારિક પ્રક્રિયાના સમર્થ વ્યાખ્યાતાઓ પધારશે:**

જેમ કે પદ્મશ્રી કુમારપાળ દેસાઈ, ડૉ. સુદર્શન આયંગર, ફાધર વર્ગીસ પોલ, નરેશ વેદ, ભદ્રાયુ વચ્છરાજાની,
અશોક આર. ગાર્ડી, પુરુષોત્તમ રૂપાલાસાહેબ, જય વસાવડા, અભય દોશી, રમજાન હસણિયા,
ભાવેશ ભાટિયા, બ્રહ્મકુમારી ગીતાબેન, રાહુલ જોશી વગેરે.

**આ વ્યાખ્યાનોનો લાભ લેવા સહુને પ્રેમભર્યું આમંત્રણ છે**

# ચિત્તથી ચિંતવેલું, વચનથી પ્રાર્થેલું અને કાયાથી આરંભેલું કાર્ય ત્યાં સુધી જ સિદ્ધ થતું નથી કે જ્યાં સુધી શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રનું સ્મરણ નથી

☐ ભારતી દીપક મહેતા

જરા એક દૃશ્યને કલ્પનામાં લાવીએ. આજથી ૩૬ વર્ષ પૂર્વેનાં સુમંગલ શહેર પાટણમાં પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજનાં અંતિમ ચોમાસાનાં વર્ષો છે. આશરે ૫૦ વર્ષોના દીક્ષા પર્યાયમાં શ્રી નમસ્કાર મહામંત્રની અગણિત અનુપ્રેક્ષાઓ અસ્ખલિત રીતે વહેલી છે. હાલ ઉંમર છે ૭૯ વર્ષ. તેઓ 'અધ્યાત્મયોગી' તરીકે તો ઓળખાયા જ છે, કિન્તુ શ્રી નમસ્કાર મહામંત્ર અંગે જે અપૂર્વ ચિંતન કરેલ છે તેથી તેઓ 'નવકારવાળા મહારાજ' તરીકે પ્રસિદ્ધ છે. ઘણાં વર્ષે પોતાના ગુરુમહારાજ આચાર્યપ્રવર શ્રી રામચંદ્રસૂરીશ્વરજીની પરમ મંગલ નિશ્રા પ્રાપ્ત થઈ હોવાથી દેહની ઉપસર્ગ દશા પણ હમણાં સહેજ વિસ્મરાઈ રહી છે.

એકદા ગુરુમહારાજનાં ચરણકમળમાં સ્થાન લઈ, વંદન કરી મનમાં રમતી એક વાત મૂકે છે પંન્યાસજી મહારાજ: 'સાહેબ, હવે તો મારું આયુષ્ય પૂર્ણ થવામાં ખાસ વાર હોય તેમ લાગતું નથી.' જ્ઞાની ગુરુવર્ય ઉત્તર આપતા કહે છે: 'એમાં તમને શી ચિંતા છે? તમે તો નવકારને આત્મસાત્ કર્યો છે. પ્રત્યેક શ્વાસે-શ્વાસે પરોવીને એને અસ્થિમજ્જાવત્ બનાવીને સતત તેના ધ્યાનમાં જ રહો છો... પછી તમને શી ફિકર છે?' એ પછી ખરેખર થોડા જ સમયે કાળ કરી ગયેલ પારસમણિ સમા પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ માટે દરેક સંપ્રદાય, ફિરકા, ગચ્છ અને સંઘમાં તેઓની ગુણાનુવાદ સભાઓ યોજાઈ. કારણ કે એ સૌના બનેલા શ્રી નવકાર મહામંત્રનાં સેતુ-સૂત્ર-ધાગ દ્વારા.

બસ, આજે તે જ મહામંત્રની થોડી વાતો કરવી છે, જે મંત્રની પ્રતિજ્ઞા છે કે: કોઈ મારું ભાવથી સ્મરણ કરે તેના સઘળાં યે પાપનો હું ધીમે-ધીમે નાશ કરી દઉં.

શ્રી નમસ્કાર મહામંત્ર અતીત, સાંપ્રત ને અનાગત એમ ત્રણે કાળમાં સમાન રીતે પૂજાતો આવ્યો છે ને રહેશે. સમષ્ટિનાં નાદાકાશમાં તે મંજૂલ સ્વરે અનાદિથી ગવાતો રહ્યો છે ને અનંતકાળ સુધી તેનું મહાકલ્યાણકારી ગુંજન ચાલુ રહેશે, કારણકે નવકાર કાળજયી છે. સત્ય, ત્રેતા, દ્વાપર અને કળિયુગો અનંતા પસાર થયા કિન્તુ કોઈ કાળે તેના ગૂંજવાનો નકાર નથી. શ્રી તીર્થંકર પરમાત્માનાં નામો ત્રણ ચોવીસી સુધી યાદ રહે છે. સ્થુલિભદ્ર મુનિનું નામ ૮૪ ચોવીસી ને શ્રીચંદ્ર કેવલીનું નામ ૫૦૦ ચોવીસી સુધી યાદ રહેશે, જ્યારે શ્રી નવકાર મહામંત્ર તો અનંત ચોવીસીથી ગણાતો, રટાતો, સ્મરણ કરાતો આવ્યો છે.

વળી અદ્‌ભૂત વાત એ છે કે આ મંત્રના બનાવનાર કોઈ નથી. જે જે તીર્થંકરો થયા તેઓ આ મંત્રને પ્રકાશમાં લાવવાનું જ માત્ર કામ કરે છે. નવકારમાં જેને નમસ્કાર કરવામાં આવે છે તે કોઈ વ્યક્તિ કે સંગઠનને નથી. તેમાં વંદન છે અઢી દ્વીપ પ્રમાણ મનુષ્યલોકનાં ત્રણે કાળનાં પંચપરમેષ્ઠીઓનાં ગુણને. જેઓ તે ગુણસ્થાનકને પામી ગયા છે તેવા અરિહંતો તથા સિદ્ધોને, જેઓ તે ગુણસ્થાનને પામવાનાં સમ્યક્ પુરુષાર્થ પંથે વિચરી રહ્યા છે તેવા આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુઓને. શ્રાવકની દિનચર્યાની શરૂઆત માટે શ્રાદ્ધદિનકૃત્યની ગાથામાં કહ્યું છે: મહામંગલરૂપ નવકાર મંત્રનું સ્મરણ બ્રાહ્મમુહુર્તે નિદ્રામાંથી જાગતાં અચૂક કરવું ઘટે. જે નાસિકાથી શ્વાસોચ્છ્‌વાસ ચાલતો હોય તે બાજુનો પગ સૌ પ્રથમ ભૂમિ ઉપર મૂકવો ને ૩ જગતમાં યોગક્ષેમ કરનાર મહામંત્રને ૭, ૧૨, ૨૭ કે ૧૦૮ વાર ગણીને જ શય્યા છોડવી.

આપણને નવકારમંત્રનો અર્થ સહજપણે ખબર છે. તેના ૯ પદ ને ૮ સંપદાનાં સ્મરણથી અષ્ટસિદ્ધિ, નવનિધિ કે આત્મિક સુખની જલધિ તો મળે જ છે, પણ 'નવકાર' શબ્દનાં ૪ વસ્તુઓની અલભ્ય પ્રાપ્તિ કરાવે છે તેની વાત કરીએ આજે.

**(૧) નવકાર શબ્દના 'ન' અક્ષરથી 'નકાર' ને 'નારકી' દૂર ટળે છે:**

સંગઠનના વાડાઓને ઉલ્લંઘી શ્રી નવકારમંત્ર ઉપલબ્ધિ આપે છે વિશાળતાની. સંકુચિતતા 'નકાર'ની જનની છે પણ વિશાળતામાં સર્વનો સ્વીકાર છે. નકારમાં છે – આ આમ ન હોય. મને આમ ન ચાલે. તમારે આમ ન વિચારાય. એમણે એમ ન કરાય. એમાં એકાંત છે. નવકારમાં અનેકાંત છે. સર્વને સમાવવાનો અને સર્વ કાંઈ શમાવવાનો ગુણ તેમાં છે...જે તેનાં ગણનારમાં પણ વહ્યા કરે છે. સ્વીકારમાંથી જવાય છે જ્ઞાન-આનંદરૂપ આત્માના શુદ્ધ સ્વરૂપમાં. ભરત ચક્રવર્તીને ભલે છ ખંડનું રાજ હતું ને ૬,૦૦૦ પદમણી રાણીઓ હતી, પણ જેવો એમણે જોગ જોડ્યો આત્મા સાથે કે તરત અરીસાભુવનમાં કૈવલ્યશ્રીને વર્યા તેઓ. अप्पा दंसण इक्क। આત્મદર્શન જ સમ્યગ્‌દર્શન છે અને આત્મા તરફની યાત્રા શરૂ થાય છે પરમ ભદ્રંકર શ્રી નવકાર મહામંત્રનાં સ્મરણથી.

પંન્યાસજી મહારાજ બહુધા બોલવા-લખવામાં 'ના' કે 'નથી'નો ઉપયોગ ન કરતા. એમ કહેવું હોય કે 'આમ કરવું યોગ્ય નથી' તો કહેવાનું પસંદ કરતા કે 'આમ કરવું છોડી શકાય'. આવી સાવધાની વર્તે, કારણકે હકારમાંથી ૐકાર જન્મે છે. ૐકાર એટલે અ

+ઉ+મ=અરિહંત, અશરીરી, આચાર્ય, ઉપાધ્યાય ને મુનિ. તેઓને કરેલ નમસ્કાર નકારને ટાળે છે. Even God has 3 answers for each of our prayers: Yes, wait or I have another plan for you, but he never says `No'.

વળી અન્ય સંપદા રૂપે 'ન' અક્ષરથી નરક દ્વાર કઈ રીતે ટળે છે તે જોઈએ:

ધ્યાનનાં ૪ પ્રકાર છે: આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન ને શુક્લધ્યાન. જેમાં પ્રથમ બે અશુભ ધ્યાનનાં પરિણામથી નરકનું આયુ લંબાઈ શકે છે. જ્યારે ધર્મ અને પ્રાંતે શુક્લ ધ્યાનમાં આરુઢ થયેલ જીવ તો મોક્ષને જ પામે છે. હવે નવકાર ગણનાર સાધકમાં આત્મ તત્ત્વ સાથે અભેદતા અનુભવાતા એટલી તો સમર્થતા આવે છે કે જ્ઞાતા-દ્રષ્ટાભાવને કારણે પછી તે આર્ત-રૌદ્ર ધ્યાન કરવા માટે જ અક્ષમ બની જાય છે. નવકારનાં ૬૮ અક્ષરોમાંનાં એક-એક અક્ષર ઉપર જે ૧૦૦૮ વિદ્યાદેવીઓનો વાસ છે, તે પણ જીવો પ્રત્યે મૈત્રી, પ્રભુ પરત્વે ભક્તિ અને જડ પ્રત્યે વિરક્તિનાં ભાવ ઉત્પન્ન કરાવે છે ને નરક ટાળે છે.

'શ્રી લઘુનમસ્કાર ફલસ્તોત્ર'માંથી ગર્ભિત શાસ્ત્રીય શ્લોકાર્થ જોઈએ તો:

एक अकखर पावं फेडेइ सत्तअयराणं ।

पन्नासं च पएणं, सागर पणसय समग्गेणं ।।

અર્થાત્: નવકારનો એક અક્ષર ૭ સાગરોપમનું પાપ નાશ કરે છે. તેનાં એક પદ વડે ૫૦ સાગરોપમનું પાપ અને સમગ્ર નવકાર વડે ૫૦૦ સાગરોપમનું પાપ નાશ થાય છે. તો જીવનભર નવકારનું ધ્યાન કરનાર માટે બંધ જ રહે નરક દ્વાર – તેમાં શી નવાઈ?

આ અક્ષરો તો આત્માનાં અ-ક્ષર એવા પ્રદેશોને ખોલનાર ચાવી છે. દુનિયાભરનાં મંત્રોનાં બધા બીજાક્ષરો એમાં સમાવિષ્ટ હોવાથી તે 'મંત્રાધિરાજ' કહેવાય છે. વળી આપણે જ આ મંત્રને જોઈ શકીએ છીએ તેવું નથી, મંત્રાક્ષરો પણ આપણને જોઈ રહ્યા છે તે નક્કી છે, કારણકે તે પ્રગટપ્રભાવી સાક્ષાત્ મહાચૈતન્ય છે.

ઘણીવાર વિચાર આવે: શાસ્ત્રોમાં આવતી એ માતા કેવી હશે કે જેમણે પોતાનાં પુત્રને જૈન શાસનને ભેટ ધરવાલાયક બનાવવા ૧ કરોડ નવકારનાં જાપ ને ૮૧ આયંબીલ કર્યા, એ પછી તેઓના પુત્ર 'જંબુકુમાર' બન્યા ને લગ્નની જ રાત્રે આઠે નવવધૂ, ૫૦૦ ચોર વગેરે ૫૨૭ લોકોને ઉપદેશ પમાડી બીજા જ દિવસે સૌ સાથે દીક્ષા લઈ શકયા. વળી સ્મૃતિમાં આવે કલિકાલસર્વજ્ઞશ્રી હેમચંદ્રાચાર્યસૂરીશ્વરજી પણ, જેમણે માતાનાં આત્મશ્રેયાર્થે ૧ કરોડ નવકારનાં જાપ ભેટ રૂપે આપ્યા.

૧૪ પૂર્વના રહસ્યભૂત એવો આ અનુત્પન્ન ને શાશ્વત નવકારમંત્ર આપણને પૂર્વપૂણ્યે મળી તો ગયો છે પણ હવે તે ફળે તે માટે પુરુષાર્થ જ કરવાનો શેષ છે. આત્માની પ્રયોજનપૂર્વકની પરિણતિને 'પુરુષાર્થ' કહે છે. આપણે જોયું છે કે ભાગ્યને બીજી પેઢી હોતી નથી ને પુરુષાર્થને તો આખો વંશ હોય છે. न अस्ति उद्यम समः बन्धुः। પુરુષાર્થ પોતાનો પરમ સખા છે. આપણે જૈનો તો વેપારી. નફાનો વ્યવસાય કરવાનું લોહીમાં છે. તો આ મંત્રનાં ભાવપૂર્વકનાં સ્મરણ-શ્રવણ-શરણથી નકાર ને નરકનાં દ્વાર બંધ થતા હોય તો આપણે પાછા ન જ પડીએ ને?

**(૨) નવકારનો 'વ' અક્ષર સાધકની સર્વે વિપત્તિઓને ટાળી વિમલતા અપાવે છે.**

વિપત્તિઓ એટલે ઉપસર્ગો અને પરિષહો. સૂયડાંગસૂત્રમાં 'ઉવસગ્ગ'નો અર્થ કહ્યો છે: 'આવી પડેલું ભયંકર કષ્ટ.' તત્ત્વાર્થ સૂત્રમાં ઉમાસ્વાતિજી કહે છે કે: मार्गाच्यवत निर्जराय परिषाढव्याः परीषहाः। કર્મોની નિર્જરા માટે જે સહન કરવા યોગ્ય છે તે છે 'પરિષહ'.

પાટણનાં શ્રી નગીનદાસ શેઠ તેમની વ્યવસાયિક પેઢીમાં વિપત્તિની વેળાએ જેટલું નુકસાન થાય તેટલા રૂપિયા ખાસ જુદા કાઢી સાંજ પડે જ તેનું તાત્કાલિક દાન કરતા – આટલું કરવા માત્રથી યથાર્થપણે વિઘ્નો તુરંત ટળી જતા. દુઃખ આવે ત્યારે અધિક દુઃખ પોતાની મેળે ઊભું કરી સહન કરી લેવાથી કર્મોદય વહેલો નિર્જરા પામી જાય છે.

'ધર્મસંગ્રહ' તથા 'યોગશાસ્ત્ર'માં વિપત્તિઓ દૂર કરવા માટે કહ્યું છે કે:

મહાઉપસર્ગ સમયે નવકારના લેખન-વાંચનથી, એની તાલ-લયબદ્ધ ધૂનથી, પશ્ચાનુપૂર્વી પદના જાપથી (પઢમં હવઇ મંગલં, મંગલાણં ચ...), પશ્ચાનુપૂર્વી અક્ષરોના જાપથી (લંગમં ઇંવહ મંઢપ...), અનાનુપૂર્વી જાપથી, કમલબદ્ધ-શંખાવર્ત-નંદ્યાવર્ત પ્રકારે કે ૭ ચક્ર સંગાથે એકાગ્રતાપૂર્વક કરાતા નવકારના ૧ લાખ કે અધિક જાપથી વિપત્તિઓ-ઉપદ્રવો તત્કાળ નાશ પામે છે અને અનેક અનુભૂતિઓ થાય છે. કોઈને પ્રકાશનો પુંજ દેખાય છે. કોઈને આનંદના ઓઘ પ્રગટે છે. અન્તગ્રન્થિનો ભેદ થતાં ભવચક્રમાં કદી નહીં અનુભવેલા આનંદની અનુભૂતિ થતા સાધક આનંદથી નાચવા લાગે છે.

નવકારમંત્રના પ્રથમ પાંચ પદ પછીની ચૂલિકામાં આવે છે કે: 'તે સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે.'

માંગલિક પ્રસંગે આપણે સુકાર્ય નિર્વિઘ્ને સંપન્ન થાય તે માટે દ્રવ્યમંગલ રૂપ દહીં, શ્રીફળ, સાકર, આસોપાલવ વગેરે લૌકિક મંગળને આગળ કરીએ છીએ. તો હવે મંગલ અવસર આવ્યો છે જન્મ-મરણનાં ફેરા ટાળવાનો. બદ્ધ, સ્પૃષ્ટ, નિધત્ત ને નિકાચિત પ્રકારે બાંધેલા આઠે કર્મોને ગાળવાનો. તેથી આપણાં જીવનનાં દ્વારે પણ સદાને માટે નવકારનું તોરણ ઝુલતું જ રહેવું જોઈએ.

'જેઓ નવકારનાં ૬૮ અક્ષરોમાં પોતાનું અક્ષયપદ જોઈ શકતા

નથી એ બધા નિરક્ષર છે' એમ કહેનાર અમારા પિતાજી પૂજ્ય ભાઈ સમજાવતા કે: નવકારમાંથી ઉદ્ધૃત કરેલો એક નાનો મંત્ર છે: 'નમો લોએ મંગલં'. આ મંત્રનો નિત્ય જાપ કરે તેને વિપત્તિઓ સાથે મિલન થાય જ નહીં. જગત કલ્યાણકારી એવા કોઈપણ વિષયનું પ્રતિપાદન કરતી વખતે આદિ, મધ્ય ને અંતમાં મંગલ કરવું જોઇએ તેવું આપ્તકથન છે. શ્રી ભાવનિશીથ સૂત્રમાં કહ્યું છે કે: 'નમો લોએ મંગલં' મંત્રનાં ૩ શબ્દો છે. પ્રથમ શબ્દ 'નમો' દ્વારા આદિ મંગળ કરાયું છે, બીજો શબ્દ 'લોએ' દ્વારા મધ્ય મંગળ કરાયું છે અને 'મંગલં' શબ્દ દ્વારા થયું છે અંતિમ મંગળ – જેમાં દ્રવ્ય અને ભાવમંગલ અભિપ્રેત છે. વિશ્વશાંતિ માટે એટલે જ 'નમો લોએ મંગલં' મંત્રનો પાઠ કરવાનો આગ્રહ રખાય છે.

નકાર ટળ્યાં – નરક ટળી – વિપત્તિઓ દૂરે થઈ. હવે સમીપ આવી પહોંચી વિમલતા. વિચારો ને વચનની વિમલતા. વૈરાગ્યની ને વ્રતપાલનની વિમલતા. તે લાવવા પંન્યાસજી મહારાજ ત્રિસંધ્યાએ અચૂક ૧૨-૧૨ નવકાર ગણવાનું સૂચવતા. કારણ પૂછતાં ખબર પડી કે: સવારે છ વાગે, બપોરે ૧૨ વાગે ને સાંજે ૬ કલાકે મન ઉન્માર્ગે જઈ શકે તેવો કાળ હોય છે. અનર્થ થઈ શકે તેવા સંભવનો સંધિકાળ. નવકાર મહામંત્ર ગણતા તે સંધિકાળની મલિનતા પણ સ્વયં વિમલ બની જાય છે.

ઘણીવાર થાય કે નવકારમાં રહેલ પંચપરમેષ્ઠિઓને વંદન કરવા માત્રથી કેવી રીતે આપણા બધા જ પાપનો નાશ થઈ જાય, ભલા? એનો એક સુંદર જવાબ મળે છે: પ્રત્યેક મનુષ્ય પોતાની પરિસર એક આભામંડળ–એક ઓરા લઈને ચાલતો હોય છે. વિદ્યુતનાં એ વર્તુળને કહે છે: ઈલેક્ટ્રોડાયનેમિક ફિલ્ડ. તે પશુ-પક્ષી કે વૃક્ષો આસપાસ પણ વિદ્યમાન હોય છે જ. હવે નવકારના જાપ કે સ્મરણ તે આભામંડળમાં વિમલ ભાવ નિર્મિત કરે છે. આ છે શુભ લેશ્યા. વિમલ લેશ્યા. અહીં પહોંચીને સાધક જે બોલે તે વચનસિદ્ધ થાય છે. પૂર્વનાં સાધકોને અહીં પહોંચીને 'સંભિન્ન-શ્રોતો-લબ્ધિ' ઉત્પન્ન થતી કારણકે તેમની ચેતનાનો એટલો વિકાસ થઈ જતો કે તેમનું સમગ્ર શરીર કાન, આંખ, નાક, જીભ ને સ્પર્શનું કામ કરી શકતું. પછી કાનથી જ સાંભળવું કે આંખથી જ જોવું જરૂરી રહેતું નહોતું. તેનું મૂળ કારણ છે નવકાર થકી મળતી વિમલતા.

**(૩) પરમ ભદ્રંકર નવકાર શબ્દનો ત્રીજો અક્ષર 'કા'વરદાન આપે છે કારુણ્ય ગુણનું.**

દરેક જીવ પાસે જેમ એક આભામંડળ હોય છે તેમ એક ભાવમંડળ પણ હોય છે. નવકાર સ્મરણથી તે ભાવમંડળમાં થતા ફેરફાર આપણા તેજસ શરીરને સક્રિય બનાવે છે. તેમાં આ ૬૮ અક્ષરો પ્રવેશતા જ દરેક જીવો પરત્વે પોતાની ચેતના એકરૂપ લાગવા માંડે છે. આ સર્વેનું મૂળ છે કારૂણ્ય, જે આ આનંદપર્વમાં પ્રવેશ કરાવે છે. દરેક તીર્થંકરોને અંતિમ ૩ ભવથી 'સવિ જીવ કરું શાસનરસી'ની ઉત્કટ ભાવના કરાવનાર હોય છે કરુણા.

હમણાં જ નવકાર સાધક આચાર્યશ્રી ત્રિલોચનસૂરિજીની વાત જાણવામાં આવી. વિહારમાં તેઓ હતા આગળ ને શિષ્યો હતા સ્હેજ પાછળ. અચાનક એક ટ્રક સાથે થયો તેઓનો અકસ્માત. બચી તો ગયા પરંતુ પગે એટલું વાગ્યું કે લોહીનાં ફૂવારાથી ભીંજાઈ ગયા. આ વેળાએ આચાર્યશ્રીએ ટ્રક ચાલકને કહ્યું: 'ભાઈ! તમે જલ્દી અહીંથી ભાગી જાવ. હમણાં મારા શિષ્યો અહીં પહોંચી આવશે...ને મને તો તરત ઉંચકીને સામે ગામ લઈ જશે પણ બીજા કોઈ જો તને પકડી લેશે કે ટ્રકનો નંબર નોંધી લેશે તો તમે નાહકની મોટી તકલીફમાં મૂકાશો ભાઈ.' આ છે કરુણતાનો વ્યાપ – જેના મૂળમાં છે નવકારનાં જાપ.

આપણને એ ખબર છે કે વૈશાખ સુદ દસમનાં પ્રભુ વીરને કૈવલ્યજ્ઞાન થયું. સામે અગણ્ય દેવો હતા. પ્રથમ દેશના આપી પરંતુ તેમાં માનવોની હાજરી ન હોવાના કારણે ન કોઈ દીક્ષા લઈ શિષ્ય બન્યા, ન કોઈને કેવળજ્ઞાન થયું. તે દેશના 'વિફળ' કહેવાઈ. તીર્થંકરોની દેશનાને પણ સફળ થવા માટે સામે માનવ હાજરી જરૂરી ગણાતી હોય તો માનવ ભવનું મૂલ્ય કેટલું ઉત્કૃષ્ટ ગણાય, પણ આપણને તેનો ખ્યાલ છે ખરો? જેમ સિંધુ નદીની પારાવાર રેતીમાં મગ્ન થયેલું વડનું બીજ શોધવું દુર્લભ છે, તેમ મનુષ્યભવ પણ દુર્લભ છે. તેને પામીને કોણ ડાહ્યો પુરુષ હવે પ્રમાદ કરે?

આવો માનવ જનમ ફરી ફરી શું મળે? જે કરે, મન... ત્વરાથી કર આ ભવે!

'દિવસ પ્રભુનાં કામમાં ને રાત પ્રભુનાં ધ્યાનમાં' એ જેમનો જીવનમંત્ર હતો તેવા મુનિ શ્રેષ્ઠ આગમપ્રજ્ઞ શ્રી જંબૂવિજયજી મહારાજને કાળ કરી ગયાને ચાર જ વર્ષ થયા છે. તેમનું જીવન આપણી આંખ સામે જ પસાર થયું છે. તેઓ આશરે ૧૬ કલાક આગમોદ્ધારનું કાર્ય કરતા. ૮૬ વર્ષની ઉંમરે સવારે ૪ થી ૬ા નવકારનાં નિત્યજાપમાં શ્રેષ્ઠીઓએ તેમને અનેકવાર જમીનથી ઉપર રાા ફૂટ જેટલાં ઉઠેલા ને વાદળી રંગની ઓરા સહિતનાં જોયા છે.

નિશાએ ફક્ત ૨/૩ કલાક આરામ કરી જાપમાં ડૂબેલા જણાય. એકદા તેઓની આરાધના વિશે પૂછતાં તેમણે જણાવ્યું કે અન્ય ૧૪ મંત્રોની માળા, ૨૭ 'નમો અરિહંતાણં' પદની માળા ને ૧૫ બાધાપારાની નવકારવાળી તેઓ નિત્ય ગણે છે. અમે પૂછ્યું: 'સાહેબજી, આટલા પરિશ્રમ ને આટલા ઓછા આરામ પછી નવકારમાં ચિત્ત લાગે ખરું?' તો કહે: 'किं तत्त्वं?' હકીકતમાં તત્ત્વ બે જ છે. એક મોક્ષ અને બીજું તેનાં સાધનરૂપ ધર્મ. આગમ ઉદ્ધારનું કાર્ય મારો આજનો ધર્મ છે ને જેનું ફળ નિશ્ચય રીતે મોક્ષ છે તે નવકારમંત્ર છે મારું ધ્યેય. નવકારમાં ૯ ની સંખ્યા છે જે અખંડ/અભેદ હોવાથી નવકારમાં પરોવાયેલું મારું મન પણ ભેદાતું નથી તેથી દિવસનાં કાર્યમાં ય મારું આંતરમન તો નવકારનાં ૬૮ અક્ષરોમાં

જ લીન ભાળું છું.'

મૃત્યુ પછી આપણી સાથે આવનાર છે ફક્ત અને ફક્ત કર્મપુદ્ગલો. જો વધારે પાપકર્મો લઈને વિદાય લેશું તો આપણા જ આત્માને શું જવાબ આપીશું એ વિચાર્યું છે આપણે? ધારો કે ૧૦૦૦ કિલોના કર્મપુદ્ગલોની વર્ગણા સાથે લઈને આવેલા, તો સમતાથી નિર્જરા કેટલી કરી? શું એ ભાર હવે ૫૦૦ કિલો જેટલો હળવો કરી શક્યા આ જન્મમાં કે વળી નવા કર્મો બાંધીને તેને ૧૫૦૦ કિલોનો કર્યો?

**(૪) 'નવકાર'નો '૨' રાહ દર્શાવે છે કે કઈ રીતે 'રાગ-દ્વેષ' ઓછા કરવા?**

સાગરમાં રહેતો શૃંગી મત્સ્ય ખારા પાણીમાંથી પણ પોતાની યોગ્યતાના બળે મીઠું પાણી મેળવી લે છે, તેવી જ રીતે આ મહામંત્રનાં જાપથી એવી પ્રજ્ઞા ખીલે છે કે ખારા સંસારમાંથી આપણે પણ સર્વ જીવમૈત્રી રૂપી મીઠું જળ ગ્રહણ કરી શકીએ.

રાગ-દ્વેષ ઓછા કરવા ક્ષમાપના અપનાવવી એ જિનપ્રણીત ધર્મ છે. દસ પ્રકારનાં યતિ ધર્મમાં ક્ષમા પ્રથમ છે, કારણકે તેના પછી જ બીજા ૯ ગુણ પ્રગટે છે. દોષદૃષ્ટિ અને દૃષ્ટિદોષ જેવા અનાદિકાળથી પુષ્ટ થયેલા દોષો નબળા પડી નાશ પામે છે. નવકારમંત્રના જાપથી આપણી અંદર મંત્રચૈતન્યનું એવું તો પ્રકટીકરણ થાય છે કે આપણા રાગ-દ્વેષનું શુદ્ધિકરણ થતાં સાચો ધર્મ સમજાય છે ને પ્રાંતે મોક્ષનું અવ્યાબાધ સુખ સંપ્રાપ્ત થાય છે.

વરસાદ સર્વત્ર વરસે છે પણ ટકે છે નીચા સ્થળોમાં – નદી, સરોવર કે દરિયામાં – ઊંચા પર્વતો ઉપર તે સંગ્રહાતો નથી. તેમ પ્રભુકૃપા વરસે છે સર્વત્ર એકસરખી, પણ તે અભિવ્યક્ત થાય છે જ્યાં વિનમ્રતા-નમસ્કાર-શરણ છે. શ્રી નમસ્કાર મંત્ર એ એવું એક સીધું પાત્ર છે જેનાં કારણે પ્રભુકૃપાનું અમૃત આપણામાં ટકી શકે છે. નવકારથી પરિસ્થિતિ કદાચ ન બદલાય કારણકે તે તો પાંચ સમવાય કારણોથી જ ઉત્પન્ન થાય છે, પણ નવકારથી મનોસ્થિતિ જરૂર બદલાય છે. કર્મ સંયોગો આપે છે. નવકાર તે સંયોગોમાં કેમ જીવવું તેનો અભિગમ આપે છે. સુખ અને દુઃખ તો સુદ અને વદ જેવાં છે. એક પછી બીજું તેને અનુસરે જ છે એ સમજણ ખીલે છે નવકાર ગણવાથી.

પ્રાકૃતમાં જેને 'पज्जोसण' કહેવાય છે તેવા પર્યુષણા મહાપર્વનો આજે તૃતીય દિન છે. આપણે તેમાં કરવાના પાંચ કર્તવ્યો નિષ્ઠાપૂર્વક કરીએ છીએ, જે છે ચૈત્ય પરિપાટી, અઠ્ઠમનો તપ, અમારિ પ્રવર્તન, સાધર્મિક વાત્સલ્ય ને ક્ષમાપના. કર્તવ્યોને આ ક્રમમાં ગોઠવીને કહેવાનું પણ ખાસ પ્રયોજન છે. પ્રાતઃસ્મરણીય પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજના અંતેવાસી શિષ્ય કરુણાનિધાન પંન્યાસશ્રી વજસેનવિજયજી મહારાજ આ પાંચ કર્તવ્યોને પંચપરમેષ્ઠીઓ સાથે અનોખી રીતે મૂલવતાં એક અનુપ્રેક્ષાને નિખારે છે તે પ્રમાણેઃ

ચૈત્ય પરિપાટીમાં દહેરાસરોમાં દર્શન કરવા સંઘ સમેત પાદચારી બનીને જવા દ્વારા આપણે નવકારના પ્રથમ પદની જ સામૂહિક આરાધના કરીએ છીએ – 'નમો અરિહંતાણં'.

અઠ્ઠમની આરાધનામાં ત્રણ દિવસ-રાત અણાહારી રહેવાનું હોય છે ને કરવાનો છે સિદ્ધાત્મા થઈએ ત્યાર પહેલાનો એક નાનો અભ્યાસ. બસ, તે છે 'નમો સિદ્ધાણં'.

ત્રીજું કર્તવ્ય છે અમારિ પ્રવર્તન. નવકારના ત્રીજા પદે સ્થાપિત ૩૬ ગુણસાધક આચાર્ય ભગવંતો શુદ્ધ આચાર પાળે – પળાવે છે. જૈનશાસનનો પ્રાણાધાર છે અહિંસા. જીવવિરાધના ન કરવી તે. આમ અમારિ પ્રવર્તનથી આરાધના થાય છે નવકાર મંત્રનાં ત્રીજા પદ 'નમો આયરિયાણં' પદની.

ચતુર્થ કર્તવ્ય સાધર્મિક વાત્સલ્યપાલનથી મહામંત્રનાં ચતુર્થ પદે વિરાજીત ઉપાધ્યાય ભગવંતોની આરાધના થાય છે, જેઓ સમુદાયને સાચવી સૌની આવશ્યકતાઓની પૂર્તિ કરે છે. આમ આપણા સ્વામી ભાઇઓ પ્રત્યે વાત્સલ્ય દાખવવાથી આરાધના થાય છે 'નમો ઉવજ્ઝાયાણં' પદની.

નમો લોએ સવ્વસાહૂણં અને પાંચમું કર્તવ્ય ક્ષમાપના. સંયમમાં મુખ્ય આરાધના છેઃ ક્ષમા ને સમતા રાખવી તે. સંવત્સરીના દિવસે હવે 'મિથ્યા મે દુષ્કૃત્યમ્' કરતી વેળાએ એ પણ સ્મરણમાં રાખીએ કે તેના દ્વારા મૈત્રીધર્માચરણ લીન ચૌદે રાજલોકમાં રહેલા સર્વ સાધુઓને પણ થાય છે નમસ્કાર.

ચૌદે રાજલોકમાં રહેલા ઝરણાં, પંખીઓ, વૃક્ષો પ્રકૃતિનાં લયબદ્ધ મંત્રઘોષ જ છે, જો ઝીલી શકાય તો. નવકારને પણ લયપૂર્વક બોલવાનો મહિમા શાસ્ત્રોમાં અપૂર્વ જણાવ્યો છે. આગમોમાં કહ્યું છેઃ ત્રણ વાર પૂજા કરીએ તેટલું ફળ ૧ સ્તુતિનું, ક્રોડ સ્તુતિઓ જેટલું ફળ ૧ જાપનું, ક્રોડ જાપ જેટલું ૧ ધ્યાનનું અને ક્રોડ ધ્યાન જેટલું ૧ લયનું ફળ છે.

નમસ્કાર પચ્ચીશીમાં પણ કહ્યું છે કેઃ તીર્થંકરોની પૂજા સહિત આ મહામંત્રનાં ૧ લાખ જાપ જપવાથી તીર્થંકર નામકર્મ બંધાઈ શકે. ધર્મ જાગરિકાનાં આત્મચિંતન સાથે આ મંત્રનાં ૮ કરોડ, ૮ લાખ, ૮૦૮ વાર જપ કરવાથી તો ત્રીજા ભવે મોક્ષ થઈ શકે. આ જાપ એકાંતમાં, મૌન ધ્યાનમાં કરવો તેમ પાદલિપ્તસૂરિ કૃત 'પ્રતિષ્ઠા પદ્ધતિ'માં કહ્યું છે.

૧૪ રોજલોકનાં સમગ્ર શ્રુતમાં જે ૧ લાખ કરોડ x ૧ લાખ કરોડ જેટલા શબ્દો સમાયા છે તેની પૂજા નવકારનાં પ્રથમ પાંચ પદનાં ૩૫ અક્ષરોથી થઈ જાય છે. એ ૩૫ અક્ષરોને - નં નમઃ, મોં નમઃ, અ નમઃ, રિં નમઃ, હં નમઃ, તાં નમઃ, ણં નમઃ – પ્રથમ પદના સાત અક્ષરોની રોજની ૧૦ માળા લેખે ૭૦ માળા ગણવી. આઠમા

દિવસથી બીજું પદ શરૂ કરવું. આમ ૩૫ દિવસમાં ૩૫૦ માળા ગણાતા ચેતનાનાં ફૂવારા ઉડશે.

શ્રી ઉમાસ્વાતિજીએ કહ્યું છે: નવકાર આ રીતે ગણવાથી સર્વપાપારિમંત્ર, સંસારોચ્છેદમંત્ર, વિષમવિષહરમંત્ર, કર્મનિર્મૂલમંત્ર તરીકે તે સિદ્ધ થાય છે.

પૂજ્યશ્રી જિનચંદ્રસૂરિજી 'શ્રી વૃદ્ધનમસ્કાર ફલસ્તોત્ર'માં કહે છે તેમ પંચપદનાં ૩૫ અને ચૂલિકાનાં ૩૩ અક્ષરો – એમ આખા નવકારનાં ૬૮ અક્ષરોનાં આ રીતે કરતા જાપથી અકથ્ય લાભ થાય છે. सुज्ञेसु किं बहुना?

લાગે છે ને જાણે કલ્પતરુ ફળ્યો...પણ કલ્પવૃક્ષની ૩ ખાસિયતો હોય છે: એને વાવવું ન પડે, વીનવવું ન પડે અને તેના ફળને વીણવું ન પડે. માત્ર આપણે ઇચ્છા કરીએ અને તે ફળતું જાય. એથી યે આગળ જઈ શ્રી નવકાર મહામંત્ર તો આપણે જે ચિંતવ્યું પણ ન હોય એ આપવાની પણ તાકાત ધરાવે છે. મજાની વાત એ છે કે નવકાર મહામંત્ર ગણતા ધારો કે આયુ પૂર્ણ થયું તો અન્ય જન્મોમાં યોગ્ય સમયે ફરીથી તે આત્માને ફરી-ફરીથી આગળ મોકલે છે નિર્વાણ તરફ.

તોફાન કરીને આવતા દીકરાને જેમ એક મા સ્નેહ કરવો છોડી દેતી નથી તેમ આચારાંગસૂત્રમાં પ્રભુ ફરમાવે છે:

अणाणाए एगे सोवट्ठाणा, आणाए एगे निरुवट्ठाणा, एतं ते मा होतु।।

કો'ક ભલે અનાજ્ઞામાં ઉદ્યમશીલ હોય, બીજા ભલે આજ્ઞાધર્મમાં નિરુત્સાહી હોય, તને આવું ન હો! (કારણ કે તું મારો વિશિષ્ટ પ્રીતિપાત્ર છો!)

આપણા સૌના પ્રીતિપાત્ર એવા પંચસૂત્રની ત્રણ વસ્તુ નવકાર જાપમાં પણ આપમેળે સામેલ થઈ જાય છે:

૧. ચતુઃશરણગમન ૨. દુષ્કૃત્યગર્હા ૩. સુકૃત અનુમોદના.

નવકારના પ્રથમ પાંચ પદ શરણાગતિસૂચક છે. પછીનાં બે પદ દુષ્કૃતગર્હાસૂચક છે ને અંતિમ બે પદ સુકૃત અનુમોદન રૂપે છે. વળી 'નમો' પદને દુષ્કૃતગર્હાનાં, 'અરિહંત'પદને સુકૃતાનુમોદનનાં ને 'તાણં'ને શરણગમનનાં અર્થમાં પણ લેવાય છે.

નવકારનાં અક્ષરો આપણા ચિત્તમાં એકવાર જો ભાવપૂર્વક વાવ્યા...તો બસ, એ પછીનું કાર્ય આત્મા પોતે જ કરે છે. નમસ્કાર એ બીજ છે. આપણું કામ માત્ર એ બીજને વાવવાનું છે. નવકારનાં અક્ષરમાં જ મનને રોપી દેવાનું છે. પ્રભુપૂજા, સામાયિક, જપ, તપ એ બધા સાથે રોજેરોજ નવકારને ગોઠવી–જોડી દેવાનો છે. સુતા-ઉઠતા, ખાતા-પીતા એક પણ ક્ષણ નવકાર વગરની ખાલી ન જાય એવો અભ્યાસ પાડવાનો છે.

અધ્યાત્મમાર્ગી અમારા પિતાજી પૂજ્ય ભાઈને જ્યારે અમેરિકામાં બાય-પાસ સર્જરી થઈ ત્યારે એનેસ્થેશિયામાં ય ટેરવા ઉપર તેમની આંગળીઓ નવકાર ગણતી ફરતી રહી હતી તે જોઈ તબીબો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા હતા. પૂજ્ય ભાઈના અંતિમ દિવસને યાદ કરૂં તો ૮૬ વર્ષની વયે ૧૧ જુન, ૨૦૧૪ની સવારે ૧૦ વાગ્યે ૬ શ્રમણીજીવોને ૩૦ મિનિટ સુધી નવકાર મંત્ર ઉપર પ્રવચન આપી છેલ્લે ઉઠતી વેળાએ કહ્યું કે: 'મારા મિત્રો જે બધા ઉપર જતા રહ્યા છે તે મને કહે છે કે શશિકાંત, શું કરે છે હજી નીચે? ઉપર આવી જા. પણ હું કહું છું કે અહીં રહીને ય પ્રભુનાં જ કામ કરું છું. પરંતુ જો પ્રભુનો બુલાવો આવશે તો ક્ષણવારનો ય વિલંબ નહીં કરું. એક વસ્ત્ર બદલીને બીજા પહેરવા જેવી આ સહજ વાત માટે વળી વાર શી?'

૨૪ કલાકને ૨૪ સોનમહોર ગણનાર, અનસ્ત સૂર્ય રામ આ મહામંત્રના રોજનાં ૧૦,૦૦૦ જાપ કરનાર...અંતર વગરની અંતર્યાત્રા કરનાર પૂજ્ય ભાઈ એ પછી ઘરે આવી થોડું વાંચન કરીને સહેજ આરામ કરવા સૂતા.

નિદ્રામાં પણ કરાંગુલીઓ નવકાર ગણવાની મુદ્રામાં હતી. ત્યારે જ લાગે છે કે અનંતકાળથી શાશ્વતીમાં ગુંજી રહેલ નવકારની ૬૮ વર્ણમાતૃકાઓ સ્વયં જાણે પ્રગટ થઈને તેઓના આ શિશુને લેવા આવી હશે. નિઃસંગપણે ને ૧૨:૩૯નાં વિજયમુહૂર્તે તેઓ પરમ શાંતિથી વિદેહી થઈ નવકારમાં શાશ્વત લીન થયા.

તેઓ ખરેખર જ સદા કહેતા:

'જે આજીવન નવકારને સેવે, તેને ચરમ ક્ષણોમાં સમાધિ સહ ઈચ્છા-મૃત્યુ જ મળે છે.'

ઉપદેશ તરંગિણીનાં એક શ્લોકમાં પણ મળે છે કે અંત સમયે જેના ૧૦ પ્રાણો પંચ નમસ્કારની સાથે જાપ, તે કવચિત્ મોક્ષ ન પામે તો પણ વૈમાનિક દેવ તો થાય જ છે.

।। जस्स मणे नवकारो संसारो तस्स किं कुणइ ।।

નવકારની કેડીએ આપણા સૌનું પણ શુભ સંચરણ હો!

આયુષ્ય આખામાં એકાદવાર કોઈ ક્ષણની બારીએથી શાશ્વતીનો અણસાર પામી જવાય છે. મારી માટે પણ આજે અહીં કરેલ શ્રી નવવકાર મહામંત્ર ઉપરનો સ્વાધ્યાય એવા જ અનુષ્ઠાનમાં પરિણમ્યો છે. આપના આશિષની ચાહ છે કે જે મુજ આંતરમનમાં પણ અવિરામ અજપાજાપ ચાલે પરમ ભદ્રંકર શ્રી નવકારમંત્રનાં.

પ્રાંતે, રુમિ કહે છે તેમ:

Slience is God's first language. Everything else is a poor translation. માટે હવે મારા શબ્દોને પણ વિરામ આપું છું. આભાર, નમસ્કાર. ✶ ✶✶

*Mob. : 98252 15500. Email : bharti@mindfiesta.com*

# યોગાચાર્ય વિવેકાનંદ

❑ સ્વામી નિખિલેશ્વરાનંદજી

યુનાઇટેડ નેશન્સ દ્વારા ૨૧મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિનરૂપે ઉજવવાની જાહેરાત ઇ. સ. ૨૦૧૪માં થયા પછી સ્વાભાવિકપણે સમસ્ત વિશ્વના લોકોમાં યોગ પ્રત્યે આકર્ષણ ઊભું થયું છે. પણ વિડંબના એ છે કે જે યોગનો પ્રચાર-પ્રસાર બધા દેશોમાં થઈ રહ્યો છે – એ 'યોગા'ના નામથી યોગાસનોના રૂપે થઈ રહ્યો છે, અને આપણો દેશ પણ એમાંથી બાકાત નથી. યોગાસનો તો હઠયોગનો એક ભાગ માત્ર છે અને હઠયોગ તો રાજયોગનો એક ભાગ છે અને રાજયોગ ચાર યોગોમાંનો એક છે. 'યોગ' શબ્દની ઉત્પત્તિ 'યુજ્' ધાતુ પરથી થઈ છે, જેનો અર્થ થાય છે, જોડાવું. યોગ એટલે જીવાત્મા અને પરમાત્માનું મિલન, વ્યક્તિગત ચેતના સાથે વૈશ્વિક ચેતનાનું મિલન. યોગનો ઉદ્દેશ છે–દિવ્યતાનું પ્રગટીકરણ, અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત જીવનની પ્રાપ્તિ. યોગાસનો દ્વારા શારીરિક સ્વાસ્થ્ય મેળવવું હિતાવહ છે, ધ્યાન દ્વારા 'સ્ટ્રેસ મૅનૅજમૅન્ટ' પણ હિતાવહ છે, પણ યોગનો અર્થ માત્ર શારીરિક સ્વાસ્થ્ય અથવા માનસિક શાંતિ નથી, યોગ શબ્દ વ્યાપક અર્થ ધરાવે છે, એ તો જીવન પદ્ધતિ છે.

'શ્રીમદ્ ભગવદ્ગીતા'માં યોગાચાર્ય શ્રીકૃષ્ણ ચાર યોગો વિશે જણાવે છે–કર્મયોગ, ભક્તિયોગ, ધ્યાનયોગ અને જ્ઞાનયોગ. આપણા યુગમાં સ્વામી વિવેકાનંદજીએ આધુનિક માનવને સ્પર્શે તેવી રીતે અમેરિકામાં આજથી લગભગ ૧૨૫ વર્ષો પહેલાં ચાર યોગો પર પ્રવચનો કર્યા જે પુસ્તકો રૂપે ઉપલબ્ધ છે – કર્મયોગ, ભક્તિયોગ, રાજયોગ અને જ્ઞાનયોગ. ધર્મનું રહસ્ય સમજાવતાં તેઓ કહે છે–'દરેક વ્યક્તિમાં દિવ્યતા સુપ્તપણે રહેલ છે. અંદરની આ દિવ્યતાને બાહ્ય તેમજ આંતર પ્રકૃતિના નિયમન દ્વારા અભિવ્યકત કરવી એ જીવનનું ધ્યેય છે. કર્મ, ઉપાસના, મનનો સંયમ અથવા તત્ત્વજ્ઞાન – એમ એક અથવા અનેક દ્વારા આ જીવનધ્યેયને સિદ્ધ કરો અને મુક્ત બનો. ધર્મનું આ સમગ્ર તત્ત્વ છે. સિદ્ધાંતો, મતવાદો, અનુષ્ઠાનો, શાસ્ત્રો, મંદિરો કે મૂર્તિઓ એ બધું ગૌણ છે.' યોગનો સાચો અર્થ સમજાવતાં સ્વામી વિવેકાનંદજી કહે છે 'કર્મયોગી આ યોગને મનુષ્યો અને સમગ્ર મનુષ્યજાતિ વચ્ચે એકતા રૂપે, ભક્ત એને પ્રેમસ્વરૂપ ઇશ્વર અને પોતાની વચ્ચે એકતા રૂપે અને જ્ઞાની એને બહુધા વિલસતા 'સત્'ની એકતારૂપે નિહાળે છે. 'યોગ'નો અર્થ આ છે.'

**રાજયોગ:**

મહર્ષિ પતંજલિએ પોતાનાં યોગસૂત્રોમાં રાજયોગની સાધના દ્વારા પરમાત્માની પ્રાપ્તિનો માર્ગ બતાવ્યો છે. આ યોગનાં આઠ સોપાનો છે. યમ (સત્ય, બ્રહ્મચર્ય, અસ્તેય, અપરિગ્રહ, અને અહિંસા), નિયમ (શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઇશ્વર પ્રણિધાન) આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ. આ સોપાનો ચઢતાં ચઢતાં પછી ધ્યાન સિદ્ધ થાય છે, ચિત્તરૂપી સરોવરના સઘળા તરંગો શમી જાય છે. પછી આઠમું સોપાન – નિર્વિકલ્પ સમાધિની પ્રાપ્તિ થાય છે, ત્યારે બધું જ બ્રહ્મમય બની જાય છે, અનંત સુખ, અનંત શાંતિ અને અનંત આનંદની પ્રાપ્તિ થાય છે. આ યોગમાં ધ્યાનનો અભ્યાસ મુખ્ય છે માટે તેને 'ધ્યાનયોગ' પણ કહેવામાં આવે છે.

**જ્ઞાનયોગ:**

જ્ઞાનયોગના ત્રણ સોપાનો છે–શ્રવણ, મનન અને નિદિધ્યાસન. હંમેશા સત્-અસત્ વિચાર કરવો. ઇશ્વર જ સત્ એટલે કે નિત્ય વસ્તુ. બીજું બધું અસત્ એટલે અનિત્ય. એવી રીતે વિચાર કરતાં કરતાં અનિત્ય વસ્તુનો મનમાંથી ત્યાગ કરવો. આ છે જ્ઞાનયોગ. પોતાના સ્વરૂપનું ચિંતન કરતાં કરતાં સાધક અનુભવે છે – તે દેહ નથી, મન નથી, ચિત્ત નથી, બુદ્ધિ નથી, અહંકાર નથી, સત્ ચિત્ આનંદ સ્વરૂપ છે.

આદિ શંકરાચાર્ય 'નિવાર્ણષટ્કમ્'માં વિસ્તારથી આ વાત રજૂ કરે છે.

**ભક્તિયોગ :**

ભક્તિ દ્વારા પરમાત્માને મળવું – એ છે ભક્તિયોગ. આ માર્ગ પ્રેમનો માર્ગ છે, શરણાગતિનો માર્ગ છે. સ્વામી વિવેકાનંદ કહે છે કે, 'ભક્તિયોગ સ્વાભાવિક મધુર અને નમ્ર છે. જ્ઞાનયોગીની જૈમ તે ઊંચે ચઢતો નથી. એટલે તેમાં એવા મોટા પતનનો ભય પણ નથી.' શ્રી રામકૃષ્ણદેવ આ માર્ગને બિલાડીનાં બચ્ચાંનો માર્ગ કહે છે. બિલાડીનું બચ્ચું સંપૂર્ણપણે તેની મા ઉપર જ આધારિત હોય છે. તેને તેની મા મોઢામાં પકડીને હેરવે ફેરવે છે. માની પકડ મજબૂત હોય છે, એટલે તેને પડી જવાનો બિલકુલ ભય રહેતો નથી. આ માર્ગ સહુથી સલામત છે. વળી ભગવાનને પ્રેમ કરવાથી પછી નીચે પડવાની કોઈ શક્યતા જ રહેતી નથી.

આ યોગમાં પૂજા-પાઠ, મંત્રજાપ, પ્રાર્થનાની સાધના દ્વારા ભક્તિની ભક્તિ અપરા ભક્તિમાંથી પરાભક્તિમાં પરિણમે છે, તે પછી મીરાંબાઈ, નરસિંહ મહેતા જેવી સ્થિતિને તે પ્રાપ્ત કરે છે.

**કર્મયોગ:**

કોઇપણ જાતના ફળની આશા વગર નિષ્કામ ભાવે કર્મ કરવાં, પરમાત્માને અર્પણ રૂપે કર્મ કરવાં – એ છે કર્મયોગ. નિષ્કામ ભાવે કર્મ કરતાં કરતાં મનુષ્યનો અહંકાર ખૂબ ઝડપથી ઓગળે છે. અન્યની સેવા કરતાં કરતાં ચિત્તની શુદ્ધિ થાય છે. મન શાંત બને છે. તેથી કર્મયોગ દ્વારા મનુષ્ય ઇશ્વરની નજીક ઝડપથી પહોંચી શકે છે.

ગીતામાં કર્મયોગનું રહસ્ય સમજાવતાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે – 'યોગઃ કર્મસુ કૌશલમ્' – 'કર્મની કુશળતા જ યોગ છે.' આ યોગ આધુનિક માનવ માટે મહત્વનો છે, કારણકે આમાં કર્મનો ત્યાગ કરવાનો નથી પણ કર્મને પૂજામાં પરિણત કરવાનો છે.

આધુનિક માનવ પાસે સમયનો અભાવ છે, કર્તવ્ય કર્મોને ત્યાગવાનો તેની પાસે ઉપાય નથી ત્યારે આ સમન્વયાત્મક યોગ તેના માટે આશીર્વાદ સ્વરૂપ બની શકે છે. સવાર-સાંજ થોડો સમય ધ્યાન, પ્રાર્થના અને સ્વાધ્યાય (રાજયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગ) માટે ફાળવી સમસ્ત દિવસ ઇશ્વર સમર્પિત બુદ્ધિથી કર્તવ્ય કર્મોનું નિષ્ઠાપૂર્વક પાલન કરી આ સમન્વયાત્મક યોગનું આચરણ જો આધુનિક માનવ કરે તો તેને અનંત આનંદ અને અનંત જીવન પ્રાપ્ત થશે અને દૈનિક જીવનમાં પણ સુખ-શાંતિ પ્રાપ્ત કરી શકશે.

યુગાચાર્ય સ્વામી વિવેકાનંદ યોગાચાર પણ હતા, તેમના જીવનમાં ચારેય યોગોનો સુંદર સમન્વય જોવા મળે છે. ફ્રેંચ મનીષી રોમાં રોલાં કહે છે કે સ્વામી વિવેકાનંદજીએ ચાર યોગો રૂપી ચાર ઘોડાઓ પર એક સાથે સવારી કરી હતી. તેઓ નાનપણથી જ ધ્યાન સિદ્ધ હતા. નાનપણમાં મિત્રો સાથે ધ્યાનની રમત રમતી વખતે તેઓ એટલા ધ્યાન મગ્ન થઈ ગયા હતા કે ભયંકર નાગના આગમનની પણ એમને ખબર ન પડી, જ્યારે અન્ય મિત્રો ભયભીત થઈ ભાગી ગયા. ૪ જુલાઈ, ૧૯૦૨ના રોજ માત્ર ૩૯ વર્ષની વયે તેઓ ધ્યાનની પાંખો પર સવાર થઈ અનંતની યાત્રાએ ઉપડી ગયા. મૃત્યુ પહેલાંના તેમના છેલ્લા શબ્દો જે સેવકને ઉદ્દેશીને કહેલાં તે હતા– 'જાઓ, હું બોલાવું નહિ ત્યાં સુધી ધ્યાન કરો.' તેમને અનેક વાર નિર્વિકલ્પ સમાધિની અનુભૂતિ થઈ હતી, માટે જ તેઓ 'રાજયોગ' નામના ગ્રંથમાં આ ઉચ્ચ અવસ્થાઓનું વર્ણન કરી શક્યા હતા. અમેરિકા જેવા ભોગપ્રધાન દેશમાં પણ તેઓ જ્યારે ટ્રેનમાં મુસાફરી કરતાં, ત્યારે ઘણીવાર ધ્યાનમાં નિમગ્ન હોવાને કારણે છેક છેલ્લા સ્ટેશન સુધી પહોંચી જતા, પછી પાછું આવવું પડતું.

'જ્ઞાનયોગ'ના ગ્રંથમાં તેમણે માયા વિશે જે અદ્ભુત પ્રવચનો આપ્યા છે, તે તેમની જ્ઞાનની ઉચ્ચ અવસ્થાનો પુરાવો છે. એકવાર અમેરિકામાં એક સ્થળે પ્રવચન આપવાનું હતું ત્યારે તેઓ વ્યાખ્યાનખંડ તરફ રવાના થયા, પણ પાછા વળ્યા અને દિવાનખાનામાં આવી અરીસામાં પોતાનો ચહેરો જોયો, ફરી વ્યાખ્યાન ખંડ તરફ ગયા ફરી પાછા વળ્યા, આવું કેટલીક વાર થયું. યજમાન મહિલા ભક્તને સમજાયું નહિ કે સ્વામીજી કેમ આવું કરી રહ્યા હતા. તેઓ અચરજ પામ્યા જ્યારે સ્વામીજીએ તેમને કહ્યું કે તેમનું મન દેહાતીત અવસ્થામાં હતું, વ્યાખ્યાન આપવા માટે મનને નીચે લાવવું આવશ્યક હતું, માટે તેઓ વારંવાર અરીસા સામે જઈ પોતાના મનને દેહ તરફ વાળવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. કેવી અદ્ભુત દેહાતીત અવસ્થા!

સ્વામીજીએ રચેલા વિવિધ સ્તોત્રો અને ગીતો તેમની ભક્તિની ઉત્કટતાનું પ્રમાણ છે. તેમણે એકવાર કહ્યું હતું કે તેમના ગુરુદેવ શ્રીરામકૃષ્ણ દેવની ચરણરજથી લાખો વિવેકાનંદોનું સર્જન થઈ શકે. કેવી અદ્ભુત ગુરુભક્તિ!

આધુનિક માનવ માટે કર્મયોગ અનિવાર્ય છે, કારણકે અન્નગત પ્રાણ છે, આજીવિકા માટે દરેકને સંઘર્ષ કરવો પડે છે એટલે જ સ્વામી વિવેકાનંદજીએ ચારે યોગના સમન્વયની વાત કરી, પણ સૌથી વધુ ભાર 'કર્મયોગ' પર મૂક્યો છે. તેમણે પોતે પણ પોતાનું સમસ્ત જીવન માનવજાતના કલ્યાણાર્થે સમર્પિત કરી દીધું, માત્ર ૩૯ વર્ષની ઉંમરમાં એટલું બધું કાર્ય કર્યું કે તેઓ પોતે કહેતા – 'મેં આગામી ૧૫૦૦ વર્ષોનું ભાથું આપી દીધું છે'. તેમણે આપેલા પ્રવચનો, વાર્તાલાપો વગેરેનું સંકલન 'ધ કમ્પ્લીટ વર્ક્સ ઓફ સ્વામી વિવેકાનંદ' નામથી નવ ગ્રંથોમાં થયું છે. જેનો ગુજરાતી અનુવાદ સ્વામી વિવેકાનંદ ગ્રંથમાળા, દશ ભાગોમાં ઉપલબ્ધ છે. તેમણે શિવજ્ઞાનથી જીવસેવાનો ઉપદેશ આપ્યો એટલું જ નહિ, તેને મૂર્ત સ્વરૂપ આપવા માટે ઇ. સ. ૧૮૯૭માં રામકૃષ્ણ મિશન સંસ્થાની સ્થાપના કરી, જેના આજે ૧૯૦ શાખા કેન્દ્રો દેશ-વિદેશમાં કાર્યરત છે.

આમ ચારે યોગો પર સ્વામી વિવેકાનંદજીએ અદ્ભુત ગ્રંથો લખ્યા છે એટલું જ નહિ, તેનું આચરણ પણ કરી બતાવ્યું છે, માટે જ તેઓ માત્ર યુગાચાર્ય નહિ, યોગાચાર્ય પણ છે.

✶ ✶ ✶

nikhileswarananda@gmail.com

## અશાન્ત છો ? અશાન્ત રહેજો.

અશાન્તિ બધું ડામાડોળ કરી નાખે છે. બધું અસ્તવ્યસ્ત થતું લાગે છે. અશાન્ત મન ચારેકોર દોડા-દોડી કરાવે છે. મંદિરે જાઉં ? ગુરુની શોધ કરું? અધ્યાત્મનું અધ્યયન કરું? ધ્યાનમાં બેસું? નશો કરું? શું શું કરું? અશાન્તિ કેમ કરી હટાવું? એને કેમ કરી દૂર કરું? શાન્તિ કેમ કરી મેળવવી?

શાન્તિ મેળવવા કાંઈ પણ કરવું એ ખાતર પર દિવેલ રેડવા જેવું થાય! અરે! અશાન્તિમાં વધારો જ થાય! કાંઈ પણ મેળવવાની ઇચ્છા, આકાંક્ષા, ધખારો, સરવાળે તો મનને વધુ વિચલિત કરે છે. જ્યાં છીએ ત્યાંથી એક પગથિયું ઉપર લઈ જવાને બદલે બે-ચાર પગથિયાં નીચે ઢસડી જાય છે. જરાક ચૂક અને ગલોટિયાં બે-ચાર! ઊંધે માથે પટકાઈ જવાય!

શાન્તિની ખોજ એ ભ્રામક દશા છે. શાન્તિ મેળવવાનો કોઈ પણ પ્રયાસ અશાન્તિમાં વધારો કરે!

ઉપાય માત્ર એક જ છે. સચોટ અને કામયાબ ઉપાય છે. કહો કે, એકમાત્ર ઉપાય છે : અશાન્તિથી બચવું હોય તો અશાન્ત રહેવું એ એકમાત્ર ઉપાય છે. અશાન્તિનો સ્વીકાર એ શાન્ત થવાનું પ્રથમ પગલું છે! એ જ છેલ્લું પગલું છે!

❑ રમેશ બાપાલાલ શાહ

# વીરચંદ રાઘવજી ગાંધી–વીર પુરુષની વીરગાથા

❑ પ્રીતિ શાહ

૧૧મી સપ્ટેમ્બર, ૧૮૯૩ ને સોમવારનો દિવસ, સ્થળ અમેરિકાના શિકાગોનું કલાસંસ્થાન ભવન, જેના કક્ષોમાં કિંમતી ચિત્રો-સંગેમરમરની મૂર્તિઓ તથા કાંસ્ય કલાકૃતિઓનો સંગ્રહ હતો તેમજ શિકાગો શહેરમાં આવનાર દર્શકો માટે તે એક મુખ્ય આકર્ષણ હતું. આ ભવનમાં ૫૦૦૦ વ્યક્તિઓ બેસી શકે તેવી વ્યવસ્થાવાળા સભાગાર 'કોલમ્બસ'માં દસ વાગ્યાના નિશ્ચિત સમય પહેલાં આમંત્રિત પ્રતિનિધિઓ એકત્રિત થઈ ગયા. દેશ વિદેશથી પધારેલા હજારો ધર્મગુરુઓ–પ્રતિનિધિઓથી સભાગૃહ ખીચોખીચ ભરાઈ ગયું અને પ્રથમ વિશ્વધર્મ પરિષદનો પ્રારંભ થયો. દરેક પ્રતિનિધિઓ પોતાના દેશની પારંપારિક વેશભૂષામાં હતા. આ સર્વેમાં ભારતીય પોષાકમાં સજ્જ એક નવયુવાન પહેલી હરોળમાં બિરાજમાન હતો. માથે વીટાવાળી પાઘડી, અંગરખું, કમરબંધ, હાથમાં શાલ અને પગમાં ભારતીય જોડાથી શોભતો આ નવયુવાન બીજું કોઈ નહીં પણ જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે વિશ્વધર્મ પરિષદમાં ભારતથી ગયેલ શ્રી વીરચંદ રાઘવજી ગાંધી હતા.

આ ધર્મ પરિષદનો આરંભ ૧૧ સપ્ટેમ્બર, ૧૮૯૩ના રોજ થયો અને ૧૭ દિવસ ચાલેલી આ ધર્મ પરિષદમાં ૭૦૦૦ વક્તાઓને સાંભળવાની વ્યવસ્થા થઈ અને શિકાગોના પાદરી ડૉ. બરોજના અધ્યક્ષપણા હેઠળ વિશ્વના ખૂણે ખૂણે બધા ધર્મોના મુખ્ય આચાર્યો તથા તેમના સંગઠનોને આમંત્રિત કરવામાં આવ્યા જેમાં હિંદુ ધર્મના પ્રતિનિધિ તરીકે સ્વામી વિવેકાનંદ હતા અને એ સિવાય ભારતથી (એશિયાથી) ગયેલા બીજા ૯ પ્રતિનિધિઓ હતા.

પરિષદના ૧૪મા દિવસે લંડનના પાદરી રેવ. પેન્ટાકોસ્ટે તેમના ભાષણમાં હિંદુ સંસ્કૃતિ અને હિન્દુધર્મ પર આક્ષેપો કર્યા. હિન્દુ સ્ત્રીઓના ચરિત્ર વિષે આકરી ટીકાઓ કરી. પરિષદમાં હાજર રહેલા તમામ હિંદુ પ્રતિનિધિઓમાંથી માત્ર વીરચંદ ગાંધીએ આ ટીકાના જવાબમાં પોતાની તેજાબી વાણીથી હિંદુ સંસ્કૃતિનો જોરદાર બચાવ કર્યો. અમેરિકાના અગ્રગણ્ય અખબારોએ પેન્ટાકોસ્ટની ટીકાને વખોડી અને પાર્લામેન્ટના દરજ્જાને હાનિકારક ગણાવી અને વીરચંદ ગાંધીના પ્રત્યુત્તરની પ્રશંસા કરીને એમનું આખું પ્રવચન અક્ષરશઃ છાપ્યું.

સ્વામી વિવેકાનંદને એમના અનુયાયીઓએ વિશ્વવિખ્યાત બનાવી દીધા જ્યારે હિંદુ સંસ્કૃતિનો નીડરપણે બચાવ કરનાર આ નરકેસરીનું મૂલ્યાંકન કરવામાં જૈનસમાજ પાછો પડ્યો. વીરચંદ ગાંધી ભારત પાછા ફર્યા ત્યારે તેમના વિદેશગમનનો સંઘ દ્વારા પ્રબળ વિરોધ થયો. શ્રી આત્મારામજી મહારાજ જાણતા હતા કે વીરચંદભાઈએ જિનાજ્ઞાનું ઉલ્લંઘન નથી કર્યું. શ્રી વિજયવલ્લભ સૂરિજીએ મુંબઈ સંઘને શ્રી મોહનલાલજી મહારાજની સલાહ મુજબ આ બાબતે નીવેડો લાવવા કાગળ લખ્યો અને પોતે આટલા ધુરંધર આચાર્ય હોવા છતાં આત્મારામજી મહારાજે શ્રી સંઘને વિનમ્રતા અને ભક્તિભાવથી વિચારવાનું કહ્યું. અંતે વીરચંદભાઈને જિનેન્દ્ર ભગવાનની સ્નાત્ર પૂજા ભણાવ્યા બાદ સમાજમાં સ્થાન મળ્યું. આ સમયે વીરચંદ ગાંધીની વિદેશ યાત્રાનો જેમણે ખર્ચ આપ્યો એ શેઠ શ્રી મગનલાલ દલપતરામ એમની સાથે ઊભા રહ્યા હતા.

જૈનસમાજના આ જ્યોતિર્ધરનો જન્મ ભાવનગરના મહુવામાં ઈ. સ. ૧૮૬૪ની ૨૫ ઓગસ્ટે થયો હતો. માતાનું નામ માનબાઈ અને પિતાનું નામ રાઘવજીભાઈ હતું. પિતા રાઘવજીભાઈ મોતીનો વેપાર કરતા હતા. તેઓ ધર્મપ્રિય હતા. પાણી હંમેશાં ઉકાળીને જ પીતા હતા અને સચિત વસ્તુનો આજીવન ત્યાગ કર્યો હતો. એ જમાનામાં સમાજ રુઢિચુસ્ત અને માન્યતાબદ્ધ હોવા છતાં મરણ પાછળ રડવા-કૂટવાનો રિવાજ અયોગ્ય લાગતા તેમણે એ રુઢિને તિલાંજલિ આપેલ. રાઘવજીભાઈને ઘરના ચોકમાંથી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા પ્રાપ્ત થઈ અને એને દેરાસરમાં પધરાવ્યા બાદ વીરચંદભાઈનો જન્મ થયો. આજે પણ એ પ્રતિમા મહુવાના જીવીત સ્વામીના દેરાસરમાં છે. બહુ ભણેલ નહીં પણ ગણેલ પિતાએ દીકરાની તેજસ્વીતાને પારખી મહુવાના પ્રાથમિક શિક્ષણ બાદ ઉચ્ચ અભ્યાસાર્થે વીરચંદભાઈને ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં અને ત્યારબાદ મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં લઈ ગયા. ઈ. સ. ૧૮૮૦માં માધ્યમિક કક્ષાએ સમગ્ર રાજ્યમાં પ્રથમ આવી સર જશવંતસિંહજી સ્કોલરશિપ મેળવી. ઈ. સ. ૧૮૮૪માં વીરચંદ ગાંધી જૈનસમાજના પ્રથમ સ્નાતક બન્યા અને જૈન એસોસિએશન ઑફ ઈન્ડિયાના મંત્રી બન્યા.

આ સંસ્થાના નેજા હેઠળ ઇતિહાસ યાદ રાખે એવા અનેક કાર્યો કર્યા. પાલીતાણાના ઠાકોર દ્વારા શત્રુંજય તીર્થ પરનો યાત્રાળુ વેરો ગવર્નર લોર્ડ રે અને કર્નલ વોટ્સન સાથે વાટાઘાટો કરીને પોતાની કુનેહથી દૂર કરાવ્યો. જે તેમની કારકિર્દીનું પ્રથમ યશપીંછ હતું.

ઈ. સ. ૧૮૯૧માં જૈનના પવિત્ર તીર્થ સમેતશિખર પર બેડમ નામના એક અંગ્રેજ દ્વારા સ્થપાયેલ ચરબીનું કારખાનું દૂર કરાવ્યું. જે માટે તેમણે બંગાળી ભાષા શીખી અને તામ્રપત્રો પરના દસ્તાવેજોના અંગ્રેજીમાં અનુવાદ કરી રજૂ કર્યા હતા. જે તેમની અદ્‌ભુત વિદ્વતા અને હોંશિયારી પુરવાર કરે છે. આ આખોય કેસ 'પીગરી કેસ' નામે પ્રખ્યાત છે.

ઈ. સ. ૧૮૯૩માં જૈનાચાર્ય શ્રી આત્મારામજી મહારાજને અમેરિકાના શિકાગોમાંથી પ્રથમ વિશ્વધર્મ પરિષદમાં હાજર રહેવા નિમંત્રણ મળ્યું. પણ સાધુ ધર્મની મર્યાદાને લીધે તેમનું જવું શક્ય નહોતું તેથી તેમણે જૈનધર્મના પ્રતિનિધિ તરીકે વીરચંદભાઈ ઉપર પસંદગીનો કળશ ઢોળ્યો અને મિશિગન નદીને કિનારે શિકાગોના કોલમ્બસ હોલને પોતાની અદભુત વિદ્વતાથી જૈન ધર્મના અગાધ જ્ઞાનસાગરમાં ડૂબાડી દીધો. પરિષદના અધ્યક્ષ ડૉ. બરોજને

વીરચંદભાઈ ઉપર ખૂબ માન હતું અને એમણે વીરચંદભાઈને પોતાનું નિવાસસ્થાન રહેવા માટે ખાલી કરી આપ્યું હતું. વીરચંદભાઈની વિદ્વતાથી પ્રભાવિત થઈ તેમને અમેરિકાવાસીઓ દ્વારા ફરી વિવિધ શહેરોમાં પ્રવચન માટે આમંત્રિત કરવામાં આવ્યા. અમેરિકાથી ભારત પાછા ફર્યા પણ અમેરિકાના જ્ઞાનપિપાસુઓના નિમંત્રણથી ફરી ઈ. સ. ૧૮૯૬માં અમેરિકાની યાત્રાએ ગયા. ઈ. ૧૯૮૯માં ભારત પરત ફરી અને આજ વર્ષમાં ફરી અમેરિકા ગયા. આ વખતે ભારતમાં એમને અપાયેલ માનપત્રમાં એમના પત્ની જીવીબેન તથા પુત્ર મોહનને અમેરિકા સાથે લઈ ગયાનો ઉલ્લેખ મળે છે. આ વર્ષોમાં પશ્ચિમના જગતને માત્ર જૈન ધર્મ જ નહીં પણ બૌદ્ધદર્શન, હિન્દુદર્શન, યોગ, આહારવિજ્ઞાન, ગૂઢવિદ્યા, હિપ્નોટીઝમ, સંગીત, નાટ્યશાસ્ત્ર તેમજ અનેક તેજાબી પ્રવચનોથી પ્રભાવિત કર્યું. તેઓએ ઇંગ્લેન્ડ તેમજ અન્ય યુરોપિયન દેશો ફ્રાંસ, જર્મનીમાં કુલ ૫૩૫ જેટલા પ્રવચનો આપ્યા. અમેરિકાના જે શહેરમાં વીરચંદભાઈનું પ્રવચન હોય ત્યાં લોકોની ભીડ જમા થઈ જતી અને અમેરિકાના અગ્રગણ્ય અખબારો એમના પ્રવચનોની નોંધ લેતા. વિશ્વધર્મ પરિષદમાં તેમને રૌપ્ય ચંદ્રક અને કાસાડાગામાં સુવર્ણચંદ્રક એનાયત થયો. અમેરિકા અને યુરોપની યાત્રા દરમિયાન એમણે ઇંગ્લેન્ડમાં બૅરિસ્ટરનો અભ્યાસ કરી બાર-એટ-લૉની ડીગ્રી મેળવી. અમેરિકામાં મિસીસ હાવર્ડ નામના સન્નારી એમના શિષ્ય બન્યા જેમને નવકારમંત્રના સ્મરણથી જાતિસ્મરણ જ્ઞાન થયું હતું. મિસીસ હાવર્ડ સામાયિક પણ કરતા હતા અને વીરચંદ ગાંધીના પુત્ર મોહનભાઈને એમણે ભણાવ્યા હતા. લંડનમાં હર્બર્ટ વોરન નામના વીરચંદભાઈના શિષ્યે વીરચંદ ગાંધીના પ્રવચનોની નોંધ કરીને જૈનીઝમ નામનું પુસ્તક પણ લખ્યું.

વીરચંદભાઈએ ઈ. સ. ૧૮૯૯માં આંતરરાષ્ટ્રીય વાણિજ્ય પરિષદમાં એશિયાના એકમાત્ર પ્રતિનિધિ તરીકે હાજરી આપી અને ભારતીય ટપાલ પદ્ધતિમાં સુધારા સૂચવ્યાં.

વીરચંદભાઈએ પરદેશમાં પણ જૈન આચારનું પાલન કર્યું હતું. રસોઈ માટે મહુવાના જાદુગર મંછાચંદને સાથે લઈ ગયા હતા. સ્વામી વિવેકાનંદે પણ દીવાનજીને લખેલા પત્રોમાં ઉલ્લેખ કર્યો છે કે, 'અહીંની કાતિલ ઠંડીમાં પણ આ માણસ માત્ર કાચા શાકભાજી અને ફળો પર રહે છે.' સ્વામી વિવેકાનંદને ઇસાઈ પાદરીઓએ વિષ આપવાનો પ્રયત્ન કર્યો ત્યારે વીરચંદભાઈએ સ્વામીનો બચાવ કર્યો હતો. એક કર્મવીર અને બીજા ધર્મવીર. સ્વામીજીએ દરિદ્રનારાયણની સેવામાં પ્રભુના દર્શન કર્યા તેવી રીતે ઈ. સ. ૧૮૯૬માં ભારતમાં દુષ્કાળ પડતા દેશપ્રેમી વીરચંદ ગાંધીએ દુષ્કાળ રાહત સમિતિની રચના કરી તાત્કાલિક ૪૦,૦૦૦ રૂપિયા રોકડા તથા મકાઈ ભરેલી સ્ટીમર કલકત્તા બંદરે મોકલાવી હતી. આજથી સો વર્ષ પહેલાં સ્ત્રી શિક્ષણની હિમાયત કરી ૩ સ્ત્રીઓને ભારતથી અમેરિકા અભ્યાસાર્થે મોકલી. મહાત્મા ગાંધીના 'સત્યના પ્રયોગો'માં (અંગ્રેજી અનુવાદમાં) વીરચંદ ગાંધીનો ઉલ્લેખ છે. મહાત્માજીના અંતેવાસી પ્યારેલાલજીના પુસ્તકમાં મહાત્મા ગાંધી અને વીરચંદ ગાંધી મુંબઈની એક ઓરડીમાં સાથે રહી ખોરાકના પ્રયોગો કર્યા હોવાનો ઉલ્લેખ મળે છે. વીરચંદભાઈના પુત્ર મોહનભાઈના લગ્નમાં હાજરી નહીં આપી શકવા બદલ ગાંધીજીએ મોહનભાઈને પત્ર પણ લખ્યો હતો. ૧૪ ભાષાના જાણકાર વીરચંદ ગાંધી કવિતા પણ રચતા અને એમને કવિતામાં અલંકારોનું જ્ઞાન પણ મિત્રવર્તુળમાં વહેંચતા. પરદેશની લાંબી મુસાફરી અને અધિક કાર્યભારને લીધે વીરચંદભાઈનું શરીર એમને સાથ આપી શક્યું નહીં. ઈ. સ. ૧૯૦૧માં આ તેજસ્વી સૂર્ય માત્ર ૩૭ વર્ષની ટૂંકી વયે મહુવામાં અસ્ત પામ્યો.

વીરચંદ ગાંધીએ ઇંગ્લેંડમાં, અમેરિકા અને યુરોપમાં લગભગ ૫૦૦ થી ૬૦૦ જેટલા પ્રવચનો આપ્યા પણ એમાં એમના બધા પ્રવચનોની નોંધ મળતી નથી, પણ એમનું જેટલું પણ હસ્તલિખિત સાહિત્ય મળ્યું એનું સંકલન કરવાનું કામ મુંબઈના શેઠ શ્રી જીવણચંદ ધરમચંદ ઝવેરી અને વેણીચંદ સૂરચંદ શાહ તેમજ આગમોદય સમિતિ દ્વારા શ્રી ભગુભાઈ કારભારી નામના વિદ્વાન જેઓ બૅરિસ્ટર હતા તેમજ The Jain અને Patriotનાં તંત્રી પણ હતા, તેમને આ ભગીરથ કાર્ય સોંપવામાં આવ્યું. આ નામોલ્લેખ કરવાનું કારણ એ છે કે જો આ કાર્ય કરવાનો અને એને અમલમાં મૂકવાનો વિચાર આ સદગૃહસ્થોને ન આવ્યો હોત આપણી પાસે ભારતના આ પનોતા પુત્રની વિદ્વતાનો વારસો ન મળ્યો હોત. એમના હસ્તલિખિત સાહિત્યને એમણે ત્રણ ભાગમાં વહેંચ્યું–જૈન ફિલોસોફી, યોગ ફિલસોફી અને કર્મ ફિલોસોફી.

ધર્મપરિષદમાં એમણે ત્રણ ભાષણો આપ્યા; પહેલા દિવસે સ્વાગત પ્રવચન, પંદરમા દિવસે મુખ્ય પ્રવચન અને પરિષદના અંતિમ દિવસે સમાપન પ્રવચન. પહેલા દિવસે સ્વાગત પ્રવચન આપતા એમણે કહ્યું, 'હું ધર્મોની જનની ભારતથી આવું છું. જૈન ધર્મનો પ્રતિનિધિ છું.' એમણે આગળ કહ્યું, 'આ ધર્મ બુદ્ધ ધર્મથી અતિ પ્રાચીન છે. એનું આચરણશાસ્ત્ર બુદ્ધ ધર્મથી અતિ પ્રાચીન છે અને આધ્યાત્મિક તત્ત્વોની દૃષ્ટિએ ભિન્ન છે.' ત્યારબાદ પોતાના ગુરુ આત્મારામજીની સ્તુતિ કરીને એમની વતી પોતે આવ્યા છે એમ કહીને પરિષદની સફળતા માટે જૈન સમાજ અને ગુરુ વતી અભિનંદન આપ્યા. આગળ જણાવ્યું એમ પરિષદના ચૌદમા દિવસે લંડનના પાદરી પેન્ટાકોસ્ટે ભારતીય સંસ્કૃતિ પર આક્ષેપો કરતા એના જડબાતોડ જવાબ આપીને એમણે એમનું મુખ્ય પ્રવચન રજૂ કર્યું. જેમાં એમણે કહ્યું કે, 'જૈન ધર્મ કોઈ પણ વસ્તુને બે દૃષ્ટિએ જુએ છે, એક છે દ્રવ્યયાર્થીક નય જેમાં બ્રહ્માંડ (universe) આરંભ અને અંત વગરનું છે અને બીજું પર્યાયાર્થીક નય, જેમાં સતત ઉત્પત્તિ અને નાશ દરેક ક્ષણે ચાલ્યા જ કરે છે.' ત્યારબાદ એમણે શ્રુત ધર્મ અને ચારિત્રધર્મ, આત્મા અને અનાત્મા, છ દ્રવ્ય, ચાર ગતિ, સપ્તભંગી, ઈશ્વરની અવધારણા, કર્મ સિદ્ધાંત, જિન અને તીર્થંકર વગેરે ગહન તત્ત્વજ્ઞાનને એમની તેજ અને છટાદાર વાણીથી રજૂ કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા. સમાપન પ્રવચનમાં હાથી

અને ચાર અંધ વ્યક્તિઓની કથા કહીને દરેક ધર્મને ઊંડાણથી સમજવા કહ્યું. પરિષદની સમાપ્તિને શોભે એવું સંવેદનશીલ વક્તવ્ય આપ્યું.

પરિષદના સેક્રેટરી વિલિયમ પાઈપની દેખરેખ હેઠળ 'સ્કૂલ ઑફ ઓરિએન્ટલ ફિલોસોફી' અને 'એઝોર્તિક સ્ટડીઝ'ના વર્ગો ચાલુ કર્યા. યુનિયન સ્ટડી કોર્સ કલબના ઉપક્રમે યુનિવર્સલ કલબમાં ભારતના ભૌગોલિક અને ઐતિહાસિક જેમાં સાહિત્ય, ધર્મ, થિયોસોફી, હિન્દુઓના રીતરિવાજો, જગન્નાથપુરીનાં રથની વાત કરી. એમના શિષ્યા મિસિસ હોવર્ડના નિવાસસ્થાને દર સોમવારે પૂર્વના તત્ત્વજ્ઞાન વિશે વર્ગો ચાલતા હતા. મેસોનિક ટેમ્પલમાં ગૂઢ વિદ્યા પર પ્રવચન શ્રેણી આપી. રંગોનું મહત્ત્વ સમજાવી આભા એટલે કે ઓરા વિશે વાત કરી. હિપ્નોટીઝમનો ઇતિહાસ જણાવી હોલની લાઈટ ધીમી કરવા જણાવ્યું. ત્યાંના એ સમયના એક અગ્રગણ્ય અખબારે લખ્યું છે કે, 'જેવી લાઈટ ઝાંખી થઈ એવા આ સફેદ કપડાધારી હિંદુસ્તાનીના દેહની આભા ચમકવા લાગી અને એમની પાઘડી જાણે એવી ચમકતી હતી કે જાણે એમના ચહેરા પાછળ સૂર્ય નીકળી રહ્યો છે. ત્યાં ઉપસ્થિત લોકોનું કહેવું હતું કે લોકો આ આભા જોઈ ના શક્યા અને ગાઢ નિદ્રામાં સરી પડ્યા.'

ન્યૂયોર્કના ખ્રિસ્તીઓ સમક્ષ ખ્રિસ્તી મિશનરીઓ ભારત વિશે કેવી ગેરસમજ ફેલાવે છે તેનું ચિત્ર સ્પષ્ટ કરતા વીરચંદભાઈએ અમેરિકન પ્રજાને ભારતના લોકો વિશે, એમના જીવન ધર્મ વિશે, ખ્રિસ્તી મિશનરીઓના ખોટા ધર્મ પ્રચાર વિશે અનેક ખોટી માન્યતાઓ પ્રસરે છે એ જણાવ્યું. એમણે કહ્યું, 'ખ્રિસ્તી મિશનરીઓને લાખો રૂપિયા ખર્ચીને ભારત મોકલવામાં આવે છે. આ ખ્રિસ્તીઓ ભારત માટે ખોટી છાપ ઉભી કરે છે તે એમના ભારત વિશેના અજ્ઞાનને કારણે. અંગ્રેજ અને અમેરિકાના ધનથી ખ્રિસ્તી મિશનરીઓ ભારતના લોકોને વટલાવવા આવે છે. જો તમે એવું માનતા હોવ કે અમારા ૩૦ કરોડ લોકો તમારા રૂપિયાથી વટલાઈ જશે તો હું અમેરિકાના ભાઈઓ અને બહેનોને વિનંતી કરું છું કે તેમના એજન્ટ ભારતના વિવિધ ભાગમાં મોકલે જેથી તેઓ ગરીબ જરૂરિયાતમંદ હિન્દુઓને હજારો ડોલરથી ખરીદી શકે, તેથી અમેરિકા પાસે વધુ ખ્રિસ્તીઓ અને હિંદુઓ પાસે વધુ રૂપિયા આવે અને એ ભયાનક પરિસ્થિતિનો અંત આવે કારણ કે મોકલાતા રૂપિયાનો મોટો ભાગ મિશનરીઓ દ્વારા હડપવામાં આવે છે.

કાસડાગામાં 'ભારતનો અમેરિકાને સંદેશ' ભાષણમાં તેમણે કહ્યું, 'હું મારા દેશના ૩૦ કરોડ પુત્ર-પુત્રીઓ તરફથી આપનું અભિવાદન કરું છું અને આપની પાસે શાંતિનો, પ્રેમનો, યુનિવર્સલ બ્રધરહુડ અને યુનિવર્સલ ફેલોશીપનો સંદેશો લઈને આવ્યો છું.' વધુમાં એમણે કહ્યું, 'આપ જાણો છો અમે સ્વતંત્ર રાષ્ટ્ર નથી પણ મહારાણી વિક્ટોરિયાના પ્રજાજન છીએ. જો અમે સ્વતંત્ર રાષ્ટ્ર હોત તો હું ખાતરી આપું છું કે અમે વિશ્વના બધા રાષ્ટ્રો સાથે શાંતિમય સંબંધની ગાઠ બાંધી એને કાયમ રાખવાનો પ્રયત્ન આદરત. અમે સૌનું સન્માન કરવામાં માનીએ છીએ, નહીં કે કોઈનો અધિકાર લેવામાં કે કોઈની ભૂમિ પર છાપો મારવામાં.'

ભારત દેશ એ સમયે અંગ્રેજોની ગુલામી હેઠળ હતો છતાં ૨૯ વર્ષની ઉંમરે કેટલી નીડરતાથી, ખુમારીથી, સત્યની એ જ લોકો સામે રજૂઆત કરી!

દરેક વિષય અને દરેક ધર્મનું ઊંડાણભર્યું ગહન જ્ઞાન આ મહાપુરુષમાં હતું. 'આહારવિજ્ઞાન' અંતર્ગત એમણે શાકાહારનું વિજ્ઞાન સમજાવ્યું. ખોરાકના પ્રકારો સમજાવી માંસાહારના નુકસાન સમજાવ્યા. જે પરદેશમાં બહુમતી માણસો માંસાહારી હોય ત્યાં શાકાહારનું મૂલ્ય સમજાવી ઘણા લોકોને શાકાહાર તરફ વાળ્યા. 'સ્મૃતિ શક્તિના અદ્‌ભૂત કિસ્સાઓ'ની અંતર્ગત એમણે રાયચંદભાઈ (ત્યારે શ્રીમદ્‌થી નહોતા ઓળખાતા)ના શતાવધાનની અને વૈષ્ણવ સમાજના પ્રમુખ પંડિત ગટ્ટુલાલજીની વાત કરી, જેઓ પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં ગ્રંથોના રચયિતા હતા. તેમની યાદશક્તિ પણ તીવ્ર હતી. હેમચંદ્રાચાર્ય કેવી રીતે લહિયાઓ દ્વારા ગ્રંથ સર્જન કરતા હતા એની વાત એમણે કરી. અદ્‌ભુત યાદશક્તિ એ કોઈ ચમત્કાર નહિ પણ એક શિસ્તબદ્ધ તંત્ર છે. Symbolism અંતર્ગત એમણે ધાર્મિક પ્રતીકોની વાત કરી. સ્વસ્તિક એ નાઝીઓનું પ્રતીક છે અને એમાં એનું અર્થઘટન જે છે એના કરતા જૈન ધર્મ એ મુક્ત આત્માનું અને હિન્દુ ધર્મમાં શુભ ગણાતું પ્રતીક છે. આઠ વર્ષની ઉંમરે તેમણે મહુવામાં ઉપાશ્રયની દીવાલ પર 'મધુબિંદુ'નું ચિત્ર જોયું હતું. આ ચિત્રનો અર્થ સમજ્યા પછી એમણે અમેરિકામાં જૈન તત્ત્વજ્ઞાન સમજાવતી વખતે આ ચિત્ર દોરીને જૈનસિદ્ધાંતો સમજાવ્યા હતા. 'ભારતમાં સ્ત્રીઓનું સ્થાન', 'ભારતીય પ્રજાના સામાજિક રીતરિવાજો', 'તત્ત્વજ્ઞાન, ઇતિહાસ અને સાહિત્યમાં જૈનોનું પ્રદાન' વિશે એમણે વાત કરી. હાર્વર્ડ યુનિવર્સિટીમાં આજથી એક સદીથી વધુ સમય પહેલાં પ્રવચનો આપ્યા.

નિકોલસ નોટોવીચનું એક ફ્રેંચ પુસ્તક 'અનનોન વાઈફ ઑફ જીસસ ક્રાઈસ્ટ'નું એમણે શિકાગોથી અંગ્રેજીમાં ભાષાંતર કર્યું. આ પુસ્તકમાં નિકોલસ નોટોવીચ જ્યારે ભારત આવ્યા હતા ત્યારે હિમીશ મઠમાંથી મેળવેલી હસ્તપ્રતોમાંથી મળેલ ઇસુના ભારત પ્રવાસનું વર્ણન છે. માત્ર સીધેસીધો અનુવાદ કરવાને બદલે વીરચંદભાઈએ પ્રાચીન સમયના ભારતના અને વિદેશના વ્યાપાર સંબંધો, કાશ્મીર, હિમીશ મઠ વગેરેના રેખાચિત્રો દોર્યા છે.

જેમણે પોતાનું જીવન જૈન સમાજ માટે ખર્ચી નાખ્યું એવા આ મહાન પુરુષની ૧૫૩મી જન્મતિથિ (૨૫ ઓગસ્ટ) તેમજ ૧૧૬મી પુણ્યતિથિ (૭ ઓગસ્ટ)ના આવી રહી છે ત્યારે એમનું સ્મરણ કરીને એમના પ્રત્યેનું થોડુ ઋણ અદા કરીએ.

**નોંધ:** શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજે લખેલો મૂળ પત્ર શ્રી વિજયસમુદ્રસૂરિના સંગ્રહસ્થાનમાં છે એવી નોંધ મળે છે, પરંતુ મારા સંશોધન કાર્ય દરમિયાન મને આ સંગ્રહસ્થાન કે પત્ર વિશે માહિતી મળી નથી. કોઈ વાચકના ધ્યાનમાં હોય તો જણાવવા વિનંતી.✷

Mobile : 08141199064. **અમદાવાદ**.

# વિવેક અહીં સહજ છે...

## શિષ્ટાચારમાં આપણે અગ્રેસર પણ તેના આચરણમાં ઝીરો !

☐ ભદ્રાયુ વચ્છરાજાની

ગુજરાતીઓનું સહજ મિલન હતું. એક પાક્કા ગુજરાતી નાગરના આલિશાન મકાનનું વાસ્તુપૂજન હતું...જો કે, સૌને ધાર્મિક છીએ એવું દેખાડવાનો અહીં કોઈ ઉપક્રમ ન હતો, અને એટલે વિધિ-વિધાન કે કર્મકાંડ કે હવન-પાઠ-યજ્ઞ કે એવું કશું ન હતું. આ ઓસ્ટ્રેલિયા છે એટલે તમારે દેખાડો કરવો હોય તો અહીંના નીતિ-નિયમોનું પાલન તો કરવું જ પડે અને આવનાર મહેમાનની અનુકૂળતા તો પહેલાં વિચારવી જ પડે...સિડનીમાં નિજાનંદે ફરતાં ફરતાં એટલું સમજાણું છે કે; ગુજરાતમાં કે બહુધા ભારતમાં તમારે તમારું જ વિચારીને જીવવાનું, પણ અહીં તમારે અન્યનું, બીજાનું, પારકાનું, સામેનાનું પહેલાં વિચારવાનું અને પછી જ તમારું વર્તન કરવાનું. અહીં 'જ્યાં પોલો સાત્ર' કહે છે તેમ : The other is hell (ધ અધર ઈઝ હેલ / બીજો નર્ક છે) નથી જ નથી. અહીં વર્તન વ્યવહારમાં 'મહાવીર-અહિંસા' છે. મહાવીર કહેતા કે બીજાને બીજો ગણ્યો તે જ હિંસા! અહીં The other is heaven (ધ અધર ઈઝ હેવન/ બીજો સ્વર્ગ છે) ગણવામાં આવે છે. લાંબું કરીએ તો કહી શકાય કે વિશ્વશાંતિનો પાયો 'બીજાને બીજો ન ગણવામાં જ છે!' પ્રત્યેક વ્યક્તિ એવું વિચારે કે મારું નાનકડું કૃત્ય અન્યને ખલેલ તો નહીં પહોંચાડે ને? બસ, તો વિશ્વશાંતિ હાથવેંતમાં છે. અને આવું વિચારવું એ જ તો 'વિવેક' છે. હા, વિવેક અહીં સહજ છે. આપણે શિષ્ટાચારમાં અગ્રેસર પણ તેના આચરણમાં ઝીરો, જ્યારે અહીં વિવેકનો વ્યવહાર ચોતરફ.

અને એટલે ગુજ્જુ કુટુંબે પૂજાવિધિ સૌને દેખાડવા પૂરતી નહોતી રાખી, પણ તેથી 'સાવ નહોતી જ કરી' એવું નહીં! પૂર્ણતઃ સંસ્કારી કુટુંબ એટલે ધર્મ-પૂજા-પાઠ તો નિત્યક્રમ, પણ એ બધું 'સ્વાન્ત સુખાય', તેથી બહાર ન દેખાય! આગલી સાંજે ઘરમેળે નિજ કુટુંબ સાથે પૂજાવિધિ સંપન્ન કરીને બીજે દિવસે વિક એન્ડ સન્ડેના લંચ માટે મિત્રો-સ્વજનોને નોતર્યાં. જેને આમંત્રણ આપ્યું છે તેને નિરાંતે ગ્રીટ કરી શકાય તેવો શુભાશય. પણ લંચટેબલ પર પહેલો જ થાળ પ્રસાદનો! થાળમાં પેપર પડીયામાં રાખેલ પ્રસાદ પહેલાં ગૃહમુખી ઑફર કરે ને પછી લંચ શરૂ થાય! ધર્મની ધજાનો ધજાગરો કરવાને બદલે ધર્મને ધૈર્ય અને ધ્યાનનો દરજ્જો આપવાનો આ વિવેક મને તો સ્પર્શી ગયો. સૌ હળ્યા, મળ્યા; ગુજરાતને, મોદીજીને ભરપેટ યાદ કર્યાં, ખાધું, પીધું ને હસતાં હસતાં સ્વગૃહે સિધાવ્યાં. બહાર મંડપ નહીં, ક્યાંય કોઈ કમાન નહીં; ખોટાં ફૂલનાં તોરણ નહીં, ઝીણું કે મોટું સંગીત નહીં. મોટાં લાઉડસ્પીકર પર ઘોંઘાટીયાં ગીતો નહીં, આડેધડ પાર્કિંગ નહીં, ધામા નાખીને પડ્યા વાળી વાત નહીં...આ બધાં 'નહીં નહીં' તે અહીંના કાયદાનો આદર અને અહીંના સિટીઝનનો વિવેક!!

આ મિલન દરમ્યાન એક મૃદુભાષી દંપતી મળ્યું. ડૉ. ભરત ભટ્ટ મૂળ સુરતના અને આરાધના ભટ્ટ નવસારીના. ત્રીસેક વર્ષોથી અહીં સિડની છે. ડૉક્ટર અહીં જનરલ પ્રેક્ટિશનર છે અને આરાધના ભટ્ટ અહીના કોમ્યુનિટી રેડિયો 'સૂરસંવાદ'ના કર્તાહર્તા છે. બન્ને સાથે વાતો કરતાં મારાથી કહેવાયું કે 'સામાન્ય વિવેક અહીં બહુ સહજ છે', તરત જ ડૉ. ભરત ભટ્ટે તેનો પોતાને થયેલો અહેસાસ વર્ણવ્યો. 'મારું અહીં ક્લિનિક છે, એટલે મારો રોજનો અનુભવ તમને કહું. દવાખાનું ખૂલે તે પહેલાંથી ત્રણ-ચાર-પાંચ પેશન્ટસ આવીને ક્યૂમાં ઊભા રહી જાય. હું આવીને મારું કામ થોડી જ વારમાં ઠીકઠાક કરી પેશન્ટને અંદર બોલાવું ત્યારે મને લગભગ આવો અનુભવ થાય. હું જે પ્રથમ હોય તેને કોલ કરું કે તે ઓસ્ટ્રેલિયન તરત પાર્કિંગમાં ઊભેલી કારમાં બેઠેલ વ્યક્તિને બોલાવવા જાય અને તેને અંદર મોકલી પોતે પાછા લાઈનમાં જોડાય જાય! આમ કરનારને મેં પૂછ્યું કે તમે જ ફર્સ્ટ છો તો તમે આવો ને! મને તરત હસતાં હસતાં તેમણે કહ્યું: 'નૉ, સોરી, આઈ એમ નોટ ફર્સ્ટ...મારા અહીં આવ્યાં પહેલાં આ ભાઈ અહીં આવી ગયા હતા અને પોતાની કારમાં બેસી વેઈટ કરી રહ્યા હતા. આપે કોલ કર્યો તો ફર્સ્ટ તે જ હોય ને?' હું તો પહેલા પહેલા અનુભવે તો વિચારમાં પડી જતો કે અરે, આ લોકોને 'ધોળીયાવ' કહીને આપણે વખોડીએ પણ આ લોકોની સંવેદના આપણાં કરતાં કેટલી ઊંચી છે? કોઈ જોતું નથી, કોઈને ખબર નથી, જે પહેલો છે તેને ય ખ્યાલ નથી કે ફર્સ્ટ પેશન્ટનો કોલ થઈ ગયો છે છતાં જે ક્રમમાં પહેલો નથી જ તે ઘુસી જવાનો કે અજાણ્યા થઈ જવાનો પ્રયાસ કરતો જ નથી...!'

ડૉ. ભરત ભટ્ટ વાત કરતી વખતે જેટલા સંતૃપ્ત હતા આ સહજ વિવેકથી કે તેમના ચહેરા પર સંતોષની લાલાસ છવાયેલી દેખાતી હતી...!!

આ સંતોષ પામવા શું આપણાં દેશવાસીઓને વિદેશની ધરતી પોતીકી લાગતી હશે?

✷ ✷ ✷

*Email : bhadrayu2@gmail.com*

# ગાંધીજી અને સરદાર પટેલ

□ મેધા ત્રિવેદી

ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલ આમ તો આ બંને નેતાઓની સરખામણી થઈ શકે નહીં. કારણ ગાંધીજીના જમણા હાથ જેવા સરદાર પટેલનો તેમની સાથેનો સંબંધ ગુરુ શિષ્યનો રહ્યો હતો. સરદાર પટેલને મન ગાંધીજી સંત મહાત્મા હતા. એમની પાસે સ્વતંત્રતાનો વિસ્તૃત અર્થ હતો. તેમના માટે આઝાદી આખા દેશની, એટલે કે પરદેશીઓએ સત્તા છોડી દેવી અને દેશનો વહીવટ રાજકારણ નાગરિકોને સોંપી દેવો. આટલું પૂરતું નહોતું. ગાંધીજીના માનવા પ્રમાણે કોઈપણ સત્તા પાસેથી સ્વતંત્રતા મેળવવી, પોતાના હક માટે લડવાની જરૂરિયાત ઊભી થાય, ત્યારે સૌ પ્રથમ તો આત્મ શુદ્ધિ ખૂબ જરૂરી બની રહે છે. આત્મ શુદ્ધિની વ્યાખ્યા કરવી હોય તો નિજી દોષોથી જાતને મુક્ત કરવી. માનવો અને ફક્ત માનવો પાસેથી અપેક્ષિત ઉચ્ચત્તમ મૂલ્યો પર ચાલવાનો ભેખ લેવો, અને એની પ્રથમ શરત સત્ય બની રહે. સ્વનું સત્ય, હકીકતનું સત્ય અને ધ્યેયનું સત્ય! એના દ્વારા અહિંસક હૃદય પરિવર્તન, કશાય જોર કે જુલમ વગર, વેરની ભાવનાના બીજ રોપ્યા સિવાયનું, જેના મૂળ એ પછી ક્યારેય કોઈ ઉખાડી શકે નહીં. રસ્તો લાંબો અને પથરાળ હોઈ શકે પણ અંતે સચોટ પૂરવાર થાય. આ બની શકે તો જ વ્યક્તિગત કે સામાજીક કે રાજકીય સ્વતંત્રતા હકથી મેળવી શકાય. દેશના દરેકે દરેક એકમની સૂક્ષ્મ કે સ્થૂળ સ્વતંત્રતા, સતત પારદર્શક સત્યના એરણ પર ચઢી ખરી ઉતરે, ત્યારે સાચી સ્વતંત્રતા આવી કહેવાય. વળી ગાંધીજીના મત પ્રમાણે સત્ય એ જ જીવન, રોજના નાનામાં નાના કાર્યમાં પણ સાતત્ય જળવાતું હોય, ત્યારે તે તેનું ધર્મનું આચરણ કહો તો તે અથવા રાજકારણ કહો તો તે, તેનું સૌથી મોટું મૂલ્ય બની રહેવું જોઈએ.

પરંતુ ગાંધીજીમાં સત્યના માર્ગે જવાના વિચારો અને એના પ્રયોગો કરવાનું આત્મબળ આવ્યું ક્યાંથી, એ સમજવું હોય તો તેમના બાળપણ પર એક નજર નાખવી જરૂરી બને છે. બાળપણમાં એવા ઘણાં પ્રસંગો બન્યા હતા, જે આપણે સૌ જાણીએ છીએ, જેમાં તેમણે મૂલ્યનો ધ્વંસ કર્યો હતો. સ્વજનોને છેતરવાનો અને ત્યારબાદ એ કાર્યો કરવા બદલ દારુણ માનસિક યાતનાઓ તેમણે ભોગવી હતી. આવા અનુભવમાંથી પસાર થયા પછી તેમને એક જ ઉપાય જો જડ્યો હતો તે એ કે આ યાતનામાંથી સત્ય જ છૂટકારો આપી શકે, અને સત્યથી નિડરતા મેળવી શકાય. ગાંધીજીનો બીજો વિચાર અને જેને તેઓ છેક સુધી વળગી રહ્યા હતા તે અહિંસા. આફ્રિકામાં રેસીઝમના તેઓ ભોગ બન્યા અને તેનો સામનો એક પરદેશથી આવેલો તદ્દન અજાણ્યો માણસ કઈ રીતે કરે, એ પ્રશ્ન બનેલા બનાવ સમયે તેમને થયો, ત્યારે તેઓ અહિંસાના સાક્ષાત્કારમાંથી પસાર થયા અને તેમણે એનો જ આશરો લીધો. અહિંસાથી માણસમાં સહનશીલતાનો ગુણ કેળવાય છે, પરંતુ ગાંધીજીની સહનશીલતા કોઈ કાયરની સહનશીલતા નહોતી. સહન કરવું એટલે સામનો કરવો, એ ત્યાં સુધી કે સામેનાનો આત્મા ડંખવા ના લાગે ત્યાં સુધી, એનામાં સત્યની સમજ આવે ત્યાં સુધી! સામે જ્યારે મહાન સત્તાનું બળ ઊભું હોય ત્યારે તો શારીરિક બળ કરતાં આત્મબળ હંમેશા વિજયી બને છે, આ મૂલ્ય તેઓ આફ્રિકામાં બનેલા પ્રસંગ પરથી શીખ્યા. શોષણ કરનાર અને શોષણનો ભોગ બનનાર બંને વચ્ચે સતત સંઘર્ષ રહ્યા કરતો હોય છે.

સામાન્ય રીતે જોવા જઈએ તો શોષિત વર્ગ એક એવો વર્ગ છે, જેની પાસે હંમેશાં ટાંચા સાધનો હોવાને કારણે તેઓમાં ગરીબાઈ અને શિક્ષણનો અભાવ પ્રવર્તતો જણાય છે, જે તેમને ખૂબ નીચેના સ્તર પર ખેંચી જાય છે, જેને આપણે ગ્રાસ રુટ લેવલ કહીએ છીએ. આર્થિક રીતે પછાત અને નબળો વર્ગ છેવટે તેમને પરાવલંબી જીવન અને હંમેશ માટે ગુલામીમાં સબડતા કરી મૂકે છે અને તેમનો મુખ્ય આધાર સત્તાધીશો બની બેસે છે. આમાંથી જો નીચલા વર્ગે આઝાદ થવું હોય, અન્યાય સામે લડત આપવી હોય, તો આર્થિક સદ્ધરતા અને તેના ઉપાયોનું સૌ પ્રથમ પગલું ભરાવું જોઈએ. ત્યારબાદ એકત્ર થઈને લડત આપવી અને લડત સત્ય આધારિત, ન્યાયી અને વિનયી હોવી ઘટે, જેથી કરી શોષિત વર્ગને ઓછામાં ઓછું નુકસાન સહન કરવાનું આવે. માનસિક કે શારીરિક નુકસાન પહોંચાડ્યા વિના પરિણામ સુધી લઈ જનારો એક માત્ર હકારાત્મક અભિગમ હોય તો તે અહિંસા અને મજબૂત મનની શક્તિ, જેને કોઈ મહાન શક્તિ હરાવી શકે નહીં. આમ ગાંધીજીની દીર્ઘ દૃષ્ટિએ નક્કી કર્યું કે શોષિતોના હથિયાર જો બની શકે તો તે સત્ય અને અહિંસા. તે ઉપરાંત આર્થિક સદ્ધરતા અને સ્વાવલંબી જીવન જો તેઓ અપનાવી શકે તો એ ક્ષેત્રમાં તેઓ આપોઆપ સ્વતંત્રતા મેળવી શકે છે. એનો સૌથી સહેલો ઉપાય તે સૂતર કાંતી, ખાદીનું કાપડ તૈયાર કરવું. ગાંધીજી ખરેખર મહાત્મા હતા કે નહીં એ ચર્ચાનો વિષય છે, પરંતુ તેઓએ મહાત્માના પંથે ચાલી રાજકીય સત્તાને હંફાવી જરૂર નાખી. તેમનામાં રહેલ કર્મોનું સાતત્ય અને પારદર્શકતાએ શોષિત આમજનતાના હૃદયને તરત જીતી લીધા. પ્રજામાં એક અકળ જાગૃતિ તે એ કે આપણે ગુલામ છીએ અને હવે આપણને આઝાદી જોઈએ છે. આવો સંદેશ દેશભરની પ્રજામાં ફેલાયો અને વિશ્વએ કદી ના જોયેલી કે જાણેલી એવી મહાસત્તા પાસેથી, આઝાદી મૂલ્યોના આધારે ગાંધીજીએ અંકે કરી.

સરદાર વલ્લભભાઈ પટેલ માટે ગાંધીજી હંમેશા એક શ્રદ્ધાનો વિષય રહ્યા હતા, જેમાં કોઈ સવાલ કે તાર્કિકતાને સ્થાન નહોતું. એક સામાન્ય ખેડૂત કુટુંબમાં જન્મેલા સરદાર ખેડા જિલ્લાના શ્રમજીવી પટેલના બહોળા કુટુંબમાં ઉછરેલા હોવાથી બાંધછોડ કરવી કે જતું કરવું એ સ્વભાવ થઈ પડ્યો હતો. સ્વામીનારાયણ ધર્મ પાળતા આ કુટુંબમાં ગુરુ હંમેશાં મોટો રહે છે, તેમની આજ્ઞા ઉથાપવી એટલે ઇશ્વરનો દ્રોહ કર્યા બરાબર લેખાય. કારકિર્દીની શરૂઆતમાં

અંગ્રેજોની અસર તળે આવેલા વલ્લભભાઈને જ્યારે ગાંધીજીના વિચારો, તેમનામાં રહેલું આત્મબળ, દેશની આઝાદી માટે કરી છૂટવાની ધગશનો અનુભવ થયો, ત્યારે તેઓ તેમના અનુયાયી બની બેઠા. સમાજ વ્યવસ્થા અને રાજકીય વ્યવસ્થા એકબીજાના અભિન્ન અંગ ગણાય છે. ગાંધીજીએ આ બંને મોરચે અહિંસક લડાઈ આદરી હતી. પરંતુ આ લડાઈનું આયોજન સુવ્યવસ્થિત ના હોય તો તે નિષ્ફળ બની શકે છે. સરદારમાં બાળપણથી જ એક સફળ આયોજકના ગુણ પ્રબળ પ્રમાણે જણાઈ આવતા હતા. ગાંધીજીના વિચારોનું ઠોસ આયોજન અને કોઈપણ ભોગે તેને સફળ બનાવવું તે એમનું મિશન બની રહ્યું હતું. એમાં પત્રિકાઓ વહેંચવી, સરકારને કાગળો લખવા, કોર્ટ કેસ લડવા, સભાઓ ભરવી, વગેરેનો સમાવેશ તેઓ બખૂબી નિભાવી જાણતા. આ ઉપરાંત તેમનામાં સૌથી ઉપર તરી આવતો અને અહિંસક લડતમાં ઘણો જ ઉપયોગી એવો ગુણ હતો તે એ કે તેઓ સુંદર વક્તા હતા. સરળ, સ્પષ્ટ અને સચોટ લોક બોલીમાં કરાયેલું તેમનું ભાષણ લોકોને ઝટ ગળે ઉતરી જતું, અને જનતા તેઓ કહે તેમ કરવા તૈયાર થઈ જતી. ગાંધીજીની દીર્ઘ દૃષ્ટિ અને સરદારના આયોજનના સુમેળે દેશને મહાસત્તાની ચુંગલમાંથી છોડાવવામાં ઘણો મોટો ભાગ ભજવ્યો.

પરંતુ એ યાદ રહે કે ગાંધીજી માટે આઝાદી એ જ એક ધ્યેય નહોતું. તેમની નેમ દરેક જીવનને સર્વોત્તમ માર્ગે લઈ જવાની હતી જ્યારે સરદાર પટેલ માટે પ્રથમ દેશની આઝાદી, તેની પ્રજાની સુખ સગવડ, એ માટે ન્યાયી અને વ્યાજબી કાનૂન, સબળ વહીવટીય તંત્ર અને એકત્રતા મહત્વના રહ્યા હતા. પછી તે અહિંસક રીતે, સમજાવટથી આવે તો તેમ, પરંતુ જ્યારે તે એક તરફી થઈને રહી જાય અને પ્રજાને જ્યારે ખૂબ સહન કરવાનું આવે ત્યારે તેઓ સખત પગલાં લેતાં અચકાયા નથી. પોતાના આત્મવલોપાતના ભોગે, ગાંધીજીની આજ્ઞા ઉથાપવાના નિજી પાપ કર્યાના સતત ડંખે પણ, તેમણે દેશના અને તેની પ્રજાના ભલા માટે આવા નિર્ણયો લીધા છે તે આપણે વિભાજન સમયે અને દેશના સંગઠન સમયે જોયું છે. તેઓ દેશની આડે આવતા કોઈ પણ પ્રશ્નને પોતાની જાતની કે કોઈની પણ શેહ શરમ રાખ્યા વિના, એ ખૂંચતા કાંટાને કાઢીને ફેંકી દેતા અચકાયા નથી, એની જાણ આપણને છે! તેઓ કદાચ ગાંધીજીના શુદ્ધ અંતિમ સુધી પહોંચી શક્યા નહતા. એનો સંતાપ પણ તેમણે અનુભવ્યો છે. ગાંધીજીના દેવલોક પામ્યા પછી આ વસ્તુ આપણે સ્પષ્ટપણે જોઈ શકીએ છીએ. ગાંધીજીની પ્રાર્થના સભાની સુરક્ષાનું આયોજન બરાબર થઈ શક્યું નહોતું આવું તેમના પર લાગેલું લાંછન અને ગુરુના આવા મૃત્યુમાં પોતે આડકતરી રીતે જવાબદાર બન્યા, એ ગુનાહીત લાગણીથી તેઓ સતત પીડાતા રહ્યા હશે, ભલે તે વ્યક્ત થયું નહીં; પરંતુ તેમનું કથળેલું સ્વાસ્થ્ય આ બાબતનો જવાબ આપી બેઠું. ૧૯૪૯ની ૧૫મી ઓગષ્ટના ભાષણમાં આવો રંજ તેમણે પ્રદર્શિત કરતાં કહ્યું હતું કે–only one thought comes to my mind – BAPU, U should have been living at this hour. India has need of you. જો કે સરદાર દેશની ફરજોમાંથી ક્યારેય ચૂક્યા ના હોવા છતાં ગાંધીજીના મૃત્યુના બે જ વર્ષમાં તેઓ દુનિયા છોડી ગયા. અહીં આપણે એક તારણ એવું કાઢી શકીએ કે ગાંધીજી પૂર્ણપણે સંતના માર્ગે દોરી જનાર મહાન આત્મા હતા, તો સરદાર એક લોખંડી ઈરાદા ધરાવનાર સફળ આયોજક હતા. બંને નેતાઓનો સુમેળ દેશ માટે એક મોટું સૌભાગ્ય બનીને રહી ગયું. એ વિના દેશની આઝાદી શક્ય બની શકી ના હોત. દેશના આ મહાન નેતાઓને સાદર પ્રણામ. ✷ ✷ ✷

Mobile : 09322955140.

## ક્રિયાથી ભાવ હણાય છે

દિવાળી કે એવા પર્વના દિવસોમાં કેટલાક મંદિરોમાં અન્નકોટ 'અણકોટ' જોવા મળે છે. આંખો ફાડીને જોયા કરીએ તેટલી, ભોજન સામગ્રીની અગણિત વાનગીઓ ભગવાનને ભોગ ધરાવાતી હોય છે. આપણને જેટલી વાનગીઓની જાણ હોય એથી ચાર-છ ગણી વાનગીઓના થાળ ભર્યા હોય છે. સાદી ખીચડી-કઢીથી લઈને ઘારી-ઘેબર સુધીની રસોઈ-મીઠાઈ, શીંગ-ચણાથી લઈને બદામ-પિસ્તા સુધીનું બાઈટીંગ! (ભવિષ્યમાં સુરાલયની રંગ-રંગીન પ્યાલીઓ ઉમેરાય તો નવાઈ નહી!) આ બધું જોઈ થાય કે આની સામે શબરી ડોશીના એંઠા-અજીઠાં બોરની શી વિસાત? સુદામાના તાંદુલની શી વિસાત?

પરંતુ શબરીના બોર અને સુદામાના તાંદુલ અમર થઈ રહ્યા છે, અણકોટ નહીં! શબરી એ ક્ષણે કેવી ભાવ-વિભોર થઈ હશે! રામજીને અજીઠાં બોર ખવરાવવાનું એને કે કોઈને અજુગતું લાગ્યું નથી. ખુદ રામે પણ ભાવથી બોર ખાધા. કૃષ્ણે અને એની રાણીઓએ તાંદુલ ભાગ પાડી પાડીને આરોગ્યા!

અણકોટમાં એંઠાં બોર કે તાંદુલ મુકનાર કોઈ શબરી કે સુદામા નથી હોતા. મહેમાન બની કોઈને ઘેર ગયા હોઈએ અને ત્યાં દોઢ-બેવર્ષની વયનું બાળક રમતું આવી આપણાં ખોળામાં બેસી બાળ-ચેષ્ટા કરતું હોય એવામાં એની મમ્મી આવી એને ઊંચકી લે અને પછી બાળકને કહે : ડિમ્પુ બેટા, અંકલને નમસ્તે કરો. પેલી પોએટ્રી સંભળાવો, ક્યા લૉક કિયા જાયે? એ સંભળાવો...ત્યારે રમતું બાળક સ્તબ્ધ અને જડ થઈ ઊભું રહી જાય છે. છટકવા મળે તો ત્યાંથી ભાગી જાય છે.

ક્રિયા આવી કે ભાવ ભાગ્યા! ભાવ જાગે ત્યારે ક્રિયા છૂ થઈ જાય!

ક્રિયાનો આગળનો શબ્દ છે-ક્રિયાજડ.

ભાવનો આગળનો શબ્દ છે-ભાવવિભોર!

□ **રમેશ બાપાલાલ શાહ**

મોબાઈલ નં. 09427152203

# ચાલો આપણે બુદ્ધ ધર્મને સમજીએ

❑ તત્વચિંતક પટેલ

બુદ્ધ ધર્મનો જન્મ આપણે ત્યાં થયો તેનો મુખ્ય ઉદ્દેશ અને હેતુ હિંદુ ધર્મમાં પેસી ગયેલા દુષણો નાબુદ કરવાનો હતો, જેમાં હિંદુ ધર્મ જે હોમ હવનમાં પશુઓને અને ક્યાંક ક્યાંક તો માણસોને પણ હોમતા. આવી અનેક પ્રથાઓ અને બાહ્યાચારો હતા અને આજે પણ ચાલુ જ છે. તેને ખતમ કરવાનો ને હિંદુ ધર્મને શુદ્ધ કરવાનો જ મુખ્ય ઉદ્દેશ અને ધ્યેય બુદ્ધનો હતો; પણ હિંદુ ધર્મે બુદ્ધની વાતનો સ્વીકાર કર્યો નહી ને હિંદુ ધર્મને સુધરવું જ નહોતું અને આજે પણ ક્યાં સુધારે છે. એ જ ચીલાચાલુ છે. ક્યાંય ને ક્યાંક માણસના બલિદાનો લેવાય જ છે, તેથી બુદ્ધનું હિંદુ ધર્મને સુધારવા માટેનું આંદોલન જુદા ધર્મ તરીકે પ્રસ્થાપિત થયું છે. મૂળ હેતુ હિંદુ ધર્મને સુધારવાનો જ હતો. આમ બુદ્ધનો વિચાર જુદો ધર્મ સ્થાપવાનો હતો નહીં, તેની સ્પષ્ટતા કરું છું, પણ હિંદુ ધર્મમાં પેસી ગયેલા હીન તત્વોને નાબુદ કરવાનો જ હતો. પણ હિંદુ ધર્મે તેની વાતનો સ્વીકાર જ કર્યો નહીં, જેથી બુદ્ધનો વિચાર નવા ધર્મ તરીકે અસ્તિત્વમાં આવેલ છે, એમ સ્પષ્ટ કહું છું. બુદ્ધે અને મહાવીરે બન્નેએ સ્પષ્ટ કહ્યું કે પશુઓને ને માણસોને બલિ ચડાવવાથી કાંઈ પરમાત્મા રાજી થાય નહીં અને જ્ઞાતિવાદ કરી ઊંચ-નીચના માણસ માણસ વચ્ચે ભેદો ઊભા કરવા તે ધર્મ નથી. આવા અનેક દુષણો નાબૂદ કરવા જ વિચાર બુદ્ધે અને મહાવીરે મુક્યા પણ હિંદુ ધર્મના ધર્માત્માઓએ તેમની વાત માની જ નહિ, ને તેની સામે જ હિંદુ ધર્માત્માઓએ બંડ પોકાર્યું. હિંદુ ધર્મે કદી પણ પ્રગતીશીલ વિચારોનો સ્વીકાર જ કરેલ નથી, તે હકીકત છે. તે ટોટલી રૂઢીવાદી ધર્મ રહ્યો છે. તેમણે મહાવીરના વિચારોનો પણ સ્વીકાર કરેલ નથી. તેમણે પણ હોમ હવનો સામે નારાજગી વ્યક્ત કરેલ છે. આ બન્ને મહામાનવોએ હિંસાની નાબૂદી અને આંતરિક શુદ્ધતા પર જ જોર દીધું છે. આત્મા એ જ પરમાત્મા છે, તેને જાણો તે વાતનો હિંદુ ધર્મે અસ્વીકાર જ કરેલ છે. વેદ અને ઉપનિષદોએ પણ આંતરિક શુદ્ધતા પર જ જોર દીધું છે. કૃષ્ણ ભગવાને પણ આંતરિક શુદ્ધતા એ જ ધર્મ છે, તેમ કહ્યું છે, તેનો પણ સ્વીકાર કરેલ નથી.

હિંદુ ધર્મે તો ગંગામાં ડૂબકી મારો ને શુદ્ધતા પ્રાપ્ત કરો ને ગંગાની પૂજા આરતી જ કરો. પથરાને પૂજો એમાં પરમાત્માનો વાસ છે. ત્યાં જ સ્વર્ગ છે. કેવી ઘેલછા છે. તે જ સમજાતું નથી. હિન્દુસ્તાનમાં જ્યાં પણ ત્રણ નદીઓ કે વોકળા ભેગા થતા હોય તે ત્રિવેણી સંગમ–ત્યાં નહાવાથી પુણ્ય પ્રાપ્ત થઈ જાય, ને પાપ ધોવાય જાય. કથામાં આરતી થતી હોય ને તેમાં હાથ લગાડો એટલે કથાનું પુણ્ય મળી જાય. જરાક તો મારા ભાઈ વિચારો, આ રીતે મનની શુદ્ધતા થાય ખરી? મન શુદ્ધ ન થાય ત્યાં સુધી પવિત્ર થવાય ખરું? ને મનની શુદ્ધતા માત્ર ને માત્ર આંતરિક સાધના દ્વારા જ થાય. શંકરાચાર્યે પણ નિદિધ્યાસનને મહત્વ આપેલ છે, પણ તેનો સ્વીકાર કરવો નથી. તેમણે સ્થાપેલા મંદિરો પવિત્ર છે, તેમાં પરમાત્મા બેઠા છે, એમ માનીએ ત્યાં આંટાફેરા મારવા છે. ચાર ધામની યાત્રા કરીએ એટલે સ્વર્ગ મળી જાય તેવી વાતોને સત્ય માની લેવી છે, પણ શંકરાચાર્યની નિદિધ્યાસન કરવાની વાતને આચરણમાં મૂકવી નથી. આ છે આજનો હિંદુ ધર્મ. ચમત્કારો અને અસત્યની ભમરાળ એટલે જ હિંદુ ધર્મ.

બુદ્ધ ધર્મની અનેક માન્યતાઓ હિંદુ ધર્મની છે. તે વેદના આધારે જ તેમના વિચારો છે. એ વેદમાં પૂરેપૂરો ભરોસો છે, તે જોઈ શકાય છે, કારણ કે તે આંતરિક અનુભૂતિ અને આંતરિક શુદ્ધિ પર ઊભો થયો છે. આથી જ ખૂબ જ ઝડપથી એક જુદા ધર્મ તરીકે ઉભરી આવ્યો તે હકીકત છે. માણસને તેમના સિદ્ધાંતોમાં સત્યતા લાગી જેથી તેનો વિકાસ ઝડપથી થયો. આ વાત હિંદુ ધર્મના મહાત્માઓ સહન કરી શક્યા નહીં ને તેમના સાધુઓને સળગાવીને મારી નાખવામાં આવ્યા, તેમના મઠોને સળગાવી નાખવામાં આવ્યા, જેથી તેમના સાધુ નજીકના દેશોમાં જતા રહ્યા. આ ધર્મ સત્યના આધાર પર ચાલનારો હતો જેથી બીજા અનેક દેશોમાં ખૂબ જ ઝડપથી ફેલાયો છે તે જ તેની સત્યતા છે.

હિંદુ ધર્મ દુનિયાના કોઈ દેશમાં પોતાનો પગ પેસારો કરી શક્યો નથી. દુનિયાના કોઈ દેશે તેનો સ્વીકાર જ કરેલ નથી. તેમાં તેની કટ્ટરતા છે, વિશાળતાનો અભાવ છે અને ચમત્કારોની માયાજાળ છે. આજે પણ હિંદુઓ ચર્ચને સળગાવે છે, મસ્જીદો તોડે છે, મહાવીરના સાધુઓને રસ્તાઓમાં મારે છે વગેરે. તે તેમની સંકુચિતતા છે. તે તેમની કટ્ટરતા જ છે. પરદેશોમાં ઊંચ-નીચના કે સ્ત્રી પુરૂષના ભેદો નથી ત્યાં ઉભા કરવા પ્રયત્ન કરી રહ્યા છે, જે ખતરનાક છે. મંદિરો બાંધીને ધર્મનો ફેલાવો કરતા નથી, પણ અધર્મનો જ ફેલાવો કરે છે. નાણાં એકઠા કરવાની ને પોતાના બાવાઓને થાળે પાડવા જ પ્રવૃત્તિ કરે છે. તેની પાસે સત્યતાનો કોઈ આધાર નથી, કોઈ અનુભૂતિનો રણકાર નથી, તે હકીકત છે. હિંદુ ધર્મ ગમે તેવા પ્રયત્નો કરે પણ તેના વિચારો જ સંકુચિત છે, વિશાળતા છે નહીં અને સત્યતાનો અંશ નથી ને ચમત્કારોની માયાજાળ છે, માટે વિકાસ થવો અશક્ય છે. બાવાની સંખ્યા વધુ હોય તેથી કાંઈ ધર્મનો વિકાસ છે, એમ કહી શકાય નહીં. પણ તેમાં આંતરિક શુદ્ધતા, સત્યનું અનુસરણ, પ્રેમથી આકર્ષવાની શક્તિ

અને વિશાળતા કેટલી છે, તેના પરથી જ ધર્મનો વિકાસ પામી શકાય. ટોળા પરથી ધર્મનો વિકાસ માપી શકાય નહીં. ટોળામાં કદી પણ શુદ્ધ બુદ્ધિ કે વિવેકનો છાંટો હોઈ શકે જ નહીં. ધર્મ એ વ્યક્તિગત બાબત છે, તે કદી ટોળામાં હોઈ શકે જ નહીં. જે ધર્મ માણસને સત્યનું આચરણ, આંતરિક શુદ્ધતા, વિશાળતા અને અભયમાં સ્થિર ન કરાવી શકે તે ધર્મ નથી, એટલું સૌએ સમજી લેવા જેવું છે.

બુદ્ધ શબ્દની ઉત્પત્તિ જ બુદ્ધ ધાતુથી થયેલ છે, જેનો અર્થ જ જાગી જવું છે. એટલે બુદ્ધ એ છે જેમને આંતરિક આધ્યાત્મિક સિદ્ધિ પ્રાપ્ત થઈ ચૂકી છે, એટલે બુદ્ધે જે રસ્તો જગતને બતાવ્યો તે સ્પષ્ટ આંતરિક જ્ઞાન પર જ અને શુદ્ધ બોધ પર જ આધારિત છે. આમ બુદ્ધ ધર્મ આંતરિક આધ્યાત્મિક સિદ્ધિનો માર્ગ છે. આંતરિક વ્યક્તિગત સિદ્ધિ બુદ્ધ ધર્મનું પ્રારંભ બિંદુ છે. બુદ્ધની આંતરિક અનુભૂતિ અને અનુભવ એ જ બૌદ્ધોનું ધાર્મિક જ્ઞાનનું મૂળભૂત સ્રોત છે. જગતમાં જે માણસ આંતરિક સાધના દ્વારા અંતિમ જ્ઞાન પ્રાપ્ત કરે છે એટલે કે અનુભૂતિ કરી શકે છે, તે જ બ્રહ્મચર્ય વ્રત પૂરું કરી શકે છે, અને આવો માણસ જ સત્યનો ઉપદેશ દેવાનો અધિકારી છે, અને તેજ સાચો બ્રાહ્મણ છે, તેજ સાચો કથાકાર છે અને તે જ સાચો ધર્માત્મા છે, એમ સ્પષ્ટ કહું છું. આજે હિંદુ ધર્મ પાસે આવો કોઈ કથાકાર કે ધર્માત્મા છે ખરો? તો જવાબ નામાં જ મળે છે. સારા શબ્દો બોલવા, સારી રીતે બોલવા સામા માણસને પ્રભાવિત કરવા તે જ્ઞાન નથી તે માત્ર ને માત્ર માહિતી છે. માહિતી એ જ્ઞાન નથી. અનુભૂતિ દ્વારા જ પ્રાપ્ત થાય તે જ જ્ઞાન છે. આવું જ્ઞાન બુદ્ધને, મહાવીરને, કૃષ્ણને અને ચાલુ જમાનામાં અરવિંદને અને રામતીર્થને પ્રાપ્ત થયું હતું. બાકી બધા તો આમતેમ આંટાફેરા મારે છે, કોઈ જ્ઞાની નથી.

ભગવાન બુદ્ધને અનુભૂતિ થઈ એટલે જ્ઞાન પ્રાપ્ત થયું અને એને અનુરૂપ તેમાંથી તેમણે માર્ગ પસંદ કર્યો છે. જેમાં તેમણે ચાર સત્યોની ઘોષણા કરી જેમાં તેમણે સ્પષ્ટ કહ્યું કે માણસની પ્રકૃતિ અને સંસારનો સ્વભાવ જ દુઃખનું કારણ છે. દુઃખ નિરોધનો ઉપાય અને સંસારના બંધનોથી નિર્વાણ પ્રાપ્ત કરવાની અવસ્થા આ સિદ્ધાંતો બુદ્ધના વ્યક્તિગત સત્યની અનુભૂતિની ઉપજ છે. બુદ્ધે પોતાની અનુભૂતિની વાત લોકોને શબ્દોમાં કરી. તેઓએ કહ્યું કે નિર્વાણની અવસ્થા અનિર્વચનીય છે, એટલે કે ઇચ્છા અને વિચારથી માણસે નિવૃત્ત થવું પડે તો જ નિર્વાણ પ્રાપ્ત થાય, અને દરેકે બુદ્ધના પદ ચિન્હ પર ચાલવું જોઈએ. દરેકે એટલે કે જ્ઞાની માણસના કહેવા અનુસાર ચાલવું અને ચાલતા પહેલાં તે વિચાર આપણી પોતાની બુદ્ધિથી કરવો જો સત્ય લાગે તોજ તે પ્રમાણે ચાલવું અન્યથા ફેંકી દેવો. માણસે પોતાના આંતરિક પ્રયત્નો દ્વારા નિર્વાણ પ્રાપ્ત કરવું જોઈએ. કોઈ કોઈને નિર્વાણ કે જ્ઞાન આ જગતમાં આપી શક્યું જ નથી. સત્ય અને જ્ઞાન પોતાની રીતે પોતાના અંતરમાંથી જ શોધવું જોઈએ. સત્ય અને જ્ઞાન અંદર જ છે. ત્યાંથી જ શોધો એમ સ્પષ્ટ કહ્યું.

બુદ્ધ માણસ ત્યારે જ કહેવાય જ્યારે તેને સત્યની અનુભૂતિ થાય ત્યારે જ તે જ્ઞાતા કહેવાય. અને તેને જ શુદ્ધ કહી શકાય એટલે કે અંદરથી અનુભૂતિ દ્વારા જ્ઞાન પ્રાપ્ત થાય, ત્યારે જ તે સંસારના બંધનોથી મુક્ત થઈ જાય છે અને પરમાત્મા સ્વરૂપ ધારણ કરે છે. હિંદુ ધર્મમાં એક પણ પરમાત્મા આવા છે ખરા? તો જવાબ ના જ મળે છે. આપણા ધર્માત્માઓ કોઈ ને કોઈ પ્રકારની આસક્તિમાં ગળાડૂબ હોય છે જેથી તેઓ મુક્તિ પ્રાપ્ત કરી શકતા નથી. ટોટલી અલિપ્તતા, અનાસક્તિ, અસંગતતા અને સાક્ષીભાવમાં જે સ્થિર થઈ શકે. કોઈપણ જાતની ઇચ્છા મનમાં રહે નહીં, એટલે કે પોતાનો ધર્મ સારો છે. આ મારી ઊભી કરેલ જાહોજલાલી કોણ ભોગવશે, કોણ સાચવશે, સાચવવા માટે વારસની નિમણુંક કરે, એનો અર્થ એ થયો કે મનમાં ઇચ્છા છે. તેથી તેને મોક્ષ મળે જ નહીં. બીજો જન્મ આની પૂર્તિ માટે ધારણ કરવો જ પડે. મોક્ષ ત્યારે જ પ્રાપ્ત થાય જ્યારે મોક્ષની પણ ઇચ્છા મનમાં રહેલી ન હોય, એટલે કે ટોટલી ઇચ્છા મુક્ત, ત્યારે જ મોક્ષ મળે છે. આ વાત બુદ્ધ ભગવાનની છે. ભગવાન બુદ્ધ મોક્ષને નિર્વાણ કહે છે. બધું સરખું જ છે.

પાલી ભાષામાં ત્રિપિટક બુદ્ધના ઉપદેશોનો ભંડાર ભરેલો પડ્યો છે, તે જ સત્ય જ્ઞાનનું સ્રોત છે. તે બુદ્ધના વચનો છે. બુદ્ધના બતાવેલા રસ્તા પર ચાલીને જગતનો કોઈ પણ માણસ બુદ્ધ થઈ શકે છે. બુદ્ધના વચનો પ્રમાણે આચરણ કરનાર જગતમાં અનેક માણસો બુદ્ધત્વ પ્રાપ્ત કરી શક્યા છે, તે હકીકત છે. તેની વિપશ્યનાની સાધના પદ્ધતિ એ જ નિર્વાણ પ્રાપ્ત કરવાની સોનાની સીડી છે. તેના પર શાંત ચિત્તે પગ મૂકતા જ જઈએ તો નિર્વાણ સુધી પહોંચી જ શકાય છે. બુદ્ધ સ્પષ્ટ કહે છે કે દરેક માણસમાં નિર્વાણ પ્રાપ્ત કરવાની શક્તિ પડેલી જ છે. તે શક્તિને ઉજાગર કરવાનું કામ વિપશ્યના કરે છે. ચાલો આપણે આપણામાં રહેલા જ્ઞાનને પ્રાપ્ત કરવા આ સોનાની સીડી પર પગ માંડવા માંડીએ ને સિદ્ધિ પ્રાપ્ત કરીએ. ✷ ✷ ✷

sarujivan39@gmail.com

## દાતાઓને વિનંતિ

નવા ઈન્કમ ટૅક્સના નિયમ મુજબ હવે પછી એક વ્યક્તિ વર્ષમાં એક જ વાર રૂા. ૨૦૦૦/- સુધીની રકમ રોકડ રૂપે દાનમાં આપી શકશે માટે દાતાઓને વિનંતિ કે આપનું દાન ચેકમાં જ આપવા આગ્રહ રાખવો. રૂા. ૨૦૦૦/- ઉપર કેશ સ્વીકારવાથી જેટલી રકમ સ્વીકારીએ એટલી જ પેનલ્ટી લાગશે માટે રૂા. ૨૦૦૦/- ઉપર રોકડા નહિ આપવા વિનંતી છે.

ચેકની પાછળ આપનો પેન નંબર અથવા ટ્રસ્ટ રજિસ્ટ્રેશન નંબર અને ટેલિફોન નંબર અચૂક લખવા વિનંતિ.

**–શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**

# જૈન શ્રમણ...જૈન સંઘ...સાવધાન

☐ સુબોધીબેન મસાલીઆ

*[ આ જે લેખ લખી રહી છું...એ કદાચ જૈન સમાજનો સૌથી મોટો સવાલ છે. જેનો જવાબ આપણે સૌએ સાથે મળીને શોધવાનો છે. નવેમ્બર ૨૦૧૬ના 'કલ્યાણ' નામના માસિકમાં પાના નં. ૩૧ પર છપાયેલો શ્રી ભૂષણ શાહનો લેખ 'જૈન સંઘ સાવધાન' વાંચીને હૃદય દ્રવી ઉઠ્યું. એવું તો શું લખ્યું છે આ લેખમાં તે તો નીચે વાંચો અને પછી એની સઘન ચર્ચા કરીએ. ]*

## જૈન સંઘ સાવધાન

*છેલ્લા કેટલાક સમયથી જૈન ધર્મમાંથી અન્ય ધર્મમાં ધર્માંતરનો મુદ્દો સામે વિકરાળ સ્વરૂપ ધરીને નજર સામે આવી રહ્યો છે. જૈન કન્યાઓ અજૈનોમાં લગ્ન કરે, તે તો હવે જાણે સામાન્ય બની રહ્યું છે. આ બાબતમાં સંઘ અને સમાજમાં કોઈ સવિશેષ જાગૃતિ હોય તેમ જણાતું નથી. આવા અમુક કિસ્સા-મુદ્દાઓ ધ્યાનમાં આવ્યા: બેલગામ ડિસ્ટ્રીક્ટમાં ૫ વર્ષો પૂર્વે જૈનોની વસતી અંદાજે ૩ લાખ હતી, પણ હાલ તે ૨ લાખ આસપાસ જ છે. લગભગ ૧ લાખ જૈનોએ ખ્રિસ્તી ધર્મ સ્વીકાર્યો છે. આ વાત બિજાપુરમાં રહેતા અને આ બાબતે સક્રિય એવા પુષ્પીદેવી જૈને કરી હતી, જે સાંભળીને આઘાતનો પાર રહ્યો નહતો. આવી જ રીતે રાજસ્થાનમાં સમદડી રહેતા એક અગ્રણી જેઓ હાલ મૈસુર રહે છે, એમના ઘરે ઘર દેરાસર છે. સમદડીમાં લગભગ મોટાભાગના ચડાવાઓ તેઓ જ લેતા હોય છે. તેમના ઘરના પુત્ર-પુત્રીઓ સહિત ૨૨ જણે ખ્રિસ્તી ધર્મ સ્વીકાર્યો છે. આ કિસ્સો આપણી આંખો ખોલવા માટે મહત્ત્વનો છે.*

*જયપુરમાં રહેતા એક મારા પરિચિત ભાઈ યોગેશભાઈ જીન્દાણીએ પણ ખ્રિસ્તી ધર્મ સ્વીકાર્યો છે. તેમને મેં ખુદ ખૂબ જ સમજાવ્યા, છતાં ત્યાંની કંઠી બંધાઈ ગયેલી જણાઈ. તેઓ મને કહે: આપણે ત્યાં ધર્મ જેવું શું બચ્યું છે? ભગવાન, તો કંઈ આપતા જ નથી. તો પછી ધર્મ કરવો શા માટે? ઇસુ તો દુઃખમાં રાતદિવસ હાથ ફેલાવે છે! તેમણે વધુમાં મને કહ્યું કે, હું એક પ્રસિદ્ધ આચાર્ય પાસે ગયેલો, તેમણે પહેલાં તો મારી સામે પણ જોયું નહીં. જ્યારે નજીક ગયો, ત્યારે જોયું કે, તેઓશ્રી મોબાઈલમાં વ્યસ્ત હતા. તેમણે મને કામકાજમાં મોબાઈલ અંગે જ કામ ભળાવ્યું. આ સાંભળી મને ધર્મ પ્રત્યે અપ્રીતિ થઈ ગઈ અને ત્યારથી હું મંદિર-ઉપાશ્રયમાં જતો આવતો બંધ થયો અને અશ્રદ્ધા મારા હૃદયમાં ઘર કરી ગઈ. પ્રસ્તુત વાત ઘણી ટૂંકી છે, પણ બધું કહી જાય છે. સુંદર સંયમ-પાલન કરનારાઓની સંખ્યા આજે પણ વધુ છે. છતાં થોડા શિથિલાચારીઓના કારણે લોકો ધર્મથી દૂર થઈ રહ્યા છે. ગીતાર્થ ગુરુભગવંતો આ અંગે વિચારે.*

પહેલી વાત કે કોઈપણ વસ્તુ જ્યારે આકાર લે છે તે અચાનક નથી હોતી. ને બીજી વાત એ વસ્તુના મૂળ સુધી, ઊંડાણ સુધી ન પહોંચો તો એના કારણોને જાણી શકાતા નથી ને કારણને જાણ્યા વગર એને ઉખાડીને ફેંકી શકાતા નથી.

પહેલાંના સમયમાં શું હતું સાધુ જીવન? પહેલાં એ જાણો, પછી આજના જીવન સાથે સરખાવો તો માલુમ પડી જશે કે, આપણે ક્યાં ભૂલ ખાઈ રહ્યા છીએ? પ્રાચીન સમયમાં સો વર્ષના આયુષ્યની કલ્પના કરી તેને ચાર વિભાગમાં વહેંચવામાં આવ્યું હતું. ૧ થી ૨૫ વર્ષ બ્રહ્મચર્યાશ્રમ, ૨૫ થી ૫૦ ગૃહસ્થાશ્રમ, ૫૦ થી ૭૫ વાનપ્રસ્થાશ્રમ અને ૭૫ થી ૧૦૦ સંન્યાસાશ્રમ. આ ચારેયમાં આપણા આ સવાલમાં મહત્ત્વનું સ્થાન વાનપ્રસ્થાશ્રમ ધરાવે છે. છતાં ચારેયને સમજો કેમકે આવા સઘન સવાલની મૂળથી ચર્ચા કરવી જરૂરી છે.

સૌપ્રથમ બ્રહ્મચર્યાશ્રમ છે. બાળક મા-બાપની ગોદમાં રમતાં રમતાં મા-બાપ પાસેથી સુસંસ્કારોને ગ્રહણ કરતું ૭-૮ વર્ષનું થતાં તે ગુરુને સોંપી દેવામાં આવતું. ગુરુકુળમાં બધા બાળકો ગુરુની સાથે રહી શાસ્ત્ર ભણતા સાથે સાથે ગુરુજી એને વિનય-વિવેક-ધંધાની કળા-ધર્મનું સિંચન-તંદુરસ્ત જીવન જીવવાની કળા શીખવતા. આવો યુવાન ૨૫ વર્ષે જ્યારે ઘર ગૃહસ્થની ધૂરા સંભાળતો ત્યારે ખૂબ જ સુંદર રીતે તેને વહન કરતો. (હવે જરા આજના યુવાન પર નજર કરો...એ કેવા વાતાવરણમાં જન્મ લે છે કે જેના મા-બાપ સતત માનસિક તાણમાં રહેતા, લડતા, ઝઘડતા, પોતાનામાં જ વ્યસ્ત રહેતા–આવા મા-બાપ પાસે બાળકોને સંસ્કાર આપવાનો સમય જ ક્યાં છે? અરે આપવાની જરૂર જ નથી, બાળક જેવું જોશે તેવું શીખશે. પણ એવું તંદુરસ્ત વાતાવરણ ક્યાં? બાળક ૧૫-૨૦ વર્ષનો થતાં તો એકબાજુ વ્યસનો અને ડ્રગ્સ તરફ ખેંચાતો હોય, તો બીજીબાજુ બિભિત્સ વાંચન વિચારો, પિક્ચરો, ફોટાઓ, છાપાઓ તરફ ખેંચાતો હોય તો ત્રીજી બાજુ ગમે તેમ કરી છેલ્લી ડીગ્રીએ ઉતરીને પણ પૈસા કમાવાનું ખેંચાણ! આવી પરિસ્થિતિમાં ૨૫ વર્ષનો યુવાન ઘર ગૃહસ્થીની શરૂઆત કરતો હોય, તેની ઘરગૃહસ્થી કેવી?) **તમને થશે કે આપણે તો સાધુ જીવનની ચર્ચા કરવી છે એમાં આ બધાનું શું કામ? ભાઈ...ભવિષ્યના સાધુ મહારાજ આમાંથી જ પેદા થવાના છે. કોઈપણ વસ્તુના ઊંડાણ સુધી તહેકીકાત કરો તો જ ખબર પડે કે ક્યાં ક્યાં સુધારાની જરૂર છે.**

પચાસ વરસ પહેલાં પાંચ ટકા સાધુગણ શિથિલાચારી હતું. આજે પચાસ ટકા છે...તે ભવિષ્યમાં પચાસ વરસ પછી સોએ સો ટકા નીચે નહીં ઉતરી જાય તેની શું ખાતરી?

ચલો આપણી ચર્ચા આગળ વધારીએ. પ્રાચીન યુવાન ઉત્તમ ઘરગૃહસ્થી સંભાળતો, ન્યાય નીતિથી જીવન જીવતો, જ્યારે ૫૦ની ઉંમરે પહોંચતો, જ્યારે તેના બાળકો યુવાન બની જતા ત્યારે પોતે વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશ કરતો–વૈરાગ્યમય જીવન જીવતો. **આ વાનપ્રસ્થાશ્રમ શું છે? વાનપ્રસ્થાશ્રમ એ ૨૫ વર્ષ સુધી સંન્યાસ લેવા પહેલાંની ટ્રેનીંગ છે. વિચાર કરો. આજનું સાધુજીવન ક્યાં ને ત્યારનું સાધુજીવન ક્યાં?**

માણસ ૫૦ વર્ષે પોતાનું ઘરબાર, કુટુંબ-પત્ની, ધન-દૌલત, બંગલા વગેરે છોડીને જંગલમાં જઈ કોઈ ગુફામાં જીવન જીવતો. આ એ જોવાની ટ્રેનીંગ હતી કે પોતે કટુંબ-કબીલા-સમાજ વગર એકલા રહી શકે છે કે નહીં? એકાંકી-મૌન અને ધ્યાનમાં જીવન વ્યતીત કરી શકે છે કે નહીં? ગમે તેવા રોગ, આતંક, કષ્ટ, સમતાભાવે સહન કરી શકે છે કે નહીં? પોતે જંગલી પ્રાણીના ભયથી ડરી તો નથી જતા ને? જંગલમાં જે કાંઈ ખાવા-પીવા મળે તેનાથી ચલાવી શકે છે કે નહીં? ધન-દોલત, મહેલોનો મોહ છોડી શકે છે કે નહીં? જંગલમાં ટાઢ-તડકો, વરસાદ, મચ્છરો, જીવજંતુઓનો ઉપદ્રવ, સમતાભાવે વેદી શકે છે કે નહીં? કેટલા વરસ સુધી આ બધી કસોટીમાંથી પસાર થવાનું? પાંચ-દસ નહીં પુરા પચ્ચીસ વરસ. જે લોકો આવા પરિષહ સમતાભાવે ન સહન કરી શકે, તેઓ સંસારમાં પાછા આવી જતા. ને જે આ કસોટીમાંથી પાર ઉતરે તે જ વિરલા સંન્યાસ લેવાને યોગ્ય ઠરતા...ને પછી સંન્યાસ ગ્રહણ કરી ધ્યાન અને કાયોત્સર્ગ દ્વારા મોક્ષની કેડીએ આગળ વધતા.

હવે વિચાર કરો...આજની પરિસ્થિતિ. આજે દીક્ષા લેનારની પૂર્વ ટ્રેનીંગ કેટલી? જો આટલા સંસ્કારી, વિનયી, ત્યાગી, ગૃહસ્થોની પણ દીક્ષા લેતા પહેલાં ૨૫ વર્ષ સુધી દીક્ષા માટેની ટ્રેનીંગ જરૂરી હોય તો આ યુગના આપણે કેટલા વર્ષ ટ્રેનીંગ પછી દીક્ષા લેવી જોઈએ? ચલો ૨૫ છોડો, દીક્ષા આપતાં પહેલાં ઓછામાં ઓછા ૧૦-૧૫ વર્ષ સુધી એને સાથે રાખી દીક્ષા માટે તેની ચકાસણી કરવામાં આવે છે? દીક્ષા માટે તેને કેળવવામાં આવે છે? પોતાના કુટુંબ-કબીલા ને સમાજ વગર એકલો મૌન અને ધ્યાનમાં જ પરોવાયેલો રહી શકે છે ખરો કે નહીં તે જોવામાં આવે છે? ટી.વી., મોબાઇલ, ફ્લેટની સગવડો છોડીને ખુશીથી રહી શકે છે કે નહીં? તેનામાં નિર્વેદ સંવેગ જાગ્યો છે કે નહીં? કે પછી ફક્ત દુ:ખગર્ભિત કે દ્વેષગર્ભિત વૈરાગ્ય જન્મ્યો છે? દીક્ષા આપતા પહેલાં જો દસેક વરસની ટ્રેનીંગ આપવામાં આવે તો તે દીક્ષા લેનાર પણ જાણી શકે કે પોતે જે સાધુ ભગવંતને જીવન અર્પણ કરી રહ્યો છે તે પણ ખરેખર મૌન-ધ્યાન રત જીવન જીવે છે કે નહીં? એમની સાથે રહી પોતે ઉચ્ચ પ્રકારનું સંયમ પાલન કરી શકશે કે નહીં? છે કોઈ આવી ટ્રેનીંગની વ્યવસ્થા આપણા સમાજમાં?

ઠંડી છે તો ઠંડીનો પરિષહ સ્વેચ્છાએ પ્રસન્નતાપૂર્વક સમતાપૂર્વક સહન કરવા માટે દીક્ષા છે, નહીં કે બે ધાબળા ઓઢીને સૂવા માટે... તડકો છે, ગરમી છે તો તે બધું સમતાથી સહન કરવાનું છે અને આ બધા પરિષહો સમતાપૂર્વક ત્યારે જ સહી શકાય કે તેના માટે દીક્ષા પહેલાં વર્ષો સુધી ટ્રેનીંગ લીધી હોય, પોતાના શરીરને ને મનને એવી રીતે કેળવ્યું હોય! **દીક્ષા એ કોઈ માથું મુંડાવીને કપડાં બદલવાની રમત નથી. દીક્ષા એટલે શું? પરિષહોને સામેથી આમંત્રણ આપીને બોલાવવા...ને તે આવે એટલે એને સમતાપૂર્વક સહન કરવા તેનું નામ સંયમ...**તો જ કર્મો ખપશે...બળબળતા તડકામાં વિહાર કરીને આવ્યા હોય, અવાવરૂ જગ્યામાં ઉતારો મળ્યો હોય, તેમાં બારી ખોલે ને જરાક હાશ થાયને તો પણ અતિચાર લાગે...આવું આકરૂં સાધુજીવન જીવવા માટે, આટલું મોટું ઓપરેશન કરવા માટે કોઈ પ્રેકટિસની જરૂર નથી લાગતી? **સંયમ ગ્રહણ કર્યા પછી ઓછામાં ઓછું એક વરસ સુધી મૌન ધારણ કરીને આત્મસાધના કરવાની છે. કરે છે કોઈ આ? અને આ નિયમને જો અનુસરવાનો ફરજીયાત હોય ને તો ૧૫૦ દીક્ષાર્થીમાંથી ૧૪૮ રવાના થઈ જાય ને એક વરસ જો દીક્ષાના દિવસથી મૌન પાળવાનું હોય તો તેના માટે કેટલાં વર્ષો સુધી મહિના-બે બે મહિનાનું મૌન પાળીને આત્માનો ઉપયોગ આત્મામાં જ રાખવાની પ્રેકટિસ પાડવી પડે?** ને સાચું કહો...જે સાધુએ દીક્ષાના દિવસથી એક વરસ સુધી મૌન પાળ્યું હોય...એ કેવા ઝગમગતા રત્ન હોય!! એમને પછી જીંદગીમાં ક્યારેય મોબાઇલ–માઇક કે લેપટોપ વાપરવાનું મન થશે? સંયમનું તત્વ જેના આચરણમાં આવે તેને ભાષણની જરૂર નથી હોતી. આજે ગંગા ઉલટી વહી રહી છે. જ્યાં જુઓ ત્યાં ભાષણોની ભરમાર ચાલી રહી છે. પણ તેના આચરણમાં શૂન્ય છે...એક વર્ષ સુધી મૌન રહી...પરિષહોની ઉદીરણા કરી કર્મને નિર્જરવાના છે. પરિષહો...સમતાભાવે, અનિત્યભાવે સહન કરશો તો કર્મો વેદાશે...જો કર્મો વેદાશે તો જ ક્રોધ, માન, માયા, લોભ, વિકારો પાતળા પડશે. ને દુર્ગુણો પાતળા પડશે તો જ ગુણોનો અવિર્ભાવ થશે. નહીં તો દ્રવ્ય ચારિત્ર્યનો કોઈ અર્થ સરતો નથી. આવી સાધના ન થવાથી, ઉપવાસ વગેરે કરીને બચેલી ઉર્જાનું ઉર્ધ્વગમન થવાને બદલે અધોગમન થાય છે. જેમકે પાણીને ઉપર ચડાવવા માટે મહેનત કરવી પડે છે. નીચે વહેવા દેવા માટે મહેનતની જરૂર નથી. અને આ અધોગમન થયેલી ઉર્જા વિકારો પેદા કરે છે. માયા, જૂઠ, કપટ, અહંકાર, સંસારરસિકતા પેદા કરે છે. (આજનું શિથિલાચરણ આનું જ પરિણામ છે.) પછી કપડાં સિવાય સંસારી ને સાધુમાં બહુ મોટો ફરક રહેતો નથી. પછી સંસારીની જેમ સંબંધો વધારવા જોશે. એકાંતમાં રહી સાધના નહીં કરી શકો. લાઈટ-પંખા વાપરવા જોશે. બેંકમાં ખાતા રાખવા જોશે. પોતાના અલગ ઉપાશ્રય જોશે. કેમ? કેમકે ગુરુએ ૧૦-૧૫ વરસ સુધી શ્રાવક અવસ્થામાં ઘડાને પકવવા નથી દીધો. ઘડાને ટકોરા મારીને મંજૂરી નથી આપી...તેનું આ પરિણામ છે. વળી નવા દીક્ષાર્થીને ઘડવા સાથે રાખતાં પહેલાં પોતે એ રીતે ઘડાવું જરૂરી છે, કેમકે જેમ બાળક

મા-બાપ જે કરે તેવું જ શીખે છે તેમ દીક્ષાર્થી પણ એ જ શીખશે જે ગુરુ સમુદાયના આચરણમાં પોતે અનુભવી રહ્યો છે. માટે અત્યારે વિદ્યમાન શ્રમણ-શ્રમણી ગણ વધુમાં વધુ મૌન અને ધ્યાનસાધનાને પોતાના આચરણમાં મૂકે. નવા દીક્ષા લેવાની ભાવનાવાળાને સાથે રાખી વર્ષો સુધી પરિપકવ બનાવે, પછી જ દીક્ષા આપે. મિનીમમ દસ વરસની ટ્રેનીંગ તો ખરી જ કેમકે આટલું મોટું ઓપરેશન કરવાનું છે, કોઈ રમત નથી રમવાની. પહેલા મનનો કચરો સાફ કરવાનો છે...તેના માટે ઘણો સમય લાગશે...મનનો કચરો સાફ થયા પછી જ જો માથાનો કચરો સાફ કરવામાં આવે તો સમાજને ઘણા રત્નો પ્રાપ્ત થઈ શકે એમ છે...શ્રાવકોએ પણ કેટલી દીક્ષાઓ થઈ એ જોઈને તાળીઓ નથી પાડવાની પણ કેવા સાધકોની દીક્ષા થઈ એ જોવાનું છે.

**સવાલ:** સાધુગણના શિથિલાચરણ પાછળ શ્રાવકોનો ફાળો કેટલો?

**જવાબ:** શ્રાવકોનો ફાળો ઘણો મોટો છે. પહેલાં તો શ્રાવકોએ સાધુના આચાર જેનું શાસ્ત્રમાં વર્ણન કરેલું છે તે વાંચીને સમજવાની જરૂર છે. હજી થોડાં વર્ષો પહેલાંની જ વાત છે કે પુરુષોની અવરજવર લગભગ આખો દિવસ સાધુના ઉપાશ્રયમાં ને બહેનોની અવરજવર સાધ્વીજીના ઉપાશ્રયમાં રહેતી. તે અવરજવર વાતો કરવા માટે નહીં પરંતુ પૌષધ, સામાયિક, સ્વાધ્યાય કરતાં જેથી શ્રમણભગવંતોના આચરણ પર પણ અનાયાસે નજર રહેતી. અત્યારે ઉલટું બની ગયું છે. ઉપાશ્રયમાં શ્રાવિકા કે શ્રાવકની અવરજવર પૌષધ-સામાયિક-સ્વાધ્યાય માટે ઘણી ઓછી થઈ ગઈ છે. જે કાંઈ થોડી ઘણી છે તેમાં કામની ને નકામી વાતો ઘણી થતી હોય છે. શ્રાવક-શ્રાવિકા જાણતા નથી કે ઉપાશ્રયમાં કરેલી વિકથાથી કહેનાર ને સાંભળનાર બંનેને નિકાચિત કર્મ બંધાય છે. બહેનોએ બને ત્યાં સુધી સાધુ મહારાજના સાંનિધ્યમાં જવાનું ટાળવું. વંદન-ભક્તિ વ્યાખ્યાન સમયે કરી લેવા. ખાસ કારણસર જવું પડે તો શ્રાવકને સાથે લઈને જવું. ભાઈઓએ પણ આ રીતે સાધ્વીજી મહારાજ માટે સમજી લેવું. જતાં આવતાં રસ્તામાં સાહેબજીને ઊભા રાખી 'સાહેબજી પચ્ચખાણ આપો' આ પણ અવિનય જ છે.

જુઓ ધ્યાન રાખો...'સાધુજીવન એનું નામ છે કે, સામેથી પરિષહોને આમંત્રણ આપી તેને સમતાભાવે વેદવા.' આપણે જાણ્યે-અજાણ્યે એમના આ મહાન કાર્યમાં બાધા નાખીએ છીએ. આપણે ખૂબ જ ભક્તિભાવથી મેવા-મીઠાઈઓ વહોરાવીએ છીએ. એથી શું થાય? તમે એમ માનો છો કે બહુ પુન્ય કમાઈ લીધું? ના... અજાણતાથી સાધનામાં બાધક બન્યા. સાધકે કેવો ખોરાક લેવો તેનું વર્ણન શાસ્ત્રમાં આવે છે. મેવા ને મીઠાઈઓ એવી વસ્તુ છે કે જે વધુ લેવામાં આવે તો વિકારો પેદા થાય છે. જે વિકારોથી અધઃપતન થાય છે. ઉંઘ આવી જાય છે જે સાધનામાં બાધક બને છે. આપણે ભાવાવેશમાં આવી જઈ વિવેક ભૂલવો ન જોઈએ..બીજું **આપણા ઘરમાંથી ખોરાક એમના ઉદરમાં જવાનો છે. એ ખોરાકની શુદ્ધતા જળવાવી જોઈએ. અતિ તેલ-મસાલા વિગઈવાળા ખોરાક એમને ધ્યાનસાધનામાં સ્થિર થવા દેતા નથી. જે કાર્ય માટે સંસાર છોડ્યો છે તેમાં આપણે સહાયરૂપ થવાનું છે, બાધારૂપ નહિ.**

એવું પણ જોયું છે કે ઘણા શ્રાવકો, તકલીફમાં દોરા-ધાગા માટે શ્રમણ પાસે દોડી જાય છે. તમે તમારા સ્વાર્થ માટે એમના ચારિત્રનો ભંગ કરો છો. એનાથી એવા કર્મો બંધાશે કે અનંતા જન્મો સુધી આ વિષચક્રમાંથી બહાર નહી નીકળી શકો...આ જન્મમાં પણ એકવાર કરાવેલું આવું કાર્ય, સાત પેઢી સુધી નડે છે. ખરેખર તો આવા સમયે શ્રાવકે નવકાર મંત્રનો સહારો લઈ, મૌન, ધ્યાનથી કર્મ ખપાવવા જોઈએ. છતાંય દોરા-ધાગા જ કરવા છે? તો શ્રમણવર્ગ છોડીને દુનિયામાં અન્ય લોકો ક્યાં ઓછાં છે? **મનથી દરેક જણ નક્કી કરે કે ગમે તેવી તકલીફ આવે...હું શ્રમણ વર્ગ પાસે કર્મની થીયરી સમજવા જઈશ., મારા મનને શાંત પાડવા માટે જઈશ પણ આવા કાર્ય માટે તો કદી નહીં જાઉં... ન મારે ડૂબવું છે ન એમને ડૂબાડવા છે.**

**એક સમય હતો જ્યારે જંગલમાં વિચરતા રાજા, મહારાજા કે શ્રેષ્ઠીગણ, ક્યારેક ગોચરી માટે સાધુ વેષે નગરીમાં પ્રવેશ્યા હોય ને જો કોઈએ ઓળખી પણ લીધા કે આ તો ફલાણા શેઠ કે ફલાણા રાજા છે તો તેઓ ગોચરી લીધા વગર નગરમાંથી પાછા ફરી જતા. જુઓ આનું નામ છે સંયમ...જે પોતાની ઓળખાણ પણ આપવા માગતા ન હતા.** ને આજે પરિસ્થિતિ ઉલટી છે...ઢોલનગારા સાથે પધરામણી છે. યાદ રાખો...વર્ષો પહેલાં પ્રચારના માધ્યમ ઘણા ઓછા હતા એટલે કાંઈ જાહેર જાહેરાત કરવી હોય તો, શેરીએ શેરીએ ફરીને રાજાના માણસો ઢોલ વગાડતા, લોકો ભેગા થતા ને જાહેરાત થતી. આજે તો પ્રચારના માધ્યમ એટલા બધા વધી ગયા છે કે ઢોલનગારાની જરૂરત જ નથી. વચ્ચેના સમયમાં આવી બધી જરૂરિયાત ઉભી થઈ હતી તો તે પ્રમાણે કર્યું...પણ આજે જરૂરત નથી. આજે એક મિનિટમાં સમાચાર દુનિયાના ખૂણા સુધી પહોંચી શકે છે, પછી આ નિમિત્તે અવાજનું પ્રદુષણ અને અનંતા અનંતા વાયુકાયના જીવોને હણીને શું મેળવવાનું છે? સુજ્ઞ શ્રાવકોએ સમજી વિચારીને બધું ઓછું કરતા જવાની જરૂર છે. બદલાતા સમય પ્રમાણે આપણે બધું બદલી નાખ્યું તો આમાં બદલાવ શા માટે નહીં?

**સાધુપણામાં બાહ્ય દેખાવ, આડંબર, લાઈટના ઝગમગાટ, ઓડિયો, વિડીયો, મોબાઇલ દ્વારા કોઈ એમ સમજતું હોય કે હું 'તત્ત્વજ્ઞાન' લોકોને પીરસું. પણ તત્ત્વજ્ઞાન ભાષણથી પમાતું નથી, તમારું તત્વમય આચરણ જ તત્વજ્ઞાન પીરસી શકે છે.** જો તમારું આચરણ બાહ્ય જ છે, તમારા કષાયો જરાય પાતળા નથી પડ્યા, તમારામાં નામ કમાવાની ને આડંબરની ભાવના અત્યંત જીવંત છે, તમારામાં અપકાય ને વાયુકાયના જીવો પ્રત્યે કોઈ દયાભાવના દેખાતી નથી, **જ્યાં બિલકુલ જરૂર નથી ત્યાં લાઈટોના ઝગમગાટ, વિડીયો વગેરે બતાવે છે કે તમારામાં એકેન્દ્રિય જીવો પ્રત્યેની ભાવના**

**મરી પરવારી છે.** 'સુજ્ઞ શ્રાવકો આ બધુ જુએ છે ને સમજે છે. આ બધું જોઈને તાળીઓ પાડવાવાળા ઓછા છે પણ તુલના કરવાવાળા ઘણાં છે. તેઓ જુએ છે કે ભાષણમાં વાતો તો જીવદયાની થાય છે, પૂજા તો અહિંસાના પૂજારી તરીકે થાય છે, ભાષણ તો કહે છે કે વિનમ્ર બનો. નિરઅહંકારી બનો, આડંબર રહિત બનો, દેખાડો ન કરો ને વર્તન તો એની વિરુદ્ધ છે. મહાવીરનો સિદ્ધાંત તો કહે છે કે વધુમાં વધુ મૌન અને ધ્યાનમાં રત રહો...ને આચરણ બતાવે છે કે વધુમાં વધુ સમય, કામની ને નકામી વાતોમાં રત છે...સગા-સંબંધીને મળવા માટે એટલા જ ઉત્સુક છે. કોઈ મળે તો ખુશ-ખુશ..ના મળે તો દુઃખ, જ્યારે તત્વ તો કહે છે કે 'ગમતામાં ખુશી નહિ ને ન ગમતામાં દુઃખ નહીં' એ જ સાધુ છે, એ જ સાધના છે. સુજ્ઞ માણસ વિચારે છે કે વેશ તો મહાવીરનો છે પણ આચરણ મહાવીરના સિદ્ધાંત વિરૂદ્ધનું છે. પરિણામ એ આવે છે કે શ્રાવક આ બધું જોઈને ધર્મથી વિમુખ થતો જાય છે. ધીરે ધીરે ધર્મપરિવર્તન સુધી પહોંચી જાય છે. જ્યાં એને થોડું ઘણું ગોઠે છે ત્યાં પોતાને ગોઠવી દે છે. માટે **શ્રાવક-શ્રાવિકાઓ તથા શ્રમણવર્ગ ખાસ ખાસ ધ્યાન રાખે કે જો આપણે જૈન ધર્મીઓને બચાવવા હશે તો આપણું આચરણ સુધારવું જ પડશે.**

**સવાલ:** ધર્મ પરિવર્તનના બીજા કારણો કયા? તેનો ઉપાય શું?

**જવાબ:** ધર્મ પરિવર્તનનું બીજું પણ એક મુખ્ય કારણ છે... સાધર્મિકોની ગરીબાઈ. સાધર્મિકોના જો બે છેડા જ ભેગા નહીં થતા હોય તો જ્યાંથી એમને ધન મળતું હશે તે બાજુ વળી જશે. આવી પરિસ્થિતિમાં એવો બદલાવ લાવવો જોઈએ કે આપણા શ્રેષ્ઠીઓના પૈસા એવા કામમાં વળે કે સાધર્મિકોને કામ મળી રહે, ઘર, દુકાન, નોકરી મળી રહે. આપણે સહુ જાણીએ છીએ કે, આપણી પાસે પૈસાની કોઈ કમી નથી. પરંતુ વધારે પૈસો દેવદ્રવ્યમાં જમા થતો હોવાથી તે સાધર્મિકો માટે વાપરી શકાતો નથી. તો સમયની માગ પ્રમાણે બદલાવ લાવવો જરૂરી છે. ઘણા બધા ફેરફારો સુજ્ઞ લોકો તથા સાધુગણ વિચારી શકે છે; જેમકે અમુક સમય માટે એવું નક્કી કરી શકાય કે દેવદ્રવ્યનું અમુક ઘી સામાયિક, પ્રતિક્રમણ, આયંબિલ વગેરેમાં બોલવામાં આવે અને લોકોના એ પૈસા સાધારણમાં બીજી બોલીઓ વધારી એમાં વાળવામાં આવે. જેથી સાધર્મિકની ભૌતિક મદદ માટે વિવિધ યોજનાઓ દ્વારા આ પૈસાનો ઉપયોગ થઈ શકે. **જો થોડાક સાધર્મિકો ઉપર આવ્યા તો તેઓ બીજા ઘણાને ઉપર લાવશે ને જે સાધર્મિકો ફક્ત પૈસા માટે ધર્માંતર કરી રહ્યા છે તે અટકી જશે.**

આ બધા માટે શ્રાવક-શ્રાવિકાએ ખૂબ જ જાગૃત થવાની જરૂર છે. કોઈના પણ શિથિલાચારને પોષવા નહિ, તે માટેની સગવડ કરી આપવી નહીં. બાહ્ય આડંબરમાં સાથ આપવો નહિ. સંઘના આગેવાનોએ રજાના દિવસે બાળકો તથા યુવાનો માટે ને કામના દિવસે વડીલો માટે વારંવાર શિબિરો ગોઠવવી. જેથી શ્રમણવર્ગ એમાં વ્યસ્ત રહેશે તથા બાળકો અને યુવાનોને એવા સંસ્કાર મળશે કે ભવિષ્યમાં સમાજને યુવારત્ન તથા શ્રમણરત્ન પ્રાપ્ત થઈ શકશે.

જ્યારે જ્યારે શિથિલાચારની વાત આવે છે ત્યારે દરેકના મોઢામાંથી એક જ પ્રશ્ન આવે છે કે આપણે શ્રાવકો જ શ્રમણોને બગાડીએ છીએ. આપણે જ એમને એ બધી સગવડ કરી આપીએ છીએ. વાત સાચી છે...પણ આટલું કહીને બેસી જવાથી આ પ્રોબ્લેમ સોલ્વ નથી થઈ જવાનો. દરેક સંઘમાં દસ-દસ જણની એક એવી બાર ટીમ તૈયાર થાય. દરેક ટીમ એક એક મહિનો સંપૂર્ણ કાર્યરત રહે...જેમાં શ્રમણ વર્ગની સેવા-વૈયાવચ્ચ, જરૂરિયાત વગેરે પણ આવી જાય અને શિથિલાચાર જણાય તો ધ્યાનમાં પણ આવી જાય. નિર્ભય, સત્યવાદી, કામગરા ને જેને નામની ભૂખ નથી એવા લોકોની જો આવી ટીમ દરેક સંઘમાં તૈયાર થાય તો સમાજમાં ઘણું પરિવર્તન આવી શકે.

ચોમાસું કોઈપણ સંઘાડાનું થાય અમને તો શુદ્ધ આચારી શ્રમણ જોઈએ જેને લીધે અમારા જેવા શ્રાવકમાં કંઈક શુદ્ધાચાર આવે ને અમારા આત્માનો ઉદ્ધાર થાય. યાદ રાખો–જો મૂળ અને થડ મજબૂત હશે તો જ ડાળી ને પાંદડા સુંદર હશે. આપણે ડાળી ને પાંદડા છીએ. શ્રમણવર્ગ મૂળ અને થડ છે. અગર અમારે જૈનકુળમાં જન્મી કર્મથી પણ જૈન જ બનવું છે. ટ્રસ્ટીગણ વિચારે કે ભલે નાનામાં નાના મુનિનું ચોમાસું થાય...ભલે એમની પાસે શાસ્ત્રજ્ઞાન બહુ ન હોય પણ એમનું શુદ્ધ આચરણ સંઘને ઘણું બધું આપી શકશે...જો બે-ચાર મોટા સંઘમાં પણ આવો દાખલો બેસાડવામાં આવે તો ભવિષ્યમાં ઘણો સુધારો થઈ શકે. **મુખ્ય દેરાસરોના ટ્રસ્ટીઓનું એક સંમેલન થવું ખૂબ જ જરૂરી છે જેમાં આવા આવા કડક નિયમ બનાવવામાં આવે ને કડકાઈથી એનું પાલન કરવામાં આવે** તો ઘણા શ્રાવક કુટુંબોને ધર્મ પરિવર્તન કરતાં રોકી શકાય. ટ્રસ્ટીગણ તથા ધર્મના આગેવાનોએ હવે એક મંચ પર ભેગા થઈ અમુક નિયમો બનાવી તે અનુસાર ચાલવાની ફરજ પાડવાની તાતી જરૂરિયાત ઉભી થઈ છે. જ્યારે આટલા આટલા જૈન ધર્મીઓ અન્ય ધર્મમાં સરકતા જાય છે ત્યારે પણ આંખ નહીં ઉઘડે તો ક્યારે ઉઘડશે?

મેં તો ફક્ત બે-ચાર મુદ્દાની ચર્ચા કરી છે. સુજ્ઞ શ્રાવક તથા શ્રમણ આ દિશામાં ઘણું વિચારી શકે એમ છે ને ઘણું આચરણમાં પણ મૂકી શકે એમ છે. બસ જરૂર છે ફક્ત હિંમતભર્યા પગલાંની.

મહાવીરના નિર્વાણ પછી ૨૫૦૦ વર્ષ ભસ્મગ્રહના પ્રભાવે ધર્મની પડતી થવાની હતી...તે કાળ હવે પૂર્ણ થયો છે. ફરી સારો ધર્મ યુગ જરૂર પ્રગટશે. જેનો લાભ આપણી ભાવી પેઢીને જરૂર મળશે.

આ લેખ વાંચ્યા પછી વાચક તરફથી આવેલ સવાલ-જવાબ.

**સવાલ:** આજે કોઈના દીક્ષાના ભાવ થયા...તમે એને આજે દીક્ષા ન આપો...પાંચ વરસમાં ટ્રેનીંગમાં રાખો ને પછી એના ભાવ ન રહ્યા તો? પછી શું કરવું? એના કરતાં આજે દીક્ષા આપી દેવી સારી ને? કોઈ બાળકને દીક્ષાની ઇચ્છા થશે તો?

**જવાબ:** ધારો કે તમે એના આજે ભાવ થયા ને દીક્ષા આપી–હવે તે વ્યક્તિ સાધુપણામાં છે બરાબર? પણ પાંચ વરસ પછી

સાધુપણાના ભાવ ન રહ્યા. પછી શું કરશો? કપડાં સાધુના પણ ભાવ સાધુના નથી તો શું કરશો? નહીં એ પોતાનો ઉદ્ધાર કરી શકશે, નહીં અન્યનો.

માટે જ કહું છું જેના આજે દીક્ષાના ભાવ થયા તેને જે સમુદાયમાં દીક્ષા લેવાની ભાવના છે તે સમુદાયવાળા પોતાની સાથે લઈ લે...તેજ દિવસથી એની ભાવ દીક્ષા ચાલુ. પ્રથમ એક વરસ તો તેના સંસારી સંબંધો બિલકુલ કાપી નાખે...સમાજ સાથેનો કોઈ સંપર્ક નહિ–ન છાપું, ન ટીવી, ન પિક્ચર, ન મોબાઈલ, ન લેપટોપ દરેકથી પર થઈને ઓછામાં ઓછું એક વરસ આ રીતના આનંદથી જીવી બતાવે...જેને ખરેખર નિર્વેદ-સંવેદ જાગ્યો નથી તે તો એક વરસમાં જ રવાના થઈ જશે, પણ આટલી ટ્રેનીંગમાંથી પસાર થયા પછી મૌન-ધ્યાન ને એકાંતની ટ્રેનીંગ ચાલુ કરવાની...**એ કેટલો વિહાર કરી શકે છે કે કેટલો તપ કરી શકે છે તે દીક્ષાનું માપદંડ નથી. માપદંડ તો એ છે કે જન સંપર્ક વગર કેટલો રહી શકે છે? કેટલો મૌન અને ધ્યાનમાં રહી શકે છે? અઘોર પરિષહ સમતાપૂર્વક સહી શકે છે કે નહીં? ખરેખર સંસાર રસિકતા ઓછી થઈ છે કે સ્મશાન વૈરાગ્ય છે? દુ:ખગર્ભિત, દ્વેષગર્ભિત કે સ્વાર્થગર્ભિત દીક્ષા તો નથી ને?** આ બધી ચકાસણીની અને આકરી ટ્રેનીંગની જરૂર છે. બાકી તમારા ભાવ થયા ને તે જ દિવસથી આવી જા ગુરુ મહારાજની નિશ્રામાં તમારી ભાવદિક્ષા આજથી જ શરૂ...

જો કોઈ બાળકને ભાવ થયા તો તેના માટે પણ આજ નિયમ છે. જો તેના મા-બાપ, કુટુંબીઓ રાજીખુશીથી દીક્ષા આપવા તૈયાર છે તો લઈ લો એ બાળકને ગુરુમહારાજની નિશ્રામાં. એનો કુટુંબ, સમાજ સાથેનો સંપર્ક કાપી શાસ્ત્ર અધ્યયન, વિનય, એકાંત અને મૌનની ટ્રેનીંગ ચાલુ કરો. જો દૂધના ઉભરા જેવા ભાવ હશે તો થોડા સમયમાં શમી જશે ને જુઓ પાંચ-દસ વરસ પછી પણ એટલા જ સુંદર ભાવ છે તો જરૂર દીક્ષા આપો. સમાજને આવા રત્નોની જ જરૂર છે. આવા ટકોરા બંધ શિષ્યો આવે તો જૈન સમાજનો ઉદ્ધાર થયા વગર રહે નહિ. પણ એ માટે પહેલાં ગુરુએ ટકોરાબંધ બનવાની જરૂર પડશે તે ધ્યાનમાં રહે.

૧૯, ધર્મપ્રતાપ, અશોક રોડ, દામોદરવાડી, કાંદિવલી (ઈસ્ટ).
મુંબઈ-૪૦૦ ૧૦૧. Mob. : 9892163609.

## જૈન ધર્મે મને શું આપ્યું?

☐ ગુલાબ દેઢિયા

મને શું મળ્યું, મને શું મળશે, એ પહેલાં વિચારવું એ મનુષ્ય સ્વભાવ છે. લેવું સહેલું છે, દેવું અઘરું છે.

કવિવર ઉમાશંકર જોશી યાદ આવે છે. એમણે 'તેં શું કર્યું?' કાવ્યમાં પ્રથમ પંક્તિમાં જ લખ્યું છે:

'દેશ તો આઝાદ થાતાં થઈ ગયો,
તેં શું કર્યું?'

મને કહેવાનું મન થાય છે, જૈન ધર્મ કોઈ પુણ્યના પ્રતાપે મળતાં તો મળી ગયો પણ જીવ! તેં શું કર્યું? પર્યુષણ પર્વમાં મને એક લગ્નગીત યાદ આવે છે. વાત તો સાંસારિક છે પણ અંદર સંસ્કારની સોડમ છે.

કન્યા પરણીને સાસરે જાય છે. થોડા સમય બાદ એ નવવધૂ પોતાને પિયેર આવે છે, ત્યારે તેની માતા પૂછે છે, 'દીકરી તારા સાસરાના દાગીના તો દેખાડ!' દીકરી કહે છે: 'દાગીના, દાગીના શું કરો? મારા દાગીના મારો કુટુંબ પરિવાર!'

રાજી થઈને માતા કહે છે: 'ધન્ય, ધન્ય દીકરી તારી જીભને, જે જીભે કીધા કુટુંબવખાણ!'

જૈન ધર્મે મને નખશિખ આભૂષણોથી, અલંકારોથી, ઘરેણાથી શણગારી દીધો છે. રોમે રોમે ને શ્વાસે શ્વાસ ધર્મની ભેટ વગર ખાલી નથી. મન તો કહે છે, કષાયોને કહી દો હવે અહીં સોયની અણી જેટલી પણ જગા ખાલી નથી.

ધર્મ કરવાનો નથી હોતો, એ તો જીવવાનો હોય છે. ધર્મ પર્વના દિવસો પૂરતો જ નથી, એ તો શ્વાસોચ્છ્વાસ જેવો આજીવન છે, કાયમી છે, ભારરહિત છે, સહજ છે. લેનાર થાકે તોભલે થાકે, દેનાર થાકે એવો નથી. જૈન ધર્મે સૌ પ્રથમ તો ગુણોપાસનાની અમૂલ્ય ભેટ આપી. નમસ્કાર મહામંત્રની વિશાળતા, અગાધતા, ઓપનનેસ ક્યાંથી ક્યાં લગી છે!

જૈન ધર્મે આત્મતત્ત્વની ઓળખ આપી. એજ સર્વસ્વ છે, એને જ ઓળખવાનો છે, ફરી ફરી, હંમેશાં. જૈન ધર્મે 'વિવેક'નો ચૂડામણિ આપ્યો. શુભ વિચારનું મહત્ત્વ સમજાવ્યું. વિચાર સર્વ કાર્યોનો રાજા છે. બધા સારા કે નરસા ખેલ વિચાર કરાવે છે. મનના ભાવ–એ ભાવના જેને ભવતારિણી કહી. જૈન ધર્મે દરેક કાર્યમાં દરેક સમયે નીર-ક્ષીરનો વિવેક કરતાં શીખવ્યું. સાર્થક લેવું ને નિરર્થક છોડવું એ માસ્ટર કી આપી.

'અહિંસા'નું અક્ષયપાત્ર ધર્મ આપે છે. એક અહિંસા સમજાય તો બધું ઝળહળી ઊઠે છે. અંતરમાં દીવા થાય છે. હિંસા સર્વત્ર છે, આપણે ક્યાં, કઈ રીતે, કેટલું બચી શકીએ એ સમજ મહત્ત્વની છે.

બધા જ સદ્‌ગુણો એકમેકથી જોડાયેલા છે. નિરાંતે વિચાર કરતાં કરુણા આવે, કરુણાથી ક્ષમા સુધી પહોંચાય, ક્ષમાથી સ્વનો વિચાર, સ્વના વિચારથી પરનો વિચાર આવે, ત્યાંથી અહિંસા, ત્યાંથી ધ્યાન, ધ્યાનથી ઋજુતા, ઋજુતાથી સમતા, સમતાથી સાવધાની, સાવધાનીથી પરિણામલક્ષિતા, પરિણામલક્ષિતાથી પરિગ્રહપરિમાણ, પરિગ્રહપરિણામથી સંતોષ, સંતોષથી પ્રસન્નતા, પ્રસન્નતાથી મૈત્રીભાવ, મૈત્રીથી ઉદારતા, ઉદારતાથી અનેકાન્ત, અનેકાન્તથી નિરહંકાર ત્યાંથી ફરી આત્મવિચાર...અહોહો! કેવી રમ્ય ધર્મમાળ છે!

ધર્મ એક વિશેષ ભેટ આપે છે: 'તારો કોઈ શત્રુ નથી.' જે કંઈ થયું, થાય છે અને થશે એ બધું કર્મવશ છે. તારા જ કર્મનું ફળ છે. અન્યને વિરોધી, શત્રુ કે પ્રતિસ્પર્ધી માનવાની રખે ભૂલ કરતો. આ તો કેવડા મોટા આનંદની વાત છે!

ATM એટલે એની ટાઈમ મની નહિ કે એની ટાઈમ મોબાઈલ નહિ પણ ATM એટલે એની ટાઈમ મહાવીર. એક વાર મનમાં

મહાવીર વસ્યા કે આપણે હળવાફૂલ! જીત્યા. 'મેરા મહાવીર' બોલવા જેવા શબ્દો છે. અંતરમાં પ્રસન્નતા છવાઈ જાય એવો આ મંત્ર છે. શ્રાવક પાસે શ્લોક હોય તો કોઈ વાતે શોક ન હોય.

કવિ પ્રીતમદાસનું 'હરિનો મારગ છે શૂરાનો' એ કાવ્ય યાદ કરવા જેવું છે. કવિ છેલ્લી પંક્તિમાં કેવા ઉલટથી લખે છે:

*'રામ અમલમાં રાતામાતા પૂરા પ્રેમી પરખે જોને,*
*પ્રીતમના સ્વામીની લીલા તે રજની દિન નિરખે જોને.'*

આ પંક્તિમાં 'અમલ' શબ્દ સમજવા જેવો છે. અહીં અમલ એટલે સત્તા નહિ પણ 'નશો' એ અર્થ છે, ભક્ત તો રામના નશામાં, કૅફમાં રાતોમાતો છે. પૂરો પ્રેમી છે. આપણામાં પણ મહાવીરના નામનો કૅફ જાગવો જોઈએ. આ પૅશન કરવા જેવું છે. જેમ વૃક્ષ સ્થાપી ન શકાય, એને વાવવું પડે. પેલું નાનકડું રાઈના દાણાથીય નાનું વટવૃક્ષનું બીજ માટીમાં ભળી જાય, ઓગળી જાય, ઓતપ્રોત થઈ ત્યારે પ્રગટે. નાનકડા બીજમાં વટવૃક્ષ પલાંઠી વાળીને બેઠું હોય છે ને! તેમ આપણા બીજને ધર્મમાં ઓળઘોળ કરી દેવો રહ્યો.

ધર્મ આપે છે, જીવમાત્ર પ્રત્યે અમાપ મૈત્રી. સંસારમાં તો આપણા પાંચ-પચીસ, સો-બસો મિત્રો હોય અહીં તો ચોર્યાસી લાખ જીવ યોનિ સાથે મૈત્રી કરવાની વાત છે. 'અનુમોદના'ની ભાવના જ કેવી રસભરી છે.

એક વાર કરુણાનો ભાવ જાગ્યો કે જીવરક્ષાના પ્રસંગો સામે ચાલીને આવ્યા જ કરશે. 'જયણા ઉ ધમ્મ જણણી.' જયણાને ધર્મની જનની કહી છે. આ યતના, આ સંભાળ, કાળજી અદ્‌ભુત વસ્તુ છે. જોઈને ચાલીએ, જોઈને બોલીએ, બેસીએ, કામ કરીએ તો સૂક્ષ્મ જીવોની હિંસા ન થાય. એક જીવને બચાવવો એ કેવડા મોટા આનંદની વાત છે. મોંઘામાં મોંઘી વસ્તુ લાખ કે કરોડ રૂપિયાથી ખરીદી શકાય છે પણ એક જીવ! એ તો જયણાથી જ બચાવી શકાય છે.

જૈન ધર્મ કેવો હકારાત્મક, પોઝિટીવ થિન્કીંગવાળો છે, કહે છે: જ્યાં લગી શરીર છે ત્યાં લગી ગુણોની અભિલાષા કરતા રહો. વિનયમૂલો ધર્મ એમ પણ કહ્યું. ધર્મના આચરણના મૂળમાં વિનય છે. વિનય તો સર્વ ગુણોનો રાજા છે. વિનય આવે પછી અસંભવ શું રહે! બધાં જ કાર્યો વિનયથી કેવા શોભી ઊઠે છે!

ધર્મ કેવો તર્કબદ્ધ છે, લોજિક કેવું પાવરફૂલ છે? બૃહતકલ્પમાં કહ્યું છે: જિનેશ્વર ભગવંતોએ ક્યારેય કોઈ એક જ હકીકતને અનુમતિ નથી આપી તેમજ કોઈ એક જ હકીકતનો નિષેધ નથી કર્યો. આત્મશુદ્ધિની સિદ્ધિ માટે જે કાળે જેમ અને જેટલું યોગ્ય હોય તેમ અને તેટલું તે કાળે આચરવાનું કહ્યું છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને અનુસરી બાહ્ય ક્રિયાઓ કરવાનું કહ્યું છે. અતિ સર્વત્ર વર્જયતે એ વાત પણ અહીં સુસંગત છે.

મને ગમતી અને આચરવામાં થોડી સહેલી બે વસ્તુઓ મને હોંકારો દઈ રહી છે. પહેલી અદ્‌ભુત ચીજ છે: 'અનર્થદંડવિરમણ.' મોટા ભા બનવાનું છોડજે, પાપકાર્યોની સલાહ નહિ આપતો, મળશે કંઈ નહિ પણ કર્મ બંધાશે. વિવાદથી બચવા મૌન અને વગર પૂછ્યે સલાહ ન દેવી.

તું બીજા તપ કરવામાં કાચો હોય તો ધર્મ તને એક સહેલું તપ સૂચવે છે: 'ઊણોદરી'. રોજના ભોજનમાંથી એક કોળિયો તો ઓછો કર. ત્યાગનો એકડો શીખાશે. તન ઠીક રહેશે, છોડવાની ભાવના પોષાશે. ફરી ફરી કહેવાનું હોય તો જૈન ધર્મ વિચાર પર ઊભેલો, અડીખમ ઊભેલો ધર્મ છે. અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અનાચારનો ક્રમ એ વાત સૂચવે છે. શરૂઆત વિચારથી થાય છે, માટે ત્યાં ચેતી જા.

સામૂહિક રીતે ક્રિયાઓ જરૂર થઈ શકે પણ ધર્મ તો ખરો વ્યક્તિગત છે. દરેકનાં સ્વભાવ, પરિસ્થિતિ, કાળ વગેરે ભિન્ન ભિન્ન હોવાના. દરેક વસ્તુ ક્યારે કેવી અસર કરશે તે ધર્મ 'સમવાય'માં સમજાવે છે. જૈન ધર્મ સ્પષ્ટતાનો ધર્મ છે. સતત માનસિક અભ્યાસનો ધર્મ છે.

'જે જે સમયે જીવમાં જેવા જેવા ભાવ જાગે છે તે તે સમયે જીવ તેવા તેવા શુભ કે અશુભ કર્મ બાંધે છે.' કેવડી મોટી વાત સરળ શબ્દોમાં કહી દીધી છે!

આપણા સાંસારિક જીવન માટે નિર્વ્યસનીપણું, અન્નાહાર જેવા કેવા ઉત્તમ ગુણો જન્મતાં જ મળી ગયાં.

ધર્મ માતાનો ખોળો છે, સદાય શાતાદાયક છે. માતા-પિતા, ગુરુજનોના ઉપકારોની યાદી ન બનાવી શકાય તેમ ધર્મે શું આપ્યું એ કહેવું એ તો તડકાને કાચની શીશીમાં ભરવા બરાબર છે.

ધર્મે કોઈની પણ આજીવિકામાં અવરોધ ઊભો કરવાની ના પાડી. પોતાની આજીવિકા અલ્પમાં અલ્પ હિંસાવાળી હોય તે માટે અપ્રમત્ત રહી પ્રયત્ન કરવા કહ્યું. ગુણવાનોના ગુણની પ્રશંસા કરવા કહ્યું.

જૈન ધર્મે ચિંતા કરી તો આત્માની, હિત જોયું તો આત્માનું, આદર કર્યો તો આત્માનો. આત્મા અને ગુણ એ સાચા સખા જેવા ઉત્તમ શબ્દો ધર્મે આપ્યા.

કોઈ પણ સદ્‌ગુણનું નામ બોલો અને તેના વિશે વિચારો તો ખ્યાલ આવશે કે જૈન ધર્મે તેના વિશે ઊંડાણથી વિશદ રીતે છણાવટ ન કરી હોય! જૈન ધર્મનું ગણિત, આરોગ્યશાસ્ત્ર, દાન ભાવના, વૈજ્ઞાનિક અભિગમ, સિવિક સેન્સ, નિર્ગ્રંથતા, સ્વ અને પરનો વિચાર બધું સમગ્ર રીતે, સર્વગ્રાહી રીતે, સર્વ સમય માટે કહ્યું છે.

આત્મા પુરુષાર્થ કરે તો પૂર્ણતાને પાણી શકે છે, એ જ એની પોઝિટીવ એટીટ્યૂડ છે. એક માટે શક્ય છે તે બીજા માટે શક્ય છે. જૈન ધર્મે આપણને પ્રશ્નો પૂછવાનું શીખવ્યું. પ્રશ્ન જાગશે તો ઉત્તર મળશે.સામાયિકની સમૃદ્ધિ આપી અને પ્રતિક્રમણનો પારસમણિ આપ્યો.

કલ્પવૃક્ષ નીચે બેઠા છીએ. સ્વાધ્યાયની બારમાસી વસંત અહીં છે. હવે એમ કહીશ કે, જૈન ધર્મે મને શું આપ્યું એ તો પ્રશ્ન જ ક્યાં છે, મહત્ત્વનો પ્રશ્ન તો એ જ છે કે, જૈન ધર્મમાંથી મેં શું હૈયાવગું કર્યું?

જૈન ધર્મે નિયાણું કરવાની ના પાડી છે પણ આપણે તો ધરાર નિયાણું કરવાના કે, ભવોભવ મને જૈન ધર્મ મળજો. ✶ ✶ ✶

(આશાદીપ ચેરિટેબલ ટ્રસ્ટ આયોજિત વ્યાખ્યાનમાળામાં જે વાર્તાલાપ કર્યો તેનું લેખિત રૂપ અહીં છે.)

*૧૮/૬૪, મનીષ કાવેરી, મનીષ નગર, ચાર બંગલા, અંધેરી (વે.), મુંબઈ-૪૦૦ ૦૫૩. Mob. : 9820611852.*

# મહાવીર જયંતીના પ્રસંગે વડા ધર્મગુરુ પોપ ફ્રાન્સિસ પોતાની આંતરધર્મીય સંવાદ સમિતિ દ્વારા સૌ જૈનો માટે સંદેશ પાઠવે છે

☐ અનુવાદક : ફાધર વર્ગીસ પોલ, એસ. જે.

સ્નેહી જૈન મિત્રો,

આપે એપ્રિલ ૯, ૨૦૧૭ના રોજ તીર્થંકર વર્ધમાન મહાવીરની ૨૬૧૫મી જન્મજયંતી ઉજવી. તે પ્રસંગે આંતરધર્મીય સંવાદ માટેની વડાધર્મગુરુ પોપ ફ્રાન્સિસની સમિતિ આપ સૌને ઉષ્માભરી શુભેચ્છાઓ પાઠવે છે. આ ઉત્સવ આપના દિલમાં, કુટુંબોમાં અને સમાજમાં આનંદ અને શાંતિ લાવે છે!

આજે દુનિયાના મોટા ભાગના વિસ્તારોમાં ઘણા પ્રકારના આતંક અને કેર પ્રસરેલા છે તે આપણા બધાને માટે ચિંતારૂપ બન્યા છે. આવા સંદર્ભમાં આપણે ખ્રિસ્તીઓ અને જૈનો આપણા કુટુંબો અને સમાજમાં અહિંસાની ભાવનાને વિકસાવવામાં અને અહિંસાને પોષવામાં સાથીદાર–ભાગીદાર બની શકીએ.

આતંક અને કેર માટેનાં કારણો અનેક છે, વૈવિધ્યસભર છે, અટપટા છે અને ભિન્નભિન્ન રીતે તે પ્રગટ થાય છે. ઘણી વાર તંદુરસ્ત ઉછેરના અભાવે સમાજમાં આતંક ફેલાય છે. એ જ રીતે માણસના મનમાં ખોટા મત અને ભાવનાઓ ઠસાવવાને કારણે પણ સમાજમાં કેર વર્તાય છે. આજે સમાજમાં વધતા જતા આતંક અને કેરના સંદર્ભમાં આપણા કુટુંબોએ (નીતિન્યાય અને સભ્યતાની) સાંસ્કૃતિક શાળા બનવાની તાતી જરૂર છે. આપણા કુટુંબોમાં અહિંસાના મૂલ્યોનું જતન કરવા માટે બધા જ પ્રયત્નો કરવા જોઈએ.

અહિંસાને ચોક્કસપણે અમલમાં મૂકવા માટે માણસના જીવનનો એક સુવર્ણ નિયમ છે: 'બીજાઓ પાસે તમે કેવા વર્તનનો આગ્રહ રાખો છો, તેવું જ વર્તન તમે બીજા સાથે કરો.' એટલે બીજાને આદરમાન આપવું જોઈએ. એમાં તમારાથી ખૂબ ભિન્ન હોય એવા માણસોનો પણ સમાવેશ થાય છે. કારણ, સૌ માણસોને માનવ હોવાને નાતે માનવગૌરવ અને ગરિમા હોય છે અને માણસને કદી છૂટા પાડી ન શકાય એવા હક્કો છે. કોઈ પણ માણસને ખુદ પોતાને શોભે એ રીતે જીવવામાંથી આ બાબત સ્વયં ફલિત થાય છે.

દુઃખની વાત એ છે કે, અમુક લોકો બીજાને, ખાસ તો પોતાનાથી ભિન્ન હોય એવા લોકોને, સ્વીકારી શકતા નથી. એના કારણોમાં લોકો પોતાની જાતને બીજાઓથી ઊંચા કે ચડિયાતા ગણે છે. બીજા પર ભરોસો મૂકી શકતા નથી. વળી, બીજાઓ અંગે અજ્ઞાન છે અને બીજાઓથી ડરે પણ ખરા. પરિણામે વ્યાપકપણે અસહિષ્ણુતા છે અને અનિષ્ટ અને અત્યાચારો થાય છે. પોપ બેનેદિકતે ૨૦૦૮ ફેબ્રુઆરી ૧૮મીના એક સંદેશમાં કહ્યું હતું તેમ, આવી પરિસ્થિતિનો 'વધુ ને વધુ' પ્રેમ અને ભલમનસાઈથી સામનો કરવો જોઈએ.

આ 'વધુ ને વધુ' માટે ઉપરવાળાની દૈવી કૃપા જોઈએ. અને એને પોષવા અને વિકસાવવા માટે એક 'જગ્યા' જોઈએ. કુટુંબ જ એ જગ્યા છે જ્યાં આતંકને સામે અહિંસા અને શાંતિની સંસ્કૃતિને પોષવા માટે ફળદ્રુપ જમીન છે. પોપ ફ્રાન્સિસે ૨૦૧૬માં બહાર પાડેલા 'પ્રેમનો આનંદ' નામના પરિપત્ર (નંબર ૯૦-૧૩૦)માં જણાવ્યું છે તેમ, કુટુંબમાં બાળકો પોતાનાં માબાપ અને વડીલોના દાખલાઓથી પ્રેરણા અને પ્રોત્સાહન મેળવીને એકબીજાની સારસંભાળ રાખતા શીખે છે તથા સંઘર્ષો અને ઝગડાઓ બળજબરીથી નહિ પણ સંવાદ, આદરમાન અને સારસંભાળથી કરુણા અને માફીના પાઠો શીખે છે. કુટુંબના માણસોએ અહિંસક સભ્યો બનીને જ સમાજમાં અહિંસાને દૈનિક જીવનના રીતરિવાજ બનાવી શકીએ.

આપણા બંનેના ધર્મો પ્રેમ અને અહિંસાના જીવનને પ્રાથમિકતા આપે છે. ઈસુએ પોતાના અનુયાયીઓને પોતાના શત્રુઓ ઉપર પણ પ્રેમ રાખવાની શિખામણ આપી છે (જુઓ લૂક ૬:૨૭) અને ખુદ પોતાના વિશિષ્ટ દાખલાથી એવું કરતા રહેવાની પ્રેરણા તેમને આપી છે. પોપ બેનેદિક્તે ઉપરોક્ત સંદેશમાં જણાવ્યું છે તેમ, 'પ્રેમ અને સત્ય પર આધારિત અહિંસા કેવળ એક વ્યૂહાત્મક આચારવિચાર નથી પરંતુ માણસના હોવાપણાના રીતરિવાજ છે.' આપ જૈનો માટે આપના ધર્મની લંગાર અહિંસા છે. અહિંસા પરમોધર્મ (એટલે અહિંસા જ પરમોત્તમ ગુણ કે ધર્મ છે.)

આપણે શ્રદ્ધાળુઓ તરીકે આપણે દૃઢ માન્યતાઓ ધરાવીએ છીએ અને માણસો તરીકે માનવકુટુંબ માટેની જવાબદારીની ભાવનામાં આપણે સાથીદાર–ભાગીદાર છીએ. તો બીજા બધા શ્રદ્ધાળુઓ અને ભલમનસાઈવાળા બીજા બધા માણસો સાથે મળીને સામૂહિક અને વ્યક્તિગત રીતે આપણાં કુટુંબોને અહિંસાના મૂલ્યોને જતન કરવાની નર્સરી બજાવીએ; એ રીતે આપણે આપણા સૌના ઘરસમી ધરતીની અને અહીંના સૌ રહેવાસીઓની સારસંભાળ રાખીએ.

આપ સૌને કલ્યાણકારી પર્વ મહાવીર જયંતીની શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

**Jeans-Louis Carinal Tausan,** પ્રમુખ
અને
**Bishop Miguel Angel Ayuso Guizot,** M.C.C.J., મંત્રી

# સંલીનતા – છઠ્ઠું બાહ્યતપ

❑ સુબોધીબેન સતીશ મસાલીઆ

સંલીનતા એટલે બાહ્યતપનું અંતિમ અંગ. અંતરતપમાં પ્રવેશ કરવા માટેનું દ્વાર. સંલીનતાનો સામાન્ય અર્થ આપણે એવો કરીએ છીએ કે હાથ-પગ-શરીર સંકોચી રાખવું–શરીરના અંગોને કારણ વગર હલાવવા નહિ. પણ આટલા સ્થૂળ અર્થથી સંલીનતા જેવું ગૂઢ તપ સધાતું નથી.

**સંલીનતાનો અર્થ છે પોતાનામાં લીન થવું. પોતાનામાં જ સંપૂર્ણપણે લીન. જેની બહારની બાજુ કોઈ ગતિ નથી.** ગતિ તો હંમેશાં બીજા તરફ જવા માટે જ કરવી પડે છે. પોતાનામાં જવા માટે કોઈ ગતિની જરૂર નથી. આપણે પોતાની પાસે જ તો છીએ. આમ જ્યારે અક્રિયતા (કાયાની સ્થિરતા), અગતિ અચલતા આવી જશે ત્યારે શરીર અને મન સ્થિર થઈ જશે. પોતાનામાં એટલા લીન થઈ જાઓ કે બીજું કાંઈ બચે નહીં, તો સંલીનતા સધાશે. જ્યારે પહેલાં અંદરની ચેતના કંપાયમાન થાય છે, ત્યારે જ શરીર પર હલનચલન વર્તાય છે. હજી એવું બની શકે, કે કોઈ પોતાના શરીરને સંલીન કરી બેસી જાય, એક આંગળી પણ ન હલે એ રીતે, પછી ભલે ભીતરમાં તોફાન ચાલતું હોય, પણ તેથી સંલીનતા ક્યાં? **જ્યારે ભીતરમાં એટલું બધું શાંત થઈ જાય કે કોઈ તરંગ કે કંપન શરીર પર ન દેખાય ત્યારે ખરેખર સંલીનતા સધાય છે.**

પરંતુ સંલીનતાનો અભ્યાસ કરવો પડશે. આપણે જન્મોજન્મથી બહાર ચાલી જવા માટે ટેવાયેલા છીએ. જન્મ્યા ત્યારથી બહિર્મુખી થઈને જ જીવ્યા. અંદર જવાનો કોઈ અભ્યાસ નથી. ચિત્તનું બહાર જવું એ તો જાણે પાણીનું નીચેની તરફ વહી જવા જેવું છે. એને માટે કાંઈ કરવું પડતું નથી. પરંતુ ભીતર આવવાનું મોટો પ્રવાસ કરવા જેવું લાગે છે. આપણા મનને ભીતર કેવી રીતે જવું તેની ખબર જ નથી. આપણે ભીતર જતા જ ન હોઈએ તો એમાં કુશળ કેવી રીતે થવાય? આપણું માનવ મન જે આપણી આદતોના જોરે આપણી બેહોશીમાં, આપણી જાણ બહાર આપણને બહારની ચીજ– વસ્તુઓ–વ્યક્તિઓ તરફ આપણું ધ્યાન ખેંચ્યા કરે છે. એટલે પ્રથમ બહાર જવાનો અભ્યાસ મિટાવવો પડે. પછી અંદર જવાનો અભ્યાસ થઈ શકે.

માનવમનની જે બહાર જવાની પ્રવૃત્તિ છે એને હોશપૂર્વક, જાગૃતતાપૂર્વક જુઓ. દા. ત. મન કહેશે 'એકલા શું બેસી રહ્યા છો? ચાલો અમુક જણને ત્યાં જઇએ? તો જાગૃતતાપૂર્વક વિચાર કરો કે તેને ત્યાં જઈને શું કરવાનું છે? એની એ જ વ્યર્થ વાતો? તબીયત કેમ છે? મોસમ કેવી છે? વગેરે વગેરે. જો મન જાગૃત હશે તો આવું નકામું કાર્ય નહીં કરીએ. નકામી ચીજોમાં રસ હંમેશાં બેહોશીમાં જ આવે છે. જાગૃતતાપૂર્વક નકામી ચીજોમાં રસ લઈ શકાતો નથી. એટલે આપણા મનની બહાર જવાની પ્રત્યેક ક્રિયા પર જાગૃતિપૂર્વક પહેરો હશે તો એક પછી એક વ્યર્થ ક્રિયાઓ છૂટી જશે અને જીવનને માટે અનિવાર્ય એટલી જ ક્રિયાઓ ટકી રહેશે.

**નકામી ક્રિયાઓ થવાની બંધ થશે તો શરીર ધીમે ધીમે સંલીન થતું જશે. આપણે એવી રીતે વર્તશું કે જાણે પોતાનામાં સ્થિર થઈ ગયા. શરીર તો સ્થિત થઈ ગયું. સાથે મન પણ સ્થિર થઈ ગયું. માટે જે મનની આદત છે બહાર ભાગી જવાની તેના પ્રત્યે જાગૃત થઈ જવાની જરૂર છે. જ્યારે શરીર અને મન બંને પ્રત્યે જાગૃત થઈ જવાશે ત્યારે જ અંદરમાં ઉતરી શકાશે.**

ભીતરમાં જવા માટે એવી ચીજોમાં રસ લેવો પડશે કે જેમાં સંલીનતા સ્વાભાવિક છે. દા. ત. ક્રોધ બહાર લઈ જાય છે, કરૂણા અંદર. શત્રુતા બહાર લઈ જાય છે, મિત્રતા અંદર. શાંતિના ભાવમાં, આખા જગત પ્રત્યે કરૂણાના ભાવમાં સંલીનતા સ્વાભાવિક છે. આ ભાવોમાં સ્થિર થવાથી અંદરની યાત્રા શરૂ થાય છે. જે આંતરતપ છે તેના માટે સંલીનતા દ્વાર છે. સંલીન થયા વિના, આંતરતપમાં પ્રવેશ નથી. બધા તપ એકબીજા સાથે જોડાયેલા છે. એમાંથી એક છોડશો તો બીજું નહીં થઈ શકે. **આ પહેલાં પાંચ બાહ્યતપની વાત કરી. તે બધાં શરીરની શક્તિના સંરક્ષણ માટે છે. આ છઠ્ઠું બાહ્યતપ સંલીનતા સંરક્ષિત શક્તિનો અંદર જતો પ્રવાહ છે. શક્તિ બચશે તો અંદર જવાશે. આપણે તો આપણી મોટાભાગની શક્તિ બહાર વેડફી નાખીએ છીએ. ભીતર જવા માટે કોઈ શક્તિ બચતી જ નથી.**

સંલીનતાનો પ્રયોગ જો કોઈ બરાબર કરે, બધી જાતના ભય છોડીને, સાક્ષી બનીને, જે બની રહ્યું છે તેનો સ્વીકાર કરીને, અંતર મુખી યાત્રા થાય એ જે 'હું જ છું' એવો અનુભવ થાય. પછી શરીરના દુ:ખ એના રહેતા નથી. શરીર પર બનતી ઘટનાઓ એના પર બનતી હોતી નથી. શરીરનો જન્મ એનો જન્મ નથી. શરીરનું મૃત્યુ એનું મૃત્યુ નથી. જે બધું બહારનું છે તે છૂટી જશે. આખું જગત, શરીર અને મન બધું ભૂલાઈ જશે. માત્ર ચૈતન્યનો દીવો ભીતરમાં ઝગારા માર્યા કરશે.

ચલો સંલીનતા જેવા મહાન તપને જરા વધુ બારીકાઈથી સમજીએ. કોઈની છાતી પર છરો લઈને ચઢી બેસીએ ત્યારે જ આક્રમણ થાય છે એવું નથી, આપણે બીજાનો વિચાર કરીએ છીએ ત્યારે બીજા પર આક્રમણ થઈ જાય છે. બીજાનું મારા ચિત્તમાં હાજર થવું એ પણ એક આક્રમણ છે. આક્રમણનો અર્થ જ છે, હું બીજાની તરફ ગતિમાન થયો. પછી છરો લઈને ગયો બીજાની તરફ કે આલિંગન કરવા ગયો, બીજાની તરફ સદ્‌ભાવથી ગયો કે અસદ્‌ભાવથી. બીજાની તરફ ગતિ કરતી ચેતના આક્રમક છે. જેનું ચિત્ત કાંઈ બીજામાં કેન્દ્રિત થયું હોય છે ને હંમેશાં આક્રમક હોય છે. આક્રમણનો અર્થ છે બહાર જવું તે. મહાવીરે એક સુંદર શબ્દનો પ્રયોગ કર્યો છે–પ્રતિક્રમણ. પ્રતિક્રમણનો અર્થ છે ભીતર પાછા ફરવું તે. સ્વગૃહે પાછા ફરવું તે. એટલે જ મહાવીરે અહિંસા માટે આટલો બધો આગ્રહ રાખ્યો છે. કોઈપણ પ્રકારનું ચિત્તનું આક્રમણ ન થવું જોઈએ. એવું બનશે તો જ સંલીનતા ફલિત થશે. આ બધા છ બાહ્યતપને છ આંતરતપ સંયુક્ત છે, એ તો સમજાવવા માટે અલગ અલગ કહેવા પડ્યા છે. જીવનમાં જ્યારે આ બધા ફલિત થાય છે ત્યારે તે બધા સાથે થાય છે. જેનું ચિત્ત પોતાનામાં જ કેન્દ્રિત થયું હોય, સંલીન થયું હોય છે તેનામાં આક્રમણ બચતું નથી. એવા ચિત્તમાં પ્રતિક્રમણ સધાય છે. પ્રતિક્રમણની યાત્રા સંલીનતામાં ડૂબાડે છે. જે દિવસે શરીર અને મન બંને પ્રત્યે જાગૃત થઈ જવાશે, ત્યારે મન ધીમે ધીમે બહાર જવામાં રસ ગુમાવી દેશે ત્યારે ભીતરમાં જઈ શકાશે...ત્યારે સંલીનતા નામનું તપ સધાશે...ત્યારે જ આંતરતપમાં પ્રવેશ પામી શકીશું. ✶ ✶ ✶

મોબાઈલ : ૯૮૯૨૧ ૬૩૬૦૯.

જૈન પરંપરાના પુનરુધ્ધારકો-૫

# વિદ્યાપ્રેમી શેઠ અમૃતલાલ કાળીદાસ દોશી

☐ આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી

ધનપતિ અને વિદ્યાપતિ શેઠ અમૃતલાલ કાળીદાસ દોશીનું જીવન એટલે પારિજાતની પરિમલ!

શેઠ અમૃતલાલ કાળીદાસ દોશી સંઘર્ષ ખેડીને ધનપતિ થયા. શૂન્યમાંથી સર્જન કર્યું. કિન્તુ એમનો આત્મા સદાય વિદ્યાક્ષેત્ર તરફ આકર્ષિત રહ્યો. જે ધન કમાયા તેમાંથી અનેક ક્ષેત્રોમાં ઉદાર હાથે દાન આપ્યું. મુંબઈના ઇર્લા એરિયામાં પોતાના બંગલાની બાજુમાં જિનમંદિરનું નિર્માણ કર્યું. પોતાના વતનમાં અનેક કૉલેજો ઊભી કરી. મુંબઈ ભારતીય વિદ્યાભવનમાં માતબર દાન આપ્યું. ભિન્ન ભિન્ન ક્ષેત્રમાં દાન આપવા માટે અનેક ટ્રસ્ટો ખડા કર્યાં.

શેઠ અમૃતલાલ ખૂબ કમાયા પણ તેમનો અંગ્રેજી અને સંસ્કૃત ભાષાનો અભ્યાસ પાકો હતો. તેમનું મન સંશોધન માટે તડપતું હતું. તેઓ પૂજ્ય સાગરજી મહારાજ, પૂજ્ય ભદ્રંકરવિજયજી મહારાજ, પૂજ્ય પુણ્યવિજયજી મહારાજ, પૂજ્ય ધૂરંધરવિજયજી મહારાજ, પજ્ય જંબુવિજયજી મહારાજ વગેરેના ચરણોમાં બેસીને હસ્તપ્રત ઉકેલવા માટે અને તેને ઊંડાણથી સમજવા માટે મથ્યા. મુનિ શ્રી તત્વાનંદ વિજયજીનો ગાઢ સંપર્ક થયો.

સાહિત્યના કામ માટે તેમણે પોતાના બંગલાની બાજુમાં 'જૈન સાહિત્ય વિકાસ મંડળ' નામની સંસ્થાની સ્થાપના કરી. વિશાળ ગ્રંથાલય ખડું કર્યું. સંશોધનની દિશામાં પગ માંડીને શ્રેષ્ઠગ્રંથો પ્રગટ કરવા માંડ્યા.

પ્રતિક્રમણ વિશે તેમણે પ્રબોધ ટીકા નામનો ગ્રંથ લગભગ તૈયાર કરી નાખ્યો. આ માટે તેમણે દેશના વિવિધ જ્ઞાન ભંડારોમાંથી લગભગ બસો જેટલી પ્રતો મંગાવી. અનેક વિદ્વાનોની પાસે બેસીને ચર્ચાવિચારણા કરી. ગ્રંથ પ્રિન્ટિંગમાં ગયો. લગભગ પચાસેક હજાર રૂપિયાનો તે સમયમાં ખર્ચ પણ થઈ ગયો. કિન્તુ તે સમયે શેઠ અમૃતલાલને લગભગ ૮૫ જેટલી જિજ્ઞાસા જાગી. એ શંકાઓના નિવારણ માટે તેઓ પૂજ્ય સાગરજી મહારાજ પાસે પહોંચ્યા. પૂજ્ય સાગરજી મહારાજે તેનું નિવારણ કરી આપ્યું. શેઠ અમૃતલાલ દોશીએ છપાઈ ગયેલા ગ્રંથની તમામ સામગ્રી એક તરફ મુકીને પુનઃ ગ્રંથનું પ્રકાશન કર્યું! કોઈએ ખર્ચ તરફ ધ્યાન દોર્યું ત્યારે શેઠે કહ્યું, 'પૈસા કરતાં શુધ્ધ પાઠ તૈયાર કરવો અને દુનિયા સામે પહોંચાડવો તે મહત્વનું છે.'

મને યાદ છે કે 'પ્રબોધ ટીકા'ના પ્રકાશન માટે તેમણે એક વર્ષ સુધી ગુણવંત અ. શાહ (તંત્રી–જિન સંદેશ)ને સોનગઢમાં રાખેલા.

'જૈન સાહિત્ય વિકાસ મંડળ'ની સ્થાપના કર્યા પછી પોતાના ૨૮ વર્ષના સંચાલન કાળ દરમિયાન તેમણે માતબર અને મૂલ્યવાન ૨૭ ગ્રંથો પ્રગટ કરાવ્યા છે અને આ તમામ ગ્રંથો તેમની યશકલગી સમાન છે.

'નમસ્કાર સ્વાધ્યાય' એ તેમના સખત પરિશ્રમનું પુષ્પ છે. આ ગ્રંથના સંપાદન માટે તેઓ સ્વયં પૂજ્ય તત્વાનંદ વિજયજી મહારાજ સાથે જામનગરમાં એક મહિનો રોકાયા. દેશભરના ભંડારોમાંથી અને વિદેશથી અનેક હસ્તપ્રતો મેળવી. તે સમયે ઝેરોક્સ નહોતું એટલે ફોટોસ્ટેટ કોપી કઢાવી. શુદ્ધ પાઠ તૈયાર કરાવ્યો. પોતે રોજના સાતથી આઠ કલાક જમીન પર બેસીને મહેનત કરી અને જ્યારે આ ગ્રંથ પ્રગટ થયો ત્યારે પૂજ્ય ધર્મસૂરિ મહાહાજે કહ્યું કે, નમસ્કાર મહામંત્ર વિષે સ્તોત્ર અને મંત્ર અને યંત્ર અને ચિત્રોથી સભર આવો ગ્રંથ તૈયાર કરવા માટે અપૂર્વ ભક્તિ જોઈએ.

શેઠ અમૃતલાલ દોશીએ 'લોગસ્સ સૂત્ર' તથા 'યોગશાસ્ત્ર અષ્ટ પ્રકરણ' વિષે પણ માતબર ગ્રંથો આપ્યા છે. 'સૂરિ કલ્પ સમુચ્ચય' પણ તેમનો મહત્વપૂર્ણ ગ્રંથ છે. એમ કહેવાય છે કે ભગવાન ઋષભદેવની આજ્ઞાથી પ્રથમ ગણધર શ્રી પુંડરિક સ્વામીએ સૂરિમંત્રની રચના કરેલી અને ત્યાર પછી ભગવાન મહાવીરની આજ્ઞાથી ગણધર ગૌતમ સ્વામીએ તેની ફરી રચના કરેલી. આ ગ્રંથ સૂરિમંત્રના અધિકારી વિદ્વાનો માટે જ છે. પણ તેમાં જૈન શાસનનો સાર મળે છે. સૂરિમંત્ર માત્ર મંત્ર નથી પણ અપૂર્વ વિદ્યા છે.

શેઠ અમૃતલાલ કાળીદાસ દોશી ગ્રંથોના સંશોધન પાછળ સમય, શક્તિ ખર્ચવામાં કચાશ રાખતા નહોતા. એક ગ્રંથના સંશોધન પાછળ વર્ષ બે વર્ષ જાય તો પણ પરવા કર્યા વિના તે ગ્રંથ તૈયાર કરતા અને જ્યારે તેમને પોતાને સંપૂર્ણ સંતોષ થતો ત્યારે જ તેનું પ્રકાશન કરતા. આ તમામ કાર્યોમાં પૂજ્ય તત્વાનંદવિજયજી મહારાજને તેઓ હંમશાં સાથે જોડાયેલા રાખતા.

મહાપ્રભાવક 'ઉવસગ્ગહરં સ્તોત્ર સ્વાધ્યાય' ગ્રંથ પણ એમણે ભક્તિપૂર્વક તૈયાર કર્યો છે. શ્રી ભદ્રબાહુસ્વામી મહારાજની મહાન રચના એટલે શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર. લાગલગાટ ત્રણ વર્ષ સુધી તેમણે મહેનત કરીને આ ગ્રંથ તૈયાર કર્યો હતો.

ઉદ્યોગપતિ શેઠ અમૃતલાલ દોશી ભૂલાઈ જાય તેમ બને પણ સંશોધક અને વિદ્યાપ્રેમી શેઠ અમૃતલાલ કાળીદાસ દોશી ક્યારેય નહીં ભૂલાય.

આકાશમાંથી સૂર્ય અને ચંદ્ર વિદાય લે છે પણ તેમણે આપેલા તેજ અને પ્રકાશ સદાય છવાયેલા રહે છે. ✶✶✶

ગાંધી વાચનયાત્રા

# ગાંધી અને 'બોમ્બે' : એક મેઘધનુષી સંબંધ

☐ સોનલ પરીખ

૯ જાન્યુઆરી ૧૯૧૫. બ્રિટિશશાસિત ભારતના બોમ્બેના એપોલો બંદર પર એસ. એસ. અરેબિયા નામની સ્ટીમર આવીને ઊભી રહી અને તેમાંથી કાઠિયાવાડી પહેરવેશમાં મોહનદાસ કરમચંદ ગાંધી તેમનાં પત્ની કસ્તૂરબા સાથે ઊતર્યા. તે વખતે એપોલો બંદર પર ઊતરવાની રજા ખાસ લોકોને જ મળતી, જેમાં ભારતીયોનું પ્રમાણ ઓછું હતું. પણ દક્ષિણ આફ્રિકામાં કરેલા અહિંસક સત્યાગ્રહને કારણે ઇન્ડિયન નેશનલ કૉંગ્રેસના નેતાઓ ગાંધીજી માટે ઘણો આદર અને આશા સેવતા હતા એટલે ગાંધી એપોલો બંદરે ઊતરી શકે તે માટે તેમણે બ્રિટિશ અધિકારીઓની મંજૂરી મેળવી હતી. બોમ્બેમાં મિસ્ટર અને મિસિસ ગાંધીનું ભવ્ય સ્વાગત થયું હતું. ત્યાર પછી બનતા ગયેલા બનાવોના પરિણામે દેશની બાગડોર ગાંધીના હાથમાં સોંપાઇ હતી.

૧૯૧૫માં બોમ્બે ઊતર્યા ત્યારથી માંડી ૧૯૪૮માં એમની હત્યા થઇ ત્યાં સુધીનાં તમામ વર્ષો ગાંધીએ માતૃભૂમિને અર્પણ કર્યાં. એમના નેતૃત્વમાં ભારતની ધરતી પર એવા ભવ્ય બનાવો બન્યા જેને પરિણામે ઇતિહાસનું વહેણ બદલાયું, ભારત બ્રિટિશ સામ્રાજ્યના સૂર્યાસ્તનું નિમિત્ત બન્યું અને દુનિયાને સત્યાગ્રહ રૂપે અહિંસક પ્રતિકારની નવી પદ્ધતિ મળી. આ વર્ષો દરમ્યાન તેમણે બ્રિટિશ સરકાર સામે સત્યાગ્રહો કર્યા, દેશના ખૂણે ખૂણે જઇ લોકોને જગાડ્યા, સાબરમતી-વર્ધામાં આશ્રમો સ્થાપ્યા, રચનાત્મક કામો ઉપાડ્યાં, હતાશ પ્રજાને પડકારીને ઊભી કરી અને સત્તાવાળાઓની ઊંઘ હરામ કરી નાખી. આ આખો ઇતિહાસ અત્યંત રસપ્રદ અને રોમાંચક છે, અને આ ઇતિહાસમાં બોમ્બેનું એક અગત્યનું સ્થાન છે. ગાંધી-બોમ્બે અનુબંધના અનેકવિધ રંગો છે. તાજેતરમાં પ્રગટ થયેલા પુસ્તક 'ગાંધી એન્ડ બોમ્બે – ટૉવર્ડ્ઝ સ્વરાજ'માં ગાંધી અને બોમ્બેના મેઘધનુષી સંબંધની બહુ સુંદર છણાવટ થઇ છે. આજે આ પુસ્તક વિશે જાણીશું અને ત્યાર પછી તેમાંની બહુ જ રસપ્રદ એવી વિગતો–ઘટનાઓની થોડી વાતો કરીશું.

'ગાંધી એન્ડ બોમ્બે – ટૉવર્ડ્ઝ સ્વરાજ' પુસ્તક ડૉ. ઉષા ઠક્કર અને સંધ્યા મહેતા આ બે લેખિકાઓનાં વર્ષોનાં સંશોધન અને પરિશ્રમનું ફળ છે. રાજ્યશાસ્ત્રના સ્કોલર ડૉ. ઉષા ઠક્કર મણિભવન ગાંધી સંગ્રહાલય, મુંબઇના પ્રમુખ છે અને ગાંધી સ્ટડી સેન્ટરના ડાયરેક્ટર રહી ચૂક્યાં છે અને સંધ્યા મહેતા મણિભવન ગાંધી સંગ્રહાલયનાં રિસર્ચર છે. પુસ્તકનું પ્રકાશન ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ, દિલ્હીએ કર્યું છે.

'બોમ્બે' 'મુંબઇ' થયું ૧૯૯૫માં. આ પુસ્તકનો કાળખંડ ૧૯૧૫થી ૧૯૪૮ છે, તેથી અહીં સર્વત્ર બોમ્બે શબ્દ યોગ્ય રીતે વપરાયો છે. સાડાત્રણસોથી વધુ પૃષ્ઠોમાં વિસ્તરેલા આ પુસ્તકની પ્રસ્તાવનામાં એક સદી પહેલાના બોમ્બેનું તાદશ ચિત્રણ આપવા સાથે ૧૯૧૫ પહેલાંનું ગાંધી-બોમ્બે અનુસંધાન અને ૧૯૧૫થી ૧૯૪૮ સુધીના ગાંધી-બોમ્બે સંબંધની ભૂમિકા આપી હોવાથી વાચકને વિષય-અભિમુખ થવામાં ઘણી મદદ મળે છે. ત્યાર પછી નવ પ્રકરણોમાં બોમ્બેમાં ભરાયેલી વિરાટ ગાંધીસભાઓ, ચોપાટી પર થયેલો રૉલેટ એક્ટ સામેનો પ્રચંડ વિરોધ, તિલક સ્વરાજ ફંડમાં બોમ્બેના દાનવીરોનું અભૂતપૂર્વ યોગદાન, વિદેશી કપડાની મોટી હોળીઓ, દાંડીકૂચ પછી બોમ્બેના દરિયાકિનારે થયેલા મીઠાના સત્યાગ્રહો, ગાંધીજી ગોળમેજી પરિષદમાં ગયા ત્યાંનું ને પાછા ફર્યા અને તેમની ધરપકડ થઇ ત્યારનું વાતાવરણ, ૧૯૩૨થી ૧૯૪૧ સુધીમાં બોમ્બેમાં ઉપાડાયેલા અનેક મહત્ત્વના કાર્યક્રમો, ૧૯૪૨ની ભવ્ય 'હિંદ છોડો' ચળવળ, કસ્તૂરબાને બોમ્બેએ આપેલી હૃદયસ્પર્શી અંજલિ, ગાંધી-ઝીણા વાટાઘાટ જેવી અગત્યની ઘટનાઓ ચોકસાઇભર્યા સંદર્ભો અને દુર્લભ તસવીરો સાથે આવરી લેવાઇ છે.

ગાંધીયુગ અને સ્વાતંત્ર્યસંગ્રામ દરમ્યાન બોમ્બેની ઊર્જા પરાકાષ્ઠાએ આવિષ્કાર પામી હતી – પછી તે રોલેટ એક્ટનો વિરોધ હોય, ખિલાફત ચળવળનું અનુમોદન હોય, 'સાયમન ગો બેક'નો ઘોષ હોય કે 'કરેંગે યા મરેંગે'નો સંકલ્પ હોય. બ્રિટીશ શાસન સામેના વિરોધે આ પંચરંગી શહેરને એક વિરાટ રંગમંચમાં પરિવર્તિત કરી નાખ્યું હતું જેના સૂત્રધાર ગાંધી હતા. ગાંધીજીના સાદનો બોમ્બે જેવો પડઘો ભાગ્યે જ કોઇ શહેરે પાડ્યો છે. ગાંધીજીના વિચાર અને પ્રવૃત્તિઓને અહીં વેગ મળ્યો. જાણીતા નેતાઓથી લઇને અનામી અજાણ્યા સ્ત્રીપુરુષોએ આ રંગમંચ પર અમોઘ પ્રાણશક્તિ સાથે પોતપોતાની ભૂમિકાઓ અદા કરી હતી. આજે પણ બોમ્બેમાં એવા વડીલો છે, જેમને યાદ છે કે ૧૯૩૦માં આઝાદ મેદાનમાં સત્યાગ્રહ કમિટીએ દર મહિને કેવી રીતે ધ્વજવંદન શરૂ કર્યું હતું, કેવી રીતે ભૂગર્ભ રેડિયો બુલેટિનો અને પત્રિકાઓ બહાર પડતા હતા, કેવી રીતે નિષ્ક્રિયતામાં રાચતી પ્રજા આળસ મરડીને ઊભી થઇ હતી અને 'ક્વિટ ઇન્ડિયા' વખતે મોટા નેતાઓની રાતોરાત થયેલી ધરપકડ પછી કેવી રીતે બોમ્બેમાં સ્વયંભૂ ક્રાંતિ થઇ હતી.

તેત્રીસ વર્ષના આ ગાળામાં ગાંધીજી ક્યારે ક્યારે બોમ્બે આવ્યા, શું કર્યું, કોને મળ્યા, ક્યાં સભાઓ ભરી, કઇ ચળવળો શરૂ કરી, કોની સાથે કામ કર્યું તેની બહુ રસપ્રદ વિગતો આ પુસ્તકમાં ખૂબ ચોકસાઇ સાથે અને અત્યંત જીવંત અને સર્જનાત્મક શૈલીમાં આપવામાં આવી છે. મુંબઇને અને ગાંધીને જોવાની એક નવી દૃષ્ટિ આ પુસ્તક આપણને આપે છે.

હવે પછીના થોડા લેખોમાં ડૉ. ઉષા ઠક્કર અને સંધ્યા મહેતાના પુસ્તક 'ગાંધી એન્ડ બોમ્બે – ટૉવર્ડ્ઝ સ્વરાજ' પુસ્તકમાંથી આપણે ૧૯૧૫ના કાળના બોમ્બેની, ગાંધીજીના બોમ્બેમાં થયેલા સ્વાગતની, તેમના માનમાં ભરાયેલી સભાઓની અને અનેક રાજકીય પ્રવૃત્તિઓના બોમ્બેમાં થયેલા પ્રારંભની થોડી વાતો કરીશું. ✷✷✷

(ગાંધી એન્ડ બોમ્બે - ટૉવર્ડ્ઝ સ્વરાજ લેખકો : ડૉ. ઉષા ઠક્કર અને સંધ્યા મહેતા. પ્રકાશક ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ, દિલ્હી. હાર્ડ બાઉન્ડ. પૃષ્ઠ ૩૭૭, મૂલ્ય રૂા. ૭૯૫)

# ભાવ-પ્રતિભાવ

નવો અંક મળ્યો. સંપાદકીય વિભાગ હવે સ્વતંત્ર બની અને તેમાં સરસ વિચાર મૌક્તિકો રજૂ મળી રહ્યા છે. આનંદ.

વર્ષો પહેલાં વિલ્સન ડેમ નજીક એક મિત્રના ફાર્મમાં જાંબુના એટલા બધા વૃક્ષો જોયા હતા, જાણે જાંબુવન! આખો દિવસ ત્યાં રહી એ યાદો ખોળો ભરી લઈ આવ્યા હતા, તે તમે યાદ કરાવ્યું! ઊંચા ઊંચા જાંબુવૃક્ષની નીચે ઊભા હોઈએ ત્યારે એ વૃક્ષ સાથે એકાકાર થઈ ગયા હોઈએ છીએ.

જાંબુવૃક્ષની ઓથે તમે ટકોર કર્યા વિના ઢંઢોળ્યા. મમ મમ્ અને ટપ ટપ્ જેવું! ૯૦, ૯૫ થી ૯૯ (કે ૧૦૦ પણ) ટકા માર્ક્સ લાવવાની હોડમાં મમ મમ્ ખાધાં કર્યું અને હાર્દ વિસરાઈ ગયું છે! વળી એ હાર્દ ટકા લાવવામાં ઉપયોગી પણ નથી! ભણ્યાં પણ ગણ્યાં નહીં એવું સ્પષ્ટ કહેનારા જૂનવાણી ગણાયા છે.

તોતોચાન યાદ આવે છે: પહેલાં જ્યાં નાનકડી બાળા તોત્સુકા-તોતોચાન ભણતી હતી તે સ્કૂલમાં ખૂબ સુંદર ટેબલ હતા તેથી તેને વારંવાર ઉઘાડ બંધ કરવાની મઝા પડતી. શિક્ષિકા તેને વારંવાર ઠપકો આપતી. આ ઉપરાંત બારીમાંથી રસ્તા પરના બજાણીયાને જોઈ વર્ગમાં પણ સહજ પણે નાચી ઊઠતી તોત્સુકા શિક્ષિકાને હેરાન કરતી છોકરી બની જાય છે. અબાબીલ (પંખી) સાથે વાતો કરતી તોત્સુકાનું આવા સહજ કારણોથી સ્કૂલનું એડમિશન રદ થઈ જાય છે. એ શાળામાંથી કાઢી મૂકાયેલી 'તોતોચાન'ને તેની ગાંડી-ઘેલી વાતો સાંભળી, રેલગાડીના ડબ્બામાં ચાલતી શિક્ષણની શિક્ષિકા કોયોબાશી કહે છે 'તું સાચે જ ખૂબ સારી છોકરી છે!'

હવે આપણે 'પ્લાસ્ટિક'ના ચોખાના યુગમાં પ્રવેશી ચૂક્યા છીએ. આગળ આગળ ક્યા હોગા એ તો અલ્લા જાણે!

**❑ રમેશ બાપાલાલ શાહ**

* * * * * * *

મે-૨૦૧૭નો 'પ્રબુદ્ધ જીવન'નો અંક હૃદયથી સ્પર્શી ગયો. નિયમિત વાચક થવું એ આ અંક પછી નિર્ધાર કર્યું.

માનદ તંત્રી ડૉ. સેજલ શાહના લેખમાં એક નવો જ ભાવ, નજર અને સૂઝ અનુભવી. લેખક આપણને એની સાથે ફેરવી રહ્યા છે તેવું જણાય છે. કુદરતની કમાલ અને માણસના મનની ઉંડાઈ જલ્દી મપાતી નથી તેવું સતત લાગ્યા કરે છે. આત્માનો આનંદ અને વિદ્વતાના મોહની મુક્તિ સરળ માણસને એક સપાટી ઉપર લાવીને રાખી દે છે જે સેજલ શાહના સાહિત્યના લખાણમાં હૃદયરૂઢ થાય છે. આત્મા સાથે કેટલો સરળ સંવાદ કરતા રહે છે.

ડૉ. રમજાન હસણિયાનો લેખ, સંસારનો ખીલો છૂટવાની વાત મનને હલબલાવી નાખે છે. વિવિધ લેખોમાં ડૉ. નરેશ વેદ, ડૉ. છાયા શાહ તથા સોનલ પરીખની ગાંધી વાચનયાત્રા ગમ્યા.

સરદાર પટેલ કહેતા કે 'મારા જેવાને એક આદત પડી છે કે પગ મૂકું ત્યાંથી પાછાં ન પડવું. જ્યાં પગ મૂકી પાછા ફરવું પડે ત્યાં પગ મૂકવાની મને આદત નથી.' તંત્રીશ્રીના છેલ્લા અંકોથી આપણને આ અનુભવાય છે. મને તો ખાસ.

મુનિ રત્નસુંદરવિજયના પ્રમાણે જે દોષો આપણામાં ન પ્રવેશે તેની તકેદારી રાખતા સેજલ શાહ માનવજન્મને સફળ બનાવે છે તે શંકારહિત છે અને અંક પણ દોષરહિત અને શ્રેષ્ઠતા તરફ આગેકૂચ કરતો રહેલ છે.

**❑ લલિત પી. સેલારકા**

* * * * * * *

પ્રબુદ્ધ વાચકોને, Purificationની મહત્તા સમજાવતો, મે-અંક મળ્યો. મા સરસ્વતી દેવી શારદાનું મુખપૃષ્ઠ સુંદર રહ્યું.

બહારની સ્વચ્છતા સાથે અંદરની-અંતરની પવિત્રતા, માનવીને દોરતી રહે, એવી તમારી લાગણી અને માગણી, અછતી ના રહી. ભાણદેવની 'જાગૃતિ' ગમી. એ આત્માની જાગૃતિ છે. રાત્રિ દરમ્યાન શરીર ભલે સુષુપ્તાવસ્થામાં સરી પડે, પણ આત્માએ તો નિરંતર જાગૃત રહેવું ઘટે. સુંદર વિચારો વ્યક્ત થયા છે. ઈસુનો માર્ગ – સત્ય અને ઋત્નો માર્ગ, જીવનનું સનાતન સત્ય શોધવામાં ઉપયોગી રહ્યો. ફાધર વર્ગીસ પોલને મારા હાર્દિક અભિનંદન.

ડૉ. નરેશ વેદનો લેખ, 'ઉપનિષદમાં પંચમેશ વિદ્યા' વિચારણીય રહ્યો. અન્ન, પ્રાણ, મન, વિહયન અને આનંદમય કોષની યાત્રા માણી, જે વાચકોની ચેતના (Spirit) ને જાગૃત કરી ગઈ. પંચતત્ત્વોનો ઉલ્લેખ ભારે રસપ્રદ રહ્યો. પૃથ્વી, જળ, અગ્નિ વાયુ અને આકાશ દ્વારા ઘડાતો દેહનો પિંડ અને તેમાં આવીને વસતું, સમગ્ર બ્રહ્માંડ, આ બધું અદ્ભુત જ ગણાય.

અને છેલ્લા પાને શ્રી ચંદ્રકાંત શેઠનો અંતિમ પત્ર, પણ વિચારણીય રહ્યો. જન્મ, જીવન અને મરણ દૈવાધીન હોવાનું સમજાયું. કોઈપણ વ્યક્તિ પોતાની ઇચ્છાનુસાર જન્મતી નથી, તેને જન્માવનાર પરિબળો, પ્રત્યક્ષ અને પરોક્ષ રહેતાં હોય છે. પ્રત્યેક વ્યક્તિનાં જન્મ પાછળ કુદરતનો એક ચોક્કસ હેતુ કે ધ્યેય રહેલું હોય છે. કુદરત પોતાનું મિકેનીઝમ વ્યવસ્થિત રીતે ચલાવવા માટે જે અનેક પૂર્જા બનાવે છે, તેમાંનું એક નટ કે બોલ્ટ જ આપણે તો હોઈએ છીએ. આખી મશીનરી કંઈ આપણે જોઈ શકતા નથી. આ વિશ્વમાં પ્રત્યેક ક્ષણે કેટલું બધું બનતું રહે છે. તેમાં ન આપણે આપણો ફાળો નોંધાવીને અન્યત્ર જે કાંઈ થતું હોય તેને થવા દેવું કે જોયા કરવામાં જ શાણપણ અને ડહાપણ. કુદરતનાં કારોબારમાં શ્રદ્ધા રાખવાથી જીવન સરળ અને વેગવંતું બની રહે છે. પેલી ફિલ્મ પંક્તિ પણ મમળાવવા જેવી છે:

*'દુનિયા મેં હમ આયે હૈં તો જિના હિ પડેગા,*
*જીવન હૈ, અગર, જહર તો પીના હિ પડેગા.'*

જીવનને અમૃતમય બનવતાં રહીને, વિષ, જાતે ગટગટાવતાં રહેવાની પ્રેરણા, આપણને મહેશ-ભગવાન શંકર પાસેથી મળતી રહી છે. શમમ્ કરોતિ ઈતિ શંકરઃ' એમ કહેવાયું છે.

આખરે તો જગતનું કલ્યાણ થતું રહે, એવી આપણાં સૌની ઇચ્છા હોવી જોઈએ. દુનિયામાં ક્યાંય ઉભી થતી અશાંતિ, આપણને Disturb કર્યા વિના રહેતી નથી; કેમકે સ્થળ અને કાળ ઉપર માનવી વિજ્ઞાન દ્વારા કાબુ મેળવતો જાય છે. આજે જે 'ગુજરાત સમાચાર'માં વાંચ્યું, તેમ ગિરનારની છઠ્ઠી ટૂંક 'દત્તાત્રેય' ઉપર પણ આપણાં જૈન ભાઈ-બહેનો જઈને દર્શન કરી શકશે, એવું સમાધાન થઈ ગયું છે! સાધુઓ અને જૈનો વચ્ચે એકમતિ સધાતાં યાત્રાળુઓને નિરાશ

નહીં થવું પડે! આખરે જૈન હોવું એટલે શું? તો કહે, 'ઈન્દ્રિયો પર જીત મેળવી તેને કાબુમાં રાખી, તેની પાછળ રહેલા આત્માને ઊંચે ચડાવીને વિસ્તારવો કે જેથી તે અખિલાઈના દર્શન કરી શકે. પિંડને વિકસાવવાથી તેમાં બ્રહ્માંડની અનુભૂતિ કરી શકાય છે. બ્રહ્મ એટલે જ્ઞાન. હું કોણ, ક્યાંથી અને શા માટે આવ્યો? અહીં આવીને મેં કેટલું, કેવું અને શા માટે કર્યું? મારા જીવનનો હેતુ શો? જેવી બાબતો વિષે વિચારવું એ પાયાનું જ્ઞાન થયું, કે જે શાળા-કૉલેજોમાં ના મળે, પણ જાતેજ મેળવી લેવાનું રહ્યું. સાધનો પાછળની દોટમાં સાધના વેડફાઈ જવી ના જોઈએ, એમ જે તમે તમારા તંત્રીલેખમાં નોંધ્યું છે, તે તમારી વિદ્વતા, વાચન અને બહુમુખી પ્રતિભાને સૂચક બની રહે છે. તમારો અગ્રલેખ ખૂબ ગમ્યો, જેમાં તમારા સમગ્ર જીવનનો નિચોડ સમાઈ ગયો. પ્રબુદ્ધ વાચકને ખૂબ ખૂબ પ્રેરણા મળી, એટલું જ નહીં પણ પોતે જાતે વિચારતો થાય એવું સક્ષમ અને હૃદયસ્પર્શી લખાણ રહ્યું. તે બદલ મારા હાર્દિક અભિનંદન સ્વીકારશો.

**□ હરજીવન થાનકી**

* * * * * * *

આપણાં દેશમાં નાની-નાની બાબતોમાં આમ લોકોમાં ઝઘડાઓ વધી રહ્યાં છે અને તે બોલાચાલી-ગાળાગાળીથી આગળ હાથની મારામારી અને તેનાથી પણ આગળ મોટી છરીઓથી એકબીજા પર ઘા કરી મારામારી કરવી અને એકબીજાના જાન લેવા સુધીની હિંસા વધી રહી છે.

આ રીતે બહુ જ ચિંતા જન્માવે એવું સામાજીક વાતાવરણ દેશમાં ફેલાતું જાય છે, જે આપણા સમગ્ર વિકાસમાં નડતરરૂપ થઈ રહ્યું છે. ગાંધી-વિનોબા-જયપ્રકાશ નારાયણ-રવિશંકર મહારાજ, નારાયણભાઈ દેસાઈ, ઈલાબહેન ભટ્ટ વગેરે મહાનુભાવોના જીવનમાંથી મૈત્રીભાવના તથા એકબીજાને મદદરૂપ થવાની ઈચ્છા વગેરે સામાજીક સદ્ગુણોના વિકાસને ભારે અવરોધક આ વાતાવરણ છે–તે અટકાવવા માટે શું કરવું જોઈએ તેની વિચારણા જ્યાં જ્યાં સમાજ વિકાસના ચિંતકો ભેગા થાય છે ત્યાં ત્યાં થવી જરૂરી છે.

**□ સૂર્યકાન્ત પરીખ** (સ્વાતંત્ર્ય સેનાની)

* * * * * * *

'પ્રબુદ્ધ જીવન' હું વર્ષોથી વાંચું છું. સ્વ. ધનવંતભાઈએ ૧૧ વર્ષમાં કાયાપલટ કરી નાખી. તમે એ પરંપરા ચાલુ રાખશો એમ મને લાગે છે. શુભ આશિષ પાઠવું છું.

સુબોધિબેન મસાલીયાના લેખ બહુ સરસ હોય છે. તેમને અભિનંદન કહેશો.

એપ્રિલના અંકમાં ધનવંતભાઈની અંતરની અમીરાત કેમ નથી?

**□ કનુભાઈ પરીખ**

ઉમર ૯૩, ૨૦/૧, રશ્મિ વિહાર, K.A.S. રોડ,
માટુંગા, મુંબઈ-૪૦૦ ૦૧૯. ફોનઃ ૨૪૦૨૫૩૯૦.

* * * * * * *

હું જોઉં છું કે, 'પ્રબુદ્ધ જીવન' જૈન સમાજનું ધાર્મિક માસિક હોવા છતાં બધા ધર્મો પ્રત્યે ખૂબ ખુલ્લું મન રાખે છે. એટલું જ નહિ બધા ધર્મો વિશે 'પ્રબુદ્ધ જીવન'ના ગ્રાહકોને માહિતી પીરસે છે. 'પ્રબુદ્ધ જીવન'ના ડિસેમ્બર ૨૦૧૪ અંકમાં MAJAR WORLD RELIGIONS અંગેના લેખો વાંચ્યાનું મને યાદ છે. તંત્રીઓ દૃષ્ટિ-સંપન્ન હોવાનો એ પુરાવો છે. એ રીતે આંતરધર્મીય સદ્ભાવના અને એખલાસ કેળવવાના 'પ્રબુદ્ધ જીવન'ના પ્રયત્નની કદર કરું છું.

ગયે વર્ષે મારે ખ્રિસ્તી ધર્મ વિશે અમદાવાદની એચ. કે. આર્ટ્સ કૉલેજમાં બોલવાનું હતું. મારા પ્રવચનને અંતે કૉલેજિયન યુવક-યુવતીઓએ પૂછેલા પ્રશ્નમાંથી મને ખ્યાલ આવ્યો કે, ભગવાન ઇસુ, ખ્રિસ્તી ધર્મ અને બાઈબલ વિશે લોકોમાં અજ્ઞાન છે, ગેરસમજ છે, અને પૂર્વગ્રહો પણ છે. મારા લખાણ અને અન્ય કામકાજમાં આંતરધર્મીય એખલાસ અને સદ્ભાવના કેળવવા હું પ્રયત્નશીલ રહું છું. હમણાં હું મહુવા ખાતે મોરારી બાપુના કૈલાસ ગુરુકુળમાં વિશ્વગ્રામે યોજેલ સદ્ભાવના પર્વ ૮માં જઈ આવ્યો. ઘણું જાણવા મળ્યું.

'પ્રબુદ્ધ જીવન' મે ૨૦૧૭ અંકમાં આપનો તંત્રીલેખ વાંચ્યો. આપે વિવિધ વિષયો લઈને આધ્યાત્મિક જ્ઞાન અને વિદ્વત્તાથી વિવિધ વિષયોની છણાવટ કરી છે એમાં પ્રગટ થતાં આપના ઊંડા જ્ઞાન અને આધ્યાત્મિકતાની કદર કરું છું.

બીજું, આપના સમગ્ર તંત્રી લેખમાં પ્રકૃતિ-પ્રેમનો સારો ખ્યાલ મળે છે. પ્રકૃતિ તરફ વળવાની, પ્રકૃતિને પ્રેમથી સાચવવાની આપની હાકલની કદર કરું છું.

પ્રસ્તુત અંકમાં ડૉ. કલા શાહના 'સર્જન-સ્વાગત'ની હેઠળ પુસ્તક સમીક્ષાઓ મને ખાસ ગમી. વાંચન વ્યક્તિ અને સમાજને ઘડે છે. આપ પુસ્તક સમીક્ષા દ્વારા 'પ્રબુદ્ધ જીવન'ના ગ્રાહકોને સારા પુસ્તકો વાંચવામાં પ્રેરણા અને પ્રોત્સાહન આપો છો, એ સરાહનીય છે.

અંગ્રેજીમાં આપેલા છેલ્લા બે લેખો એટલે `Practicing Forgiveness in Difficult Situations' by Dilip V. Shah અને `Enlighten Yourself by Self Study of Jainology' by Dr. Kamini Gogri ના લેખોમાંથી મને ઘણુંબધું જાણવા મળ્યું. I agree with Dilip Shah that just as there are no mountain peaks that cannot be scaled, there is nothing that cannot be forgiven and there is no one undeserving of forgiveness, Human beings possess a divine gift – Power to forgive! From Dr. Kamini's article on Jainology I get the impression that women have no equal status with men in Jain religion!

મને લાગે છે કે, જૈન ધર્મના પૌરાણિક ગ્રંથોનો અભ્યાસપૂર્ણ વ્યાખ્યાનોમાં આધુનિક દુનિયાના જ્ઞાન-વિજ્ઞાને સિદ્ધ કરેલા પ્રગતિ અને સિદ્ધિનો ખ્યાલ રાખવાની જરૂર છે. એ દૃષ્ટિએ દુનિયાના બધા ધર્મોમાં સ્ત્રી અને પુરુષ વચ્ચેના સમાનતાની કદર થવી જોઈએ. સ્વીકાર થવો જોઈએ. જૈવિક (બાયોલૉજિકલ) અને શારીરિક તફાવત સ્ત્રી–પુરુષને સમાન ગણવામાં આડે ન આવવા જોઈએ.

**□ ફાધર વર્ગીસ પૉલ, એસ. જે.**
ડાયરેક્ટર

* * * * * * *

શુભમ્ ભવતુ, વિદ્વદ્વર્ય પૂજ્ય વંદનીય

કુશળ હશો. ઢળતી ઉમર કિંતુ સાહિત્યિક લગાવ રહે જ છે.

'પ્રબુદ્ધ જીવન'નો ચાહક, ગ્રાહક, વાચક ને લેખક, અન્યના સરનામા હોય તો પત્રથી અભિનંદન, કે મારી પ્રસન્નતા પાઠવું છું.

મે ૨૦૧૭ના અંકમાં ચતુર્થ બાહ્યતપ, રસત્યાગ, કે જ્ઞાન સંવાદમાં આપનું કથન-વિચાર સંવાદ તેમજ અન્ય વાંચ્યું.

મુંબઈ શહેરમાં સવિશેષ, ભગિનીઓ દિન-પ્રતિદિન સાહિત્યિક ઉપાસક ઉભરાયેલાં છે જેથી શત્ શત્ પ્રણામ. Knowledge is Power. વિશિષ્ટ વિરલ વ્યક્તિત્વ હોય જ છે. ટી.વી. વગેરેમાં જાણી શકાય છે. ૩૨ વર્ષીય, બે સંતાનોની પર્વતારોહણ ઓવારણાં લેવા પડે છે.

૭૭ મું વર્ષ બે નિવૃત્ત દંપતી વતી પત્રાચાર સવિશેષ છતાં મોબાઈલ પણ નકારી ન શકાય તે ગાયવાળો એ ગોવાળ. હાથવગુ બધું ભલે, વિજાણું માધ્યમ લખેલું વંચાય જ. પ્રકાશિત થયેલું.

આપ તો વિદ્વતાસભર છો જ. તેની પ્રતીતિ થાય છે. જવાબ વાળેલો વાંચીને.

સાથે જ જુદી જ કેડી કંડારી રહેલ ને લોકચાહના વગેરે લાભ લે છે જ. ૬૫ વર્ષથી પ્રકાશિત છપામણી ને ગાગરમાં સાગર સમું. ડૉ. છાયા સાથે વાત થઈ.

☐ **દામોદર –ભાનુમતિ નાગર,** ઉમરેઠ

# જ્ઞાન-સંવાદ

**પ્રશ્ન પૂછનાર :** મલય ગૌતમભાઈ બાવીશી, અમદાવાદ.

**પ્રશ્ન :** કોઈ વ્યક્તિનું આયુષ્યકર્મ ૭૫ વર્ષનું હોય (અનુમાન કરવાનું છે. સત્ય એ છે કે આયુષ્ય ઉપર લખાઈને આવ્યું હોય છે, પણ આ કેવળ અનુમાન છે) તે વ્યક્તિનું અકસ્માત, બ્રેનસ્ટ્રોક, હાર્ટ ફેઈલ, કીડની ફેઈલ વગેરે અનેક કારણોસર આયુષ્ય સમાપ્ત થઈ જાય છે. તે ૭૦ વર્ષની વયે આવો બનાવ કેમ બન્યો હોય તો પાંચ વર્ષનું કે બાકી રહ્યું તે આયુષ્યનું શું થાય? અત્યારે સમાચારપત્રોમાં શ્રદ્ધાંજલિમાં પાંચ વર્ષનો, બે વર્ષનો છોકરો-છોકરી મરી જાય છે. તેણે જન્મતાંવેંત કોઈ કર્મ કરેલું નથી તો આયુષ્યનો બંધ કેમ થયો? એવું વિચારી શકાય કે જે પાંચ વર્ષનું આયુષ્ય મનુષ્ય જન્મમાં બાકી હતું તે ફરીથી ચોર્યાશી લાખ ફેરા ફરીને મનુષ્ય જન્મ ફરીથી પ્રાપ્ત થયો તેમાં માત્ર પાંચ વર્ષનું જ આયુષ્ય પ્રાપ્ત થયું તેવું માની શકાય ખરૂં!

**જવાબ આપનાર વિદ્વાન ડૉ. પાર્વતી નેણશી ખીરાણી**

માનનીય શ્રી મલયભાઈ,

સાદર જય જિનેન્દ્ર, પ્રણામ.

આપનો પત્ર વાંચ્યો. આપની જિજ્ઞાસાને ધન્યવાદ. આપણે ઘણી બધી બાબતો પ્રત્યક્ષથી જાણી શકતા નથી, પણ અનુમાનથી એ સ્વીકારવી પડે છે. જેમ કે આપણા પરદાદાને એના પરદાદાને પ્રત્યક્ષથી જોયા નથી એ સ્વીકારવું જ પડે છે. છતાં પરોક્ષ પ્રમાણથી એટલે કે અનુમાનથી માનીએ જ છીએ.

એ જ રીતે કર્મ એક પ્રબળ સત્તા છે અને દરેક જીવ એ કર્મસત્તાને આધીન રહીને જીવે છે. એ કર્મસત્તા પાસે કોઈની લાગવગ ચાલતી નથી. દરેક ક્રિયાની પ્રતિક્રિયા હોય જ છે. આપણે જે કર્મ કરીએ છીએ એ બૂમરેંગની જેમ પાછું આપણી પાસે આવે જ છે. એ જ રીતે આપણ ખૂબ હિંસાદિ કાર્યો કર્યા હોય એ પ્રમાણે આપણને ઓછું-વત્તું આયુષ્ય પ્રાપ્ત થાય છે. આ એક કર્મસત્તાનું જ પાસું છે.

'દરેકે પોતપોતાની રીતે કર્મસિદ્ધાંતની વાત કરી છે પણ તેનું અણીશુદ્ધ સ્વરૂપ જૈન ધર્મના અપવાદ સિવાય બીજે જોવા મળતી નથી.' આ ઉદ્‌ગાર અન્યદર્શની ચંદ્રહાસ ત્રિવેદીના છે. એમણે 'કર્મવાદના રહસ્યો' નામના પુસ્તકમાં કર્મ વિશે આની રજૂઆત કરી છે, જે મેળવીને વાંચી જવા વિનંતી. એનાથી આપની ઘણી સમસ્યાઓનું સમાધાન થઈ જશે.

એમના પુસ્તકના આધારે તમારી શંકાઓનું સમાધાન કરવાનો પ્રયત્ન કરું છું.

જૈનદર્શનમાં કર્મબંધના ચાર પ્રકારો બતાવ્યા છે. સ્થતિબંધ (Period), પ્રકૃતિબંધ (Nature), પ્રદેશબંધ (Quantity) અને રસબંધ (Intensity-Quality).

અહીં મૃત્યુ માટે સમજવા માટે પ્રદેશબંધ પર વધારે ચિંતન કરવું પડે. જીવ રાગ-દ્વેષ આદિ ભાવો અને તેનાં પ્રેરિત મન, વચન અને કાયાના યોગોને કારણે જેટલા જથ્થામાં કર્મ બનાવવાની ક્ષમતાવાળા અતિસૂક્ષ્મ પરમાણુઓ ગ્રહણ કરે એને પ્રદેશબંધ કહેવાય છે. હવે જે જીવ પરભવમાં જાય ત્યાં કેટલું રહેશે એનો આધાર આ પ્રદેશબંધ પર રહેલો છે. જીવ સાથે જડાઈ ગયેલા આ પરમાણુઓ જ્યાં સુધી ભોગવાઈને કે કોઈ આકસ્મિક કારણથી ખરી ન પડે ત્યાં સુધી માણસનું મૃત્યુ થતું નથી. એટલે કે જે જથ્થામાં જીવે આયુષ્યના પરમાણુઓ ગ્રહણ કરેલા છે તે જથ્થો નિશ્ચિત છે. પણ તે જેટલા કાળમાં ભોગવશે કે વેડફશે કે અકસ્માતથી ખલાસ થઈ જશે તે કાળ નક્કી નથી હોતો. જેનો જથ્થો જલદીથી વપરાઈ જાય કે છૂટીને ખરી પડે તે વહેલો મરી જાય તેને આપણે અકાળે મૃત્યુ કહીએ છીએ.

આ વાતને વિશેષ સમજવા માટે પ્રથમ 'કર્મગ્રંથ કર્મવિપાક'માંથી આયુષ્યકર્મની કેટલીક સમજણ રજૂ કરું છું જેથી તમને સમજાઈ જશે. તમને સંતોષ થાય એ જ અભ્યર્થના સાથે...

કોઈપણ જીવ પોતાના પરિણામ અનુસારે દેવાદિ-૪ આયુષ્યમાંથી કોઈપણ એક જ આયુષ્યને બાંધી શકે છે. **આયુષ્યકર્મ એક ભવમાં એક જ વાર બંધાય છે.** દેવ-નારકો પોતાના આયુષ્યના -૬ માસ બાકી રહે છે ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે અને તિર્યંચ-મનુષ્યો પોતાના આયુષ્યનો ત્રીજો ભાગ, નવમો ભાગ કે ૨૭મો ભાગ બાકી રહે છે ત્યારે પરભવનું આયુષ્ય બાંધે. પણ જો તે વખતે આયુષ્ય ન બંધાય તો બાકી રહેલા આયુષ્યનો ત્રીજો ભાગ કરતાં કરતાં છેલ્લે એક અંતર્મુહૂર્ત બાકી રહે ત્યારે તો પરભવનું આયુષ્ય અવશ્ય બાંધે છે.

દા. ત. ૮૧ વર્ષના આયુષ્યવાળો તિર્યંચ-મનુષ્ય પોતાના આયુષ્યના બે ભાગ=૫૪ વર્ષ ગયા પછી પોતાના આયુષ્યનો ત્રીજો ભાગ=૨૭ વર્ષ બાકી રહે ત્યારે પરભવનું આયુષ્ય બાંધે પણ જો તે વખતે આયુષ્ય ન બંધાય, તો પોતાના આયુષ્યના-૯ ભાગ કરવા. તેમાંથી આઠ ભાગ=૭૨ વર્ષ ગયા પછી નવમો ભાગ=છેલ્લા ૯ વર્ષ બાકી રહે ત્યારે પરભવનું આયુષ્ય બાંધે પણ જો તે વખતે આયુષ્ય ન બંધાય, તો પોતાના આયુષ્યના ૨૭ ભાગ કરવા. તેમાંથી છવ્વીસ ભાગ=૭૮ વર્ષ ગયા પછી ૨૭મો ભાગ=છેલ્લા ૩ વર્ષ બાકી રહે ત્યારે આવતા ભવનું આયુષ્ય બાંધે.

હવે જો ૮૧ વર્ષના આયુષ્યવાળો તિર્યંચ-મનુષ્ય પોતાના આયુષ્યના છેલ્લા ૩ વર્ષ બાકી રહે છે ત્યારે પણ આયુષ્ય ન બાંધી શકે, તો બાકી રહેલા આયુષ્યના પણ ત્રણ ભાગ કરવા. તેમાંથી બે ભાગ ગયા પછી ત્રીજા ભાગે આયુષ્ય બંધાય, એટલે ૩ વર્ષનો ત્રીજો ભાગ=છેલ્લું ૧ વર્ષ બાકી રહે ત્યારે આયુષ્ય બાંધે છે. જો એક વર્ષ બાકી રહે ત્યારે પણ આયુષ્ય ન બાંધે, તો એક વર્ષના ત્રીજા ભાગે=૪ માસ બાકી રહે ત્યારે આયુષ્ય બાંધે. જો તે વખતે પણ આયુષ્ય ન બાંધે, તો ૪ માસના ત્રીજા ભાગે=૪૦ દિવસ બાકી રહે ત્યારે પરભવનું આયુષ્ય બાંધે. એ પ્રમાણે બાકી રહેલા આયુષ્યનો પણ ત્રીજો ભાગ કરતા કરતા છેવટે છેલ્લું અંતર્મુહૂર્તકાળ બાકી રહે ત્યારે તો અવશ્ય પરભવનું આયુષ્ય બાંધે છે. કારણ કે આગામી ભવનું આયુષ્ય બાંધ્યા વિના સંસારી જીવ મૃત્યુ પામતો નથી. એટલે અહીંથી મરીને જીવને ક્યાં જવાનું છે ? ત્યાં કેટલો ટાઈમ રોકાવાનું છે ? તેનો નિર્ણય ચાલુ ભવમાં જ થઈ જાય છે પણ પરભવાયુનો ઉદય તો જે સમયે જીવ મરણ પામે છે તે પછીના સમયે જ થાય છે.

એ રીતે, કોઈપણ જીવ બાકી રહેલા પોતાના આયુષ્યનો ત્રીજો ભાગ કરતાં-કરતાં છેવટે અંતર્મુહૂર્તકાળ બાકી રહે છે ત્યારે તો અવશ્ય આયુષ્ય બાંધે છે.

અક્ષયસ્થિતિને ઢાંકનારા કાર્મણસ્કંધોને દ્રવ્યાયુષ્ય કહે છે અને દ્રવ્યાયુષ્યકર્મની સહાયતાથી સંસારી જીવ જેટલો કાળ જીવી શકે છે તેટલા કાળને **કાલાયુષ્ય** કહે છે.

**દ્રવ્યાયુષ્ય=આયુષ્યક્રમના દલિકો.**

**કાલાયુષ્ય=આયુષ્યકર્મની સ્થિતિ.**

સંસારી જીવને દ્રવ્યાયુષ્ય તો અવશ્ય ભોગવવું પડે છે. જેમ તેલ વિના દીપક બળી શકતો નથી તેમ દ્રવ્યાયુષ્ય વિના સંસારીજીવ જીવી શકતો નથી અને દ્રવ્યાયુષ્ય પૂર્ણ થયા વિના જીવ ક્યારેય મરતો નથી. એટલે દરેક સંસારી જીવ દ્રવ્યાયુષ્યકર્મને અવશ્ય ભોગવીને નાશ કરે છે. પણ કાલાયુષ્યને ભોગવીને જ નાશ કરે એવો કોઈ નિયમ નથી. કારણકે આયુષ્યકર્મ બાંધતી વખતે જે આયુષ્યની સ્થિતિમાં કર્મદલિકોનો નિષેક શિથિલ થયો હોય, તે આયુષ્યકર્મની સ્થિતિ શસ્ત્રાદિબાહ્ય કે રાગાદિઅભ્યંતર નિમિત્ત દ્વારા ટૂંકાઈને અંતર્મુહૂર્ત જેટલી થઈ જાય છે. તેથી તે કાલાયુષ્યનો (આયુષ્યકર્મની સ્થિતિનો) ભોગવ્યા વિના પણ નાશ થઈ શકે છે અને આયુષ્યકર્મ બાંધતી વખતે જે આયુષ્યની સ્થિતિમાં કર્મદલિકોનો નિષેક ગાઢ થયો હોય, તે આયુષ્યકર્મની સ્થિતિ શસ્ત્રાદિબાહ્ય કે રાગાદિઅભ્યંતર નિમિત્ત દ્વારા પણ ટૂંકી થઈ શકતી નથી. એમ ને એમ રહે છે. તે કાલાયુષ્યને [આયુષ્યકર્મની સ્થિતિને] ભોગવીને જ નાશ કરી શકાય છે. તેથી કાલાયુષ્ય ૨ પ્રકારે છે.

(૧) અપર્વતનીય, (૨) અનપવર્તનીય.

(૧) **અપવર્તનીય :** જે આયુષ્યકર્મની સ્થિતિ શસ્ત્રાદિબાહ્ય કે રાગાદિઅભ્યંતર નિમિત્તોથી ટૂંકી થઈ જાય છે તે અપવર્તનીય આયુષ્ય કહેવાય છે. તે સોપક્રમી હોય છે.

**ઉપક્રમ=આયુષ્ય ઘટવાના નિમત્તો**

જે આયુષ્યની સ્થિતિ શસ્ત્રાદિ બાહ્ય કે રાગાદિ અભ્યંતર નિમિત્ત દ્વારા ટૂંકી થાય છે તે **સોપક્રમી અપવર્તનીય**[૫૦] કહેવાય છે. દા. ત. અપર્વતનીય આયુષ્ય ૧૦૦ વર્ષનું બાંધ્યું હોય પણ જો ૫૦ વર્ષ પૂરા થયા પછી ઉપક્રમ = આયુષ્ય ઘટાડી નાખે એવું એક્સિડન્ટાદિ કોઈક નિમિત્ત મળી જાય, તો બાકી રહેલી ૫૦ વર્ષ જેટલી આયુષ્યની સ્થિતિ ટૂંકાઈને અંતર્મુહૂર્ત પ્રમાણ પણ થઈ જાય છે એટલે ૫૦ વર્ષનું આયુષ્ય માત્ર અંતર્મુહૂર્તકાળમાં ભોગવાઈ જાય છે. જેમ ૧૦ મીટરનું દોરડું લાંબું કરીને એક છેડો સળગાવવાથી આખું દોરડું બળતા ઘણીવાર લાગે. પણ તેને ગુંચળુ વાળીને આગ લગાવીએ, તો એકાદ મિનિટમાં આખું દોરડું બળી જાય છે તેમ અપર્વતનીય આયુષ્યને ઉપક્રમ=આયુષ્ય ઘટવાનું કોઈક નિમિત્ત મળી જાય, તો બાકી રહેલું આયુષ્ય જલ્દીથી ભોગવાઈને નાશ પામી જાય છે.

(૨) **અનપવર્તનીય :** જે આયુષ્યકર્મની સ્થિતિ શસ્ત્રાદિબાહ્ય કે રાગાદિઅભ્યંતર નિમિત્તો દ્વારા પણ ટૂંકી થઈ શકતી નથી, એમ ને એમ રહે છે તે અપર્વતનીય આયુષ્ય કહેવાય છે. તે ૨ પ્રકારે છે.

(૧) સોપક્રમી અનપર્વતનીય. (૨) નિરૂપક્રમી, અનપવર્તનીય.

**(૧) જે અનપવર્તનીય આયુષ્યને આયુષ્યકર્મ પુરું થતી વખતે ઉપક્રમ=શસ્ત્રાદિબાહ્ય કે રાગાદિઅભ્યંતર નિમિત્તો પ્રાપ્ત થાય છે, તે સોપક્રમી અનપવર્તનીય આયુષ્ય કહેવાય છે.**

અનપવર્તનીય આયુષ્યવાળાને મરણ સમયે ઉપક્રમ લાગતો હોવાથી ઉપક્રમ દ્વારા જીવ મૃત્યુ પામ્યો હોય એવું લાગે છે પણ વાસ્તવિક રીતે ઉપક્રમ લાગ્યો ત્યારે આયુષ્યકર્મની સ્થિતિ પૂર્ણ થવાની તૈયારીમાં જ હતી. એટલે ઉપક્રમથી જીવને કષ્ટ પડે છે પણ આયુષ્યની અપવર્તના થતી નથી. જે રીતે આયુષ્ય બાંધ્યું હોય, તે જ રીતે ભોગવાય છે. દા. ત. સ્કન્ધકાચાર્યના ૫૦૦ શિષ્યો, ગજસુકુમાર, ઝાંઝરીયા મુનિ વગેરે સોપક્રમી અનપવર્તનીય આયુષ્યવાળા હતા. તેમને આયુષ્યકર્મ પુરું થવાની તૈયારીમાં જ ઉપક્રમ લાગ્યો હોવાથી તેના દ્વારા જીવને માત્ર કષ્ટ જ સહન કરવું પડ્યું છે પણ ઉપક્રમથી આયુષ્યક્રમની અપવર્તના થઈ નથી.

**(૨) જે અનપવર્તનીય આયુષ્યને ઉપક્રમ જ લાગતો નથી. તે નિરૂપક્રમી અનપવર્તનીય આયુષ્ય કહેવાય છે.**

દેવ-નારક, અઢીદ્વીપમાં રહેલા યુગલિક તિર્યંચ-મનુષ્યો અને અઢીદ્વીપની બહાર રહેલા અસંખ્યાતવર્ષના આયુષ્યવાળા તિર્યંચો

નિરૂપક્રમી અનપવર્તનીય આયુષ્યવાળા હોય છે.

ચરમશરીરી જીવો અને ઉત્તમપુરુષો **નિરૂપક્રમી અનપવર્તનીય** અને **સોપક્રમી અનપવર્તનીય** એમ બન્ને પ્રકારના આયુષ્યવાળા હોય છે. તે સિવાયના તિર્યંચ-મનુષ્યો **અપવર્તનીય** અને **અનપવર્તનીય** એમ બન્ને પ્રકારના આયુષ્યવાળા હોય છે.

[૫૦] વિશેષાવશ્યકભાષ્ય ૨૦૫૫ ગાથાની ટીકામાં કહ્યું છે કે અપવર્તનીય આયુષ્યને ઉપક્રમ લાગે જ એવો કોઈ નિયમ નથી. જો ઉપક્રમ લાગે તો આયુષ્ય ઘટી જાય અને ઉપક્રમ ન લાગે તો આયુષ્ય ન ઘટે. તત્ત્વાર્થસૂત્રના ભાષ્યમાં કહ્યું છે કે અપવર્તનીય આયુષ્યને અવશ્ય ઉપક્રમ લાગે.

✷ ✷ ✷

# દંભ–મોટું દૂષણ

☐ નટવરભાઈ દેસાઈ

માણસ પોતે સાચે સાચ જે હોય તે છૂપાવવાની કોશિશ કરે છે અને જે તે નથી તે બતાવવાની કોશિશ કરે છે. પોતે કાંઈક છે તે જણાવવા માગે છે, પરંતુ હકીકતમાં પોતે એવો હોતો નથી. વર્તનમાં, વ્યવહારમાં અને અરસપરસ સંબંધમાં ચારેબાજુ આપણા સમાજમાં દંભનું દૂષણ જોવા મળે છે. માણસ વાતો ગમે તેટલી કરે પરંતુ તેનું વર્તન અને વિચારો તદ્દન અલગ હોય છે. આ હકીકત હોવાને કારણે કોઈ વ્યક્તિને ઓળખવી તે અત્યંત અઘરું કામ છે. વાતો મોટી મોટી કરે અને વર્તન એની વિરુદ્ધનું હોય છતાં સમાજમાં એવા લોકોનું ચલણ વિશેષ છે. ભાગ્યે જ એવી વ્યક્તિ જોવા મળે કે પોતે જે છે તે છૂપાવવાની કોશિશ ન કરે પોતે જે નથી તે બતાવવાની કોશિશ ન કરે. તેવું અત્યારે અશક્ય થઈ ગયું છે.

હા...જી...હા...કરનારા અને પોતાના સ્વાર્થને ધ્યાનમાં રાખી વાહ...! વાહ...! કરનારા અનેક લોકો છે કે જેમનામાં સાચી વાત કહેવાની નૈતિક હિંમત નથી. સાચું કહેવાથી અળખામણા થવાય અને એને કારણે સંબંધો બગડે તેની બીક હોય છે. પોતાના આર્થિક અથવા સામાજિક હિતને નુકસાન ન થાય તે કારણે સાચું કહેવાની હિંમત આવતી નથી. જે બાબત માટે બીજાની ટીકા કરતો હોય છતાં તેજ બાબત એ પોતે પણ કરતો હોય છે તે ભૂલી જાય છે. પૈસા હાથનો મેલ છે એ કહેવાવાળી વ્યક્તિ પૈસા સિવાય કાંઈ જોતી નથી. ચારિત્ર્ય તથા સચ્ચાઈ બાબત મોટાં મોટાં પ્રવચન કરે તે વ્યક્તિ પોતાના ચારિત્ર્યમાં અને સચ્ચાઈમાં તદ્દન શૂન્ય હોય છે. છૂપી રીતે અનેક અપકૃત્ય તથા અધર્મ કરતો હોવા છતાં સમાજમાં પોતાની છાપ સજ્જન તથા સદ્‌ગૃહસ્થ છે તેવી ઊભી કરવા અનેક છળકપટ કરતો હોય છે. આમાં સામાન્ય માણસથી માંડી કહેવાતા ધર્મગુરુઓ અને સંતો પણ આવી જાય છે. જેની સાથે તીવ્ર મતભેદ હોય અને અરસપરસ દુશ્મનાવટ હોય છતાં બહારથી એકબીજાંને સ્નેહ હોય તેવું દંભી વર્તન કરે છે. સ્વાર્થ હોય ત્યારે મૈત્રીભાવ અને સ્વાર્થ ન હોય ત્યારે તદ્દન ભૂલી જાય અને જાણે ઓળખતો પણ ન હોય તેવું વર્તન કરે.

ગીતામાં દૈવી લક્ષણો તથા આસુરી લક્ષણોનું વર્ણન છે તેમાં આસુરી લક્ષણોમાં દંભ પણ આવી જાય છે. દંભ થોડો ઘણો આપણે બધા જ કરતા હોઇએ છીએ કારણ કે ઘણી વખત સામાજિક હિત માટે પણ દંભ કરવો જરૂરી છે અને વ્યવહારિક વિવેક ખાતર પણ દંભ આચરવો પડે છે; પરંતુ આપણી પોતાની બાબતમાં દંભ કરીએ તેવું અજુગતું વર્તન સમાજ માટે ઘાતક કહેવાય.

ઈશ્વરે મનુષ્યને બુદ્ધિ આપી છે તેનો સદુપયોગ કરવાને બદલે ગેરઉપયોગ કરી સૌને છેતરવાનો પ્રયાસ માણસ કરતો હોય છે. આજના સમાજમાં પૈસા, પ્રતિષ્ઠા, મોભો અને સત્તા મેળવવા માટે (મુખમેં રામ બગલમેં છૂરી વાળી વાત છે) માણસ અનેક ખેલ કરતો હોય છે. એમાં આ દંભ છે તે ખૂબ જ ખતરનાક બાબત છે. દંભને કારણે માણસ અન્યને છેતરતો હોય છે, પરંતુ સાચેસાચ તે પોતાને છેતરતો હોય છે અને તેના અંતરના અવાજને અવગણીને સ્વાર્થી વર્તન કરતો હોય છે.

વર્ષો પહેલાં અમારા એક સ્નેહી મિત્રનું અવસાન થયેલ એ બાબતથી મારા એક મિત્ર અજાણ હતા અને તેઓ પણ ગુજરી ગયેલ મિત્ર સાથે ખૂબ પરિચિત હતા. હું તેમની સાથે લગ્ન સમારંભમાં જમવા બેઠો હતો ત્યારે તેઓએ તે મિત્રને યાદ કરી તેમના મને ખબર પૂછ્યા. મેં તેમને જણાવ્યું કે તેઓ તો એક વર્ષ પહેલાં ગુજરી ગયા. તેજ વખતે જમવામાં જલેબી પીરસવાવાળો આવ્યો એટલે ગુજરી ગયેલ મિત્રનો શોક પડતો મૂકી તેમણે જલેબીવાળાને કહ્યું કે મારી થાળીમાં જલેબી મૂકતો જા. આવું બન્યું ત્યારે માણસ કેટલો દંભી છે તે પ્રત્યક્ષ જોઈને મને દુઃખ થયું. મેં તેમને ઠપકો આપ્યો કે તમે થોડીવાર જલેબી ભૂલીને સદ્‌ગત મિત્રના અવસાનની બદલ શોક વ્યક્ત કરવાને બદલે જલેબી યાદ કરી તે ખોટુ કર્યું. જવાબમાં તેઓએ મને જણાવ્યું કે સદ્‌ગત મિત્ર ગયો તે પાછો આવવાનો નથી પરંતુ આ જલેબીવાળો પાછો ન આવે તો આપણે જલેબીથી વંચિત થઇ જઇએ એટલે મેં જલેબીવાળાને રોકી લીધો.

આ બનાવથી આપણે કેટલા દંભી છીએ તેનો અનુભવ થયો. આપણે સૌ થોડાઘણાં દંભી છીએ પરંતુ પ્રસંગને અનુરૂપ થોડીઘણી મર્યાદા જાળવીએ અને દંભથી દૂર રહીએ તે ઇચ્છવા યોગ્ય છે. આપણે બધાં સમાજ સાથે સંકળાયેલા હોવાને કારણે ઘણી વખત દંભ કરતા હોઇએ છીએ પરંતુ વ્યક્તિ પોતાના દુર્ગુણ છુપાવવા અથવા સદ્‌ગુણ ન હોય છતાં પ્રદર્શિત કરવાનો દંભ કરે છે તે સમાજ માટે નુકસાનકારક છે.

અત્યારે જીવનના દરેક ક્ષેત્રમાં દંભ માણસને ખોટે રસ્તે દોરી જાય છે. માણસમાં પોતે જે સાચેસાચ છે અને પોતે જે સાચું માને છે તે નિર્ભયપણે કહી શકે અને અન્યને માટે પોતે શું ધારે છે એ પણ સત્ય હકીકત કહી શકે તેવી નૈતિક તાકાત માણસમાં આવે તો સમાજનો ઉદ્ધાર થઈ શકે. સ્વાર્થને માટે નાલાયક માણસોની પ્રશંસા કરવી અને જે તદ્દન અયોગ્ય હોય તે યોગ્ય છે તેવી દંભી વાતો માણસો પોતાના અંગત સ્વાર્થ માટે કરે છે. આ પરિસ્થિતિ સમાજ માટે ખૂબ ગંભીર છે અને એને કારણે અનેક દૂષણો ફૂલેફાલે છે. પૂ. ગાંધીજીએ 'સત્યના પ્રયોગો'માં દંભને માણસ જાતનું મોટામાં મોટું દૂષણ ગણ્યું છે અને તેવા માણસોથી ચેતતા રહેવાની વાતો કરી છે. દંભ એટલે ખોટો દેખાવ અને ખોટો દેખાવ લાંબો સમય છૂપો રહેતો નથી અને જ્યારે તે લોકો સમજી જાય ત્યારે દંભ કરનાર વ્યક્તિ ઉઘાડી પડી જાય અને પછી તેનો કોઈ વિશ્વાસ કરે નહીં. આ બાબતમાં સમાજે જાગૃત રહી અને બને ત્યાં સુધી આવા દંભી લોકોને ઉઘાડા પાડવા જોઇએ જેથી કરી સમાજમાં સચ્ચાઈનું વાતાવરણ ફેલાય અને સમાજની ઉન્નતિ થાય. ઇશ્વર સૌને સદ્‌બુદ્ધિ આપે તેવી પ્રાર્થના. ✶✶✶

*ચેરમેન-પી.એન.આર, સોસાયટી, મુંબઈ. ટેલિ. ૦૨૨૨૩૫૨૪૬૪૯*

# સત્ય-અહિંસાની જુગલ જોડી-ગાંધીજી

□ ઉષાબેન રમણીકભાઈ પટેલ

ગાંધીજીની અહિંસા ઉપનિષદના અદ્વૈતભાવ, બુદ્ધ-મહાવીરની જીવમાત્ર પ્રત્યેની દયા કે કરૂણાભાવ, ઈસુના પ્રેમ અને શ્રી કૃષ્ણના કર્મયોગના અજબ અને વિરલ સમન્વયરૂપ હતી. અદ્વૈતનો સિદ્ધાંત એમના મનમાં વસેલો હોવા છતાં તે વિરક્ત કે પરંપરાગત સંન્યાસ તરફ ખેંચાયા નહોતા. અહિંસામાં પૂર્ણ શ્રદ્ધા હોવા છતાં કીડી મંકોડા કે અપંગ પ્રાણીઓની અવહેવારુ રક્ષામાં જ અહિંસાની ઈતિશ્રી એમણે માની નહોતી. પરંતુ આ બધાને આવરી લઈને એમણે એક એવો વિરલ યજ્ઞ આદર્યો કે જેમાં અદ્વિતીય અહિંસા એમણે આચરી અને હિંસાથી ત્રસ્ત માનવજાતને એમાંથી ભાવિ વિકાસ માટે એક મોટી દિશા અને આશા સાંપડી.

સત્ય જો ગાંધીજીના જીવનનું ધ્યેય છે તો અહિંસા એને પ્રાપ્ત કરવાનું સાધન છે. તેથી સત્ય અને અહિંસાને અલગ પાડીને ગાંધીજીની ફિલોસોફીનો વિચાર થઈ શકે નહિ.

'સાવલી ગાંધી સેવા સંઘ'ની એક સભામાં ગાંધીજીને પૂછવામાં આવ્યું, 'તમારો મુખ્ય ધર્મ કયો? સત્ય કે અહિંસા?' ગાંધીજીએ કહ્યું, 'સત્યની શોધ એ મારા જીવનનું ધ્યેય છે. સત્યની શોધ કરતાં કરતાં અહિંસા મને મળી છે, અને હું એવા નિર્ણય પર આવ્યો છું, કે આ બે માં અભેદ છે. અહિંસા વગર સત્યની પ્રાપ્તિ સંભવતી નથી. આ મારા જીવનનો અનુભવ છે. મારી સાધનાનો નિચોડ છે. સત્ય અને અહિંસા મારા માટે જુગલ જોડી છે. એ બંને એકબીજામાં એવા ઓતપ્રોત છે કે એમને અલગ પાડવા મુશ્કેલ છે.'

અહિંસા એટલે શું? 'વિશ્વપ્રેમ, જીવ માત્રને વિષે કરૂણા, ને તેમાંથી ઉત્પન્ન થતી પોતાનો દેહ હોમવાની શક્તિ.' ગાંધીજીની અહિંસા માત્ર કોઈને નહીં મારવામાં સમાઈ જતી નથી. એ તો વિરોધીને ચાહવાનું અને એની સેવા કરી એની સાથે અભેદ અનુભવવાનું કહે છે. અન્યાય, પાપ, દુરાચાર ને દ્વેષ સામે બાથ ભીડવાનું કહે છે, તે પ્રેમ રૂપે પ્રગટ થાય છે અને પરિણીત તાદાત્મ્યમાં પરિણમે છે. તેમાં કાયરતા કે નામર્દીને સ્થાન નથી. પુરુષાર્થહીન નિઃસત્વ અહિંસા કરતાં શૌર્યયુક્ત હિંસાને ગાંધીજી શ્રેયકર માનતા હતાં. એમણે કહ્યું છે – 'અહિંસાનું પાલન એ ઊંચા પ્રકારની વીરતાનું લક્ષણ છે. અહિંસામાં ભીરુતાને ક્યાય સ્થાન નથી.'

अहिंसा सत्य अस्तेय ब्रह्मचर्य
असंग्रह शरीरश्रम अस्वाद सर्वत्र भयवर्जनं ।

ગાંધીજીના એકાદશ વ્રતમાં આ પાંચ વ્રતોને ધર્મદર્શનના અંગરૂપ માન્યા છે. આચાર્ય વિનોબાજીએ એને સૂત્રબદ્ધ કર્યા છે. પતંજલિએ યોગસૂત્રમાં તેને 'યમ' તરીકે ઓળખાવ્યા છે. જૈનના મહાવીર અને બુદ્ધે આ પાંચ વ્રતોનો જ ઉપદેશ આપ્યો છે. ગાંધીજીએ પણ આશ્રમની નિયમાવલીમાં આ પાંચ વ્રતોને ખાસ સ્થાન આપ્યું છે.

ગાંધીજીએ પારંપરીક અહિંસા વિચારમાં ક્રાન્તિ આણી. એમણે અહિંસાને વ્યક્તિગત મોક્ષ માટેના આચરણના ગુણમાંથી મુક્ત કરી એને સાર્વભૌમ રૂપ આપ્યું અને બતાવ્યું કે અહિંસાને જો વ્યક્તિગત જીવનમાં લાગુ પાડી શકાય તો સામાજિક જીવનમાં પણ લાગુ પાડી શકાય. વ્યક્તિ પોતાનો ભોગ આપી સમાજકલ્યાણ સાધી શકે તો સમાજ પણ અહિંસક બનીને પોતાના ટૂંકા સ્વાર્થોનો ભોગ આપીને રાષ્ટ્રને ઉન્નત કરી શકે છે અને એવી જ રીતે રાષ્ટ્ર અહિંસાને અપનાવીને જગતનો ઉદ્ધાર પણ કરી શકે છે.

અહિંસાના પ્રયોગોથી ગાંધીજીને એવી અનુભૂતિ થઈ હતી કે, 'અહિંસક માનવજાત પાસે એક એવી પ્રબળમાં પ્રબળ શક્તિ પડેલી છે કે જેનો કોઈ પાર નથી. માનવબુદ્ધિએ જગતમાં જે પ્રચંડમાં પ્રચંડ શસ્ત્રો બનાવ્યા એથીપણ પ્રચંડ આ અહિંસાની શક્તિ છે.' માત્ર જરૂર છે એ શક્તિ જગાડવાની અને સંગઠિત કરવાની.

✶✶✶

૬૦૩, સરયૂ બિલ્ડિંગ, સી.કે.પી કોલોની, એકસર રોડ, બોરીવલી (વેસ્ટ) મુંબઈ-૪૦૦ ૦૯૨. Mob.: 8097731397.

**'જો હોય મારો આ અંતિમ પત્ર તો...'**
**–નિરંજન રાજ્યગુરુ**

## આપણો શુદ્ધ અને સાત્વિક જ્ઞાનવારસો જળવાઈ રહે
**(અનુસંધાન પાના છેલ્લાનું ચાલુ)**

આટલી અપેક્ષાઓ છે, ભાષા, પ્રદેશ, જ્ઞાતિ, જાતિ, કૂળ, વંશ, ધર્મ, સંપ્રદાય, પંથ, પક્ષ, વિચારધારા, ગરીબ-શ્રીમંત, નાના-મોટા, સ્ત્રી-પુરુષના ભેદભાવમાં રાચવાનું છોડી, તમામ ક્ષેત્રોમાં વ્યાપ્ત કટ્ટરતા ઓછી થાય એવા પ્રયાસો કરનારા એક નાનકડા ચિંતનશીલ-જાગૃત વર્ગને શક્ય તેટલા મદદગાર થઈ શકાય એવું વિચારે. આપણી માતૃભૂમિ-ભારતમાતા ફરી વિશ્વગુરુનું સ્થાન–માન પ્રાપ્ત કરી શકે એ માટે વાતાવરણ, પર્યાવરણ, આબોહવા સ્વચ્છ અને પવિત્ર રહે એ રીતે ધરતી, જળ, પવન, અગ્નિ અને આકાશની શુચિતા જાળવી રાખે અને ફરી પ્રકૃતિની નજીક પોતાના સંતાનોને લઈ જાય. લાખો પૂળા ધરાવતી ઘાસની ગાંસડીઓનો ગંજ ખડકાયો હોય અને એમાં આગ લાગી હોય ત્યારે આપણે બે બાલદી પાણીની ભરીને એને ઠારવાનો પ્રયાસ કરવા જઈએ તો આગ તો ના ઠરે પણ આપણે દાઝી જઈએ. એવા સમયે જો ખેંચી શકાય તો બે–પાંચ પૂળા ખેંચીને દૂર ભાગી જવું. જેટલા પૂળા બચાવી શકાયા તે આપણા...અત્યારના વિષમ વાતાવરણમાં સમાજજીવનના લગભગ તમામ ક્ષેત્રોમાં જે ચોતરફથી ભયંકર આગ લાગી છે એમાં એક વિચારશીલ–સંવેદનશીલ મનુષ્ય તરીકેનું આપણું કર્તવ્ય એટલું જ કે આપણી જાતથી શરૂ કરીને પરિવાર, કુટુંબ, કૂળ, જ્ઞાતિ, સમાજ, ગામ કે પ્રદેશ જેવા સીમિત/મર્યાદિત ક્ષેત્રોમાં આપણી કક્ષા, આવડત કે લાયકાત મુજબ કેળવણી, શિક્ષણ, જ્ઞાન, વિજ્ઞાન, વિદ્યા, સેવા, સત્સંગ અને સાધના જેવા ક્ષેત્રોમાં સત્યનિષ્ઠા, સાદગી, સ્વાધ્યાય અને સમર્પણની ભાવના કેળવાતી રહે એવી મારા અંતરની આરઝુ છે.

આપણા ધર્મશાસ્ત્રોમાં કહેવાયું છે કે સંસારમાં પાંચ પ્રકારે મહોત્સવો થાય છે, જ્ઞાન મહોત્સવ, ધર્મ મહોત્સવ, અર્થ(ધન) મહોત્સવ, કામ/કર્મ મહોત્સવ (કોઈપણ કામના પૂર્ણ થાય ત્યારે થતો ઉત્સવ) અને મોક્ષ મહોત્સવ. આપણી સંસ્કૃતિ એને યજ્ઞ કે યોગ તરીકે પણ ઓળખાવતી.

**ધર્મયજ્ઞ કે ધર્મયોગ:** (સત્સંગ, કથા, યજ્ઞયાગ, વ્રત, જપ તપ, તીર્થયાત્રા). **અર્થયજ્ઞ કે અર્થયોગ:** (વ્યાપારી મેળાવડા, ઉદ્યોગમેળા, કૃષિમેળા–વધારે કમાણી થાય એવા હેતુથી થતા ઉત્સવો). **કામયજ્ઞ કે કર્મયોગ:** (સેવા, જીવદયા, અન્નદાન, ગોસેવા). **જ્ઞાનયજ્ઞ કે જ્ઞાનયોગ:** (જેમાં શિક્ષણ, અભ્યાસ, કેળવણી, જ્ઞાન અને વિદ્યાનું સન્માન-અભિવાદન થતું હોય. અને વિદ્યાનાં સત્કાર પ્રમાણપત્ર, બહુમાન, સંમાન, પ્રોત્સાહન, પુરસ્કાર, એવોર્ડ, પારિતોષિકથી થતાં હોય). **મોક્ષ યજ્ઞ કે મોક્ષયોગ:** (જેમાં આત્મસાધના થતી હોય.)

આપણે ત્યાં મહોત્સવની સરખામણીમાં જ્ઞાન મહોત્સવની ઉજવણી પ્રમાણમાં ઓછી થાય છે. હા, શાળા/મહાશાળા, કૉલેજ, યુનિવર્સિટી, સાહિત્ય પરિષદ/અકાદમી, રાજ્ય સરકાર વગેરેના વિવિધ વિષયોના જ્ઞાનસત્ર, પરિસંવાદો, સેમિનાર, અધિવેશન, વગેરે મેળાવડાઓ થાય છે ખરા પરંતુ એમાં વધારે જોવા મળે આડંબર, ક્રિયા, ગોઠવણી, આયોજન, દંભ, દેખાડો, ઘોંઘાટ...જ્યાં વિવેક, ગૌરવ, સમર્પણભાવ, નિર્દોષતા, સહજતા, જ્ઞાનનું સમુચિત બહુમાન અને જ્ઞાન વંદનાની ભાવના હોય એ જ સાચો જ્ઞાન મહોત્સવ. સાચો જ્ઞાન મહોત્સવ એને જ કહેવાય જેમાં વિદ્યાર્થી/કિશોર કે યુવાનોમાં છુપાયેલાં સાહિત્ય, સંગીત, નૃત્ય, નાટ્ય, ચિત્ર, ગાયન, વાદન, નર્તન અને વિવિધ કલાઓનાં સંસ્કારો જાગૃત થાય, એને પ્રોત્સાહન મળે એવો પ્રયાસ થાય.

આપણો દેશ જ માત્ર નહીં પણ આખું વિશ્વ આજે એવા ભીષણ સમયમાંથી પસાર થઈ રહ્યું છે કે જ્યારે દેશના નવયુવાનોઓએ જાગૃત થવું જ રહ્યું. આખું વિશ્વ આજે આતંકવાદથી ત્રસ્ત છે, એમાં જ્યારે ભારતીય યુવાધન અને ખાસ કરીને ગુજરાતી યુવાનની બૌધિક સંપદા જ્યારે સૌને તમામ ક્ષેત્રોમાં પડકારે છે ત્યારે આપણે શું સાવચેતી રાખવાની છે? ભારતીય સંસ્કૃતિ એ ચાર પુરુષાર્થોની સંસ્કૃતિ છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. એમાં આજે આપણો યુવાન વચ્ચેના બે પુરુષાર્થોમાં જ રાચે છે. કામ એટલે માત્ર જાતીય વ્યવહાર જ નહીં, તમામ ક્ષેત્રોની કામના. કોઈપણ કામના પૂર્ણ થાય એટલે આપણે ઉત્સવ કરીએ છીએ. અને અર્થપ્રાપ્તિ થતાં જ ઉત્સવ યાદ આવે છે. સારી પરીક્ષામાં પાસ થઈએ, ઊંચા પગારની નોકરી મળે, સારું મકાન બંધાય, જન્મદિવસની ઉજવણી થાય એ ઉત્સવ. પણ પાર્ટી અને ઉત્સવ વચ્ચે તફાવત છે. આજના શિક્ષણમાંથી ધર્મ અને મોક્ષ એ બે પુરુષાર્થોએ વિદાય લીધી છે. ધર્મ શબ્દને આપણે બહુ સંકુચિત અર્થમાં વાપરીએ છીએ. પણ માનવધર્મ, વિશ્વધર્મ, રાષ્ટ્રધર્મ, રાજ્યધર્મ, યુવાધર્મ, લોક કે પ્રજાધર્મ એમ વિચારીએ તો આપણા યુવાનો સામે મારી કઈ અપેક્ષાઓ છે? (૧) સંપૂર્ણ શારીરિક તંદુરસ્તી–શરીરની સ્વસ્થતા, સુદૃઢતા. (૨) સંપૂર્ણ માનસિક સ્વાસ્થ્ય. વિચારોનું તાટસ્થ્ય, નૈતિકતા, અણીશુદ્ધ ચારિત્ર. હકારાત્મક વલણ. (૩) દૃઢ આત્મબળ, જીવમાત્ર પ્રત્યે કરુણા અને પ્રેમની ભાવના, સંવેદનશીલતા.

આજના આ કારમા યુગમાં–જ્યારે જીવતરના તમામ ક્ષેત્રો માત્ર ને માત્ર વ્યાવસાયિક બની રહ્યાં છે અને ધર્મ, શિક્ષણ, ન્યાય અને આરોગ્ય જેવાં પૂર્ણતઃ પવિત્ર ક્ષેત્રોને પણ લૂણો લાગી ગયો છે ત્યારે વિચારશીલ મનુષ્યોનું કર્તવ્ય એટલું જ કે

આપણી ભવિષ્યની પેઢી સુધી આપણો શુદ્ધ અને સાત્વિક જ્ઞાનવારસો જળવાઈ રહે એ માટે યત્કિંચિત પ્રયાસો કરતા રહેવા.

મારી નજર સામે ભારતીય વિદ્યાઓને પ્રસરાવનારી–દિગ્દિગંતો સુધી–દુનિયાના ખૂણેખૂણાઓ અજવાળતી વિદ્યાવારિધિ પંડિતો-આચાર્યો-ગુરુજનો-શિક્ષકો-કેળવણીકારોની એક બહુ મોટી જમાત આ સૃષ્ટિ ઉપરથી વિલીન થઈ ગઈ છે, અને એના સ્થાને વેંતિયા-વામણા-નરપશુઓ આજે વિદ્યાવાચસ્પતિ, કુલપતિ, કુલગુરુના આસને બિરાજમાન થઈ ચૂક્યા છે. એનું લક્ષ્ય એક જ–એક માત્ર છે કે 'ભવિષ્યની પેઢીઓ પાસે પોતાના કોઈ જ મૌલિક ચિંતન-સંશોધન-જ્ઞાન-વિજ્ઞાન-વિદ્યા ન હોવા જોઈએ. આજનો વિદ્યાર્થી હંમેશને માટે સ્પર્ધામાં આવવા સતત તાણમાં જ રહેવો જોઈએ. ભારતીય સંસ્કૃતિની ભવ્ય, ઉદ્દાત્ત, ઉજ્જવળ ધારાના કોઈ જ અંશોથી તેનો પરિચય ન થવા પામે.' ત્યારે મને જરૂર લાગે છે કે કોઈ કેળવણીકારનું હૈયું હચમચી જાય અને એની સંવેદનામાંથી નીપજી આવે સાચી નિષ્ઠાપૂર્વકની કર્મશીલતા.

શિક્ષણ શબ્દ શીખ્ શીખવું પરથી ઉતરી આવ્યો છે. પ્રાચીન સમયમાં તો વેદોના ઉચ્ચાર માટે શક્તિશાળી બનાવે તે જ સાચું શિક્ષણ–તે જ સાચી શિક્ષા એમ મનાતું. અને એટલે શિખાધારી એ જ બની શકે જે શિક્ષિત હોય. વેદને સમજવા માટે છંદ, કાવ્ય, જ્યોતિષ, નિરુક્ત, વ્યાકરણ અને શિક્ષા એ છ શાસ્ત્રોનો અભ્યાસ અનિવાર્ય ગણાતો. આપણે ત્યાં શિક્ષાગ્રંથોની કેવડી સુદીર્ઘ પરંપરા ચાલી આવી છે? પ્રાચીન ઋષિકુલો–ગુરુકુલો–મઠો–આશ્રમોમાં તદ્દન નિઃશુલ્ક મૌખિક શિક્ષણ કે કેળવણી અપાતાં. જેમાં છાત્ર-વિદ્યાર્થીનો બહુમુખી વિકાસ થતો. વેદ, ઉપનિષદ, પુરાણો, નીતિશાસ્ત્ર, ખગોળ, તર્ક, રાજ્યવ્યવસ્થા, બ્રહ્મવિદ્યા, જ્યોતિષ, વ્યાકરણ, છંદ, કાવ્ય, આયુર્વેદ, કૃષિ, ગોપાલન, વાણિજ્ય, અસ્ત્રશાસ્ત્ર, લોકવિદ્યાઓ... એમ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થો વિશેની સર્વાંગ સંપૂર્ણ જાણકારી આપીને, એક સુસંસ્કૃત સમાજના ઘડતરમાં તે છાત્રનું યોગદાન કેવું અને કેટલું હશે તેની અગમચેતી દાખવીને જે તે છાત્ર જીવતરના અંતિમ શ્વાસ લગી સાચો વિદ્યાર્થી બની રહે એવી કેળવણી અપાતી.

આજે ત્રણ પ્રકારના શિક્ષણ જોવા મળે છે. **(૧) સહજ શિક્ષણ કે અનૌપચારિક શિક્ષણ:** જે બાળકને એની માતા, કુટુંબ, સમાજ, આજુબાજુનું વાતાવરણ અને પ્રચાર-પ્રસારના માધ્યમો દ્વારા જાણ્યે અજાણ્યે મળતું રહે છે. **(૨) ઔપચારિક કે શાલેય શિક્ષણ:** જેમાં ચોક્કસ પદ્ધતિએ નિયત અભ્યાસક્રમ દ્વારા છાત્રને વાંચન, લેખન, ગણન અને વિવિધ વિષયોની જાણકારી અપાય છે. **(૩) બિન ઔપચારિક કે નિરંતન બિન શાલેય શિક્ષણ**, જેમાં કોઈ ચોક્કસ એક જ ક્ષેત્રને લગતું વ્યવહારિક જ્ઞાન અપાય છે, કે કૌશલ્યોની તાલીમ અપાય છે. પરંતુ આજના આ ત્રણે શિક્ષણમાંથી પસાર થયેલા અત્યંત તેજસ્વી છાત્રમાં પણ આપણને સર્વાંગ સંપૂર્ણ વિદ્યાવાન મનુષ્યના તમામ લક્ષણોથી યુક્ત એવા પુરુષના દર્શન નથી થતા. કારણ કે આજે શિક્ષણ–કેળવણી–વિદ્યાનાં સર્વ ક્ષેત્રો એકાંગી દર્શનથી પીડાય છે.

મનુષ્ય જાતના સર્વાંગી વિકાસ કે ઉર્ધ્વગતિનો કોઈ જ ખ્યાલ આપણી શિક્ષણ વ્યવસ્થામાં નથી રખાયો. બલ્કે આજે તો શિક્ષણનું ક્ષેત્ર વધુ ને વધુ વ્યાવસાયિક–ધંધાદારી–નફો રળવાનું સાધન બની ગયું છે. ત્યારે માહિતી, ભણતર, કેળવણી, શિક્ષણ, અભ્યાસ, જ્ઞાન, તાલીમ, વિજ્ઞાન અને વિદ્યા–એ આઠ પગથિયાં; એની ઉત્તરોત્તર વધતી જતી, વિકસિત થતી રહેતી વિભાવનાઓ, બદલાતી જતી અર્થચ્છાયાઓ અને એ પ્રમાણે જ છાત્રના અને સમગ્ર માનવ જાતના સર્વાંગી વિકાસ માટે એનો શિક્ષણના ક્ષેત્રમાં સમુચિત વિનિયોગ...આ બધું માનવજાતને ફરી ક્યારે જોવા મળશે? લ્યો, ત્યારે હવે અટકું...

મેં મારા જીવનમાં કરેલી ભૂલોનું પુનરાવર્તન મારી ભવિષ્યની પેઢીઓમાં ન થાય એવી આ છેલ્લી ક્ષણે કરેલી પરમાત્માને પ્રાર્થના જરૂર સ્વીકારશે એવી પૂર્ણ શ્રદ્ધા હું ધરાવું છું જ.

**નિરંજન રાજ્યગુરુના**
**વંદન...જય જગત..**

આનંદાશ્રમ, ઘોઘાવદર, તા. ગોંડલ, જિ. રાજકોટ
મોબાઈલ: ૦૯૮૨૪૩૭૧૯૦૪.
Email : santnirvan foundation@gmail.com

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલ અનુદાનની યાદી

**સંઘ આજીવન સભ્ય બન્યા**

| રૂપિયા | નામ |
|---|---|
| ૫૦૦૦ | પ્રેમજી મેઘજી રાંભિયા |
| ૫૦૦૦ | |

**પ્રબુદ્ધ જીવન નિધિ ફંડ**

| રૂપિયા | નામ |
|---|---|
| ૩૭૫૦ | મહેન્દ્ર કે. શાહ |
| ૭૫૦૦ | સમિર કાન્તિલાલ મહેતા, હસ્તે: જાગૃતિબેન મહેતા |
| **૧૧૨૫૦** | |

**બુદ્ધિસાગર મહારાજ કથા**

| રૂપિયા | નામ |
|---|---|
| ૧૦૦૦૦૦ | સી. યુ. શાહ ચેરિટીઝ |
| ૭૫૦૦૦ | રાજ સૌભાગ્ય સત્સંગ મંડળ |
| ૨૫૦૦૦ | સી. યુ. શાહ ચેરિટીઝ |
| **૨૦૦૦૦૦** | |

**પ્રબુદ્ધ જીવન સૌજન્યદાતા**

| રૂપિયા | નામ |
|---|---|
| ૨૫૦૦૦ | સ્વ.કાન્તિલાલ રમણલાલ પરીખ (દિલ્હીવાળા)ના સ્મરણાર્થે હસ્તે: શ્રીમતી ડૉ. નીતા કર્ણિક પરીખ, શ્રી કર્ણિક કાન્તિલાલ પરીખ કુ. શ્રિષ્ટી કર્ણિક પરીખ |
| **૨૫૦૦૦** | |

# ત્રિદિવસીય યોગનિષ્ઠ આચાર્ય શ્રી બુદ્ધિસાગરજીની કથાનો અહેવાલ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સતત આઠ વર્ષથી જૈનધર્મની મહાન વિભૂતિઓના જીવન અને કાર્ય પર એક કથાનું આયોજન કરે છે. આ વર્ષે શ્રી મુંબઈ જૈન યુવક સંઘે અધ્યાત્મજ્ઞાની યોગનિષ્ઠ આચાર્ય બુદ્ધિસાગરજીના અણમોલ કાર્યને ઉજાગર કરતી કથાને હંમેશની જેમ પદ્મશ્રી કુમારપાળ દેસાઈની અસ્ખલિત વાણીપ્રવાહથી પ્રસારિત કરી. તા. ૧૬, ૧૭, ૧૮ જૂનના ત્રણ દિવસો દરમ્યાન ડૉ. કુમારપાળભાઈએ ગુરુદેવની નિર્ભિકતા, જૈનધર્મ પ્રત્યેનું આકર્ષણ, દીક્ષા, સમાજસેવા, અણમોલ લેખનકાર્ય, ક્રાંતિકારી વિચારો, ભવિષ્યાણી, વિગેરે દરેક કાર્યોને ભાવવાહી શૈલીમાં રજૂ કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા. ગુરુદેવની પુણ્યતિથિ પણ એ જ સપ્તાહના પ્રારંભમાં હોવાથી ગુરુભક્તોએ આખું સપ્તાહ કથાના માધ્યમથી પ્રવાહિત ઉપદેશ સાંભળ્યો.

આચાર્ય બુદ્ધિસાગરજીના વિચારોનો પ્રસાર કરવા માટેની સંસ્થા 'આચાર્ય બુદ્ધિસાગરજી મિશન' દ્વારા ડૉ. કુમારપાળ દેસાઈને સ્મૃતિચિહ્ન ભેટ આપવામાં આવ્યું.

શ્રી બુદ્ધિસાગરજીની કથાનો પ્રારંભ દીપ પ્રાગટ્યથી થયો. ત્યારબાદ ડૉ. કુમારપાળ દેસાઈના પુસ્તકો 'કથા મંજુષા' અને 'ભાવ મંજુશા'નું વિમોચન શ્રી સી. કે. મહેતા અને પરિવારજનોએ કર્યું. ત્યારબાદ શ્રીમતી પુષ્પાબેન દ્વારા અનુવાદિત પુસ્તક 'Inspirational Stories of Jain Shravak'નું વિમોચન શ્રી કુમારપાળ દેસાઈ દ્વારા કરવામાં આવ્યું.

કથાના બીજે દિવસે શ્રીમાન સુરેશભાઈ ગાલા લિખિત પુસ્તક 'અગમની વાટે'નું વિમોચન સંઘના પ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ શાહ અને ડૉ. કુમારપાળ દેસાઈએ કર્યું. આ પ્રસંગે શ્રીમતી મંજૂબેન ઝવેરી, શ્રીમતી મીનળબેન, શ્રી વિક્રમભાઈ વગેરે હાજર હતા. શ્રી સુરેશભાઈ ગાલાએ જણાવ્યું કે તેમનું પુસ્તક 'અગમની વાટે' એવું પુસ્તક છે જે આગમનો આધાર લેવાનું સૂચવે છે.

*'લઈ આધાર આગમનો જવું અગમની વાટ,*
*રાગદ્વેષ ઓછાં થતાં ઝળકે આતમ ઘાટ.'*

કથાના અંતિમ દિવસે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા ૨૦૧૫માં આયોજિત 'ઉત્તરાધ્યયન સૂત્ર' શિબિરમાં એક પ્રશ્નપત્ર આજ સૂત્ર પર આપવામાં આવ્યા હતા. એમાં ઉત્તીર્ણ પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિદ્યાર્થીઓને પારિતોષિક આપવામાં આવ્યા હતા.

પ્રથમ ઈનામ – શ્રી જયરાજ શાહ

દ્વિતિય ઈનામ – શ્રીમતી જાગૃતિબેન મહેતા

તૃતીય ઈનામ – શ્રી દક્ષાબેન શ્રોફ.

અંતે આ કથાના સૌજન્યદાતા શ્રી રાજસોભાગ સત્સંગ મંડળ વતી પધારેલા શ્રી મોટા, શ્રી વિક્રમભાઈ, શ્રીમતી મીનળબેન અને પદ્મશ્રી કુમારપાળભાઈનો આભાર પ્રમુખશ્રી ચંદ્રકાંતભાઈ શાહે માન્યો હતો.

**–ડૉ. રેણુકા પોરવાલ,**
૦૯૮૨૧૮૭૭૩૨૭.

## શ્રી મોરારજી દેસાઈનો પત્ર

ઓશિયાના, ને.સુ. રોડ,
મુંબઈ-૪૦૦ ૦૨૦
તા. ૨૪-૧૨-'૮૦

મુનિશ્રી વાત્સલ્યદીપજી,

આપનો તા. ૨૨મીનો પત્ર આજે મળ્યો. એ માટે આભાર.

શ્રી બુદ્ધિસાગરજીનું સાહિત્ય હું જોઈ ગયો છું. પૂરું વાંચ્યું નથી, પણ એનો સાર જોયો. ફરી ફરીને કેટલીક પાયાની વાતો લખી છે કે જેથી વાંચનાર એ પર વિચાર કરે અને અમલ કરે. માત્ર નર્યા વાચનથી સાચું જ્ઞાન પ્રાપ્ત થતું નથી, પણ આચરણથી જ થાય છે એમ હું સમજું છું. એમણે પણ કર્તવ્ય કર્મ પર ભાર મૂક્યો છે.

સારી પેઠે હશો.

લિ. **મોરારજી દેસાઈ**ના નમસ્કાર

**ભૂલસુધાર :**

**'પ્રબુદ્ધ જીવન'** મે ૨૦૧૭ના અંકમાં પાના નં. ૧૮-૧૯ પર પ્રકાશિત થયેલ **'સપ્તભાષી આત્મસિદ્ધિ–સદ્‌ગુરુ આદેશિત સંપાદન'** લેખમાં કેટલીક અશુદ્ધિઓ રહી જવા પામી છે જે નીચે મુજબ સુધારીને વાંચવા વિનંતી: (૧) **કિલિકિન્ધાનગરી**ના સ્થાને **કિષ્કિન્ધાનગરી** (૨) **લઘુરાજની**ના સ્થાને **લઘુરાજજીની** (૩) **કર્યા છે**ના સ્થાને **કર્યાં છે** (૪) **અંગ્રેજ**ના સ્થાને **અગ્રજ** (૫) **'દીવાદાંડી બનાવવાના છે'** પશ્ચાત 'શ્રી સહજાનંદઘનજી તા. ૨-૧૧-૧૯૭૦ના રોજ અને આશ્રમ-પ્રમુખ અગ્રજ તા. ૨-૧૦-૧૯૭૦ના રોજ અણધાર્યા વજ્રાઘાતો આપતા વિદાય થયા.' આટલી પંક્તિઓ ઉમેરીને વાંચવી. (૬) મોબાઈલ: ૯૬૧૧૨૩૧૫૮૯ના બદલે ૯૬૧૧૨૩૧૫૮૦ સુધારીને વાંચવો.

**પૂર્વના અંકનો સુધારો :**


**નવેમ્બર ૨૦૧૬ના અંકમાં 'શ્રીમદ્ રાજચંદ્રજી સમર્પિત શ્રી ભદ્રમુનિનું જીવન ચરિત્ર'** લેખમાં પાના નંબર ૨૨ના વૃતાંતમાં એક સુધારો સૂચવ્યો છે, જે મૂળ લેખક શ્રી રામધારીસિંહ દિનકરના 'संस्कृति के चार अध्याय' ગ્રંથના ઉધ્ધરણ સુધારવા વિષયક છે. **'મહારાજા કુમારપાળ સિધ્ધરાજના દીકરા નહતા. વાસ્તવમાં આઠમી પંક્તિના સિધ્ધરાજ અને તેમના પુત્ર કુમારપાળે-'**ના સ્થાને વાંચવા વિનંતી.

**–પ્રતાપકુમાર ટોલીયા (બેંગલોર)**
મોબાઈલ ૯૬૧૧૨૩૧૫૮૦

# સર્જન-સ્વાગત

## ☐ ડૉ. કલા શાહ

પુસ્તકનું નામ :
**આધુનિક યુગસંદર્ભ અને જૈન દર્શનના તત્વો**
**પ્રેરક : આચાર્ય શીલચંદ્રસૂરીશ્વરજી મ. સા.**
સંકલન : નલિની દેસાઈ
પ્રકાશક : શેઠ દલપતભાઈ મગનભાઈ (હઠીસિંહ) શારદા ભુવન જૈન પાઠશાળા ટ્રસ્ટ, હઠીભાઈની વાડી, અમદાવાદ. મૂલ્ય : રૂા. ૧૫૦/-. પાના-૧૬૪. આવૃત્તિ પ્રથમ ૨૦૧૬.




આજના સમયમાં નિર્દોષ માનવીઓની ક્રૂરતાપૂર્વક હત્યા કરનારા આતંકવાદીઓનો સવાલ જગત સામે ઊભો છે. આથી બદલાયેલા સમયસંદર્ભનાં પરિપ્રેક્ષ્યમાં ધર્મના સિદ્ધાંતો કઈ રીતે દિશા દર્શક બની શકે છે. આ દૃષ્ટિએ શ્રી હઠીભાઈની વાડીમાં 'જૈન દર્શનમાં તત્વો અને વર્તમાનમાં તેની ઉપયોગિતા' વિશે પ. પૂ. આચાર્યશ્રી વિજયશીલચંદ્રસૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી એક પરિસંવાદ યોજવામાં આવ્યો. જેમાં પૂ. આચાર્યશ્રી તથા અન્ય સાધુભગવંતો તથા વિદ્વાનોએ પોતાના વિચારો વ્યક્ત કર્યા.

પરિસંવાદના પ્રારંભે પ્રમુખસ્થાનેથી ડૉ. કુમારપાળ દેસાઈએ 'સાંપ્રત વૈશ્વિક વાતાવરણમાં જૈન ધર્મની વિશેષતાઓ અને પડકારો' વિશે વિસ્તૃત વાત કરી. પૂ. મુનિરાજ ત્રેલોક્યમંડન વિજયજીએ 'આવશ્યક ક્રિયા સાધના અને આપણું વર્તમાન જીવન' વિશે વિચારો રજૂ કર્યા. મુનિરાજ રત્નકિર્તી વિજયજીએ 'યોગબિન્દુ ગ્રંથમાં જીવન-ઉપયોગી તત્વો' વિશે વાત કરી. ડૉ. સુધીર શાહે 'જૈન દર્શન–વર્તમાન યુગમાં માનસિક શાંતિ માટેનું પ્રદાન' એ વિષય પર વક્તવ્ય પ્રસ્તુતકર્યું. ડૉ. ધનવંતભાઈ શાહે ભગવાન મહાવીરે આપેલી શીખને સરળ શબ્દોમાં સમજાવી. શ્રી ગુણવંતભાઈ બરવાળિયાએ જૈન ધર્મના આગમ ગ્રંથોમાં જીવવાનો ઉપદેશ તથા આચાર શુદ્ધિ, અહિંસા વગેરે સિદ્ધાંતોની સ્પષ્ટ રજૂઆત કરી.

તે ઉપરાંત વસંતભાઈ પંડિત, માલતીબહેન શાહ, ડૉ. પાર્વતીબહેન ખિરાણી, શ્રીમતી છાયાબહેન શાહ, શ્રી કનુભાઈ શાહ, ડૉ. રમજાન હસણિયા, પ્રફુલ્લાબહેન વોરા, ડૉ. થોમસ પરમાર વગેરે વકતાઓએ પોતાના અભ્યાસપૂર્ણ લેખો દ્વારા પરિસંવાદમાં એક નવી જ આબોહવા ઉભી કરી.

આ પ્રસંગે સર્વ લેખોને 'આધુનિક યુગસંદર્ભ અને જૈન દર્શનના તત્વો' પુસ્તકરૂપે ગ્રંથસ્થ કરવામાં આવ્યા છે.

x x x

પુસ્તકનું નામ : **સમય આયોજન એટલે સ્વઆયોજન**
લેખક : પ્રવીણચંદ્ર ઠક્કર
પ્રકાશક : જયશ્રીબહેન સાવલિયા, વિશ્વવાત્સલ્ય માનવસેવા ટ્રસ્ટ, C/o ભાવકેળવણી મંદિર, બગસરા-૩૬૫૪૪૦. જિલ્લો અમરેલી.
ફોન : (૦૨૭૯૬) ૨૨૨૪૭૯. મો. ૯૪૨૬૯૬૫૨૩૪
મૂલ્ય : રૂા. ૨૫/-. પાના-૩૨.
આવૃત્તિ પ્રથમ જૂન ૨૦૧૬.




આ નાનકડી પુસ્તિકા આજના યુવાનોને માટે માર્ગદર્શક બની શકે તેમ છે. આજના યુવાનો, વિદ્યાર્થીઓ નિરાશાવાદી, બેદરકાર, આળસુ અને નકારાત્મક વલણના તાબે થઈ રહ્યા છે. પરિણામે યુવાપેઢી સામે એક મોટો પડકાર ઊભો થઈ રહ્યો છે. જો યુવાપેઢી આ જ રસ્તે આગળ ગતિ કરશે તો આપણા દેશ સામે એક મોટો ખતરો ઊભો થશે. આવા વિપરીત સમયમાં યુવાનો પાસે સારા વિચારો પહોંચે તે જરૂરી છે. 'ટાઈમ મેનેજમેન્ટ' બાબતે આજનો યુવાન સહચિંતન કરી હકારાત્મક વિચારો સાથે દોસ્તી બાંધે, તેવા ભાવ સાથે ગુજરાતના જાણીતા વિચારક અને કર્મશીલ મુ. શ્રી પ્રવીણભાઈ ઠક્કરની એક અનુભવી અને અભ્યાસુ કલમે લખાયેલ 'સમય આયોજન એટલે સ્વઆયોજન' નામની નાનકડી પુસ્તિકા વર્તમાન વાચકવર્ગ માટે અત્યંત ઉપયોગી છે. અનેક યુવાનો અને વિદ્યાર્થીઓને નવી દિશા અને દૃષ્ટિ આપી રાહ ભૂલેલાને નવો રાહ બતાવે તેમ છે.

x x x

પુસ્તકનું નામ : **અનુસ્વારની આંખે, જોડણીની પાંખે, વિરામ ચિહ્નની સાખે**
લેખક : ડૉ. ધનવંતી મોદી
પ્રકાશક : અર્હમ સ્પીરિચ્યુલ સેન્ટર સંચાલિત જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી રિસર્ચ સેન્ટર, ૨-મેવાડ, પાટનવાલા એસ્ટેટ, એલ. બી. એસ. માર્ગ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬.
મૂલ્ય : રૂા. ૪૦/-. પાના-૪૮. આવૃત્તિ પ્રથમ મે ૨૦૧૬.

ડૉ. ધનવંતીબહેન મોદીએ આ પુસ્તકની રચના ઉત્તમ વિદ્યા–આવા અવિરામ પ્રેમને કારણે કરી છે. એક અર્થમાં તો આ પુસ્તક એમના માતૃભાષા પ્રત્યેના પ્રેમની અભિવ્યક્તિ અને શુદ્ધ જોડણીની ખેવનાનું પ્રતિબિંબ છે. આજે જ્યારે માતૃભાષા ગુજરાતીનો અભ્યાસ મંદ થવા લાગ્યો છે ત્યારે આવું પુસ્તક સર્જવું તે રણમાં મીઠી વીરડીના સર્જન જેવું કાર્ય છે.

એક શિક્ષકની નજરે વિદ્યાર્થીઓની વારંવાર થતી ભૂલ તરત પરખાઈ જતી હોય છે. તેથી તેમણે અહીં એવા શબ્દો આપ્યા છે જેની જોડણી, અનુસ્વાર અને વિરામચિહ્નોમાં ભૂલ થવાની શક્યતા રહે છે. આ પુસ્તિકા માત્ર વિદ્યાર્થીઓને જ ઉપયોગી નથી, પણ ગુજરાતી ભાષાના એક એક ચાહકને માર્ગદર્શક બની રહે તેવી છે.

૮૦ વર્ષની ઉમ્મરે ધનવંતીબહેન પાસેથી શુદ્ધ જોડણી વ્યાકરણની શુદ્ધતા, તથા અનુસ્વાર અને વિરામચિહ્નોના નિયમો દર્શાવતું આ પુસ્તક અત્યંત ઉપયોગી છે.

x x x

પુસ્તકનું નામ : **બુદ્ધ-જાતક-ચિંતના-૧**
લેખક : સ્વામી સચ્ચિદાનંદ
પ્રકાશક : ઉલ્લાસ મનુભાઈ શાહ
ગુર્જર પ્રકાશન, ૨૦૨, તિલકરાજ, પંચવટી ૧લી લેન આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન નં. (૦૭૯) ૨૨૧૪૪૬૬૩.
મૂલ્ય : રૂા. ૧૮૦/-. પાના-૧૬ +૩૪૪.
આવૃત્તિ પ્રથમ મે ૨૦૧૨.




અઢી હજાર વર્ષ ઉપર બુદ્ધના જીવનકાળમાં કહેલી આ ઘટનાઓ છે. આ જાતકોની કથાઓ આજે પણ પ્રસ્તુત છે. આ જાતકો બહુ હળવાશથી કહેવાયા છે અને લખાયા છે.


જેને બૌદ્ધધર્મ અને બુદ્ધના અંગત જીવનને જાણવાની ઉત્સુકતા હોય તેને આ જાતકો વાંચવાથી થોડોક લાભ થશે. બુદ્ધ મહાન છે તેમાં જરાય શંકા નથી. તો પણ હિન્દુ અવતારો અને ઋષિઓ પણ મહાન જ છે. આમ તો બધા જ ધર્મ પ્રવર્તકો મહાન જ હોય છે. તો

પણ રાષ્ટ્ર, સમાજ અને પ્રજાજીવનના મૂળભૂત પ્રશ્નો ઉકેલવામાં કોણ કેટલા સહાયક થઈ શકે છે તે વિચારવું જોઈએ. 'એક માત્ર અમે સાચા છીએ' અથવા 'બધા સાચા છે'– આ બંન્ને વાતો પ્રશ્ન ઉપર ધૂળ નાખવા બરાબર છે. સત્યને શોધવું પડતું જ હોય છે, જેમ બુદ્ધે શોધ્યું હતું. માની લીધેલી માન્યતા હોય, પ્રત્યેક માન્યતા હોય જ તેવું ન કહેવાય.

આ જાતક-ચિંતન વિચારકોને ઉપયોગી થશે. એવી આશા.

x x x

પુસ્તકનું નામ : **ગુજરાતના શિક્ષણ-સંન્યાસીઓ**
લેખક અથવા સંપાદક : પ્રો. ડૉ. રણજિતસિંહ પવાર
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર,
નંદનભાઈ કાંતિભાઈ શાહ ; ૫, એન.બી.સી. હાઉસ, સહજાનંદ કૉલેજ પાસે, અમદાવાદ-૩૮૦૦૧૫.
મૂલ્ય : રૂા. ૧૮૦/-. પાના-૧૨ +૧૦૪.
આવૃત્તિ પહેલી જુલાઈ ૨૦૧૫.




ભારતની સંસ્કૃતિ અને કેળવણીને ખેડતું આ પુસ્તક મૈત્રી વિદ્યાપીઠ, સુરેન્દ્રનગરના અભ્યાસી પ્રો. રણજિતસિંહ પવારે તૈયાર કર્યું છે. તેનું શીર્ષક અનેરું છે. 'ગુજરાતના શિક્ષણ-સંન્યાસીઓ,' વળી શિક્ષણ સંન્યાસીઓના અર્થને સ્પષ્ટ કરવા માટે કૌંસમાં 'કેળવણીકારો' શબ્દ પણ ઉમેર્યો છે. પુસ્તકમાં મુખ્યતયા ૧૯મી અને વીસમી સદીના ૧૪ શિક્ષણ-સંન્યાસીઓની ઉદાહરણ તરીકે પસંદગી કરી છે. આ ઉદાહરણો ભારતના સ્વાતંત્ર પહેલાનાં સંઘર્ષના અને સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછીના પહેલાના સંઘર્ષના વર્ષોને આવરી લે છે. દરેક ઉદાહરણ માટે આગવું એક એક પ્રકરણ ફાળવીને આ ક્રાંતદર્શી કેળવણીકારોનું જીવન, તેમનું તેમનું વ્યવસાયિક કાર્ય તથા તેમણે કરેલા પ્રયોગો તેમ જ શિક્ષણ ક્ષેત્રે કંડારેલી નવી કેડીઓનું સંક્ષિપ્તમાં નિરૂપણ કર્યું છે.

આ પુસ્તક પ્રકાશન એક પ્રેરણા-પુસ્તક બની શકે છે. આ ઉદાહરણો કેળવણીના વ્યવસાયમાં નાવીન્ય, સર્જકતા અને માનવમૂલ્યોની ઉત્કૃષ્ટ પ્રણાલી પરિપુષ્ટ કરવા માટે માર્ગદર્શન આપે છે.

x x x

પુસ્તકનું નામ : **નરસિંહ કાવ્યચયન**
સંપાદક : રમણ સોની
પ્રકાશક : સાહિત્ય અકાદમી, ન્યૂ દિલ્હી
હેડઑફિસ : રવીન્દ્ર ભવન, ૩૫, ફિરોજશાહ રોડ, ન્યૂ દિલ્હી-૧૧૦૦૦૧.
મૂલ્ય : રૂા. ૧૮૦/-. પાના ૨૦૨. આવૃત્તિ પ્રથમ ૨૦૧૫



નરસિંહ મહેતાની સર્વ કવિતામાંથી પસંદ કરેલા પ્રતિનિધિરૂપ ઉત્તમ પદોનો આ ગ્રંથ છે. આ પુસ્તકની બે બાબતો ખાસ ધ્યાનમાં રાખવામાં આવી છે. (૧)નરસિંહના–આપણાં સૌનાં સ્મરણમાં પડેલા, લોક-સ્મૃતિમાં જીવતા રહેલા સર્વ પદો સમાવી લેવાની કાળજી લીધી છે. (૨) બાકીનાં જાણીતા અને ઓછાં પ્રચલિત હોય એવા નરસિંહના અનેક પદો અને પદ-સમૂહોને ચયન કરતી વખતે કાવ્યકૃતિ તરીકેની શોભાને ધ્યાનમાં લીધી છે. સાથે સાથે પસંદગીમાં મધ્યકાલીન કાવ્ય પરંપરાની વિશેષતા તેમ જ કોઈપણ સમયમાં વરતાતી કાવ્યની મનોરમતાનો ખ્યાલ રાખ્યો છે. નરસિંહ મહેતાને નામે છપાયેલ પદોની સંખ્યા ૧૭૦૦ ઉપર થવા જાય છે. એમાંથી અહીં **૨૩૨** પદોનું ચયન કર્યું છે અને એ કરવામાં નરસિંહની કવિતાના બધા રૂપો અને વિષયોનું પ્રતિનિધિત્વ જળવાય એ પણ ધ્યાનમાં રાખ્યું છે.

આ ચયનના સંપાદક રમણ સોની મધ્યકાલીન અને સાંપ્રત ગુજરાતી સાહિત્યના ઇતિહાસપરક દૃષ્ટિવાળા, સજ્જ વિવેચક તથા મર્મગ્રાહી સંપાદક છે.

x x x

પુસ્તકનું નામ : **શ્વેતકેશી મિતર**
સંપાદન : મનસુખ ઠાકર – મહેન્દ્ર વાળા
પ્રકાશક : પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.,
લાભ ચેમ્બર્સ, મ્યુ. કોર્પોરેશન સામે, ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૧. ફોન નં. ૦૨૮૧ ૨૨૩૨૪૬૦
મૂલ્ય : રૂા. ૪૫૦/-. પાના-૪૪૮. આવૃત્તિ પ્રથમ ૨૦૧૫.

**પૂ. મોરારી બાપુ**–'બાપાનો ચહેરો ન દેખાય તો પણ શ્વેત કેશ ઉપરથી જ બાપાની હાજરી અનુવાય છે.'

**'શ્વેતકેશી મિતર'** જેવો અભિનંદન ગ્રંથ 'કલરવ' સંસ્થાના બે યુવાન કવિ મિત્રો શ્રી મહેન્દ્ર વાળા તથા શ્રી મનસુખ ઠાકરે સંપાદિત કર્યો છે. આ ગ્રંથ દ્વારા શ્રી પલાણ સાહેબના જીવન-કવન અને વ્યક્તિત્વ વિશે ગુજરાતી ભાષાના સર્જકો કેવા કેવા ખ્યાલો ધરાવે છે તે દર્શાવવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

'શ્વેતકેશી મિતર' પુસ્તક હવે બે ભાગોમાં તૈયાર થયું છે. પૂર્વાર્ધમાં જુદા જુદા લેખકો, સાહિત્યકારો, મિત્રોના પલાણ સાહેબના શૈક્ષણિક–સાહિત્યિક વ્યક્તિત્વને રજૂ કરતાં લેખો મૂકવામાં આવ્યા છે. જ્યારે ઉત્તરાર્ધમાં ખુદ પલાણ સાહેબે લખેલા લેખોમાંથી શબ્દપ્રસાદી રૂપે અમુક મૂક્યા છે. પલાણ સાહેબનું વ્યક્તિત્વ અને વિચારો તો તાજગીપૂર્ણ અને વૈવિધ્યસભર છે જ પરંતુ એનાથી પણ વિશેષ એમના લેખન કાર્યનું વિષય-વૈવિધ્ય છે.

'પલાણ'માં 'પ' એટલે પ્રસન્નતા અને 'લા' એટલે 'લાગણીશીલતા', 'ન' એટલે 'નમ્રતા'નો અનુભવ કર્યો છે.' ડૉ. સુરેખાબહેન શાહ કહે છે.

x x x

પુસ્તકનું નામ : **મોરબી જળ હોનારતની દર્દભરી દાસ્તાન–ઝીલો રે મચ્છુનો પડકાર**
સંપાદન : ઉત્પલ સાંડેસરા અને ટોમ વૂટન
અનુવાદક : નિરંજન ભો. સાંડેસરા
પ્રકાશક : પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.,
લાભ ચેમ્બર્સ, મ્યુ. કોર્પોરેશન સામે, ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૧.
ફોન નં. ૦૨૮૧ ૨૨૩૨૪૬૦/૨૨૩૪૬૦૨
મૂલ્ય : રૂા. ૪૦૦/-. પાના-૩૬૮. આવૃત્તિ પ્રથમ ૨૦૧૫.

૧૧મી ઑગસ્ટ ૧૯૭૯ના દિવસે એક અઠવાડિયાના સતત મુશળધાર વરસાદ પછી મોરબી શહેર પાસે આવેલો મચ્છુ બંધ ફાટ્યો. તેથી સર્જાયેલું ઘોડાપૂર વીસમી સદીની સૌથી મોટી હોનારતોમાંની એક ગણાય છે. બંધના વિશાળ જળાશયમાંથી છૂટેલા પાણીએ મોરબી, માળિયા તથા આસપાસના ગામોનો વિનાશ કર્યો.

અંગ્રેજીમાં લખાયેલું 'No one had a tounge to speak' તે મચ્છુ જળ હોનારત વિશે કોઈ પણ ભાષામાં લખાયેલું સૌ પ્રથમ પુસ્તક છે. એ ૧૯૭૯ના પૂરની રહસ્યમય, અનેકવિધ પાસાવાળી કથા પહેલી જ વાર રજૂ કરે છે. લેખકોના ઝીણવટભર્યા, વ્યાપક સંશોધનના આધારે હોનારતના અને ત્યાર પછીના કપરા કાળનું આંખ દેખ્યું આબેહૂબ ચિત્ર આ પુસ્તક વિવિધ વ્યક્તિઓના હૃદયસ્પર્શી અનુભવ દ્વારા આલેખે છે. ઉપરાંત, એમાં પૂર્વે ખાનગી દસ્તાવેજોમાંથી તારવેલી કેટલીક મહત્ત્વની હકીકતોનો સમાવેશ કરાયો છે, જેથી ઇતિહાસની એક અત્યંત પ્રાણઘાતક દુર્ઘટનાનાં

સાચાં કારણો છેવટે પ્રગટ થાય છે.

આ પુસ્તક રસપ્રદ પાત્રો, રહસ્યમય બનાવો અને સામાજિક–ઐતિહાસિક વિશ્લેષણને ભેગા કરીને એક અતિ કરુણ આફતની કથા સરળ ભાષામાં રજૂ કરે છે. ગુજરાત જ નહિ પણ દુનિયાભરની એક સૌથી મોટી બંધ–હોનારત વિશેના ઐતિહાસિક માહિતીસભર રસપ્રદ નવલકથા શૈલીમાં લખાયેલા પુસ્તકનો આ અનુવાદ વિસ્તૃત ગુજરાતી વાચકવર્ગને આકર્ષશે એવી આશા છે.

મૂળ અંગ્રેજી પુસ્તક તેમજ આ અનુવાદ પાછળનો મહત્ત્વનો ઉદ્દેશ તો એ છે કે હોનારતમાં જીવ ગુમાવનારા માણસોની સ્મૃતિ જળવાઈ રહે અને અપાર હાનિ ભોગવનારા લોકોની વ્યથાને વાચા મળે.

x x x

પુસ્તકનું નામ : **ક્ષણનો ઉત્સવ**

**(જીવન વિષયક સમજણની ચિંતન યાત્રા)**

લેખક : **કુમારપાળ દેસાઈ**

પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય,રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧.

ફોન નં. : ૨૨૧૪૪૬૬૩.

મૂલ્ય-રૂા. ૧૫૦/-, પાના-૮+૧૫૨,

આવૃત્તિ-પહેલી-૨૦૧૬.

ચિંતનની કોઈ એક ક્ષણે નવીન વિચાર ઝબકે અને પછી એની આસપાસના સંદર્ભોથી એ વિચાર પ્રગટ થતો રહે એવી પ્રક્રિયા **'ક્ષણનો ઉત્સવ'** પુસ્તકમાં જોવા મળે છે. વર્તમાન જીવનની વિષમ પરિસ્થિતિમાં માનવીએ કઈ રીતે જીવવું તે અંગે એક નવો વિચાર મળે અથવા તો માનવીનાં મનોવલણોને આગવી રીતે ઘાટ આપવાથી કેટલીક સમસ્યાઓ આપોઆપ ઉકલી જાય છે, તે અંગેનું ક્ષણોમાં જાગેલું ચિંતન અહીં પ્રસ્તુત કર્યું છે.


## પુસ્તક મનુષ્યનો શ્રેષ્ઠ મિત્ર છે. ખરીદો, આપો અને સહુમાં વહેંચો

**રૂ. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂ. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂ. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો**

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો**

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂ. |
|---|---|---|
| | **ડૉ. રમણલાલ ચી. શાહ લિખિત અને સંપાદિત ગ્રંથો** | |
| ૧ | જૈન ધર્મ દર્શન | ૨૨૦ |
| ૨ | જૈન આચાર દર્શન | ૨૪૦ |
| ૩ | ચરિત્ર દર્શન | ૨૨૦ |
| ૪ | સાહિત્ય દર્શન | ૩૨૦ |
| ૫ | પ્રવાસ દર્શન | ૨૬૦ |
| ૬ | શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ | ૩૨૦ |
| ૭ | જ્ઞાનસાર | ૧૦૦ |
| ૮ | જિન વચન | ૨૫૦ |
| ૯ | જિન તત્ત્વ ભાગ-૧ થી ૯ | ૫૪૦ |
| ૧૦ | વંદનીય હૃદયસ્પર્શ ભા. ૩ | ૫૦ |
| ૧૧ | વંદનીય હૃદયસ્પર્શ (ઓલીવ) | ૨૫૦ |
| ૧૨ | પાસપોર્ટની પાંખે ભાગ–૧થી૩ | ૫૦૦ |
| ૧૩ | સાંપ્રત સહચિંતન ભાગ-૧૬ | ૧૮૦ |
| | **પ્રો. તારાબહેન ર. શાહ લિખિત** | |
| ૧૪. | આપણા તીર્થંકરો | ૧૦૦ |
| ૧૫. | સંસ્કૃત નાટકોની કથા ભા. ૧. | ૧૦૦ |
| | **ડૉ. કલાબહેન શાહ લિખિત** | |
| ૧૬. | ચંદ્ર રાજાનો રાસ | ૧૦૦ |

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂ. |
|---|---|---|
| | **ડૉ. રશ્મિ ભેદા લિખિત** | |
| ૧૭. | અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની | ૨૫૦ |
| ૧૮. | ઊગ્યો મુક્તિનો અરુણોદય સમ્ગ્દર્શન | ૨૦૦ |
| | **ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત** | |
| ૧૯. | જૈન પૂજા સાહિત્ય | ૧૬૦ |
| | **ડૉ. રેખા વોરા લિખિત** | |
| ૨૦. | આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ | ૨૮૦ |
| | **ડૉ. રમેશભાઈ લાલન લિખિત** | |
| ૨૧. | જૈન દંડ નીતિ | ૨૮૦ |
| | **સુરેશ ગાલા લિખિત** | |
| ૨૨. | મરમનો મલક | ૨૫૦ |
| ૨૩. | નવપદની ઓળી | ૫૦ |
| ૨૪. | ભગવદ્ ગીતા અને જૈન ધર્મ | ૧૫૦ |
| ૨૫. | આગમની વાટે ભાગ-૧ | ૨૦૦ |
| | **ઈલા દીપક મહેતા સંપાદિત** | |
| ૨૬. | **સંવત્સરી પ્રતિક્રમણ વિધિ સહિત** મૂળ સૂત્રનો ગુજરાતી-અંગ્રેજી-હિંદી ભાવાનુવાદ | ૩૫૦ |
| | **ડૉ. કે. બી. શાહ લિખિત** | |
| ૨૭. | જૈન કથા વિશ્વ | ૨૦૦ |

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂ. |
|---|---|---|
| | **ડૉ. કલાબેન શાહ સંપાદિત ડૉ. ધનવંત શાહ લિખિત** | |
| ૨૮. | વિચાર મંથન | ૧૮૦ |
| ૨૯. | વિચાર નવનીત | ૧૯૦ |
| | **આચાર્યશ્રી વાત્સલ્યદીપ સૂરિકૃત** | |
| ૩૦. | જૈન ધર્મ | ૭૦ |
| ૩૧. | ભગવાન મહાવીરની આગમવાણી | ૪૦ |
| ૩૨. | જૈન સજ્ઝાય અને મર્મ | ૭૦ |
| ૩૩. | પ્રભાવના | ૧૨ |
| ૩૪. | સુખ તમારી પ્રતિક્ષા કરે છે | ૩૦ |
| ૩૬. | મેરુથી યે મોટા | ૧૦૦ |
| ૩૭. | JAIN DHARMA [English] | ૧૦૦ |
| | **ડૉ. કુમારપાળ દેસાઈ કૃત** | |
| ૩૮. | અંગ્રેજી ભાષામાં જૈનીઝમ : કોસ્મિક વિઝન | ૩૦૦ |
| ૩૯. | શ્રી જૈન મહાવીર ગીતા એક દર્શન | ૩૫૦ |
| ૪૦. | ભાવ મંજૂષા જૈનધર્મની કથાઓ | ૧૫૦ |
| ૪૧. | કથા મંજૂષા જૈનધર્મની કથાઓ | ૧૫૦ |
| | **ગીતા જૈન લિખિત રમજાન હસણિયા સંપાદિત** | |
| ૪૨. | રવમાં નીરવતા | ૧૨૫ |
| | **પુષ્પાબેન ચંદ્રકાંત પરીખ સંપાદિત** | |
| ૪૩. | પંથે પંથે પાથેય | ૧૨૫ |
| ૪૪. | Inspirational Stories of Shravak | ૪૫ |

**ઉપરનાબધાપુસ્તકોસંઘનીઑફિસેમળશે. સંપર્ક : પ્રવીણભાઈ ટે.નં.૨૩૮૨૦૨૯૬.**

રૂપિયા અમારી બેંકમાં–બૅંક ઑફ ઈન્ડિયા-કરંટ ઍકાઉન્ટ નં.૦૦૩૯૨૦૧૦૦૦૨૦૨૬૦ માં જમા કરી શકો છો. IFSC:BKID0000039

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬**

કોઈ એક પ્રસંગ આખા જીવનને અજવાળી દે, એ જ રીતે આ ક્ષણનું ચિંતન વ્યક્તિના વૈચારિક જગતમાં કોઈ નવા સૌંદર્યની શોભા રચી દે છે. એ જ રીતે પ્રત્યક્ષ પૃષ્ટ પર એક એક ક્ષણનું સૌંદર્ય આલેખ્યું છે.

એક વળાંક જેમ દિશા બદલી નાખે છે, એ જ રીતે કોઈ જીવનલક્ષી વિચાર જીવનની દિશા બદલી નાખે છે. જીવન સાથે જડાયેલો અને જકડાયેલો માનવી એની રીતિ કે ગતિનો વિચાર કરતો નથી. એને એના જીવનની સમસ્યાઓને નવી દૃષ્ટિએ જોવાનો અંદાજ હોતો નથી. આવે સમયે જીવન વિશેનું ક્ષણોમાં જાગેલું ચિંતન અહીં પ્રસ્તુત કર્યું છે.

કોઈ એક પ્રસંગ આખા જીવનને અજવાળી દે, એ જ રીતે આ ક્ષણનું ચિંતન વ્યક્તિના વૈચારિક જગતમાં કોઈ નવા સૌંદર્યની શોભા રચી દેશે. આ પુસ્તકમાં ક્ષણ ક્ષણનું સૌંદર્ય આલેખાયું છે.

અહીં આલેખેલું ચિંતન વાચકને જીવન વિશેની મૌલિક દૃષ્ટિ આપે તેવું છે.

x x x

પુસ્તકનું નામ : **માંદગીને પણ માણી જાણો**
લેખક-સંપાદક : પ્રવચન પ્રભાવક પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયકીર્તિયશસૂરીશ્વરજી મહારાજ
પ્રકાશક-પ્રાપ્તિસ્થાન: સન્માર્ગ પ્રકાશન, જૈન આરાધના ભવન, પાછીયાની પોળ, રીલીફ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧. ફોન નં. : ૨૫૩૯૨૭૮૯.
મૂલ્ય-રૂા. ૧૦૦/- સાહિત્ય સેવા, પાના-૨૬૬, ચોથી આવૃત્તિ-વિ. સં. ૨૦૭૨.

આ પુસ્તક એટલે માંદગીથી મૃત્યુ સુધીના પ્રવાસનું એક અદ્વિતીય સાથી. આ પુસ્તકમાં પ્રકાશિત થયેલ પત્રો માંદગીમાં અટવાયેલ અને મૃત્યુના દ્વારે પહોંચી નિરાધાર બનેલા આત્મા માટે સદ્ગુરુ ભગવંતોએ આપેલ સમાધિનું અણમોલ ભેટણું છે.

આ પુસ્તકના ખંડ એક અને બેના એકથી સાત વિભાગ છે. પહેલા વિભાગમાં જેમને ઉદ્દેશીને પત્રો લખાયા છે તેમની જીવનઝરમર આપવામાં આવી છે.

બેથી પાંચ વિભાગમાં ક્રમશઃ પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રી, પૂ. આચાર્ય શ્રી વિજય ગુણયશસૂરીશ્વરજી મ.સા., પૂ. આચાર્ય શ્રી વિજયકીર્તિયશસૂરીશ્વરજી મ.સા. તથા પૂ. સા. શ્રી ચંદનાશ્રીજી મ. સા. અને પૂ. સા. શ્રી પ્રશમિતાશ્રીજી મ.સા.ના પત્રો છે.

છઠ્ઠા વિભાગમાં પરિચારકોને પરિચર્યાની પ્રેરણા મળે તે માટેનું ઉત્તમ માર્ગદર્શન આપવા માટે લખાયેલા પત્રો છે અને સાતમા વિભાગમાં આ સમાધિ પત્રોનું કેવું અદ્ભુત સમાધિપ્રદ પરિણામ આવ્યું, જેમને ઉદ્દેશીને પત્રો લખાયા તેમનું મૃત્યુ કેવું મંગળમય થયું તે સૂચવતા પત્રો છે.

બિમાર, અસ્વસ્થ આત્માઓ માટે બન્નેય ખંડના બેથી પાંચ અને સાતમો વિભાગ તથા ત્રીજો, ચોથો વારંવાર વંચાવવો ઉપયોગી બને તેવો છે.

આ પુસ્તકનો ઉપયોગ કરી જે પુણ્યાત્માઓ સમાધિભાવ પામશે અન્યને પમાડશે અને સ્વ-પરના મૃત્યુને મંગળમય બનાવશે તો પુસ્તકનો પ્રયત્ન સાર્થક થયો ગણાશે. ✱✱✱

*મોબાઈલ : ૯૨૨૩૧૯૦૭૫૩*

## I. Q., S. Q. and E. Q.

બુદ્ધિ માપનનો આંક તે I. Q. ઈન્ટેલિજન્ટ ક્વોશન્ટ. સ્ટેન્ડફોર્ડ અને વિનેરે તેને ઈ. સ. ૧૯૧૬માં શોધી કાઢ્યો, તેને ગયે વર્ષે સો વર્ષ પૂરાં થયા. આ દુનિયામાં માત્ર માણસ જ એક એવું સામાજિક પ્રાણી છે કે જે પોતાની બુદ્ધિને વિકસાવી જાણે છે.

ઈ. સ. ૧૯૯૬માં, ડેનિયલ ગોલમેને E. Q ઈમોશનલ ક્વોશન્ટ શોધી કાઢ્યો. તેને પરિણામે બુદ્ધિ પર ભાવનાએ સવારી કરી. આમ જીવનની સફળતા, સાર્થકતા, અને અર્થપૂર્ણતાને પ્રસ્થાપિત કરવામાં પ્રસ્તુત આંક ઉપયોગી પૂરવાર થયા. તેથી આગળ S. Q સ્પિરિચ્યુઅલ ક્વોશન્ટ શોધાતાં આત્મા પર આધ્યાત્મિકતાનો પ્રભાવ સ્વીકારાયો કે જેનાં મૂળ આપણી સંસ્કૃતિમાં ખૂબ ઊંડાં ઊતારેલાં દેખાય છે.

જે આત્મા અને પરમાત્મા સાથે સંબંધ ધરાવે છે તે અધ્યાત્મ. આ શબ્દ મુખ્યત્વે સૃષ્ટિના કર્તા, પાલક-પોષક, સર્વ વ્યાપક અને શક્તિમાન પરમાત્મા અને જીવાત્માને સાંકળવા સંબંધે પ્રયોજાય છે. આત્મા વિષે તે શુદ્ધ, બુદ્ધ, નિત્ય અને મુક્ત છે એવા ઉલ્લેખો મળે છે. તે શુદ્ધ ચૈતન્યનું રૂપ છે. મન, બુદ્ધિ પછી ચિત્તના ક્રમમાં ને બુદ્ધિનાં નિર્ણયોને ઝીલતું એક અગત્યનું પરિબળ ગણાયું છે. તેના પર પડતી છાપ અમીટ હોય છે, તેથી તો નરસિંહ મહેતાઓ ગાયું-
*'ચિત્ત તું શીદને ચિંતા કરે, ધાર્યું ધણીનું થાય, શ્રી કૃષ્ણને કરવું હોય તે કરે.'*

ઈશ્વર કે કુદરતની ઈચ્છા વિના વૃક્ષનું પાન પણ હલતું નથી. જે હવા વૃક્ષનાં પાનને હલાવી રહી છે તે જ હવા, આપણને પણ જીવતાં રાખી રહી છે. હવા-પ્રાણ મુક્ત દેહ એટલે જ ડૉક્ટરની ભાષામાં, Dead Body.

કહેવાય છે કે જીવન એ એક અખંડ ચૈતન્યનો પ્રવાહ છે, જેને મૃત્યુ પણ ખંડિત કરી શકતું નથી. શરીર પરિવર્તન પામે છે પણ મન વિચારો અને તેનાં કાર્યો થકી જીવતું રહે છે. પ્રત્યેક વ્યક્તિનાં જન્મ પાછળ કુદરતનો એક નિશ્ચિત હેતુ રહેલો હોય છે. કોઈપણ વ્યક્તિ તદ્દન નક્કામી ના હોઈ શકે, જે-તે વ્યક્તિ પોતાને સોંપાયેલા કર્મ દ્વારા આત્માનો વિકાસ કરીને, સમાજનાં વિકાસમાં પોતાનો ફાળો આપતી રહે છે. અને પોતે ઊંચે ચડવા સાથે સમાજને ઊંચે ચડાવતી રહે છે. જે વ્યક્તિ જેટલા પ્રમાણમાં સદ્ગુણો વિકસાવી શકે તેટલા પ્રમાણમાં તેની વૃદ્ધિ થતી રહે છે.

તેમાં સત્યનિષ્ઠા, અહિંસા, મૈત્રી, કરુણા, પ્રેમ, ક્ષમા, દયા, શાંતિ જેવા હૃદયનાં ભાવ ભળતાં રહે છે. આધ્યાત્મિક સ્વાસ્થ્ય માટે નિયમિત પ્રાર્થના પૂજા, ભક્તિ, સંત્સંગ અપનાવવાથી જીવનમાં શાંતિ, સલામતી અને શ્રદ્ધાનો વિકાસ થાય છે. ઉત્કંઠા જાગે છે જાણવાની કે 'હું કોણ છું', શા માટે છું? મારા આગમનનું પ્રયોજન શું છે? પ્રસ્તુત પ્રયોજન સિદ્ધ થતાં દેહનું રૂપાંતર ભલે થાય પણ આત્મા તો પોતાની પસંદગીના માર્ગે નિરંતર આગળ ધપતો જ રહે છે.

**–હરજીવન થાનકી, પોરબંદર**

# Sway the strings of cognizance and release the hymn from within you...

❑ Prachi Dhanwant Shah

Every instant of our life, a pirouette of emotion emanates in the ocean of our heart and mind, which leads to some action and reaction. Every moment, more than the spoken words, unspoken words surge through our minds. One word of thought leads to another and another to yet another and this chain of thought process entangles our mind from which it gets impossible to entangle oneself at some point of time in life. These words are disheveled with emotions. Emotions filled with judgment and evaluations of a situation or an individual. And as we lead our life in this intricate society, the complexity of dealing with these emotions become a provocation and a concern. Leaving us with nothing but agony, discontent, and desolation.

Although, emotions are not farcical but retain scientific and biological reasoning. These emotions are connected to neurons abounding in our brains. We survive with a range of emotions like annoyance, pleasure, grief and much more. For instance, if you are driving, and the driver of the neighbouring car annoys you, it might trigger your "anger neurons" and it increases your blood pressure, you retort to it by shouting, yelling and experience the heat of ferocity within you. Similarly, when any of your loved one bids you adieu, it triggers your "sadness neurons" and your stomach twinges, feel anguish. You react by crying and snivel over it. Science explains these emotions underline a specific property or "essence" in our brain or body. Although scientists are still working on this and researching to qualify justification and acceptance to these cognitive. If you observe from my perspectives, we are letting the forces around us control and shape our brain and emotions about which we are not aware or may be dimly aware. The question arises, is there any approach to tackling these emotions by not countering radically to it, such that it would not impact and disturb our day to day life and exploit the amity of existence. The answer is "Yes", and the cure is meditation, dhyana, yoga. Exploration over the period, advocate that intense and staunch meditators can control and direct these external forces around them methodically and not let it influence their brains. With meticulous and faithful meditational practice, one can rheostat the functional and structural changes in our brain.

As you know, Jainism and Buddhism are the religion which can be vindicated scientifically. Every practice and ritual has a scientific attitude to it and is certainly more intrigue and enthralling for the current comprehensive generation to implement and pursue Jainism. Dhyan / Meditation occupy a very predominant place in Jain methodology. Although, the Jain approach to meditation is purely philosophical and psychological. Meditation is nothing but engaging your mind in a particular thought. Nevertheless, a human mind is engaged in colossal thoughts constantly. But the subject of these thoughts when addressed on the arenas of Dhyan / meditation, the outcome will be advantageous and favourable.

One of the forms of Meditation widely compassed throughout the world is Vipassana. My father was a staunch admirer and adherent of Vipassana meditation and always heartened us to attend Vipassana camps. This element of my life coerces me today to beam brightness on this subject on this platform. I seek your countenance to do so…

Vipassana is the oldest form of meditation pioneered by, "I may call it so", an inordinate scientist, Gautama the Buddha. History reveals that preaching's of this meditation blossomed by Buddha was practiced widely in India and Burma. But unfortunately, it dimmed over a period of time in India. But, fortuitously the roots of Vipassana held strong to the grounds in Burma and was practiced thereby extensively. The spirit was alive and it was just time to captivate it and bring it to India. Late Shri S.N.Goenka was the one to reintroduce this practice of meditation in India. He was the virtuous man who gave the gift of Vipassana, with which generation in India was destitute of, and now Vipassana – a way of meditation is broadly spread all over the world. It might surprise you, but the methodology of Vipassana meditation is also available for today's technology savvy generation by means of an application on smartphones. Although, to experience the true

essence of it and its authenticity, it is ideal to practice it in the proximity of its Vipassana ashram.

Vipassana is a way of meditation through discovery and observation. It is an acumen into the true nature of realism. It is different from mindful meditation which focuses on only on awareness or transcendental meditation which uses mantras. In addition to mindfulness, which enables you to realize who you are, Vipassana enables you to observe yourself without any reaction to it. In other words, Vipassana meditation is described as insight meditation which includes mindfulness and attentiveness. It is cogent modus for refining the mind of the mental factors that cause anguish and agony, through cultivating wisdom or concentration.

Authentic Vipassana meditation methodology is accomplished by attending a ten-day long course at its residential site wherein, participants learn the basic methodology and practice the technique adequately to encounter its valuable outcomes. During this span of ten days, participants who dedicate themselves as meditators, are guided to summon at one spot without any movements. Throughout this process, meditators facilitate their ability to concentrate, as an instrument to sway the barrier of deception and release themselves, sculpting off from the exterior world. By this means, we ascertain to observe and attend to our own thoughts without being wedged on to them. In our daily life, we might be giving such thought process a minute or more, but that is just not enough. It simply causes reaction and aggression to that thought process. Intense concentration over your thoughts, for a longer time, would facilitate oneself to absorb it. Our own perceptions are observed with different perspectives realizing the fact that life has a unique texture to it which we never comprehended or perceived. During our span of life, we learn things as and when what is taught to us, what we are meant to understand and gasp. But Vipassana meditation technique teaches you to learn facts what you want to teach yourself. You apprehend yourself to qualities of life and not accept it for what it is through somebody else's explanation. This process gradually purifies our mind, at the same time, aspirations and misconceptions slowly tapers. Buddha described desires and ignorance as the root cause of sufferings and pain. When one is divested of these two factors, the mind will insight something that is permanent beyond the exterior worldly desires. This permanent experience, Buddha described as "Nibbana" in Pali, or Nirvana – the enlightenment, completeness.

Although, it is a gradual process of encountering awareness of oneself and liberate one's soul off misery and complaints. The residential camp is just a stepping stone to learning the methodology of Vipassana contemplation. It takes years of repeated practice of the same to experience the true essence of it and triumph the sequel.

In our day to day life, we are allowing the external factors to rule our mind and thought. We observe something and immediately react to it. These external factors are not the cause of agony and botheration in one's life. It is you who are allowing these factors to dominate you. They are just bubbles of illusion which you try to adhere to but it bursts your ignorance self and retorts to it. The root cause lies within you. Your mind is the place where only you can rule and no one else. Mahatma Gandhi during his fight for freedom once said: " You can chain me, you can torture me, you can even destroy this body, but you can never imprison my mind ". By means of Vipassana meditation, you would eliminate this root cause, by observing how this cause established and then disregard it from your mind and heart to give you permanent contentment and concord. In today's rational but fastidious and exigent life, we all would surely want to be blissful and in amity, then why not sway the strings of awareness from within oneself through insight meditation and release the serene hymn? It is far beyond your ingenuity how much you restore within yourself. Vipassana meditation can contour emotions and emit the aura of peace and delight in one's life and would emphatically chaperon to the path of moksha and liberation.

*"Happiness is a Choice not a Result..*
*Nothing will make you Happy, until you chose to be Happy…*
*No person will make you Happy, unless you Decide to be Happy...*
*Your Happiness will not come to you, It can ONLY come from you ..!!*

***- Buddha***

✷ ✷ ✷

49, Wood Ave, Edison, N.J-08820,U.S.A.
prachishah0809@gmail.com (+1-917-582-5643)

JAIN ART AND ARCHITECTURE

# ENLIGHTEN YOURSELF BY SELF STUDY OF JAINOLOGY

## LESSON – SEVENTEEN (CONT.)

❑ Dr. Kamini Gogri

The Gupta period (4th century to 600 AD) Jain sculptures are reported from several sites, like Mathura, Rajgir, Kahaum, Nachna, Durjanpur (Vidisha), Varanasi, Chausa and Akota. The images of Rsabhanatha, Ajitanatha, Candraprabha, Puspadanta, Neminatha.

The Jain art and literature thrived most vigorously between the 10th and the 15th century AD The period saw the building of a very large number of Jain temples with exquisite sculptural carvings. During the period the new forms and iconographic features (excepting that of the Jinas) of various deities were formulated and gradually the number of arms and thereby the attributes increased to make the most of the manifestations more as the specimens of codified texts. The parikara(surrounding) of Jina images also developed with the figural depictions of Navagrahas, Sarasvati, Laksmi and diminutive Jina figures. Besides, the usual astapratiharyas and the yaksa-yaksi figures were also carved. The angularity and flexion along with embellishments and ornamentation were other distinct features of medieval Jain sculptures. Parsvanatha and MahaviraJinas were carved during the period.

The art and architecture of the Jains have the main objective to maintain, preserve and glorify the culture extensively. They also glorify the devotees too internally with psychological bliss. Jains realized that true art represents the spirit of true religion. Besides its religious value, it has been taken as a treasure of the country. That is why many Jain art centers have become tourist attractions now.

The Jains could feel proud of their rich cultural heritage since the earliest times. It has a religious orientation in its art in varied forms. Being predominantly idolaters, they have good iconography and icon making art. They could make the victor's icons of different sizes, materials, (wood, stone, metal, marble etc.) and postures (seated or standing). They could carve icons out of stones also. All icons have been made according to dimensions with attractive meditating faces of victors expressing the idea of successful withdrawal from worldly life. There are many idols of international accreditation one of Bahubali at Shravanbelgola in Karnataka (983 AD) and Lord RishabhdevarBarvani in Madhya Pradesh state need special mention for their magnificence and heights. The icons are worshipped only after consecration ceremony lasting for seven days with high pomp and show. This ceremony has a large frequency for the last quarter of this century.

Jain icons are found ever since 400 BC in different parts of India. They are most numerous. Seeing a number of different icons in any museum, one can judge about the development of iconography with respect to material and aesthetic beauty. Palitana is one of the best center for variety of idols. Formerly, all Jina idols were made nude and without identification marks, but later they had the marks like lion (Mahavir), hooded cobra (Parshvnatha) and bull (Rishabhdeva) etc. sometimes with or without eight auspicious symbols on both sides of identification marks. The images of many lesser deities were also incorporated later in this art. They included demigods and the like.

Footprints are also a specialty of Jain art to make one remember to follow the path led by the Victors.. Marked and adored images were also made for sectional identification later. This idol making art is a highly creditable one in Gujarat and Rajasthan states of India.

The temple making art is also superb in Jain architecture. Currently, one can distinguish the regional temples by their architectural designs in west and central part of the country. These temples are places of worship where Jina idols along with demigods and goddesses are kept on stone or marble made altar under aesthetic beauty. Many temples have fine decorative art of surprising nature such as at Khajuraho, Deogarh, Mt. Abu, Ranakpur etc. The temples sometimes have a magnificient tope in front of them such as at Hastinapur, Mathura etc. Many temples have free standing pillars called vanity-subduing pillars again a speciality of the Jains in religious field.

Excellent Jain architecture and sculpture can also be seen in the rock-cut caves found in Mathura, Bundelkhand, Madhya Pradesh and Orissa. A number of rock-cut caves have been discovered in Udaigiri and Khandagiri, twin hills in Puri District of Orissa and in Ellora in Maharashtra.

Excavated mainly as retreats for Jain ascetics, they belong to the first century and second century BC. The

eighteen Udaigiri and fifteen Khandagiri caves differ in plan from the rock-cut viharas of the Buddhists. The Jain viharas here do not have the assembly or prayer hall surrounded by cel1s nor a sanctuary like the Buddhist viharas. Excavated at different levels, the cells are narrow with low ceilings. There are no niches in the walls. The cells are small and plain, in keeping with the rigorous asceticism of Jain monks. Some of the cells have shelves cut across the walls. The doorways are small and one has to bend or crawl to enter a cell. In some of the cells the floor is raised at the rear end to serve as a pillow. Some cells have low raised platforms for beds. The lay-out of the cells is such that they get sufficient light - the cells opening on to a verandah. The Udaigiri caves are double-storeyed and have a courtyard in front.

The largest and finest of the Udaigiri caves is Cave 1 called the Rani-Gumpha or Rani cave. (Gumpha the local word tor cave). The Rani-Gumpha is important for its heavily sculptured friezes. The architecture of the cave is simple, having been excavated on three sides of a quadrangle. The roof of the verandah projects outwards like an overhanging cornice (eave). Pillars have been cut to support the roof giving the caves an effect of structural houses. The right wing of the lower storey has one cell with three small entrances and a pillared verandah. Two armed dwarapalas stand guard on either side of the verandah. Though the pillars have collapsed, the capitals with sculp¬tured bulls and lions are to be seen intact. The entrances to the cells are arched with motifs of the lotus and creepers coming out of the mouths of animals. The back wall of the verandah is covered with a frieze of elaborately carved figures. The left wing has three cells and the main wing has four cells. The doorways of all the cells are decorated with sculptured pilasters and arches. Carved friezes depicting the reception of a king returning victorious from a battle adorn the rear walls of the verandahs. In the upper storey also, the plan is the same - with four cells in the main wing and one cell each on either side. Each cell has two doorways with curved arches and engraved pilasters Symbol, auspicious for the Jains are carved in the space between the arches. The workmanship in the upper storey is superior to that of the lower. On the whole the figures are shown in easy natural poses with their faces in various profiles and moods. The designs on the pillars are similar to those used in Buddhist caves. The inscriptions on the cave walls give valuable information about the rulers and dynasties of that period. The cave is a good exhibit of the water supply system at the time. As there was no worship of images then, there is no Jain thirthankara in the original carving. Figures of thirthankaras carved on the walls of the cells are a later addition to the Khandagiri caves which were redone in about the 11th and 12th centuries A.D. to serve as sanctuaries.

Wall paintings are also found in many temples and caves representing religious stories, tenets and prominent incidents of Victors lives, mother's dreams, legendary scenes, miniature painting and palm leaf or paper decoration (manuscripts) which has also been an art of respect. The exquisite samples of this art are found in many Jain manuscript libraries. Wood carving has also been an art. It seems some of these arts have been declining considerably.

**Jain Architecture in Indian History**

The Jains have been amongst the foremost in contributing to the field of art and architecture since early days. The images of TirthankaraRisabhadeva and the figures of standing or seated nude Yogis found inscribed on some terracotta seats, relics of the prehistoric Indus Valley Civilization, discovered at Mohenjodaro, as well as nude Harrappan red stone statue are almost equally old. The latter is remarkably akin to the polished stone torso of a Jana image from Lohanipur (Patna), which is ascribed to the Mauryan times (4th c. B.C.) King Kharavel of Kalinga, as the Hathigumpha inscriptions speaks, reinstalled the Jain image which had been taken away by Nanda to Magadha in (4th c. B.C.) During the Satavahana period (60 B.C. to 225 A.D.) Mathura and Saurastra were the main centers. The earliest Mathura sculpture represented by Kankalitila where from Ayagaptta, Stupa, images, and other Jain cultural material are recovered. Gandhara art and Mathura art belong to Kusana period (First B.C. to 2nd A.D.) in which Jainism flourished to Mathura and the Ardhaphalaka sect, YapaniyaSangha and Nagara art came into existence.

**In Gupta Period**

Gupta period (4th to 7th C.A.D.) is said to be the golden period of ancient Indian Culture. Harigupta, Siddhasena, Harisena, Ravikirti, Pujyapada, Patrakesari, Udyotanasuri and other Jaincaryas have been in existence during the period. Karnataka, Mathura, Hastinapur, Saurastra, Avanti, Ahicchatra, Bhinnamala, Kausambi, Devagumpha, Vidisa, Sravasti, Varanasi, Vaisali, Pataliputra, Rajagraha, Campa etc. were the main Jain centers of art and architecture. After the Gupta period, Kakkula, Vatsaraja, and Mahendrapala were the Jain kings in the Pratihara dynasty. King Mona, Navasahasanka and Bhoja were followers of Jainism. Dhanapala, Amitagati, Manikyanandi, Prabhacandra, Asadhara, Dhananjaya

etc. had contributed to the literary field during the same period. Chittod was the capital of Paramaras where Kalakacarya and Haribhadra devoted their lives for he development of Jain art and architecture. During Candela dynasty, Khajuraho, Devagadh, Mahoba, Madanapur, Canderi, Ahar, Papora, and Gwaliar became famous for their Jain art. Some important inscriptions, Toranas, images and other sculptural material are found in Tripuri.

As mentioned earlier, Bihar has been a prominent state since very early days with regard to Jain culture. It is the Parinirvanabhumi of so many Tirthankaras and is enriched through Jain statues, relics, sculpture etc. at Radiograph, Melinda, Parsvanatha hill, Simbhabhumi, Barabar hill, Patna, Pavapuri etc. The earliest Jain images are recovered in Bengal from Surohar and Mandoil of Mathura style. The images of Jain Tirthankaras found in Udisa at Udaigiri-Khandagiri, and some other places such as Keonjhar, Mayurabhanja, Jaipur, Cuttack are very beautiful from artistic point or view.

**In Gujarat and Rajasthan**

Gujarat and Rajasthan have been strongholds of Jainism since an early time. Satrunjaya, Girinar, are Siddhaksetras of Jainism. Rastrakutas and Calukyas, Pratiharas, Paramaras, Cauhan and other dynasties patronized Jainism and its art and architecture. Hemacandracarya was a court poet of Jayasimha and Kumarapala. Vastupala and Tejapala who were ministers of Baghelas of Solanki branch built a large number of Jain temples at Girinar, Abu, Satrunjaya, etc. They are also found in large number at Ranakapur, Udaipur, Sirohi, Jaisalmer, Jodhpur, Jaipur, Alwar and so many places. The existence of Jainism in Punjab and Sindh can traced out long before the Christian era, from the sites of Mohanjodaro, Harappa, Taksasila, Simhapur, Sindhudesh, Lahore etc.

**In Maharashtra**

The inscriptional history of Jainism in Maharashtra starts with the Parle inscription of first c. A.D. that commences with “NamoArihantanam”. Keljher, Pavanar, Nagpur, Bhandara, Remtek, Akola, Karanja, Achalpur, Latur, Bhadravati etc. are main Jain ancient sites with archaeological remains. Sirpur is famous for its artistic decoration. Malakhed was found inhabitant when Padaliptacarya visited in about 1st c. A.D., Jain caves are found at Ellora, Nasik, Dharasiva, (Osmanabad) etc. Pratishthanpur, Belgaon, Kolhapur, Ehol, Alaktakanagara, Kunthalgiri, Ardhapur, KandharKaranataka (Karad), Mahimagiri, Vatapi, Meghuni etc. have been main centers of Jainism where huge and magnificent Jain temples idols and inscriptions are found. Mrgesavarvarman’s in inscription (450-478 A.D.) states that a huge donation was made to Digambaras, Svetambaras, Kurcakas and Yapaniyas. Belagaon and Kolhapur were also ruled over by Silaharas of Konkana who built their huge Jain temples like Adataraditya, Satyavakya, Candraprabha, Ratta, etc. Vatapi, Ehol, Meguli were also Jain centers of this period when Pulakesi First, Kirtivarman, and Ravikirti constructed Jain temples.

**In Andhra Pradesh**


Andhra Pradesa has been a stronghold center of Jainism. AcaryaKundakunda (1st c. A.D.), the spiritual leader of the time hails from Kondakunda situated on the boarder of Andhrapradesha. King Vishnuvardhan of Calukyas, Akalavarsa, Amoghavarsa, and Krashnaraja of Rashtrakutas, Bhima, Ganga Vijayaditya, Durgaraj etc. of Vengis, Tailapa, Vikramaditya of BadamiCalukyas, some kings of Velanatichoda period patronized Jainism by way of constructing temples, Vasadis and Vidyapeethas. Some of them, afterwards, were occupied by Virasaivaitas and Lingayatas, who have been great destructors of Jain monuments and the community as well. 176. Jainism in Karnataka goes back at least to Bhadrabahu and CandraguptaMaurya who migrated to South India via Ujjain with twelve thousand disciples due to severe calamity and famine into he North. Simhanandin, the Jaincarya, established Gangavadi dynasty. Jainism was its state religion for about seven hundred years during which hundreds of Jain monuments were erected by the kings. Pujyapada, Prabhacandra, Jinasena, Gunanandi, Patrakesari, Puspadanta, Vidyanada, Anantavirya, Joindu etc. get the patronage of the dynasty. Of the kings the name of RacamallaSatyavakya may be specially mentioned under whose reign Camundaraya, his great minister erected the colossal statue of GomatesvaraBahubali, the unparallel statue in the world. After Rashtrakutas Jainism got set back. One Vasava murdered his master Vijjala, the Kalacuri Jain king and perished Jainism and its adherents. He established an independent sect named Lingayata and persecuted the Jains. From Jain archaeological standpoint, the main sites are Mangal, Nandidurga, panditarahalli, Candrasalavasadi, Aarapur, Arkettar, Sarangipattam, Halebid, Kelasaur, Aihole, Marol, Honwad, Honnur, Kalholi, Mulguna, Lakkundi, Nagire, Billigi are the main places where the Jain monuments are richly available.

**[ To Be Continued In The Next Issue ]**

*76-C, Mangal Flat No. 15, 3rd Floor, Rafi Ahmed Kidwai Road, Matunga, Mumbai-400019. Mo : 96193 / 79589 / 98191 79589. Email : kaminigogri@gmail.com*

# અતીતની બારીએથી આજ...

અહીં મુખ્યત્વે ત્રણ ચિત્ર લેવાયા છે. પ્રથમમાં 'પ્રબુદ્ધ જીવન'નો પ્રથમ અંક ૩૧ ઑગસ્ટ ૧૯૨૯ જેમાં સામયિકના ઉદ્દેશ્યને સ્પષ્ટ કર્યા છે અને જેને આજ સુધી સૌ સાથે મળીને જાળવી રાખ્યાં છે. બીજામાં જ્યારે ભારત દેશને આઝાદી મળી ૧૯૪૭માં ત્યારનો લેખ આજે પણ વાચવા યોગ્ય અને એટલો જ ઉપયુક્ત છે. અને ત્રીજામાં મુંબઈ પ્રદેશથી અલગ ગુજરાત અમલમાં આવ્યું ૧લી મે ૧૯૬૦ના દિવસનું 'પ્રબુદ્ધ જીવન'. સમયના ત્રણ કાળખંડ એકસાથે.



મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

સંવત ૧૯૮૫ ના શ્રાવણ વદ ૧૨ શનીવાર તા. ૩૧-૮-૨૯

યુવકોને સંદેશ.

અમારો ઉદ્દેશ.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

મુંબઈ: ૧૫ ઑગષ્ટ, ૧૯૪૭, શુક્રવાર.

૧૫ મી ઓગસ્ટ: આઝાદી દિન.

'જય મંગળ પ્રિય જન્મભૂમિનું મનાવીએ!'

પ્રબુદ્ધ જીવન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

છૂટક નકલ: નયા પૈસા ૨૦

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ વર્ષ ૨૨: અંક ૧

મુંબઈ, મે, ૧ ૧૯૬૦, રવીવાર

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

* નવું રાજ્ય-નવી આશા-નવી અપેક્ષા *

Licence to post Without Pre-Payment No. MR/TECH/WPP-36/SOUTH/2017, at Mumbai-400 001.
Regd. With Registrar of Newspapers for India No. MAHBIL/2013/50453 Published on 16th of every month & Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month o Regd. No. MCS/147/2016-18



## 'જો હોય મારો આ અંતિમ પત્ર તો...'

## આપણો શુદ્ધ અને સાત્વિક જ્ઞાનવારસો જળવાઈ રહે

■ નિરંજન રાજ્યગુરુ

સાદર જય જિનેન્દ્ર...

આપના સૂચન-સંદેશાએ મારા ચિત્તમાં અનેક વમળો પેદા કર્યા છે. આખરી ખત, જીવતરનો અંતિમ પત્ર, છેલ્લો સંદેશો કેવો હોય એના વિશે ચિંતન કરું છું ત્યારે અપરંપાર વિષયો, વિગતો, મુદ્દાઓ ચિત્તમાં તરવરે છે.

આજે પરમ પાવન એવો મહાશિવરાત્રીનો શુભ દિવસ છે, વિચારું છું કે આજનો દિવસ મારા માટે આખરી દિવસ છે, આવતી કાલે સવારના મારે આ નશ્વર દેહ-નિરંજનના નામથી ઓળખાતા આ પાંચ તત્ત્વના પિંડને ત્યાગીને પરમકૃપાળુ પરમાત્માના ધામમાં, એમાં વિલિન થઈ જવા માટે પ્રયાણ કરવાનું છે, આજસુધીના એટલે કે આ શરીરના ૬૭ વર્ષના અનુભવોને લીધે જે માનસિકતાનું ઘડતર થયું છે એ માનસિકતા ભવિષ્યની પેઢી સામે કઈ કઈ અપેક્ષાઓ રાખે છે?

હા, આ મારા જીવતરનો છેલ્લો પત્ર છે, છેલ્લો સંદેશો છે, જેને માત્ર મારા અંગત પરિવારજનો ઉપરાંત સૌ સ્નેહીજનો, મારા પ્રિય વાચકો અને ભવિષ્યની અનેક પેઢીઓના સાહિત્યશોખીનો વાંચવાના છે, વાંચતા રહેવાના છે. મારા અહીં વ્યક્ત થયેલા વિચારો વાંચીને મારા સમગ્ર જીવન, કવન, સર્જન, સંશોધન, વાણી, વિચાર, વ્યવહાર, વર્તન વિશે વિશેષ જાણવાની જિજ્ઞાસા પણ કેટલાકને થશે, ક્યારેક એ જિજ્ઞાસા પૂરી ન સંતોષાય એવું પણ બને, તો પણ મારા આ છેલ્લા પત્રને વાંચનાર સામે મારી અંતિમ અપેક્ષા તો આટલી રહેવાની જ કે તેઓ તેમના પોતાના વિચાર, વ્યવહાર, વાણી અને વર્તન અને સમગ્ર જીવન વિષે વિચારતા થાય.

હું ઉપદેશક નથી, મને ઉપદેશ આપવાનો કોઈ અધિકાર પણ નથી. પણ જીવતરની છેલ્લી સંધ્યાએ હું પરિવાર, સમાજ, ધર્મ, સાહિત્ય, શિક્ષણ, ન્યાય, આરોગ્ય, સંગીત અને અન્ય કલાઓના સાધકો/આરાધકો અને રાજનૈતિક ક્ષેત્રે નેતૃત્વ પૂરું પાડનારા અગ્રણીઓ સમક્ષ કેટલીક નમ્ર અપેક્ષાઓ તો રાખી શકું ને?

સૌથી પ્રથમ તો મારા સંતાનો અને પરિવારજનોની સામે મારી છેલ્લી વેળાની કઈ કઈ અપેક્ષાઓ હશે? – મારી પાછળ કોઈ જાતના લૌકિક વ્યવહારો નિભાવવાની જરૂર નથી, હા, તેર દિવસો સુધીમાં આપણી ભારતીય હિન્દુ સંસ્કૃતિના રિવાજ મુજબ સંક્ષિપ્ત અંત્યેષ્ઠિક્રિયાઓ કરો તો એમાં પરિવારજનો સૌ સાથે મળીને કોઈપણ પ્રકારનો શોક-વિષાદ રાખ્યા વિના...કોઈ મિત્રો/સંબંધી/સ્નેહીજનો દિલાસો આપવા આવે તો એને સામી સાંત્વના આપીને મારા દિવંગત આત્માની પ્રસન્નતા માટે સાહિત્ય, સંગીત, સંસ્કાર, કલાઓને લગતી પ્રવૃત્તિઓ કરીને કે એવી પ્રવૃત્તિ કરનારી વ્યક્તિને મદદગાર થઈને માત્ર આનંદમાં જ એ દિવસો વ્યતીત થાય એની તકેદારી રાખશો.

અને એ માટે ધૂન-ભજન-સંતવાણી-રાસ-ગરબા-નૃત્ય જેવા સાત્વિક પ્રસંગોનું આયોજન કરશો.

મેં મારા અંગત નામે કોઈ જ પ્રકારની સ્થાવર-જંગમ મિલ્કત નથી વસાવી, હા, આશ્રમના સંદર્ભ ગ્રંથાલયમાં સચવાયેલાં અઢારેક હજાર અમૂલ્ય સાહિત્યગ્રંથોનો વારસો ભવિષ્યની પેઢીઓ માટે મૂકી જાઉં છું, જેનો ઉપયોગ સર્વજનહિતાર્થે-સંશોધન/અધ્યયનાર્થે થાય, કોઈપણ જિજ્ઞાસુ, સંશોધક, વિદ્યાર્થી, મુમુક્ષુ વિનામૂલ્યે આશ્રમમાં રહીને એનો ઉપયોગ કરી શકે એ માટે–એની સેવા માટે તત્પર રહેજો. હું તો કાયમ પરમાત્મા પાસે આટલી માગણી કરતો રહ્યો છું: 'સાંઈ! ઈતના દીજિયે, જા મેં કુટુંબ સમાય, હમ ભી ભૂખે ના રહે, અતિથિ ભૂખા ન જાય.' પરમાત્મા પ્રત્યેની અસીમ શ્રદ્ધાએ જ મારા યોગક્ષેમને આજસુધી આંચ નથી આવવા દીધી, અને એટલે તો મારે કોઈપણ પ્રકારનું આર્થિક/વ્યાવસાયિક/ધંધાદારી વલણ અપનાવવાની જરૂરત નથી પડી.

ભવિષ્યના સમાજ માટે મારી અંગત

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૩૯)

To,

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor:Sejal M. Shah.